# શ્રી આગમોદ્ધારક-કૃતિ




– પ્રકાશક –

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા,

ગોપીપુરા, સુરત.

ધ્યાનસ્થ-સ્વર્ગત

આગમોદ્ધારક-આચાર્યદેવશ્રી

# આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના

જીવનમાં થએલા અનેક પ્રસંગોની માહિતી

અને

મુખ્ય પ્રસંગોની પ્રતિકૃતિઓ સાથે

# આગમધર-સૂરિ

પુસ્તક

વિક્રમ સંવત્ ૨૦૦૪ના મહા સુદ ૩ શુક્રવારના રોજ

સુરત શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્ર-આગમમંદિરની

પૂજ્યશ્રીના વરદ હસ્તે

થએલી પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂરાં થતાં હોવાથી

આજે

વિક્રમ સંવત્ ૨૦૨૯ના મહા સુદ ૩ મંગળવારના

મંગલ પ્રભાતે

પ્રગટ કરીએ છીએ.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક-સંગ્રહ : ૨૭

# શ્રી આગમધર-સૂરિ

લેખક : પૂ૦ ક્ષમાસાગરજી મહારાજ

: પ્રકાશક :

શ્રીજૈન-પુસ્તકપ્રચારક-સંસ્થા, સુરત.

: પ્રકાશક :
ઝવેરી શાંતિચંદ છગનભાઈ
શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા
ગોપીપુરા, સૂરત.

નકલ ૧૦૦૦ ] પ્રથમ આવૃત્તિ [ મૂલ્ય : રૂા. ૧૦-૦૦

વિક્રમ સંવત ૨૦૨૯ ] વીર સંવત ૨૪૯૯ [આગમોદ્ધારક સંવત ૨૩

: પ્રાપ્તિસ્થાન :

# જૈન આનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સૂરત.

: મુદ્રક :
વસંતલાલ રામલાલ શાહ,
પ્રગતિ મુદ્રણાલય,
ખપાટિયા ચકલા, સૂરત.

શ્રી ---------------------- ને

# સપ્રેમભેટ

--------------------------------------------

તરફથી

તા ૬-૨-૭૩.



આગમોદ્ધારક આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

# પ્રસ્તાવના

ગ્રંથો પુસ્તકો કે પુસ્તિકાઓ અંગે પ્રસ્તાવના આપવાની પરંપરા ચાલુ છે. નાના કે મોટા દરેક ગ્રંથને સામાન્ય કે વિશેષ પણ તે ગ્રંથના ઉદ્દેશ, રહસ્ય, રૂપરેખાદિ દર્શાવનાર નાની કે મોટી પ્રસ્તાવના હશે ઐતિહાસિક, ભૌગોલિક, વિજ્ઞાનિક, નૈબંધિક, જીવનચરિત્ર, નવલકથા કે નાટક, નાટિકાને લગતા વૈદ્યકીય, જ્યોતિષિક, નૈતિક કે ધાર્મિક કોઈપણ પ્રકારના ગ્રંથને વાંચવાનો પ્રારંભ કરતાં પહેલાં પ્રાયઃ પ્રસ્તાવનામાં પ્રથમ નજર ફેરવી જશે.

આ–'**શ્રી આગમધર–સૂરિ**' પુસ્તકમાં પૂ૦ આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ નું પ્રેરણાદાયી જીવનચરિત્ર છે. પૂ૦ આચાર્યદેવશ્રીનો ટુંક પરિચય વાંચકોને આ પુસ્તક વાંચવા માટે જરૂર માર્ગદર્શક બને તેથી ટુંક પરિચય અત્રે આપવામાં આવે છે.

## પૂજ્યશ્રીનો પરિચય

**જેમના** મન, વચન, અને કાયાના યોગ શ્રેષ્ઠ જૈનાગમોના પ્રકાશનમાં સદા પ્રવૃત્ત રહેતા હતા, યોગ અને અયોગ (યોગાયોગ)ના વિવેકમાં નિપુણ હતા, ગાંભીર્યગુણના ગૌરવથી યુક્ત હતા. આગમોદ્ધારકની શ્રેષ્ઠ પદવીથી વિભૂષિત હતા. જેઓએ આ દુઃષમ (કઠિન) કાળમાં પોતાનામાં સ્વયં **મહાનાદ** શબ્દને સત્ય સિદ્ધ કર્યો હતો. એવા સાંપ્રત સમયમાં **અર્ધપદ્માસને** નિર્વાણ પામનાર પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ. તો જગત્ પ્રસિદ્ધ છે. છતાં ય તે પૂજ્યશ્રીનો પરિચય આપવો આવશ્યક છે, તે નીચે પ્રમાણે– જૈનવાઙ્મયનો ઉત્કર્ષ સાધવામાં અને સિદ્ધ કરવા માટે સતત પરિશ્રમ કરનારા, વિવિધ વિષયોને અંગે નાની મોટી અનેક કૃતિઓ રચનારા, પૂર્વાચાર્યોની પ્રૌઢકૃતિઓના પઠન–પાઠન અને સંપાદનના કાર્યોમાં તલ્લીન રહેનારા. જૈન-જનતાના પ્રાણસ્વરૂપ **આગમોના** સંરક્ષણાર્થે ભારત-ભરમાં સુપ્રસિદ્ધ સિદ્ધક્ષેત્રમાં અને સૂર્યપુરમાં **શ્રમણભગવાન્ મહાવીર**

**પરમાત્માના** શાસનમાં ૨૫૦૦ વર્ષમાં નહિં બનેલ એવા **શ્રી વર્ધમાન જૈનઆગમમંદિર** તથા **શ્રી વર્ધમાન જૈનતામ્રપત્રાગમમંદિર** બંધાવી તેમાં **શિલોત્કીર્ણ** અને **તામ્રપત્રારૂઢ** કરાવીને સ્થાપન કરાવનારા, પૂજ્ય ગુરૂદેવશ્રીએ પ્રથમ જે આગમ શ્રી જિનેશ્વર ભગવાનની વાણી છે. આ કલિકાલમાં પણ જિનેશ્વર ભગવાનના વિરહકાળમાં આગમ તારક છે, સંસારસમુદ્ર તરવામાં આગમ નાવ સમાન છે, સુદેવ-સુગુરૂ અને સુધર્મ એ તત્ત્વમયી રત્નત્રયીની અખંડ આરાધના માટે આગમ આવશ્યક છે, આ આગમો ઘણા પૂર્વકાળમાં કંઠસ્થ રહેતા હતા, (તેના અંગે **ભદ્રબાહુસ્વામીની** પ્રતિકૃતિ જુઓ.) શક્તિશાળી ગીતાર્થ આચાર્યદેવો અને સમર્થ વિદ્વાન મુનિવરો તે વખતે એવું સામર્થ્ય ધરાવતા હતા, ત્યારપછી કાળની વિષમતાને લીધે પૂર્વવત્ સ્થિતિ ન રહેવાથી તે સમયે સમયના જાણ **ગીતાર્થ પૂ૦ દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણે** આગમોને લીપિબદ્ધ કર્યા. (તેને અંગે **દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણની** પ્રતિકૃતિ જુઓ.) તે આગમો તાડપત્રો તથા હસ્તલિખિત પ્રતોમાં સેંકડો વર્ષ સુધી જળવાયાં પછી વર્તમાનકાળમાં મુદ્રણકળાના યુગમાં **આગમોને સંપૂર્ણ શુદ્ધ સંશોધિત** કરી, સારા ટકાઉ લેજર પેપરમાં છપાવી. (તેને અંગે આગમોદ્ધારકશ્રીની પ્રતિકૃતિ જુઓ.) અનેકસાધુ-સાધ્વીઓને નીચે પ્રમાણે.

| | | |
|---|---|---|
| **પાટણ** | – | **અમદાવાદ** |
| **પાલીતાણા** | – | **રતલામ** |
| **સુરત** | – | **કપડવંજ** |

આદિ શહેરોમાં આગમ આદિ શાસ્ત્રોની વાચનાઓ આપી અને ૪૫ આગમ મૂળ છપાવી મોટા શહેરોમાં પેટીઓ મૂકાવનાર અને **શ્રી જૈનાનંદ પુસ્તકાલય** તરફથી અનેક નાનામોટા શહેરોમાં જ્ઞાન-ભંડાર મૂકાવનાર અને તેઓશ્રીના જીવનમાં બનેલા અનેક ધાર્મિક-પ્રસંગોમાંના મુખ્ય-પ્રસંગો નીચે પ્રમાણે.

## જ્ઞાનની સંસ્થાઓ

| | | |
|---|---|---|
| ૧. શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારફંડ | સુરત | વિ. સં. ૧૯૬૪ |
| ૨. તત્ત્વબોધ જૈન પાઠશાળા | સુરત | વિ. સં. ૧૯૬૮ |
| ૩. શ્રી આગમોદય સમિતિ | ભોયણી | વિ. સં. ૧૯૭૧ |
| ૪. શ્રી રાજનગર ( અમદાવાદ ) જૈન શ્વે૦ મૂ૦ ધાર્મિક ઈનામી પરીક્ષા. | અમદાવાદ | વિ. સં. ૧૯૭૩ |
| ૫. શ્રી જૈન-આનંદ પુસ્તકાલય | સુરત | વિ. સં. ૧૯૭૫ |
| ૬. શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ. | સુરત | વિ. સં. ૧૯૮૬ |
| ૭. શ્રી જૈન-આનંદ જ્ઞાનમંદિર | જામનગર | વિ. સં. ૧૯૯૨ |
| ૮. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી પાઠશાળા | સુરત | વિ. સં. ૨૦૦૨ |
| ૯. શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા | સુરત | વિ. સં. ૨૦૦૫ |

## તીર્થયાત્રાના છ'રી પાલતા ભવ્ય સંઘો

વિ. સં. ૧૯૬૫ મુંબઈથી અંતરીક્ષ-પાર્શ્વનાથ. સુરત નિવાસી સ્વ૦ સંઘવી અભેચંદ સ્વરૂપચંદ તરફથી.

વિ. સં. ૧૯૭૧ પાટણથી ભીલડીયાજી.

વિ. સં. ૧૯૭૬ સુરતથી પાલીતાણા. (સિદ્ધાચલજી) સુરત નિવાસી સ્વ૦ સંઘવી જીવણચંદ નવલચંદ તરફથી.

વિ. સં. ૧૯૯૪ જામનગર થી રૈવતગિરિ તથા સિદ્ધાચલગિરિ. જામનગર નિવાસી સ્વ૦ સંઘવી પોપટલાલ ધારસીભાઈ તથા સ્વ૦ સંઘવી ચુનીલાલ લક્ષ્મીચંદભાઈ તરફથી.

**આ મહાપુરૂષે જીવનના ભોગે તીર્થોના રક્ષણ કર્યા હતાં તે-**

૧. **સમેતશિખરજી મહાતીર્થ** ઉપર બંગલા થતા બંધ કરાવ્યા.

૨. **અંતરીક્ષ-પાર્શ્વનાથમાં** દીગંબરોના કેસમાં સત્યવાદી અને વિજયી થયા.

૩. ઉદેપુર–કેશરીઆજીમાં ધ્વજાદંડ મૂળનાયકજીના મંદિર ઉપર ચઢાવ્યો અને તપાગચ્છીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજકનું જ આ તીર્થ છે, તે સાબિત કર્યું.

## તીર્થોદ્ધાર કરાવ્યા

૧. માંડવગઢ મહાતીર્થ ૨. ભોપાવર મહાતીર્થ, માલવપ્રદેશમાં ધર્મનો પ્રચાર અને ઘણા જ જીનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા.

## પૂજ્યશ્રીએ રાજાને પણ પ્રતિબોધ્યા હતા.

૧. માલવપ્રદેશમાં શૈલાનાનરેશ દિલીપસિંહજી મહારાજાને પ્રતિબોધ કરી જીવદયાનો પડહો વગડાવ્યો અને બીજા બે રાજાઓ (સમેલીઆ અને પંચેડના) ને પણ પ્રતિબોધ કરેલ તેમજ જૈનશાસન ઉપર થતા સ્વ અને પરના આક્રમણોનો હરહંમેશ પ્રથમ પ્રતિકાર કરતા હતા. આ રીતે તેમનું આખું જીવન જૈનશાસનની સેવામાં જ વ્યતીત થએલું છે.

વળી પાણીતાણામાં ૨૫૦૦ લગભગ પ્રતિમાની અંજનશલાકા મહોત્સવ થએલ તેમાં ૪૦૦૦૦ માણસોની હાજરી અને મહામંગલકારી ઉત્સવના ૧૩ દિવસમાં **પાણીતાણામાં કોઈનું ય મૃત્યું થયું નથી** મસાણ (સ્મશાન) બંધ. આજ શાસનનો મહાન્ પ્રભાવ આ બધું બનવું પૂર્વભવની મહાન્ પૂણ્યાઈ હોય તો જ બને. ખરેખર આ તેઓશ્રીના પુણ્યે જ બન્યું છે.

આવી જીવન પર્યંત આગમસાહિત્ય, સંઘસેવા, તીર્થસેવા અને શાસનમાં અનેક ધાર્મિક પ્રસંગો–ઉદ્યાપન, ઉપધાન, દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ કરાવનાર અને અંતસમયે પંચમકાલમાં અદ્વિતીય અંતિમ આરાધના કરનાર, પૂજ્યપાદ, આગમવાચનાદાતા. આગમપુરૂષના ઉપદેશક યુગપ્રધાન–સદશ વિક્રમ સંવત્ ૧૯૯૯ ના મહા વદ ૨ આગમમંદિરમાં બીરાજમાન પ્રતિમાજી આદિની અંજનશલાકા અને મહા વદ ૫ ના પ્રતિષ્ઠા પાલીતાણામાં

તથા વિક્રમસંવત્ ૨૦૦૪ ના મહા સુદ–૩ શુક્રવારે શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરમાં બીરાજમાન ૧૨૦ પ્રતિમાજી આદિની પ્રતિષ્ઠા કરાવનાર અને સુરત. શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં વિક્રમ સંવત્ ૨૦૦૫ ના ચાતુર્માસમાં પોતાનો અંતસમય જાણી અંતિમ આરાધના માટે **"આરાધના–માર્ગ"** નામના ગ્રંથની રચના કરનારા, વિક્રમ સંવત્ ૨૦૦૬ ના વૈશાખ સુદ ૫ થી પંદર દિવસ અનશન સ્વીકારવા પૂર્વક **અર્ધપદ્માસને** મૌન અવસ્થામાં રહી તેમાં જ વિક્રમ સંવત્ ૨૦૦૬ ના **વૈશાખ વદ–૫ શનિવાર સ્ટા૦ ટા૦ ૪ ક. ૩૨ મિ. અમૃતને ચોઘડીએ** પોતાના **અનન્ય–પટ્ટધર** ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના સ્વમુખે ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર–મહામંત્રનું સ્મરણ કરતા કરતા **નિર્વાણ પામ્યા.**

પૂ. ગુરુદેવશ્રીના બાલદીક્ષિત શિષ્ય મુનિ શ્રી **અરુણોદયસાગરજી** મ. એ વિ. સં. ૧૯૯૧ ના માગસર સુદ ૧૪ દિને દીક્ષા લીધી ત્યારથી પૂજ્યશ્રીની જીવનપર્યંત અનુમોદનીય સેવા કરી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી તો ચાલ્યા ગયા પણ આપણા માટે તેઓશ્રીની સ્મૃતિ માટે સુરત શહેરની અંદર ગોપીપુરામાં શ્રી વર્ધમાન જૈન તામ્ર-પત્રાગમમંદિર છે. તેની સામે જ સરકારી સ્પેશીઅલ પરવાનગી લઈને શ્રી **આગમોદ્ધારક–સંસ્થાની** પોતાની જગ્યામાં ૫૦ પૂ૦ આગમોદ્ધારક ગુરૂદેવશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલ છે, અને તેજ જગ્યા ઉપર રૂા. ૮૮૦૦૦ ના ખર્ચે બંધાવાએલ ભવ્ય ગુરૂમંદિરમાં ૫૦ પૂ૦ ધ્યાનસ્થ **ગુરૂદેવશ્રીની પ્રતિમા** બીરાજમાન કરવામાં આવેલ છે. પ્રતિષ્ઠા ૧૦૦૦૦ ની માનવમેદની વચ્ચે વિક્રમ સંવત ૨૦૦૭ ના મહા સુદ ૩ શુક્રવારના રોજ તેઓશ્રીના **અનન્ય–પટ્ટધર** જેઓશ્રીની આજ્ઞામાં અત્યારે લગભગ ૪૮૦ સાધુ–સાધ્વી જ્ઞાન–ધ્યાન તપસ્યા આદિની આરાધના કરી રહેલ છે તે પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ શ્રી **માણિક્યસાગર-સૂરીશ્વરજી** મહારાજ પાસે કરાવેલ છે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું પ્રેરણાદાયી જીવનચરિત્ર સૌ કોઇને માર્ગદર્શક નીવડો એ જ અભ્યર્થના.

વિક્રમ સંવત્ ૨૦૨૯
શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર
આગમમંદિર પ્રતિષ્ઠાદિન
મહા સુદ ૩ મંગળવાર સુરત

લિ૦
આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વર-
શિષ્ય
ગુણસાગર

## પ્રકાશકીય-નિવેદન

**અમારી** આ 'જૈન પુસ્તક પ્રચારક સંસ્થા' પૂર્વાચાર્યોની અને પરમતારક ગુરૂદેવ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની કૃતિઓનું પ્રકાશન કરે છે, અને ભવિષ્યમાં પણ પૂર્વાચાર્યોની, પૂ૦ ગુરૂદેવશ્રીની તેમજ શાસન ઉપયોગી બીજી આધુનિક કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના રાખે છે. તે પૈકી **'શ્રી આગમધર-સૂરિ'** નામનો ગ્રંથ સંસ્થાના ૨૭ મા રત્ન તરીકે પૂ૦ ગુરૂદેવશ્રીના પ્રખર અનુરાગી મુનિરાજશ્રી **ગુણસાગરજી** મહારાજની પ્રેરણાથી બહાર પડે છે.

**પ્રથમ** તો આ પુસ્તકનું નામ પ૦ પૂ૦ આગમોદ્ધારકશ્રીના વરદ હસ્તે દીક્ષા તથા આચાર્યપદવી સુધીની સર્વ પદવીઓ પ્રાપ્ત કરનાર પ૦ પૂ૦ ગચ્છાધિપતિ આચાર્યભગવાન **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીએ આવું ભવ્ય નામ આપીને ઘણો જ ઉપકાર કર્યો છે.

આ **'શ્રી આગમધર-સૂરિ'** પુસ્તકના લેખક પ૦ પૂ૦ આચાર્યદેવશ્રી **કૈલાસસાગરસૂરીશ્વરજી** મહારાજના પરમ વિનયી શિષ્યરત્ન પ૦ પૂ૦ મુનિરાજશ્રી **ક્ષમાસાગરજી મહારાજ** છે. તેઓશ્રીએ ઘણાજ ઉલ્લાસથી લખી આપેલ છે, તેથી જ આ પુસ્તક પ્રસિદ્ધ થવા પામેલ છે. તે માટે અમો એમના ઘણા ઋણી છીએ.

આ પુસ્તકમાં વિષયાનુક્રમ બાલમુનિ **શ્રી મહાબલસાગરજી** મહારાજે લખી આપવા કૃપા કરી છે.

**આનું** સંશોધન કાર્ય આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય–પટ્ટધર** વિદ્યા-વ્યાસંગી, સંગીતના અભ્યાસી, નિરભિમાની અને આત્માર્થી, સૌરાષ્ટ્રાન્તર્ગત મૂલીનગરમાં ચાતુર્માસ રહી, સં. ૧૯૯૫ માં મૂળીનરેશ શ્રી **હરિશ્ચંદ્રસિંહજી** ને પ્રતિબોધ કરી **અમારી–પટહ** વગાડવા પૂર્વક વિ૦ સં૦ ૧૯૯૬ માં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવનારા તથા આગમોદ્ધારકશ્રીની પુનિત જન્મભૂમિશ્રી કર્પટવાણિજ્ય (કપડવંજ) નગરમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવનારા તથા ગુરૂમૂર્તિ બિરાજમાન કરાવનારા, તથા વીસ તીર્થંકર પરમાત્માના નિર્વાણથી પવિત્ર થએલા **સમેતશિખરજી મહાતીર્થ** માં અનેક જિનબિમ્બોની **અંજનશલાકા** પ્રતિષ્ઠા કરાવનારા, (વિ. સં. ૨૦૧૭ મહા વદ ૭) તથા ૨૦ મા **શ્રી મુનિસુવ્રતસ્વામી**ના ચાર કલ્યાણકોથી પવિત્ર થએલી અને **શ્રમણભગવાન્ મહાવીર પરમાત્મા**એ જ્યાં ૧૪ ચાતુર્માસ કરી જ્યાંની પવિત્રતામાં અભિવૃદ્ધિ કરી છે, એવા પરમપુનિત **રાજગૃહી તીર્થ** માં નૂતન–જિનાલયમાં મૂલનાયક **શ્રી મુનિસુવ્રતસ્વામી**ની વિશાળકાય ભવ્ય જિનબિંબ વિગેરેની અંજનશલાકા પ્રતિષ્ઠા સં. ૨૦૧૭ ફાગણ વદ ૭ ના કરાવીને કલકત્તા શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી **આગમોદ્ધારકશ્રીના ઉપદેશથી** બંધાએલ ૯૬, કેનીંગ સ્ટ્રીટના જૈન શ્વે૦ મૂ૦ ગુ૦ ત૦ ઉપાશ્રયે વિશાળ સમુદાય સાથે ચાતુર્માસ પૂર્ણ કરી. બંગાલ, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વિગેરે તીર્થભૂમિની સ્પર્શના કરી સં. ૨૦૧૮ માં મહારાષ્ટ્રાન્તર્ગત **હિંગનઘાટ**માં શ્રીમાન્ શેઠ **બંસીલાલજી** કોચરની આગ્રહભરી વિનતિનો સ્વીકાર કરી સં. ૨૦૧૯ માં જિનબિંબોની **પ્રતિષ્ઠા** અને **ઉદ્યાપન મહોત્સવ** કરાવનારા અનેક ચાતુર્માસોમાં આગમો તથા પ્રૌઢ ગ્રંથોની પૂ૦ સાધુ–સાધ્વીજી મહારાજોને વાચના આપનારા, પૂર્વાચાર્યોના સ્તોત્રો, સર્વજ્ઞશતક–સ્વોપજ્ઞવૃત્તિ બાલાવબોધ સહ, ગુરૂતત્ત્વપ્રદીપ, ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા વિગેરે અદ્વિતીય ગ્રંથોનું તથા આગમોદ્ધારકશ્રી વિરચિત વિદ્વદ્ભોગ્ય ન્યાયાવતારવૃત્તિ,

વિંશવિંશિકાવૃત્તિ, ૧૬૦૦ પ્રશ્નોત્તરાત્મક તાત્વિક–પ્રશ્નોત્તરાણિ વિગેરે અનેક ગ્રંથોનું સંપાદન, તથા ઉદ્યાપન–ઉપધાન–વડીદીક્ષા–પદપ્રદાન–પ્રતિષ્ઠા વિગેરે અનેક શાસનઉન્નતિના કાર્યો કરાવનારા, પૂ૦ ગચ્છાધિપતિ **આચાર્યભગવાન્ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના** પરમવિનયી શતાવધાની ગણિવર્ય **શ્રીલાભસાગરજી** મહારાજે કરેલ છે.

વિક્રમ સંવત્ ૨૦૨૯
શ્રી આગમોદ્ધારક ગુરૂમંદિર પ્રતિષ્ઠાદિન
મહા સુદ ૩ મંગળવાર
સુરત.

લી૦
**મદ્રાસી પાનાચંદ સાકેરચંદ**
**ઝવેરી અમરચંદ રતનચંદ**
**ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

# આગમોદ્ધારકની હિતશિક્ષા

ધ્યાનમાં રાખવાનું છે કે કેટલાક લેખકો પોતાની કલમના ઘોડાને ભગવાનના વચન રૂપ લગામના કાબુમાં રાખવા નથી માગતા અથવા સમર્થ નથી થતા. અને તેવાં લખાણો ભવ્યાત્માઓને ધર્મના ઉત્તમ રસ્તા તરફ દોરવા કરતાં બીજી દિશા તરફ દોડી જાય છે. પુસ્તકને બહાર પાડવામાં કદાચ વિલંબ થાય તો અડચણ નહિં પણ તપાસ્યા પછી જ બહાર પાડવાં સારાં છે.

ઘરમાં જયારે સારી તબીયત હોય ત્યારે પ્રમાદ છોડી ઉપયોગ રાખી તીર્થયાત્રા વિગેરેનો લાભ ઉઠાવશો.

સંસારસમુદ્રથી તારનાર શ્રી જીનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ દાનાદિ ધર્મ છે. એ વાત દરેક ધર્મિષ્ઠને મનન કરી હૃદયંગત રાખવાની છે.

સંસારસમુદ્રથી તારનાર ધર્મ છે, એ વાત ધ્યાન રહે, અશાતાનો ઉદય નાશકરનાર દેવાદિકનું ને દાનાદિકનું આરાધન છે.

સંસારઅરણ્યમાં મુસાફરી કરનારાઓને શ્રી જીનેશ્વરમહારાજ રૂપ મહાસાર્થવાહની અને તેના વાકયોના આલંબનની પુરી જરૂર છે.

સંસારઅરણ્યમાં મુસાફરી કરનાર ને શિવપુર રૂપી ઇષ્ટ નગરે પહોંચાડનાર શ્રી જીનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ દાનાદિમય ને દર્શનાદિ રૂપ ધર્મ જ છે.

સંસરસમુદ્રમાં આધિ વ્યાધિથી પીડાતા પ્રાણીઓએ પોતાના અને પરના કલ્યાણ માટે સર્વ જીવના દુઃખોનો પરિહાર કરવા કટી-બદ્ધ રહેવું. સ્વપરના બચાવનાં સાધનોનો હરરોજ ઉપયોગ કરવો તે-જરૂરી છે. શ્રી જીનેશ્વરમહારાજે તેટલાજ માટે ધર્મના સ્વરૂપ તરીકે જ

અહિંસા જણાવી છે. તેનું પૂર્ણ રીતે આલંબન કરનાર પ્રાણી સર્વ સ્થાને પરમ સ્વાસ્થ્ય પામે છે. પાણીમાં તરી જવાની ચાહના મુજબ સંસારથી તરવાની ચાહના થાય ત્યારે જ જીવ પોતાનું કૃતાર્થપણું કરી શકે છે.

સંસારસમુદ્રથી તારનાર અને આભવ પરભવનાં કષ્ટો ટાળનાર શ્રી જિનેશ્વરમહારાજના માર્ગમાં દેવ–ગુરૂ અને ધર્મરૂપી રત્નત્રયી છે.

સંસારસમુદ્રથી તરવાનો માર્ગ શ્રી જીનેશ્વરમહારાજાની પૂજાદિ ષટ્કાર્ય કરવાં એ છે.

સંસારસમુદ્રથી તારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવાને નિરૂપણ કરેલ ધર્મ છે.

# વિષયાનુક્રમ


| પ્રકરણ | | પાના |
|---|---|---|
| ૧ | | ૧-૯ |
| | મહાપુરુષનો બાલ્યકાળ | ૧ |
| | જન્મ | ૩ |
| | શાળાગમન | ૪ |
| | ગેડીદડો | ૬ |
| | દર્દ અને દફન | ૭ |
| | જ્ઞાન અને તત્ત્વજ્ઞાન | ૯ |
| ૨ | લગ્નજીવન | ૧૦-૧૮ |
| | લગ્નનું લફરું | ૧૦ |
| | મનોમંથન | ૧૧ |
| | માત-પિતાને વિનંતી | ૧૨ |
| | હેમુની હાર | ૧૩ |
| | રાગમાં વૈરાગ્ય | ૧૪ |
| | સૌભાગી રાતની વાત | ૧૭ |
| ૩ | | ૧૯-૩૩ |
| | રાજનગર ભણી | ૨૦ |
| | પિતાનું મનોમંથન | ૨૦ |
| | વાટમાં વાત | ૨૨ |
| | શ્રીગુરુ-ચરણે | ૨૪ |
| | હેમચન્દ્રને અસફળતા | ૨૬ |
| | દીક્ષાની પ્રતિજ્ઞા | ૨૭ |
| | ગામની ગોદમાં | ૨૮ |
| | પિતાની ભાવના | ૨૯ |
| | આનંદનો ઉદધિ | ૩૧ |
| | માતાની મમતા | ૩૨ |
| | હેમચન્દ્રનો ઉત્તર | ૩૨ |

| | | |
|---|---|---|
| ૪ | સિંહ સ્વતંત્ર બન્યો પણ | ૩૪–૫૧ |
| | બાહ્યમનનું તોફાન | ૩૫ |
| | અંતરાત્માનો અવાજ | ૩૬ |
| | અંધકારમય પ્રભાત | ૩૭ |
| | વાતનું વાવેતર | ૩૮ |
| | સૌરાષ્ટ્રમાં સંયમ | ૪૦ |
| | ઉપસર્ગોનો આરંભ | ૪૨ |
| | રાજયાજ્ઞા | ૪૩ |
| | રાજયાજ્ઞાનો ઉત્તર | ૪૩ |
| | બીજી રાજયાજ્ઞા | ૪૫ |
| | સ્પષ્ટ-વક્તા | ૪૬ |
| | ત્યાગીના રાગી | ૪૭ |
| | કંઠાની માંગણી | ૪૭ |
| | આભૂષણ આવ્યું કે ગયું ? | ૪૮ |
| | ધર્મબંધુની ટકોર | ૫૦ |
| ૫ | સંયમ અને જ્ઞાન | ૫૨–૭૦ |
| | ગુરુ ચરણે | ૫૨ |
| | પુત્રના માર્ગે પિતા | ૫૨ |
| | મગનભાઈના મનોરથ | ૫૩ |
| | ભાવના ફળી | ૫૪ |
| | વિહાર અને મહાવિહાર | ૫૪ |
| | અધ્યયનની કટોકટી | ૫૬ |
| | છત્ર છીનવાઈ ગયું | ૫૮ |
| | મરુધર પ્રતિ પ્રયાણ | ૫૯ |
| | પાલીમાં પગલાં | ૬૦ |
| | પ્રભાવકતાની છાપ | ૬૪ |
| | આગમ અભ્યાસ માટેનું સ્વપ્ન | ૬૫ |

| | | |
|---|---|---|
| | વાચના વિધિ | ૬૭ |
| ૬ | પન્યાસ પદ | ૭૧–૮૦ |
| | અમદાવાદમાં | ૭૧ |
| | અમોઘ–દેશના | ૭૨ |
| | વિહાર | ૭૫ |
| | પેથાપુર પરિષદ | ૭૬ |
| | પ્રવચન | ૭૬ |
| | કપડવંજ ભણી | ૭૮ |
| | વિદાય–દેશના | ૭૯ |
| ૭ | | ૮૧–૯૭ |
| | સુરત શહેરમાં | ૮૧ |
| | સુસ્વાગતમ્ | ૮૨ |
| | ચૈત્યપરિપાટી | ૮૫ |
| | નિર્ગ્રન્થદ્વારા ગ્રન્થોદ્ધાર | ૮૬ |
| | મુનીશ્વરની મનોભાવના | ૮૯ |
| | આગમ ગ્રંથોદ્ધારની વાત | ૯૦ |
| | એક લક્ષ રૌપ્યમુદ્રા | ૯૨ |
| ૮ | | ૯૮–૧૦૬ |
| | આગમોદ્ધારક | ૯૪ |
| | મોહમયીમાં નિર્મોહી | ૯૮ |
| | મોહમયી | ૯૯ |
| | લાલબાગ | ૧૦૦ |
| | શિખરજી ઝુંબેશ | ૧૦૧ |
| | સિંહ ગર્જના | ૧૦૩ |
| ૯ | | ૧૦૭–૧૧૭ |
| | અંતરીક્ષજીના ઓવારે | ૧૦૭ |
| | ક્યાં જતા હતા ? | ૧૦૮ |
| | દિગંબરોનું દંગલ | ૧૦૯ |
| | ઉદારતાનો ઉદધિ | ૧૧૧ |
| | ન્યાયાધિકારી સેવક બન્યા | ૧૧૩ |

| | | |
|---|---|---|
| | ધૈર્યની ચરમ સીમા | ૧૧૪ |
| | ન્યાયાલયનો નેક નિર્ણય | ૧૧૫ |
| | આનંદ આનંદ ને આનંદ | ૧૧૭ |
| ૧૦ | | ૧૧૮–૧૨૪ |
| | આગમ વાચનાઓ. | ૧૧૮ |
| | દુષ્કાળો | ૧૧૯ |
| | પુનઃ પાંગર્યું | ૧૨૦ |
| | પુનઃ સ્થાપના | ૧૨૧ |
| ૧૧ | આચાર્ય પદવી | ૧૨૫–૧૪૦ |
| | સુરતમાં સૂરિપદ | ૧૨૫ |
| | રથ–યાત્રા | ૧૨૭ |
| | પદવી પ્રદાન | ૧૩૦ |
| | આશીર્વચન | ૧૩૩ |
| | આશીર્વચનનો ઉત્તર | ૧૩૫ |
| | અનાથના નાથ | ૧૩૭ |
| | પુસ્તકો અને પુસ્તકાલય | ૧૩૮ |
| ૧૨ | મધ્યભારતના શૈલાના નરેશ પ્રતિબોધ | ૧૪૧–૧૫૬ |
| | માલવદેશ પ્રતિ | ૧૪૧ |
| | પૂર્વ ભારત, ઉત્તર પ્રદેશમાં પ્રયાણ | ૧૪૩ |
| | હિંદુ વિશ્વ વિદ્યાલયમાં | ૧૪૪ |
| | બંગલા–વિહાર | ૧૪૬ |
| | સમાચાર સાર | ૧૪૮ |
| | કલકત્તામાં પ્રવેશ | ૧૪૯ |
| | જૈન હિંદી સાહિત્ય | ૧૫૦ |
| | મુર્શીદાબાદ આબાદ બને છે. | ૧૫૨ |
| | એક ભવ્ય દીક્ષા–મહોત્સવ | ૧૫૩ |
| | સંઘનો આનંદ | ૧૫૪ |

| | | |
|---|---|---|
| | વરસીદાન યાત્રા | ૧૫૫ |
| | વિહાર | ૧૫૬ |
| ૧૩ | | ૧૫૭-૧૬૨ |
| | દિગંબરોનો ઉત્પાત | ૧૫૭ |
| | ગુજરાતની ધરતી ઉપર | ૧૫૮ |
| | વિચિત્ર હવા | ૧૫૯ |
| | સંસ્થા ત્રયમ્ | ૧૬૦ |
| | નાટક ના ટક્યું | ૧૬૨ |
| ૧૪ | | ૧૬૩-૧૭૦ |
| | રક્ષકમાંથી ભક્ષક | ૧૬૩ |
| | રાજવીના અરાજક વિચારો | ૧૬૪ |
| | આગમોદ્ધારકશ્રીની સમજાવટ | ૧૬૫ |
| | નિષ્ઠૂર ઉત્તર | ૧૬૬ |
| | યાત્રાબંધનું એલાન | ૧૬૭ |
| | ન્યાયાલયનો ન્યાય | ૧૬૭ |
| | સ્થાયી નિધિ | ૧૬૮ |
| | કાયદો ગયો કલંક રહ્યું | ૧૭૦ |
| ૧૫ | દેવદ્રવ્યનું રક્ષણ | ૧૭૧-૧૭૭ |
| | ગોરી પ્રજાની નીતિ | ૧૭૧ |
| | ભ્રમાત્મક દલીલો | ૧૭૨ |
| | પ્રતિકાર | ૧૭૨ |
| | અર્પણ એટલે? | ૧૭૫ |
| ૧૬ | મુનિ સંમેલન | ૧૭૮-૧૮૬ |
| | સંમેલનનો હેતુ | ૧૭૮ |
| | ખરડાનો ઉકેલ | ૧૮૦ |
| | અમદાવાદનો આનંદ | ૧૮૧ |
| | નગર પ્રવેશ | ૧૮૨ |

| | | |
|---|---|---|
| | સંમેલન | ૧૮૩ |
| | ભંગ અને રંગ | ૧૮૪ |
| | નિર્મમતા | ૧૮૬ |
| ૧૭ | વડોદરા રાજ્યનું કલંક | ૧૮૭–૧૯૬ |
| | નગર અને નગરના રાજવી | ૧૮૭ |
| | વિરોધનો વંટોળ | ૧૮૯ |
| | આધુનીક સભ્યતા | ૧૮૯ |
| | સમજાવટના પ્રયાસો | ૧૯૧ |
| | બાળ–દીક્ષાની ઉપયોગીતા | ૧૯૧ |
| | બાળકમાં સમજ નથી હોતી ? | ૧૯૩ |
| ૧૮ | આગમમંદિર | ૧૯૭–૨૨૨ |
| | તન્મયતા | ૧૯૭ |
| | પ્રશસ્ત–વિષાદ | ૧૯૮ |
| | સુપ્રભાતમ્ | ૨૦૦ |
| | પાષાણુ પ્રતરની વિચારણા | ૨૦૧ |
| | અદ્વિતીય વિચાર | ૨૦૨ |
| | પવિત્ર ભૂમિ | ૨૦૩ |
| | રેખાચિત્ર નિર્ણય | ૨૦૩ |
| | કાર્યારંભ | ૨૦૪ |
| | મહોત્સવના મંડાણ | ૨૦૬ |
| | અયોધ્યા નગરીની રચના | ૨૦૬ |
| | કુંભસ્થાપન | ૨૦૬ |
| | ચ્યવન કલ્યાણક | ૨૦૮ |
| | જન્મ કલ્યાણક | ૨૧૦ |
| | લગ્નવિધિ અને રાજ્યાભિષેક | ૨૧૨ |
| | દીક્ષા કલ્યાણક | ૨૧૨ |

| | | |
|---|---|---|
| | કેવલજ્ઞાન કલ્યાણક અને દેશના | ૨૧૪ |
| | દેશના | ૨૧૫ |
| | અંજનશલાકા વિધિ | ૨૧૬ |
| | ગાદી પ્રતિષ્ઠા | ૨૧૮ |
| | દર્શનના દ્વાર | ૨૨૨ |
| ૧૯ | વહેતા પાણી નિર્મળા | ૨૨૩–૨૩૬ |
| | કપડવંજ ભણી | ૨૨૩ |
| | સમાજનું સંમેલન | ૨૨૪ |
| | અનાસક્ત–યોગી | ૨૨૫ |
| | સમતાની સિદ્ધિ | ૨૨૭ |
| | મુંબઈના મંડાણ | ૨૩૦ |
| | દેશના | ૨૩૦ |
| | વિદાય | ૨૩૧ |
| | મુંબઈના મોંઘેરા મહેમાન | ૨૩૨ |
| | પ્રવચનોની હેલી | ૨૩૩ |
| | મોહરાજાનું કાવતરું | ૨૩૩ |
| | કોન્ફરન્સના કાળા ઠરાવો | ૨૩૫ |
| | હિતચિંતક હૃદય | ૨૩૫ |
| | વિહાર | ૨૩૬ |
| ૨૦ | સાગરજી અને સુરત | ૨૩૭–૨૪૬ |
| | પ્રવેશયાત્રા | ૨૩૭ |
| | ગહુંલી કે રત્નાવલી | ૨૩૮ |
| | શ્રી સુરતના સકલ જૈન સંઘને વિનંતિ | ૨૪૦ |
| | તામ્રપત્ર–આગમમંદિર | ૨૪૧ |
| | વચનસિદ્ધિ | ૨૪૨ |

| | | |
|---|---|---|
| | પ્રારંભ અને પૂર્ણાહુતી | ૨૪૩ |
| | બાજીપુરામાં પ્રતિષ્ઠા | ૨૪૩ |
| | અપ્રતિમ પ્રતિષ્ઠા | ૨૪૫ |
| | સ્થિરતા | ૨૪૬ |
| ૨૧ | મહા પ્રયાણ | ૨૪૮ થી ૨૬૧ |
| | કાળની ગતિ | ૨૪૮ |
| | કાર્યો અધૂરા રહ્યાં નથી | ૨૪૯ |
| | મહાવ્યાધિ | ૨૫૦ |
| | આરાધના અને ભાવના | ૨૫૦ |
| | મૌનમાં મુનિરાયા | ૨૫૨ |
| | અર્ધપદ્માસને અણુસણ | ૨૫૩ |
| | દીપક ઓલવાઈ જાય છે | ૨૫૪ |
| | ધ્રુસક ધ્રુસકે ધ્રાસકો પડ્યો | ૨૫૬ |
| | અંતિમ-યાત્રા | ૨૫૮ |
| | ધર્મપુત્રના હાથે અગ્નિદાહ | ૨૬૦ |
| | ગુરૂમંદિર | ૨૬૧ |
| | આગમમંદિર—ચતુર્વિંશતિકા | ૨૬૨ |
| | શ્રી વર્ધમાનજિનાગમમંદિર—પ્રશસ્તિ | ૨૬૭ |
| | તિથ્યુપનિષદ્ | ૨૭૩ |
| | ગુરૂવર્યાષ્ટક | ૨૭૯ |
| | ગુરૂદેવાષ્ટક | ૨૮૦ |
| | શ્રી આનંદસાગરસૂરીશ્વર—સ્તુત્યષ્ટક | ૨૮૧ |
| | આગમોદ્ધારક—સ્તવ | ૨૮૩ |
| | ગુણસ્તુતિ | ૨૮૫ |
| | ગુણસ્તુતિ | ૨૮૬ |

પરિશિષ્ટ–૧ પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજીના ચાતુર્માસો અને વિશિષ્ટ
પ્રસંગોની રૂપરેખા ૧
ચાતુર્માસની યાદી ૯
પરિશિષ્ટ–૨ પાલીતાણા જૈન આગમમંદિર અંજનશલાકા પ્રતિષ્ઠા
મહોત્સવ નિમિત્તે શ્રી સંઘ-નિમંત્રણ પત્રિકા ૧૧
પરિશિષ્ટ–૩ સુરત જૈન તામ્રપત્રાગમમંદિરની પ્રતિષ્ઠા
મહોત્સવ નિમિત્તે શ્રી સંઘ-નિમંત્રણ પત્રિકા ૧૭
આગમોદ્ધારક રચિત કૃતિસંદોહ ૨૨
આગમોદ્ધારક રચિત કૃતિસંદોહ (મુદ્રિત) ૨૭
આગમોદ્ધારકશ્રી–સંપાદિતગ્રંથો પ્રતાકારે ૩૦
આગમોદય સમિતિની સ્થાપના ૩૪
આગમોદ્ધારકશ્રીદ્વારા વર્ગીકૃત આગમિક ૫૩ વિષયો ૩૯
આગમિક સંપાદિત કૃતિઓ ૪૧
પૂજ્યશ્રીની અપૂર્વભાવના ૪૩
આગમોદ્ધારકકૃત આગમ-ચિત્રરત્નાવલી (પ્રશસ્તિ ૪૩
" (ચિત્ર–પરિચય) ૪૪
પરિશિષ્ટ–૪ સુરત આગમ–મંદિર ૫૫
આગમોદ્ધારક-ગુરૂમંદિર ૭૫
પરિશિષ્ટ–૫ વિક્રમ સંવત્ ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ના સ્વર્ગવાસ ૭૭
આચાર્યદેવેશના સ્વર્ગવાસ નિમિત્તે ભરાએલી
સભા–તાર–ટપાલ–વિગેરેની નોંધ ૭૯
જાહેર વિજ્ઞપ્તિ ૮૩
જાહેર શોક સભા ૮૫
ઠરાવ ૮૫
જાહેર શોક સભા ૮૬

| | |
|---|---|
| જાહેર વિનંતિ | ૮૭ |
| સં૰ ૨૦૦૬ વૈ૦ વ૦ ૬ રવિ | ૮૯ |
| સ્વર્ગવાસ નિમિત્તે આવેલા તાર સંદેશાઓ | ૯૦ |
| સ્વર્ગસ્થ આગમોદ્ધારકશ્રીને નિવાપાંજલી | ૯૭ |
| આગમોદ્ધારક–વિરહ | ૯૯ |
| આગમોદ્ધારક–વંદનાંજલી | ૧૦૦ |
| હીરક–મહોત્સવ | ૧૦૯ |
| આનંદસાગરસૂરિ–ગુણાનુવાદ | ૧૧૧ |

## મુનિરાજશ્રી બલભદ્રસાગરજી મહારાજનું સંક્ષિપ્ત-વર્ણન

### જન્મ

ગુજરાતમાં નંદનવન સમા **સૂર્યપુર** (સુરત) જેમાં ગોપીપુરા સુપ્રસિદ્ધ પરામાં જ્યાં પ્રાચીન જીનેશ્વર ભગવાનનાં મંદિરો તથા ભારતમાં સુપ્રસિદ્ધ **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર** શ્રી આગમોદ્ધારક ગુરૂમંદિર, જ્ઞાનભંડારો, અને જ્ઞાનની અનેક સંસ્થાઓ અને જૈનોની વસ્તીથી ભરપુર એવા એક ઓસવાલ કુટુંબમાં વીશા ઓસવાલ જ્ઞાતિના શેઠ નવલચંદ મૂળચંદ ઝવેરીના સુપુત્ર બાલુભાઈ તથા પુત્રવધુ મગનબેનના સુપુત્ર **બાપુભાઇ**નો જન્મ વિક્રમ સંવત્ ૧૯૬૮ના પ્રથમ તીર્થાધિપતિના પારણાના પુણ્યદિવસે-વૈશાખ-સુદ-૩ (અક્ષય-તૃતીયા) ના દિવસે થયેલ, બાપુભાઈને તેમજ બાલુભાઈના બીજા પુત્રો પ્રેમચંદભાઈ-રાયચંદભાઈ તથા પુત્રીઓ ચન્દ્રાવતી, કમલાવતી અને પદ્માવતી દરેકને વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ આપી ધર્મના સંસ્કારો પાડવામાં આવેલ અને હરહંમેશ પ્રભુપૂજા, વ્યાખ્યાનશ્રવણ સામાયિક આદિ અનુષ્ઠાનો પણ થતા

## દીક્ષાની ભાવના

તેમાં બાપુભાઇ ના પુણ્યસંયોગે પરમ ઉપકારી ગુરૂદેવ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ મુંબઈ પધાર્યા. અને તેમના સમાગમથી સંસાર-સમુદ્રથી તારનારી એવી પ્રભુ મહાવીર પરમાત્માની અમૃત-વાણી સાંભળવાનું થયું. પૂજ્યશ્રીની વાણી સાંભળીને અંતરાત્મા બોલી ઉઠયો કે—બધા મુનિભગવંતો કેવા ભાગ્યશાળી છે કે—પૂજ્યશ્રીની નિશ્રામાં સંયમ—જ્ઞાન—ધ્યાનની આરાધના કરે છે. આ પ્રસંગ જોઈને આ રસ્તે જવાની ભાવના થઈ કે સંસારમાં રહેવા છતાં પણ જીવન ત્યાગમય બનાવવું અને સંજોગ મળે તો એક પળનો વિલંબ કર્યા વિના ચારિત્ર લેવું એમાં કલ્યાણ છે. અને કુટુંબમાં પણ જણાવેલ કે મારી ભાવના દીક્ષા લેવાની છે. ધર્મમય કુટુંબ તો આવા કાર્યમાં ના તો નજ કહે પણ તેટલું તો જરૂર કહ્યું કે ભાઈ! આ તો તલવારની ધાર ઉપર ચાલવાનું છે. માટે ખુબ વિચાર કરીને આગળ પગલું ભરવું. આ વાતાવરણ ચાલતું હતું. તેમાં વિક્રમ સંવત્ ૧૯૯૯ માં પાલીતાણામાં પૂજ્ય આચાર્યદેવેશશ્રીની શુભ

નિશ્રામાં લગભગ ૨૫૦૦ પ્રતિમાજીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા શ્રી વર્ધમાન જૈન આગમમંદિરમાં થવાની હતી. અને મહામહોત્સવમાં બાપુભાઈને પાલીતાણા જવાનું થયું અને લગભગ ૧૨૦૦ પૂજ્ય સાધુ–સાધ્વીજીની સંખ્યા અને ૪૦,૦૦૦ હજાર શ્રાવક–શ્રાવિકાની માનવ મેદની અને કલ્યાણકોના ભવ્ય વરઘોડાઓ જોઇને તેમણે તો દીક્ષા કલ્યાણકના દિવસે પૂજ્યશ્રીની પાસે ૨૦૦૦ ની સાલમાં દીક્ષા ન લેવાય તો ત્યાં સુધી બ્રહ્મચર્યવ્રત અને મૂળથી ત્રણ વિગઈ ત્યાગ કર્યો. પણ ૨૦૦૦ની સાલ આવીને વીતી પણ ગઈ અને પાછો એક વર્ષ માટે આ પ્રમાણે નિયમ લીધો કે મૂળથી ઘી–દૂધ–ગળ-પણનો ત્યાગ કર્યો. એક વર્ષ પણ પુરૂં થયું હવે તો દીક્ષા ન લેવાય ત્યાં સુધી ત્રણ વિગઈનો ત્યાગ કર્યો. આમ કરતાં વર્ષો પણ વીત્યાં અને પૂજ્ય ધ્યાનસ્થ ગુરૂદેવ **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ પણ સુરતમાં ૨૦૦૬ ના વૈશાખ વદિ ૫ શનિવારે અમૃત ચોઘડીયે ૪, ક. ૩૨. મી. નિર્વાણ પામ્યા. હવે તો બાપુભાઈને ઘણી જ અકળામણ થઈ. શિરછત્ર તો ગયા, હે આત્મા! હવે થોડો બળીયો થા. જલ્દી સંયમ માટે કડક ત્યાગ

કર. આ પ્રમાણે કરતાં જોતજોતામાં સંવત્ ૨૦૧૧ની સાલે શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિરના વિશાળ પટાંગણમાં ભવ્યમંડપમાં શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં ૨૦૧૧ ના જેઠ વદી ૧૧ ના રોજ પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રી **હેમસાગરસૂરીશ્વરજી** મહારાજના વરદ હસ્તે બાપુ-ભાઈની દીક્ષા થઈ. અને પૂજ્ય **મનોજ્ઞસાગરજી** મહારાજના શિષ્ય તરીકે મુનિરાજ શ્રી **બલભદ્રસાગરજી** નામ પાડવામાં આવ્યું.

## તપશ્ચર્યા

સંસારીપણામાં તપશ્ચર્યા નવપદજીની ઓળી, પોષ દશમી, જ્ઞાનપંચમી, દિવાલીના છઠ, બાવન જિનાલયનો મહાનતપ, ૧૫ તિથિના તિથી પ્રમાણે ચડતા ઉપવાસથી કરેલ તપ, વીશસ્થાનક તપ આદિ નાના મોટા તપો કરેલા અને દીક્ષા પછી ચારિત્રની આરાધના કરતાં તપસ્યાની આરાધના પણ ચાલુ જ છે. તેમા વર્ધમાન તપની ઓળી કરેલ. સંવત ૨૦૨૨માં અઠ્ઠાઈ, ઉપવાસથી ફેર વીશસ્થાનક ઓળી. આવી રીતે દરેક વર્ષે મોટી તપશ્ચર્યા ચાલુ જ છે. સં. ૨૦૨૩માં માસક્ષપણ,

સંવત ૨૦૨૪માં ચત્તારી–અઠ્ઠ–દસ–દોય, સં. ૨૦૨૫માં સિદ્ધિતપ, સં. ૨૦૨૭માં એકસો દશ દિવસનો શ્રેણીતપ જેમાં–૮૩ ઉપવાસ ૨૭ બેસણાં. આ દરેક તપો મુંબઈ કોટના ઉપાશ્રયે શાંતિનાથ પ્રભુની સાનિધ્યમાં શાંતિથી સુખશાતા પૂર્વક થયેલ પૂજ્યશ્રીની વૈયાવચ્ચનો લાભ કોટ શ્રી જનસંઘના ટ્રસ્ટીઓ તથા ભાઇબહેનો અને ત્યાં રહેતા ભાવિક શ્રાવક ભગુભાઈ તથા શાન્તાબેન આદિ સહકુટુંબે સારો લીધેલ હતો. આવા મહાન તપોની પૂર્ણાહુતી નિમિત્ત તેમના સંસારી-પણાના લઘુબંધુ રાયચંદભાઈએ અઠ્ઠાઈ મહોત્સવો કરી પોતાની લક્ષ્મીનો સદ્ ઉપયોગ કર્યો છે. દરેક પ્રસંગોમાં શિખર ઉપર કળશ શોભે તેમ રાયચંદભાઇએ "**આગમધરસૂરિ**" પુસ્તકના પ્રકાશનમાં ઉલ્લાસપૂર્વક **આગમધરસૂરિ** પુસ્તકની પ્રથમથીજ ૫૦૦ નકલ લઇને તેમના સંસારી ભાઈ અને હાલમાં દીક્ષિત તપસ્વી મુનિરાજશ્રી બલભદ્રસાગરજી મહારાજશ્રીએ અનેક તપસ્યાની સાથે શ્રી શ્રેણીતપની મહાન તપસ્યા કરેલ. તેની પૂર્ણાહુતી નિમિત્તે આ પુસ્તક સપ્રેમ ભેટ આપવાનું નક્કી કરેલ છે.

શ્રેણી તપમાં કુલ ૮૩ ઉપવાસ અને ૨૭ બિયાસણા આવે છે. કુલ ૧૧૦ દિવસનો આ મહાનતપ છે. તેની વિધિ તપાવલી પુસ્તકમાં છે. ધન્ય આવા પુણ્યશાળી **રાયચંદભાઇને !**

મુનિરાજના જીવનપ્રસંગો જણાવેલ તે પ્રશંસા માટે નહિ પણ ભવ્યજીવો વાંચીને અનુમોદના કરે તેજ ભાવના.

લિ.

પ્રકાશક


• યોજક •
આગમોદ્ધારકશ્રીના અંતેવાસી મુનિરાજ શ્રી ગુણસાગરજી મ.
બનાવનાર પેઈન્ટર કાન્તી સોલંકી... જામનગર...
ગુરૂદેવજન્મ દિવસ વિ.સં. ૨૦૨૫ અષાઢ વદ ૭)) આગ.સં. ૨૦
પૂ. આગમોદ્ધારક
આચાર્યદેવશ્રી
આનંદસાગર સૂરીશ્વર વંશવૃક્ષ
卐 આ નિશાનીવાળા સ્વર્ગવાસ પામ્યા છે...

श्री शंखेश्वर-पार्श्वनाथाय नमः

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# આગમધરસૂરિ

## પ્રકરણ પહેલું

## મહાપુરૂષનો બાલ્યકાળ

અનંત ઉપકારી તીર્થંકર ભગવંતો ગણધર મહારાજાઓ આદિ મહાપુરૂષો જ્યાં થયા છે એવા દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં "ગુજરાત" નામનો દેશ આવેલો છે, એ ગુણગિરૂઆ ગુજરાતમાં દેશની શાન વધારે તેવું એક નગર છે. મશહૂર કાપડના ઉદ્યોગના કારણે "કર્પટ વાણિજ્ય" તરીકે ઓળખાતું પરંતુ લોકજીભે "કપડવંજ" તરીકે સુવિખ્યાત બન્યું છે.

---

હે ભગવન્ ! તમે દેવતાને બોલાવ્યા નથી. તેમજ બીજાઓએ બોલાવ્યા નથી. પરંતુ તમારી સેવા કરવા માટે આવેલા છે. ખરેખર અહો-આશ્ચર્ય છે કે-કેવી લોકાનુભાવતા.

જિનેશ્વરદેવોના જિનાલયો અને જૈનતરોના મંદિરો આ નગરની ધર્મભાવનાની સાક્ષી આપી રહ્યા છે. દયા અને દાન આ નગરના વિશિષ્ટ ગુણો છે. નગરની નારીઓ શીલ અને સદાચારને વરેલી હતી. એમનામાં રૂપસૌંદર્ય હતું પણ ઉચ્છૃંખલતા ન હતી.

વીતરાગ પરમાત્માના શાસનને વરેલા ભર્યાપાથર્યા અનેક શ્રાદ્ધ વણિક કુટુંબો આ નગરની વિશિષ્ટ શોભા અને પ્રતિષ્ઠામાં અગ્રણી હતા. એ સૌમાં શ્રેષ્ઠિવર્ય મગનભાઇનું નામ સન્માનપાત્ર હતું. અને લક્ષ્મીનું વિશ્રામગૃહ હતું.

શ્રેષ્ઠિવર્યશ્રી મગનભાઇની સુપત્ની "યમુના" હતી. યમુના એટલે યમુના, ત્રિવેણી–સંગમની યમુના નદી અનેકને શાંતિ અને તૃપ્તિ આપે છે. તેમાં આ યમુના અનેક સંતપ્ત અને અતૃપ્ત હૃદયોને શાંતિ અને તૃપ્તિ આપનારી આર્ય મહાસન્નારી હતી.

ગોલકુંડાની ખાણને કોહીનૂર–રત્નની ભેટ જગતને આપવાનું સૌભાગ્ય મળ્યું હતું તેમ રત્નકુક્ષી આ યમુનાને

---

હે ભગવન્ ! અહિં ક્ષત્રિયકુંડનગરમાં તમારો જન્મ જ સર્વ સુરો અને અસુરોને આકર્ષે છે. તે તમારો જન્મ આશ્ચર્યકારી કેમ નહિં ? લોહચુંબક વિગેરેનું આકર્ષણ અમુક દેશમાં–સ્થાનમાં રહેલ લોઢાને આકર્ષે છે. એટલે તે નજીકની અપ્રાપ્યની પ્રાપ્તિ છે. પરંતુ આ તમારી અપ્રાપ્યની પ્રાપ્તિ–દૂર દેવલોકમાં દેવતાઓને પણ આકર્ષે છે, તે કેવા પ્રકારની ?

મહાજ્યોતિર્ધર પુત્રરત્નની ભેટ જિનશાસનને આપવાનું મહાસૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. કોહીનૂર–રત્ન જ્યાં ગયું ત્યાં હિંસા અને ભયનું વાતાવરણ ફેલાયું, એને ખાતર અનેક આત્માઓના લોહી રેડાયા અને બેસુમાર પાપો થયા, ત્યારે આ પુત્રરત્ને અહિંસા અને અમૃતનો ધોધ વહાવ્યો અનેકાનેક આત્માઓના ભયંકર પાપોનો પ્રલય થયો. અજ્ઞાનના અંધારામાં જ્ઞાનનું અજવાળું આ પુત્રરત્ને કર્યું. કોહીનૂર–રત્ન ભય દેનાર નિવડયો અને આ પુત્રરત્ન અભય દેનાર નિવડયો.

## જન્મ

ભગવંત મહાવીરદેવના નિર્વાણને ૨૪૦૧ વર્ષ થયાં હતાં. અષાઢીમેઘો ઘનઘટાને લઈ આકાશમાં ગર્જના કરતાં હતા. જાણે પુત્રરત્નના જન્મની વધાઈ જગતને ન કરતા હોય ?

[ વીજળીઓ પ્રકાશપુંજ વેરતી હતી. જાણે પુત્રરત્નના જન્મની ખુશાલીમાં દીવાઓ પ્રગટાવતી ન હોય ! સૂર્ય અને ચંદ્ર પણ આકાશમાં એક સ્થાને આવી મળ્યા હતા. તેઓ વિચારમાં લીન હતા. અને ધીરે ધીરે વાતો કરતા હતા કે એક જ્યોતિર્ધર જન્મવાની તૈયારીમાં છે, આ

હે નાથ ! જે કારણથી તમારી કાયા–શરીર સૂર્યની જેમ દેદીપ્યમાન કાંતિથી યુક્ત છે. તેથી તમારા દરેક કલ્યાણકોમાં જગતમાં પ્રકાશ થાય છે.

બાલુડો આપણો પ્રકાશ ઝાંખો તો નહિ પાડે ને? વાયુ શીતળ અને મંદ ખુશનુમા ભર્યો વાતો હતો, પૃથ્વી સસ્યશ્યામલા બની અનેક માનવીઓના અંતરને આનંદ આપતી હતી.] આવા મંગળમય વાતાવરણમાં અમાવાસ્યાની રાત્રીના મધ્યકાળે રત્નકુક્ષી યમુનાએ એક પુત્રરત્નનો જન્મ આપ્યો.

જન્મ પ્રસંગે શ્રેષ્ઠિવર્ય શ્રી મગનભાઈએ યોગ્ય ઉત્સવ કર્યો. જ્ઞાતિજનોને પ્રસન્ન કર્યા. ભગવંતોની પૂજા ભણાવી આંગીઓ રચાવી, દાન દીધા, યોગ્ય મુહૂર્તે પુત્રરત્નનો નામાભિધાન સંસ્કાર કરવામાં આવ્યો. સૌની સમક્ષ હર્ષભર્યા વાતાવરણમાં 'હેમચંદ્ર' નામ સ્થાપન કરવામાં આવ્યું. જોષીઓએ જોષ જોયા 'આ બાળક યુગાવતાર મહાપુરૂષ થશે' આવો ફળાદેશ કહ્યો.

## શાળાગમન

બીજનો ચંદ્ર દિવસે દિવસે નવી નવી કળાથી ખીલતો જાય છે, અને વૃદ્ધિ પામતો જાય છે. તેમ આ હેમચંદ્ર પણ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે, અને ખીલતો જાય છે. શરીર, રૂપ, રંગ, આકાર, જ્ઞાન, બુદ્ધિ, સત્ત્વ

હે જિનેશ્વર ભગવન્! તમારો અનુભાવ–પ્રભાવ આશ્ચર્યકારી છે કે જે નારકીના જીવોનું કર્મથી થવાવાળું દુઃખ હણો છો–દૂર કરો છો, તો ખરેખર તમે કર્મ કરતાં પણ બલવાન્ છો.

વિગેરે બાહ્ય અને આન્તર વિભૂતિથી વધતો જાય છે. ધીરતા અને વીરતા આ બે ગુણો તો હેમચંદ્રના પ્રિય-મિત્રો હતા. સાચા સંગાથી હતા, અને ઉન્નતિકારક હતા.

માત–તાતના સ્નેહભર્યા લાલનપાલનથી પાંચ વર્ષનો કાળ હેમચંદ્રનો પસાર થયો. એ તો આટલી નાની ઉંમરમાં આખી શેરીનો અને જૈનકુળનો લાડકવાયો બની ગયો, માત–તાતે મંગળ દિવસ જોઇ જ્ઞાનાભ્યાસ માટે તેને શાળામાં મૂકયો, જે દિવસે પુણ્યવંત હેમચંદ્રે શાળામાં પગ મૂક્યો એ દિવસે અધ્યાપકોને આનંદિત કરવામાં આવ્યા. વિદ્યાર્થી-ઓના મુખ મીઠા કરવામાં આવ્યા.

હેમચંદ્રમાં બુદ્ધિ અપૂર્વ હતી. જ્ઞાન મેળવવાની અભીપ્સા હતી. ચપળતા તરવરતી હતી. નિડરતા અદ્‌ભૂત હતી. કરૂણા અને વાત્સલ્ય ઉભરાતા હતા. કોમળતા અને કઠોરતા પણ પ્રમાણ પૂર્વકની હતી. સત્ત્વ ગજબનું હતું. ભય તો આની પાસે આવતા ભય પામતું.

દિવસે દિવસે એનું જ્ઞાન વધતું ચાલ્યું, આના અભ્યાસને જોઈ શિક્ષક પણ વિચારમાં પડી જતા, તે આ બાળકની પાસે બીજા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા.

---

હે પ્રભો ! સમસ્ત નારકજીવોના પાપો તમે ક્ષણવાર માટે નાશ કરો છે, જો તેમ ન હોય તો જન્મસમયે તેઓ સુખ કેમ પામે ?

વિદ્યાર્થીપદ અને ગુરૂપદ એમ બન્ને પદ હેમચંદ્ર એક સાથે ભોગવતો હતો.

## ગેડીદડો

બાલ્યાવસ્થા એટલે રમત–ગમત પ્રિય અવસ્થા શાળાના જ્ઞાનાભ્યાસ પછી સંધ્યાસમયે બાળકો ગેડીદડાની રમત નિશ્ચિંતપણે પોળમાં રમી રહ્યા હતા. સૌ બાળકો રમતમાં એવા મસ્ત બની ગયા કે સ્થળ અને કાળનો એમને ખ્યાલ ન રહ્યો. અચાનક એક બાળ દ્વારા દડો રાજ્યાધીન દીપને અથડાયો, દીપ ઉપર પારદર્શક કાચનું આવરણ હતું. દડાના ઘાથી આવરણના ભૂક્કે ભૂક્કા થઈ ગયા, આ રમતમંડળના વિદ્યાર્થીઓ તો તરત જ એ સ્થાન છોડી ક્યાંય જતા રહ્યા, ન ગયો ધૈર્યદેવીની મૂર્તિ સમો આ હેમચંદ્ર બાળ.

અલ્પસમયમાં ઉદ્દંડ દેહવાળો લાઠીધારી નગરરક્ષક સૈનિક ત્યાં આવી પહોંચ્યો, ભયંકર અટ્ટહાસ્ય કરતાં બોલ્યો–કેમ છોકરા! આ દીપનું આવરણ તેં કેમ ફોડી નાખ્યું? નગરરક્ષક સૈનિક તો જાણે આ હેમચંદ્રને ગુનેગાર માનતો હોય એ રીતે તતડાવવા લાગ્યો ત્યારે

હે ભગવન્! તમે દરેક સુરેશો–ઈન્દ્રોના જન્મસમયે આસનો કંપાવ્યા તો પણ તે બધા દેવતાઓ આજન્મ–જીવનપર્યંત તમારી સેવા કરવા લાગ્યા.

હેમચદ્રે કહ્યું, મેં રાજ્યાધીન દીપ કે તેના આવરણને તોડ્યું જ નથી. મારે તમારાથી બીવાની જરા ય જરૂર નથી. હું રહેજે ગુનેગાર નથી. તમે મને કશું જ કરી શકવાના નથી.

વીરબાળને છાજે તેવો અને સભ્યતા પૂર્વકનો ઉત્તર સાંભળતા નગરરક્ષક સૈનિક ઝંખવાયો પડી ગયો એને થયું કે આ બાળક આગળ મારૂં કાંઈ ચાલશે નહિ, આ તો કોઈ જબરો લાગે છે. એને છંછેડવા જતાં મારા બાર વાગી જશે, એથી ધન્યવાદ આપી જતો રહ્યો.

## દર્દ અને દફન

વિદ્યાભ્યાસ અને બાલક્રીડામાં કાળ વહે જતો હતો, ત્યાં એક વખત હેમચંદ્રના કંઠપ્રદેશના બાહ્યભાગ ઉપર એક હઠીલું ગુમડું ઓળીયું થયું હતું, આમ આ બાળક કેટલી વાતોમાં ટકીલો હતો. તેમ એનું ગુમડું પણ એના જેવું ટેકીલું નીકળ્યું. માત–તાતે ઘણા ઔષધોપચાર કર્યા, પણ મટે શેનું ? મટે તો એ હઠીલું ગુમડું કેમ કહેવાય ? વેદના ઘણી હતી પણ હેમચંદ્ર સહનશીલતાનો અફાટ સાગર હતો. આ અસહ્ય વેદના જ્ઞાનાભ્યાસ અને રમત-

હે ભગવન્ ! તમે બાલ્યવયમાં દેવતાઓના સમૂહોએ અભિષેક કરવા નાંખેલ પાણીનો સમૂહ કેવી રીતે સહન કર્યો. ખરેખર શરીર વડે નાના છતાં તમારો મહિમા જગતમાં અદ્ભૂત છે.

ગમતમાં વિઘ્ન કરવા ઈચ્છતી પણ સહનશીલતા વિઘ્ન કરતા અટકાવી દેતી.

વૃંદાવનનો કનૈયો એક દિ' તોફાને ચડેલો અને બલરામને પજવી મૂકેલો ત્યારે યશોદાએ કનૈયાને એક થપ્પડ મારી, ધમકાવી શાંત કર્યો:તેમ આ હેમુ પણ એક દિ' કાંઇક વધુ મસ્ત બની તોફાને ચઢ્યો. પોતાના વડિલ-બંધુ જે ઉંમરમાં બે વર્ષ મોટા હતા. તે મણીભાઈને હેરાન પરેશાન કરી મૂકયા. ત્યારે યમુનામાતાએ એક થપ્પડ હેમુના ગાલ ઉપર મારવા ઉગામી ત્યાં ચપળ હેમુએ ગરદન ફેરવી લીધી. પણ મમતામૂર્તિ માતાનો હાથ કંઠ પ્રદેશ ઉપર રહેલા હઠીલા ગુમડા ઉપર પડ્યો, તેથી પેલું ટેકીલું ગુમડું ફુટી ગયું. દર્દ ખૂબ વધી ગયું.

પરંતુ આ પરાક્રમી હેમુના નયનોમાંથી આંસુનું એક ટીપું પણ ન નીકળ્યું, પરૂ વિગેરે કાઢી બાહ્ય વ્રણ-શામક-ધાબાજરી વિગેરે ઔષધનું વિલેપન કરવામાં આવ્યું. માતાના મમત મય હાથે:એ દર્દનું દફન કરી દીધું અને એ થપ્પડ ચમત્કારી થપ્પડ બની ગઈ.

---

હે ભગવન્! પર્વતોમાં અચલ-ચલાયમાન નહિં થનારો પર્વત એક મેરૂગિરિ છે. એમ લોકમાં પ્રસિદ્ધ છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે-તે મેરૂગિરિને જન્મ સમયે-જન્માભિષેક સમયે ઇંદ્રના સંશયને દૂર કરવા તમે ડાબા પગના અંગુઠાના એક ભાગથી ચલાયમાન કર્યો.

## જ્ઞાન અને તત્ત્વજ્ઞાન

હેમચંદ્ર વ્યવહારિક જ્ઞાનના અધ્યાપક પાસે વ્યવહારિક જ્ઞાન શીખતા હતા. તેમ ગુરૂદેવો પાસે અધ્યાત્મ સંબંધી જ્ઞાન મેળવતા હતા. ઉપાશ્રયમાં કે ઉપાશ્રય બહાર કોઇ તત્ત્વજ્ઞાની કે કોઇ વૈરાગી પુરૂષની પધરામણીના સમાચાર સાંભળવા મળે એટલે તરત જ હેમુ ત્યાં દોડી જાય. એમની ચર્ચા મૌન રહી સાંભળે, કાંઈક પૂછવા જેવું લાગે તો હળવેથી પૂછે, અને બરોબર ન સમજાય તો હા ન પાડે, પણ ફરી સમજાવવા વિનંતી કરે.

વય તો હજુ અગ્યાર વર્ષની હતી. પણ જ્ઞાનપિપાસા અને તત્ત્વજિજ્ઞાસા પ્રૌઢને છાજે તેવી હતી. હેમુ કદી કદી વિચારમાં એવો લીન બની જતો, જાણે પૂર્વભવનો સમાધિની સિદ્ધિ કરેલ મહાયોગી ન હોય !

વિચાર શક્તિ અને તર્ક શક્તિ જોઈ એના માત–તાત હરખાય એમાં આશ્ચર્ય શું ? પરંતુ જે કોઈ ને આ શક્તિ જોવા મળતી અને જાણવા મળતી તે બધા આશ્ચર્ય વિભોર બની જતા.

*

---

હે જિનેશ્વર ભગવન્ ! રમતમાં પણ તમારી શક્તિ કેટલી બધી છે. તે વચનથી કહી શકાય તેમ નથી. તેમજ જ્ઞાન પણ વચનાતિગ છે. કારણ કે–જે વૈતાલ–બાળરૂપ છોડીને વિકરાળ રૂપ ધારણ કરનાર તેને એક મુઠ્ઠીના ઘાતથી હાંકી મૂક્યો. અર્થાત્ સૂક્ષ્મરૂપવાળો કર્યો.

## પ્રકરણ બીજું

# લગ્નજીવન

### લગ્નનું લફરું

હેમચંદ્રની વય બાર વર્ષની થઈ, એ કાળ એવો હતો કે નાની વયમાં લગ્ન થાય એ કુટુંબ મોભાદાર ગણાય, મોહાધીન માતાઓ તો ઝૂલે ઝૂલતા બાળને પરણાવવાના હાલરડાં સંભળાવે અને સંસારના રાગનો રંગ પક્કો બનાવે.

બાર વર્ષના બાળ હેમુને પરણાવવાનો વિચાર યમુના-માતાને આવ્યો, ઘર ભર્યું ભર્યું હતું, અનેક કન્યાઓના માતાપિતા પોતાની પનોતી પુત્રીને પરણાવવાની વાત માટે શ્રેષ્ઠી મગનભાઈના આવાસે આવી ચૂક્યા હતા, છતાં એમને કાંઇ ઉતાવળ કરવા જેવું જણાતું ન હતું.

માતા યમુના પોતાના પનોતા પુત્રને પરણાવવાનો લ્હાવો જલ્દી લૂંટવા ઈચ્છા રાખતી હતી. એમણે પતિને

---

હે ભગવન્! તમે જંગલમાં ચંડકૌશિકનાગને બોધ આપવા જતાં જરા પણ ભયયુક્ત ન થયા. જે બાલપણામાં સર્પ ભય ન પમાડી શક્યો. તે સર્પ સાધુપણામાં શું ભય કરનારો થાય? અર્થાત્ ન થાય.

આ માટે આગ્રહ કર્યો. આગ્રહમાંથી હઠાગ્રહ થયો. "કોઈ પણ હિસાબે હેમુના લગ્ન જલ્દી થવા જોઇએ." આ ઈચ્છાએ એમનું પૌરૂષ વધુ ચગાવ્યું, એમણે ગમે તેમ કરી શ્રેષ્ઠી મગનભાઇને વાત સ્વીકારવાની ફરજ પાડી.

ઉભયકુલની શુદ્ધિ જોઈ એક ભાગ્યવતી અને ગુણવતી કન્યા સાથે સગપણ કરવામાં આવ્યું. રૂપિયો અને શ્રીફળ લેવાયા, ગોળધાણા વહેંચાયા, કંસાર જમાડી સૌના મન અને મુખ મીઠાં બનાવ્યા.

## મનોમંથન

જેને માટે આ બધું થયું તે હેમચંદ્ર તો કોઈ ઊંડા વિચારમાં ગરકાવ બન્યો, આટલી નાની વયમાં માયાના સુંવાળા બંધનથી મને કેમ બાંધવામાં આવે છે ! શું સંસારમાં જન્મેલાએ લગ્ન કરવા જ જોઈએ ! શું એ જીવનની અનિવાર્ય ફરજ છે ! લગ્ન વિના સુખ નથી ! આ ગુલામીથી લાભ શો ! ના મારે આ મમતાનું બંધન ના જોઈએ. હું તો ગગનના મુક્તવિહારી પંખી જેવો રહીશ. હું વાયુ જેવો અપ્રતિબંધી રહીશ, હું મારી સ્વતંત્રતાને ભરખી દેવા નથી માગતો.

---

હે જિનેશ્વરોમાં ઇંદ્રસમાન ! મહાન્પુરૂષો જ મહાન્ પુરૂષોની ગતિને જાણે, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવા બીજા મનુષ્યો જાણે નહિ. આ વિચારથી જ ન હોય તેમ હું ચારિત્રની ચિંતાને ધારણ કરવામાં યત્ન કરૂં છું. અર્થાત્ જ્ઞાન ચારિત્રની મહત્તા માટે જ હોવું જોઈએ.

## માત-પિતાને વિનંતી

એક ઉગમતે પ્રભાતે હેમચંદ્રે માત-પિતાને નમસ્કાર કર્યા અને મૌન ઉભો રહ્યો, માત-પિતાએ પૂછ્યું, વત્સ ! તું ઉદાસ કેમ છે ? તારે કાંઈ કહેવું છે ? હવે તો તારા લગ્ન નજીક આવ્યા. તું ઉદાસ રહે તે કેમ ચાલે ? તારી જે ઈચ્છા હોય તે તું કહે, અમે જરૂર તારૂં હિત કરાશું.

હેમચંદ્ર બોલ્યો. 'પિતાજી ! પિતાજી ! કૃપા કરી મને આ બંધનમાં ન નાંખો, આ માર્ગે જવા મારૂં મન જરાય ઉત્સુક નથી, આ જંજીરોમાં જકડાવા ઈચ્છતો નથી. આપ મારી સ્વતંત્રતા ઝૂંટવી ન લો, હું લગ્નબંધન નભાવી નહિ શકું. મારા અંતરમાં ત્યાગી થવાની ઈચ્છા છે, એટલે આ જંજાળને નહિ જાળવી શકું, આપ મારા હિતસ્વી છો. જરૂર મને લગ્નના લફરામાં ન પાડશો.'

આ વાત સાંભળી પિતાજી તો નરમ થયા પણ માતાજીએ કહ્યું-

'બેટા ! તું આજ્ઞાંકિત છે. હું સદા તારા હિતને જ ઈચ્છું છું, ત્યાગમાર્ગ તો લોઢાના ચણા ચાવવા કરતા

---

સેવક જન-મનુષ્ય ઉપર વાત્સલ્ય-પ્રેમભાવવાળા હે ભગવન્ ! આખા જગતમાં તમારી સમાન બીજા કોઈ નથી ? અત્યંત દીન એવા મારૂં, ભયનું સ્થાન એવા સંસારરૂપી સમુદ્રથી રક્ષણ કેમ કરતા નથી ? અર્થાત્ સંસાર-સમુદ્રથી મને પાર ઉતારો.

વધુ કઠણ છે. એ સીધા ચઢાણ ઉપર ચઢવાનું તારૂં કામ નથી. તું તો સંસારમાં કુલદીપક તરીકે શોભે તેવો છે. દીક્ષા–બીક્ષાનું આપણું કામ નહિ. જા લહેર કર. આનંદમાં રહે.'

## હેમુની હાર

આ પછી માતાએ તો લગ્નની તાકીદ કરી. જોષી ભૂદેવોને બોલાવ્યા. ટીપ્પણા જોવરાવ્યા, મંગળ દિવસો નક્કી કર્યા. કંકુ છાંટી કંકોતરીઓ રવાના કરવામાં આવી. આસોપાલવના તોરણીયા બંધાવ્યા. ધવલ મંડપો બાંધ્યા. વિજયસ્થંભ રોપ્યો, જાન જોડી જાનૈયા આવ્યા. વરરાજા હેમુને લાવ્યા. ધવલમંગલ ગીતો કોયલ કંઠે ગવાયા. સૌ માંડવે આવ્યા. બાર વર્ષના બાલુડા હેમુને ચોરીમાં બેસાડવામાં આવ્યો. હવનકુંડમાં પુરોહિતે અગ્નિ ભર્યો. સપ્તપદીના મંત્રોચ્ચારનો વિધિ ચાલુ થયો. વર–વધુનો હસ્તમેલાપ કરાવ્યો, અગ્નિની ચાર પ્રદક્ષિણા ફેરવી હેમુને લગનબંધનથી બાંધી દેવામાં આવ્યો.

---

હે અનંત અવબોધ–જ્ઞાનને ધારણ કરનારા જિનેશ્વર ભગવન્! જો તમે સંસારમાં ચારે ગતિમાં પરિભ્રમણ કરાવનાર કર્મરૂપી તે વ્યાધિના વૈદ્ય છો, તો મારે આશ્રિત–અર્થાત્ મારામાં રહેલ કર્મરૂપી તે વ્યાધિને નાશ–દૂર કરવામાં ચિકિત્સા–ઔષધ કેમ કરતા નથી? અર્થાત્ મારા કર્મ રૂપી વ્યાધિને દૂર કરો.

એક સમયની બાળલગ્નની પ્રથામાં હેમુનો હોમ થયો. એકલો અટૂલો મોટા લાવલશ્કર સામે કરે શું ? આ પણ કાળની એક વિચિત્ર બલિહારી હતી. કે જે ભાવીમાં આગમોદ્ધારક બનવા સર્જાએલ મહાપુરૂષને બાર વર્ષની કુમળીવયે વગર ઈચ્છાએ વિના સમજે પરણાવી દેવામાં આવે છે. સુખી કુટુંબોમાં તો વધુ વહેલા પરણાવવા એ એક ખાનાદાની અને ઉંચી પ્રતિષ્ઠા ગણાતી. તે વખતના જન-સમુદાયમાં પણ આ પ્રસંગથી વધુ માનપાત્રતા ગણાતી.

## રાગમાં વૈરાગ્ય

હેમચંદ્રના સાથે જે પુણ્યવતીનો હસ્તમેલાપ થયો હતો. તે નવોઢાનું નામ 'માણેક' હતું. વર–વધુ ઘરે આવ્યા. ત્યારે યમુના માતાના આનંદનો પાર ન રહ્યો. માતાને લાગ્યું કે આજે મારે આંગણે કલ્પવૃક્ષ ફળ્યો છે. મોતીડે મેહ વરસ્યા છે. મેળવવા જેવો લ્હાવો મેળવી લીધો છે.

પુત્રવધુનું મુખ જોઈ મલકાતે હૈયે યમુનાએ આશીર્વાદ આપ્યા–બેટા ! ભાગ્યવતી થજે. સૌભાગ્યવતી બનજે,

---

ઈંદ્રને પૂજ્ય એવા હે ભગવન્ ! તમારૂં ચરિત્ર કેટલું બધું આશ્ચર્યકારી છે કે જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસે ગોવાળીઆના ઉપસર્ગને સહન કર્યો, ખરેખર એક બાજુ તે પૂજા કેવી ? અને બીજી બાજુ તે અપકાર કેવો ? અર્થાત્ દીક્ષાના પ્રથમ દિવસે જ પૂજા કરનાર અને ઉપસર્ગ કરનાર ઉપર પણ કેવો સમાનભાવ ? રાગ પણ નહિં ને દ્વેષ પણ નહિં.

મારા કુળદીપકને જાળવજે. માણેક! તું હવે મારા ઘરનું માણેક બનજે. આ ઘર, આ પૈસા, આ આભૂષણો, આ રાચરચીલું તારૂં છે. અમે પણ તારા છીએ. તું અમારી ગૃહલક્ષ્મી છે. તું અમારૂં કુળ દીપાવજે.

પુત્રવધુ માણેકે સાસુના ચરણોમાં મસ્તક ધરી દીધું. અને મધુરસ્વરે વિનયપૂર્વક બોલી—માતાજી! આજથી હું આપની અને આપના પુત્રની દાસી છું આપના પુત્રની અર્ધાંગના છું, તન—મનથી સેવા કરીશ, આપના આશીર્વાદ અમને સુખી રાખશે.

હરખઘેલી મા યમુના પુત્રવધુના ગુણ ગાતા થાકતી નથી, ગામની કોઈ સખી કેસ્વજન મળવા આવે ત્યારે માણેકના જ ગુણ ગાય, યમુનાને તો માણેક એક દેવી લાગી. માણેક પણ યમુના—સાસુનું જતન કરતી. નામ જાળવતી. એમની આજ્ઞા ઉઠાવતી, પગ દાબતી, થોડા દિવસમાં ગૃહકાર્ય પણ માણેકે સંભાળી લીધું, વિનયવતી નારી મળવા છતાં હેમચંદ્ર ન રંગાયો. પૂર્વભવનો વૈરાગી હતો. આ ભવમાં બલાત્કારે નારીના પાશમાં લેવામાં આવ્યો

---

હે ભગવન્! તમારામાં સર્વથા રાગનો અભાવ છે. અને તેથી જ કૌટુંબીક જે આનંદ શ્રાવક તેની સાથે અવધિજ્ઞાનવિષયક વિવાદમાં પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર એવા ગૌતમસ્વામીને **'मिथ्या मे दुष्कृत'** એટલે મિચ્છામિ દુક્કડં આપવાનું વચન કહ્યું.

હતો. તેથી તેને વધુ વૈરાગ્ય થતો ગયો. સિંહબાળને કેદ કર્યા પછી જે અનુભવ થાય તેવો અનુભવ હેમચંદ્રને થવા લાગ્યો. એને પોતાની ભાવના અને સ્વતંત્રતા ગૂંગળાતી લાગી.

હેમચંદ્ર દિવસે દિવસે વધુ વૈરાગી જણાવા લાગ્યો. માણેકની મમતા એના હૈયામાં કશો ફેરફાર ન કરી શકી. એ નવોઢા મુંઝવણમાં પડી જતી, આ વાત હેમચંદ્રના પિતાની જાણમાં આવી. એટલું જ નહિ પણ એના સસરાને પણ ખબર પડી ગઈ.

એક દિવસે સસરાજીએ હેમચંદ્રને બોલાવી સમજાવ્યું. ભાઈ ! તમારે મોટા થઇને તમારા પિતાની સંપત્તિ વધારવાની છે. તેની રક્ષા કરવાની છે. માન મરતબો વધારવાનો છે. તમારી પત્નીનું રક્ષણ, પાલન, પોષણ, સંવર્ધન કરવાનું છે. આમ વૈરાગી રહે નહિ ચાલે, હવે મોટા થતા જાઓ છો. તમારે તમારી ફરજોનું પાલન કરવું જોઈએ.

હું મારા આત્માના કલ્યાણમાર્ગે આગળ વધવા માગું છું. મારી એ ભાવના કોઈ રોકી શકશે નહિ. હું મારા વિચારોથી એક ડગલું પાછું ભરવા ઈચ્છતો નથી.

---

હે પ્રાજ્ઞ–સર્વજ્ઞ ભગવન્ ! દ્વેષી–નિત્યવેરવાળા અગ્નિ (દેવ) શર્મા બ્રાહ્મણને બોધ કરવા અંતસમયે ગૌતમગણધરને મૂક્યા–મોકલ્યા, આથી તમારામાં રાગ અને દ્વેષ એ બંનેનો અભાવ સ્પષ્ટપણે જણાય છે.

તમે લોકોએ બાળવયમાં લગ્ન–બંધનમાં ફસાવી બલાત્કાર ગુજાર્યો છે. પણ મારી ભાવનામાં તમારા કોઈમાં બલાત્કાર ગુજારવાની તાકાત નથી. મારી વૈરાગ્યની ભાવનામાં હું વજ્ર જેવો કઠોર અને પહાડ જેવો અડગ રહીશ.

હેમચંદ્રનો આવો ઉત્તર સાંભળી બધા શાંત તો થઈ જતા, પણ હૃદયમાં મુંઝવણ ઉભી થતી. એમ છતાં આ બાળ–દંપતીનો સંસાર બાહ્યદૃષ્ટિએ હેમખેમ ચાલતો જતો સૌને જણાય છે.

## સૌભાગી રાતની વાત

સંસાર ચાલ્યો જાય છે. બાળદંપતી પણ એ પ્રવાહમાં વહે જતા દેખાય છે. એકાતમાં વાત પણ થાય છે. ઘરના એકાંતમાં ડખલ કરવાનું સાહસ પણ કોણ કરે? નવોઢા માણેકને અનેક મનસુબા થયા કરે. પણ આર્યસન્નારી પતિ વિના કહે કોને?

પતિનું વૈરાગી વર્તન અને પિતાની વાતો સાંભળી એ જરા ઉદાસ બની જતી, પરંતુ જ્યારે એને ખ્યાલ આવતો કે મારો પતિ એક ચિંતક ઓજસ્વી નર છે. ત્યારે તે વિધાતાનો ઉપકાર માનતી, અને ઓવારણા લેતી.

આ નવોઢાએ એક રાત્રે પૂછ્યું—સ્વામીનાથ! આપને સંસારની વાસના નથી સતાવતી? શું હું નથી ગમતી? મારામાં કાંઇક ત્રુટિ છે? આપની સેવા કરવાની લાયકાત

મારામાં નથી ? આપને હું કઈ વાતમાં ઓછું આવવા દઉં છું ? મારો અપરાધ હોય તો જણાવો ? આપ કહેશો તે પ્રાયશ્ચિત લઈ તપ કરી શુદ્ધ બનીશ, મારા પ્રિયતમને રીઝવવા હું વ્રત–આખડી રાખીશ, તપ–જપ કરીશ, બોલો સ્વામીનાથ ! બોલો હું શું કરું ?

પૂર્વજન્મના વૈરાગી હેમચંદ્રે કહ્યું, માણેક ! તારી વાત તો ઠીક છે. પણ મારું મન સંસાર તરફ ઢળતું નથી. વાસના પ્રતિ ઝૂકતું નથી, વાસનાના કિચ્ચડમાં ફસાઇને હું મારા આત્માની બરબાદી નથી ઈચ્છતો, તેમ તારા આત્માની બરબાદી થાય તે પણ મને ગમતું નથી. તારો કોઈ અપરાધ છે અને તેથી હું નારાજ છું એમ પણ નથી. ખરેખર તો મને સંસાર તરફ આકર્ષણ નથી. મને બલાત્કારે પરણાવવામાં આવ્યો છે. મારી અંતરંગ ઈચ્છા આજે પણ ભગવાન્ મહાવીરદેવના ચીંધેલા પ્રવ્રજ્યાના પંથે જવાની છે. તું પણ આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કર.

જગતની દૃષ્ટિએ તો હેમચંદ્ર અને માણેકનું જીવન ગૃહસ્થજીવન–દાંપત્યજીવન બની ગયું હતું.

*

હે ભગવન્ ! મર્યાદાને પણ ઉલ્લંઘીને અત્યંત કષ્ટને આપનારા, ઉપસર્ગોને કરનારા, અભવ્ય–મુક્તિગમનને અયોગ્ય એવા સંગમદેવ ઉપર પણ ખરેખર તેજ આંસુને વહાવનારી તમારી દયા છે.

## પ્રકરણ ત્રીજું

હેમચંદ્રના વડીલબંધુને પ્રથમથી વૈરાગ્ય હતો. પરંતુ એ જમાનાની તાસીર જ એવી હતી. કે નાના બાળકોને લગ્નની બેડીમાં જકડી દેવાતા, એ બેડીમાં એમના વડીલ-બંધુ મણીભાઇને પણ જકડી દેવામાં આવેલા. પરંતુ વિધાતાને મણીભાઇને સહેલાઈથી દીક્ષા અપાવવી હતી. અને હેમચંદ્રને મુશ્કેલીઓનો સામનો કરાવી દીક્ષા અપા-વવી હતી. વીર તરીકેનું બીરૂદ અપાવવું હતું.

આથી મોટાભાઈની અર્ધાંગનાને વિધાતાએ અધવચ્ચેથી જગતમાંથી ઉપાડી લીધા હતા. બીજી કન્યાઓ મણીભાઇને પરણવા તૈયાર હતી. પણ એ ન માન્યા. પિતાજી પણ આંતરીક રીતે દીક્ષા અપાવવા તૈયાર હતા. પરંતુ એ વખતનો સમાજ આવી નાની અવસ્થામાં સંયમ ન લેવા દે તેવો હતો. પિતાની સંમતિ પણ કાંઈ ન કરી શકે. આથી પિતાએ મધ્યમ માર્ગ શોધ્યો.

---

હે ભગવન્! મંદબુદ્ધિવાળો પણ ફળ વગરના કાર્યને કરતો નથી. એવી લોકમર્યાદા છે. તો તમે સર્વજ્ઞ-સર્વવસ્તુને જાણનાર, દેશનાથી કોઈપણ વિરતિરૂપ ફળ પામશે નહિં તેમ જાણવા છતાં તમે પ્રથમ ઉપદેશ આપ્યો-દેશના આપી.

## રાજનગર ભણી

બેટા મણીલાલ! તને સંયમ લેવાનું મન છે. એ મારા ખ્યાલમાં છે. હું તારી ભાવનાને આડે આવવા માગતો નથી. તું શાસનને શોભાવે એવી મારી ઈચ્છા છે. તું તારા આત્મકલ્યાણના પંથે જા, મારા તને અંતરના આશીર્વાદ છે. અહીં તને સંયમ અપાવી શકું તેમ નથી. સમાજની ભીષણ નાગચૂડમાંથી બહાર આવવું મારા માટે કઠણ છે. માટે તું અમદાવાદ જા, તે બાજુ સારા મહાત્મા પુરૂષને શોધી આત્માનું કલ્યાણ કરજે અને શાસનને શોભાવજે.

આ વાતની જાણ ચકોર હેમચંદ્રને થઈ, હેમચંદ્ર વધુ વૈરાગી અને વધુ ઉત્સાહી હતો. ત્યાગમાર્ગ પ્રતિ વધુ આકર્ષણ હતું, વડિલબંધુને અમદાવાદ જવાનો વારો આવ્યો. ત્યારે હેમચંદ્રે પિતાજીને કહ્યું પિતાજી! મારે પણ મોટાભાઈ સાથે અમદાવાદ જવું છે. મને રજા આપો.

## પિતાજીનું મનોમંથન

પિતાજી તો તરત પારખી ગયા. મનમાં વિચાર્યું કે આ

---

હે ભગવન્! તમે સર્વ વસ્તુને જાણનાર સર્વજ્ઞ અને સર્વથા રાગરહિત હોવા છતાં પણ રાજાને બોધ પમાડવા માટે સેંકડો યોજન દૂર ગયા પણ મને એક વચન પણ આપતા નથી. સંભળાવતા નથી. અર્થાત્ મને બોધ પમાડો.

પણ ત્યાગના પંથે પ્રયાણ જ ઈચ્છી રહ્યો છે. મનમાં વિચારો ચાલ્યા. શું કરવું? બંને પુત્રોને ત્યાગના પંથે જવા દેવા?

મોહઘેલું મન સળવળી ઉઠયું. એ ધીમે અવાજે બોલ્યું–બંને પુત્રરત્નોને બાવા કરવા છે? મૂરખ! ચેત આવા રાજવંશી જેવા સુપુત્રો કોકને મળે છે, અરે કેટલાય આવા પુત્રો માટે હજારો માનતા રાખે છે. આવા સપૂતો તને મળ્યા છે, અને તું એમને સાધુઓની જમાતમાં સોંપે છે? તું તો અભાગીયો છે અભાગીયો.

પરંતુ અંતરાત્માએ મધુરા અવાજે કહ્યું–ઓ પુણ્યાત્મા મગનલાલ! તું જગતમાં ભાગ્યશાળી છે. તારે ત્યાં જન્મેલા આ બે પુત્રો તારા કુળને દીપાવશે, શાસન જ્યોત પ્રગટાવશે, તું મોહાધીન ન બનતો, આત્મજ્યોતને પ્રગટાવનારા પુત્રરત્નોનો તું પિતા છે, એમને ત્યાગમાર્ગમાં જવા સહાય કર, તું ધન્ય બની જઈશ. તારા પુત્રો ગુણગણના સ્વામી બનશે.

હેમચંદ્રના પિતાજીએ અનેક ગડમથલોના અંતે નિર્ણય કર્યો, ભલે બંને પુત્રો સંયમમાર્ગે જાય. પુત્રો તો ભવોભવ મળશે ભુંડ અને શ્વાનના ભવમાં ઘણા પુત્રો હોય

---

હે ભગવન્! જેમ કાંટાવડે કાંટાનો ઉદ્ધાર–દૂર કરાય છે. તેમ તમે વેદના જાણનારા બ્રાહ્મણોની અંતર્ગત શંકાઓ જે કોઇ પણ જાણતું નહોતું તેમની તે વેદના વચનથી જ બધી શંકાઓ દૂર કરી.

છે, એથી શું કલ્યાણ? આવા ત્યાગપંથે જનારા પુત્રો ક્યાંથી? એમણે હેમચંદ્રને પાસે બોલાવ્યો અને માથે હાથ મૂકી કહ્યું–

વત્સ! શું તારે પણ સંયમમાર્ગે જવું છે? તને પણ આત્મસ્વરૂપની રઢ લાગી છે? જા બેટા! તું પણ તારા મોટા ભાઇ સાથે જા. હું તારા પવિત્ર કાર્યમાં અવરોધક થવા નથી ઈચ્છતો, તું તારા આત્માને તારજે અને અનેક આત્માઓનો તારણહાર બનજે. આજે જિન-શાસન ઝાંખુ પડતું જાય છે. તું એને ફરી ઝળહળતું કરજે. આજે શાસનની દશા જોઈ શકાતી નથી. તારા જેવા ઉદ્ધાર કરશે તો હું મારૂં પણ સદ્ભાગ્ય માનીશ. હું શાસન ઉદ્ધારક પુત્રોનો પિતા થયો ગણાઈશ, જા બેટા, તું તારા ભાઈની સાથે જા.

## વાટમાં વાત

બંને ભાઈઓ અમદાવાદ જવા રવાના થયા. કપડ-વંજમાં કોઈને ખબર નથી કે આ બે શા માટે જાય છે? યમુના માતા માનતી હતી કે મણીલાલની તબિયત બરોબર

મનમાં રહેલા શ્રુતિના–વેદના સંશયોને જાણવાથી, અને તે સંશયોને દૂર કરવાથી વીર પરમાત્માને સર્વજ્ઞ-સર્વવસ્તુને જાણવાના સ્વરૂપવાળા જાણીને હે ભગવન્! તે બધા બ્રાહ્મણોએ ગૃહ–કુટુંબ આદિનો ત્યાગ કરી તમારા જેવા એક સ્વરૂપનો આશ્રય કર્યો.

નથી માટે હવાફેર કરવા જાય છે. લોકોમાં પણ આવી જ વાત હતી. ફક્ત પિતાજી સાચી વાત જાણતા હતા.

વાટમાં મોટાભાઈએ હેમચંદ્રને કહ્યું, ભાઈ! "તું એમ માનતો હોય કે–"હું અમદાવાદ દવા કરાવવા જાઉં છું. હવાફેર કરવા જાઉં છું. થોડા દિવસ આરામ કરવા જાઉં છું." તો તું છેતરાઇશ, મેં જ્યારથી કપડવંજ છોડયું છે ત્યારથી મને પૂર્ણ શાંતિ છે. પરમાત્માના શાસનની દીક્ષા લેવા હું નીકળ્યો છું, ભવ–દાવાનળમાં હું સળગવા નથી માગતો, તારે જે રૂચી હોય તે તું કરજે. હવે હું ગૃહસ્થ વેષે કપડવંજ નથી આવવાનો.

જયેષ્ઠભ્રાતા! આપ જે માર્ગે જાઓ છો, એ માર્ગે જવાનો તો મેં ક્યારનો નિર્ણય કર્યો છે. હું કેટલાય દિવસથી એ દિવસની રાહ જોઈ રહ્યો છું કે મને સંયમ મળે. પાંખો ન હતી. જો પાંખો હોત તો જ્ઞાની ગુરૂના ચરણે બેસી સંયમની સાધના કરતો હોત. પણ લાચાર હતો કે પાંખો ન હતી. આપની જે ભાવના છે, તે મારી પણ છે. હું સંયમી બનીશ. આત્માનંદી થઈશ.

---

હે ભગવન્! આખા વિશ્વમાં મેં અન્ય–તમારા સિવાય બીજા કોઈપણ ધર્મનો ઉપદેશ કરનાર જોયા નથી. કારણ કે બીજાઓના ઉપદેશમાં હેય–ત્યાગ કરવા યોગ્ય અને ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય તેના વિષયનું વિશિષ્ટ જ્ઞાન જ તેમનામાં નથી.

આવી અપૂર્વ ભાવનામય વાતો કરતી આ બાંધવ જોડી અમદાવાદની ભૂમિ ઉપર આવી પહોંચી.

## શ્રીગુરૂ–ચરણે

તપગચ્છ–ગગનદિનમણિ શ્રી બુદ્ધિવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન અપૂર્વ સંયમધર મહામુનિ શ્રી નીતિવિજયજી મહારાજ અમદાવાદની ભૂમિને પાવન કરી રહ્યા હતા. એમના ચરણ–કમળના વંદને આ બાંધવ જોડી ગઈ. ગુરૂ–ચરણે બંને બાંધવોએ સ્વસ્તિક કર્યા અને ઉપર એક શ્રીફળ મૂક્યું.

મહાત્મા શ્રી નીતિવિજયજી મહારાજને ખ્યાલ આવી ગયો કે આ પુણ્યાત્માઓ સંયમ લેવા આવ્યા લાગે છે. પણ શ્રીફળ બેની વચ્ચે એક જ મૂક્યું છે. એટલે હાલમાં એકને સંયમ મળશે. બીજાને ગ્રહણ કરવામાં વાર લાગશે. એને મુશ્કેલીઓ પણ નડશે. આ આગાહી મુનીશ્વરે મનમાં જ શમાવી હતી.

ગુરૂદેવે પૂછ્યું–ભાગ્યવાનો ? કયા શુભ ઈરાદે તમે અહીં આવ્યા છો ?

---

હે ભગવન્ ! તમે નિશ્ચયપૂર્વક કહો છો કે આસ્રવો ત્રિધા–મન વચન કાયાથી, ત્રિધા–કરવું કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારથી હેય છે, અને સંવર ગ્રાહ્ય છે. સંક્ષેપથી શુદ્ધિથી અને અપર–બીજો વિસ્તાર છે.

ગુરૂદેવ ! અમે આપના પવિત્ર ચરણે દીક્ષા લેવાની ઈચ્છાથી આવ્યા છીએ. કૃપા કરી અમને તારો, આપ અમારા તારણહાર ગુરૂ બનો. અમે આપના શિષ્ય બનવાની ઈચ્છાથી જ આવ્યા છીએ. આ પ્રમાણે બાંધવ બેલડીએ ઉત્તર વાળ્યો, ત્યાં ગુરૂદેવે પુનઃ કહ્યું–

"મહાનુભાવો ! સંયમ એ છોકરાના ખેલ નથી. એમાં અનેક કષ્ટો, અનેક પરિષહો, અનેક ઉપસર્ગો સહન કરવાના હોય છે. અહીં મનગમતા ભોજનો નહિ મળે. ભિક્ષાચર્યાથી જીવન ચલાવવાનું છે. અનેક પ્રલોભનો વચ્ચે મનને કાબુમાં રાખવાનું છે. ગામડે ગામડે અડવાણે પગે વિચરવાનું હોય છે. ઉનાળાના ઉત્તાપ, શીયાળાની કાતીલ ઠંડી, ચોમાસાના વરસાદ સહન કરવાના છે. બરછટ શય્યામાં સુવાનું અને બરછટ સાદા વસ્ત્ર પહેરવાના હોય છે. બોલો આ બધું બનશે ?"

"ગુરૂદેવ !" આટલા શબ્દ બોલતા દીક્ષાર્થી પુણ્યાત્માઓની આંખમાંથી દડદડ આંસુ સરવા લાગ્યા. "ભગવંત ! આપ જે વાત કરો છો, એ માટે તો અમે અનેકવાર વિચાર કર્યો છે. આપે અમારી પરીક્ષા માટે અને અમારા

---

હે ભગવન્ ! તમે પ્રતિપત્તિ નામની ઉત્કૃષ્ટ પૂજાને મોક્ષ કરવાવાળી– આપવાવાળી કહો છો. ગૃહસ્થોને પુષ્પાદિ દ્રવ્યથી જે પૂજા તે પણ તેના–મોક્ષને આપવાવાળી પ્રતિપત્તિ નામની પૂજાના રાગહેતુક છે.

મનની ચકાસણી માટે પૂછ્યું, તે ઘણું સારું કર્યું, કૃપાનાથ ! કૃપા કરી અમને પવિત્ર દીક્ષા જલ્દી આપો."

## હેમચંદ્રને અસફળતા

દિવ્યજ્ઞાની મુનિ જરા ધ્યાનમાં ચડ્યા. જ્ઞાનદૃષ્ટિએ બંને આત્મા સુયોગ્ય લાગ્યા. એકનું ભાગ્ય દીક્ષા પોષક હતું, બીજાના ભાગ્યમાં અવરોધો હતા, બીજાને કસોટીએ ચડવાનું હતું, આવા કારણોથી આર્ષદૃષ્ટા મુનિએ વડીલ-બંધુને દીક્ષા લેવા જણાવ્યું અને હેમચંદ્રને "થોભો અને રાહ જુવો" કહ્યું.

વડીલ-બંધુએ લઘુબંધુને કહ્યું, ભાઈ હેમચંદ્ર ! જો કે મારા કરતા તારો વૈરાગ્ય વધુ છે. દીક્ષાની ભાવના સતેજ છે. મારા કરતા તારામાં દીક્ષાની લાયકાત વધુ છે. છતાં તારા કર્મો કાંઈક બાકી લાગે છે. પણ પુરૂષાર્થ કરજે. દીક્ષા ગ્રહણ કરજે. મારા કરતા તું ઘણો સમર્થ થઈશ, હું તને છેલ્લા આશીર્વાદ આપું છું કે–"તું સત્વરે તારા આત્માનો કલ્યાણ કરનારો થા."

---

હે ભગવન્ ! નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ એ ચાર ન્યાસ–નિક્ષેપાના સ્વરૂપવાળા, સાત નયથી ગમ્ય, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણથી જાણવા યોગ્ય અને નિશ્ચય અને વ્યવહારરૂપ બે ચક્રવાળા રથમાં બેઠેલો અથવા તમારા મતમાં રક્ત જાણવો.

મહાત્મા નિતિવિજયજી મહારાજે મણીલાલને દીક્ષા આપી. એ મણીલાલ મટી પૂ૦ મણિવિજયજી મહારાજ બન્યા. રાગી મટી ત્યાગી બન્યા.

## દીક્ષાની પ્રતિજ્ઞા

ઘેઘૂરવડલા સમા વડીલબંધુ તો માયાના બંધનો ફગાવી જતા રહ્યા અને હું ન જઈ શક્યો આ વાત હેમચંદ્રના હૈયાને પીંખી રહી હતી. એ ભવિતવ્યતા! તું શું ધારે છે? હેમચંદ્ર હાંફળો હાંફળો બરાડી ઉઠ્યો. હું સંયમ લેવાનો જ છું, લેવાનો જ છું.

રાજનગરથી પવિત્રધામ ભોયણી તીર્થે દાદીમા સાથે હેમચંદ્રને યાત્રાએ જવાનું થયું. ત્યાં તેણે કુમારસંયમી શ્રી મલ્લીનાથ ભગવંત પાસે પ્રતિજ્ઞા કરી. "હે ભગવંત! હું દીક્ષા લઈશ, દીક્ષા વિના નહિ જંપું, કોઈ પણ ભોગે હું એ પંથે જવાનો જ મને તું શક્તિ આપ, ભંતે! ત્યાગના પંથે દોરી જા, માયાના બંધનો ફગાવવામાં સહાય કર, મારા વિઘ્નો હરી લે. ભગવંત! ભગવંત! તારી દીક્ષા વિના હું જીવવા નથી માગતો, ભગવંત! ભગવંત!

હે ભગવન્! આશ્ચર્યની વાત એ છે કે–જે નવનિધિના માલિક એવા ચક્રવર્તિ વડે જે દાન ન કરી શકાય તેવુ ઈચ્છા મુજબનું વાર્ષિક-દાન તમે કરો છો.

અગ્નિજ્વાલા સમા આ સંસારમાં હવે નથી ભુંજાવું, બસ કોઈપણ ભોગે સંયમ લઇશ જ.,'

## ગામની ગોદમાં

વડીલ–બંધુ દીક્ષાના માર્ગે ગયા, લઘુ–બંધુ પાછા કપડવંજ આવ્યા. એ આવ્યા ન આવ્યા જેવું હતું, ઘરમાં પણ ઉદાસી મહાત્મા જેવું એમનું વર્તન બની ગયું વૈભવ સુખ એમને ત્યાં આળોટતું હતું. દેવાંગના સમી પ્રેમાળ પત્ની પ્રાર્થના કરતી હતી. પણ આ નિર્લેપ હૃદયને અસર થતી ન હતી. છતી પત્નીએ ભાવ–બ્રહ્મચારી તરીકે જીવન જીવતા હતા, ધ્યાન, મનન, જ્ઞાનચર્યા અને કષાયજય માટે જ બધો સમય ગાળતા હતા. ત્યાગી ગૃહસ્થ અથવા સ્થિતપ્રજ્ઞ કહીએ તો ચાલે, આવી અવસ્થા હેમચંદ્રની સોળ વર્ષની વયે બની હતી.

માતા યમુના, પત્ની માણેક, સાસુ, સસરા અને ગામના લોકોનો હલ્લો છતાં હેમચંદ્ર સમતાભાવે બધું નાટક નિરીક્ષણ કરતા હતા, આવી વાતોમાં થોડે અંશે પિતાજીને ભાગ લેવો પડતો હતો, પણ અંતરથી પુત્રના માર્ગને સહેલો કરવા ઈચ્છતા હતા.

---

દરેક અરિહંત પરમાત્માનું આ વાર્ષિકદાન પ્રમાણ, કાળ અને આપવામાં સમાન છે. અને મહાન્ પણ છે. તે દાન કોને આશ્ચર્ય આપનારું–કરનારું ન થાય ? અર્થાત્ સર્વને થાય.

## પિતાની ભાવના

હેમચંદ્રના પિતાજી પણ પોતે સંયમ લેવાની ઈચ્છા રાખતા હતા, તે ઘણીવાર પ્રાતઃકાળે પ્રતિક્રમણ પછી ભાવના ભાવતા હતા કે–હે ચેતન ! આ શરીર અપવિત્ર છે. નાશવંત છે. દુઃખનું સર્જક છે. આ શરીરની મમતા ખાતર અનેક પાપો કરવા પડે છે. આખરે આ શરીરને અગ્નિની ભડભડતી જ્વાળાઓ વચ્ચે મૂકી ફુંકી મારવાનું છે. એના ઉપરની આસક્તિ, પુત્રાદિની મમતા, સંસારની વાસના હે ચેતન ! તને ક્યાં લઈ જશે ?

પુદ્‍ગલની પરાધીનતા તને અનાદિ અંધકારમાં લપેટી નાંખશે. તારા આત્માના ગુણોને લૂંટી જશે, મનુષ્યભવ ફરી મળવો અત્યંત દુર્લભ બની જશે. જિનશાસન મળવું દુર્લભતર થશે. ક્ષણે ક્ષણે કષાયો તારા આત્માના આંતર વૈભવને લૂંટી રહ્યા છે. સંસારના સ્વજનો અને સ્નેહીઓ પણ આંતરધન લૂંટે છે. આત્માની કોઈને પડી નથી. હે ચેતન! તું સાવધાન થા અને તારૂં સંભાળ, જાગ અને ઉભો થા.

---

કોઈપણ સ્થાને કોઈપણ વ્યક્તિનો કર્મ પક્ષ ગ્રહણ કરતું નથી, એ સિદ્ધાંતને જગતમાં પ્રસિદ્ધ કરવાને માટે દેવો–અસુરો અને મનુષ્યોથી કરાતા, જીવિતનો પણ નાશ કરે તેવા ઉપસર્ગોના સમૂહને હે ભગવન્ ! તમે સહન કર્યા.

મારા પુત્રને પ્રથમ સંયમ મળે તો સારૂં, નહિ તો એની માતા એની પત્ની એના સાસુ સસરા—સંયમ ગ્રહણ નહિ કરવા દે, વિઘ્નો અમાપ નાંખશે. હું સાચા પિતા તરીકેની ફરજ ભૂલ્યો ગણાઈશ. પ્રથમ મારા પુત્રને શાસન ખાતર સમર્પિત કરી દઉં આવા વિચારોના અંતે હેમચંદ્રને બોલાવ્યો પાસે બેસાડી મસ્તક ઉપર પ્રેમાળ હાથ મૂકી કહ્યું.

બેટા! તું મોક્ષમાર્ગનો પૂર્ણ અભિલાષી છે. તારી નસેનસમાં અને રગેરગમાં દીક્ષાની ભાવના ધબકતી છે. શ્વાસે શ્વાસે એની ઝંખના તું કરી રહ્યો છે. દીક્ષા લીધા વિના કપડવંજ આવવું પડ્યું એ તને હજાર વિચ્છુઓના ડંખ કરતા વધુ ડંખી રહ્યું છે. એ હું જાણું છું. મારી તો આજે પણ ઈચ્છા છે કે તું સંયમ ગ્રહણ કર, તું અનેક આત્માઓનો ઉદ્ધારક થઈશ, શાસનનો સ્તંભ બનીશ.

સામાજિક બંધનોને ફગાવી શકું એટલું બળ મારામાં નથી. નહિતર તું અને હું અહીં જ ધામધૂમથી દીક્ષા ગ્રહણ કરત. પંચમ આરાની અસરને કારણે હમણાં તો જાણે "દીક્ષા લેવી એ કાયરનું કામ" એવી માન્યતા છે.

---

હે ભગવન્! એક બાજુ ઇંદ્રોની શ્રેણીએ તમારી પૂજા કરી અને બીજી બાજુ ગોવાળીઆઓથી હણાયા તો પણ આ બંને પ્રસંગોમાં તમે સમભાવને ધારણ કર્યો આ સમભાવથી ઉત્કૃષ્ટ તમારી રાગરહિતપણાની અવસ્થા કઈ?

આવા વિચારોના ફેલાવાના કારણે સારી વ્યક્તિઓ દીક્ષા ગ્રહણ કરતા અટકે છે.

પૂર્વના મહારાજાઓ રાજપુત્રો રાજરાણીઓ અને રાજકુમારીઓ દીક્ષા ગ્રહણ કરતા હતા, એ શું કાયર હતા? પણ આજના કાળનું કમનસીબ છે કે "અસમર્થ હોય તે સાધુ બને" આવું લોકજીભે ચડ્યું છે.

તું એની સામે સંયમી બની પડકાર ઝીલ, સંયમનો માર્ગ મોકળો બનાવ, દીક્ષાની વિજયપતાકા ફરકાવ, તારી માતા કે પત્નીના મોહમાં ન આવતો, એ તને અંતરના આશીર્વાદ છે. જા તું સંયમ લેજે અને સાધુઓનો સેનાની બનજે

## આનંદનો ઉદધિ

પિતાજીની વાત સાંભળતા હેમચંદ્રનું હૈયું આનંદના ઉદધિમાં તરવા લાગ્યું, મારી ઇચ્છા હતી જ અને પિતાજીએ પણ ગુપ્ત છતાં મક્કમ સહકાર આપ્યો. હવે હું દીક્ષા લઇને જ જંપીશ એ વગર મારે કાંઈ ન જોઈએ. દીક્ષા એ મારો પ્રાણ છે. દીક્ષા એ મારૂં જીવન છે. દીક્ષા એ મારૂં સર્વસ્વ છે.

---

પોતાના વૈરી એવા મનુષ્ય અને દેવતાઓથી અનેકવાર હણાયા છતાં તેઓને વિષે ઉત્કૃષ્ટ દયાને ધારણ કરી તો હે ભગવન્! આ તમારી વીતરાગતા–રાગરહિત અવસ્થા કોની સાથે સરખાવાય? અર્થાત્ કોઇની સાથે નહિં.

## માતાની મમતા

આ વાતની જાણ માતા યમુનાને થઈ, પુત્ર ઉપરની મમતાએ માતાના હૃદયનો કબજો લીધો. મારા પુત્ર દીક્ષા લે એ બને જ કેમ ? મોહરાજાએ યમુનાને કહ્યું–તારો પતિ તો પાગલ બન્યો છે એ દીકરાને રઝળતો કરવા ઈચ્છે છે એને અક્કલ નથી. તારું ઘર સંપત્તિથી, વૈભવથી, દાસદાસી અને ધન–ધાન્યથી ભરપૂર છે એમાં આવા રતન જેવા દીકરાને રજા આપવાની મૂર્ખતા ન કરતી. કોઈ પણ ભોગે એને દીક્ષા લેવા ન દેતી.

બેટા હેમુ ! શું તારે દીક્ષા લેવી છે ? આટલું કહી માતાએ આગળ ચલાવ્યું–તારું એ કામ નથી, ઘરમાં શો તોટો છે ? તારા વિના મારું કોણ ? ગુલાબના ફુલની પાંખડી જેવી આ તારી પત્નીનું શું ? તારો સુકોમળ દેહ ગામેગામ રખડવા નથી સર્જાયો, તારી નમણી કાયા તપ માટે નથી ઘડાઈ, તારે ધર્મ કરવો હોય તો ઘરમાં કર. દીક્ષા એ તારું કામ નથી. હવે કદી દીક્ષાનું નામ લઈશ નહિ.

## હેમચંદ્રનો ઉત્તર

મા ! ઓ મા ! તું આ શું બોલે છે ? આ બધું

---

હે જિનેશ્વર ભગવન્ ! નિત્યવેરવાળા એવા બ્રાહ્મણોને ગણધર–પદથી અલંકૃત કર્યા અને જે સાંસારિક સંબંધે જમાઈ અને ભાણેજના સંબંધવાળા જમાલીને ગણ–ગચ્છથી બહાર કર્યો.

ક્ષણિક છે. નાશવંત છે. કર્મોને બંધાવનારું છે. હું મારા અખંડ આત્માની સાધના કાજે દીક્ષા જ લઇશ. તું નબળી ન થા. તારે તો મને દીક્ષા માટે તૈયાર કરવો જોઇએ. એના બદલે તું જ ના કહે તે કેમ ચાલે ?

આ સંસારમાં કોણ કોનું છે ? માયાના બંધનોને હું ચીરી નાંખીશ. માતા ! તું માણેકની ચિંતા ન કર, માણેક જો સાચું માણેક હશે તો દીક્ષા લેશે. હું આ ઉંમરે પરલોકે સીધાવી જાઉં તો તું અને માણેક શું કરો ? એના કરતાં દીક્ષામાં હોઈશ તો જીવતો તો ગણાઈશ ને ?

હેમચંદ્રના મિત્રોએ અને પત્નીએ પણ વાસનાનું પંખી બનાવવા ઘણાં પ્રયત્ન કર્યા પણ એ બધા પ્રયત્નો નાકામીયાબ નિવડ્યા. સસરા અને સાસુ તરફથી અનેક પ્રલોભનો અને ધમકીયો મળવા છતાં હેમચંદ્ર પોતાના નિશ્ચયથી એક તસુ પણ પાછા ફર્યા નહિ.

*

હે ભગવન્ ! પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને તમારા પ્રત્યે રહેલી જે સ્નેહરૂપી રજ્જુ–દોરડું તેને કાપવાને માટે તે વખતે તેમને તમે બીજે ગામ જવાની આજ્ઞા કરી અને તે રજ્જુ કપાતાં તેમને કેવલ આપ્યું. અર્થાત્ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

## પ્રકરણ-ચોથું.

# સિંહ સ્વતંત્ર બન્યો પણ

**શા**રદ્ય શ્યામલા પૃથ્વી ઉપર અંધકારે પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું. પંખીઓ પોતાના માળામાં લપાઈ બેઠા હતા. નાના નાના ભૂલકાંઓ ઘસઘસાટ ઉંઘતા હતા. લગભગ આખું જગત નિદ્રાદેવીના ધ્યાનમાં લીન બન્યું હતું. માત્ર સંતો અને શેતાનો થોડા જાગતા હતા. સંતો આત્મધ્યાન કાજે અને શેતાનો પરદ્રવ્ય હરણ કાજે જાગતા હતા.

આવી કોકિલશ્યામા રજનીમાં હેમચંદ્ર ઉભો થયો. એ વિચાર કરે છે કે મોહની મદીરામાં મત્ત બનેલું કુટુંબ મને ત્યાગમાર્ગે જવા દેશે જ નહિ. દર્દનું જેને ભાન થયું છે એવો દર્દી દર્દ મટાડવા બધા ઉપાયો કરે. મારે પણ

---

યશોદાના પતિ એવા હે વીર ભગવન્! તમને ગોવાળીઆઓ હણે છે. તેમાં કોઈ પણ આશ્ચર્ય નથી. કારણ કે પહેલાં આ ગોવાળીયાઓએ યશોદાના પુત્રનું વિના પ્રયાસે રમતમાં રક્ષણ કર્યું હતું.

કાંઈ કરવું જોઇશે. એ માટે આજ ક્ષણે મારે ચાલ્યા જવું જોઇએ.

## બાહ્યમનનું તોફાન

બાહ્યમન ચમકીને બોલ્યું–અરે હેમચંદ્ર! તું તારી માને દગો દઇ ક્યાં જાય છે? તારી નવોઢા સૌંદર્યવતી સતીના હાસ્યભર્યા મુખને નિહાળ. એની દશાનો વિચાર કર. પાગલ! તું જ્યાં જવા તૈયાર થયો છે ત્યાં જરાય સુખ નથી, અરે સુખની ગંધે નથી. તું કોઈક સાધુદ્વારા છેતરાયો છે. આ તારા ઘરમાં ઉભરાતા ધનના ઢગલા જો. જેને મેળવવા અનેક માનવો અનીતિ અન્યાય અને ખૂના-મરકી કરે છે, તે તને વિના પ્રયાસે મલ્યું છે. એને તજી આત્માના અનંતસુખની મિથ્યાભ્રાંતિમાં ન ફસા. જા! માતાના ચરણે માથું મૂકી કહી દે–મા! આજથી તારા ચરણોમાં જ જીંદગી જીવીશ. મારી પત્નીને કહે–આજથી તને મારી સહચરી ગણીશ. આત્મા અને પરલોકના જુઠા વહેમોને બાળી નાંખ, એતો ધૂર્તોએ ઉભી કરેલી ભ્રમપૂર્ણ વાતો છે.

હેમચંદ્ર વિચારે છે કે ઘરને તજવા અને છેલ્લા નમસ્કાર કરવા જાઉં છું ત્યાં આ શું? ઓ મારા ભગવાન્! બચાવ, બચાવ.

---

હે ભગવન્! તમારા માતા–પિતા જ્યારે સ્વર્ગે સિધાવ્યા ત્યાર પછી અધમ એવા ગોવાળીઆએ આપને ઉપદ્રવ–ઉપસર્ગો કર્યા, જો કે માતા-પિતા જીવતા હતા ત્યારે તો તેઓ પણ રક્ષણ કરતા હતા.

## અંતરાત્માનો અવાજ

અંતરાત્માનો મધુર અવાજ હેમચંદ્રના કાને અથડાયો, હેમચંદ્ર! હેમચંદ્ર! તું જે માર્ગે જવા નિકળ્યો છે, તે બરોબર છે. માતા અને પત્ની તને રોકે છે. એ સ્વાર્થભાવનાથી. તારા આત્માના કોઈ બેલી નથી. ઘરમાં આગ લાગી હોય ત્યારે માતા કે પત્ની તારી વાટ નહિ જુવે. એ તો સૌ પ્રથમ પોતેજ ઘર બહાર નિકળી જાય, તું એ વખતે શયનખંડમાં સુતો હોય તોય તને બચાવવા પાસે નહિ ફરકે, બહાર મેદાનમાં જઇ બૂમો મારશે, મારા દીકરાને કોઈ બચાવો બચાવો....પણ જાતે તો ભૂસકો મારીને જગાડશે નહિ જ.

વત્સ હેમુ! તારો આત્મા અનેક ભવોના કર્મોના તાપથી બળી રહ્યો છે. તું એમાંથી બહાર નિકળ, ગુરૂ ચરણે જા, એના શરણે જા, એમ કરવામાં કોઇ જ્ઞાની પુરૂષ વગોવશે નહિ, બલ્કે ધન્યવાદ આપશે. અનુમોદના કરશે. સંસાર રસીકો બોલે તેમાં લક્ષ આપવાનું ન હોય. તારો આત્મા અત્યારે સંસારમાં ભડકે બળી રહ્યો છે. દોડ અને નીકળ આ જ્વાળામુખીમાંથી.

---

જો કે-જગતમાં પ્રાણી 'મરણ' આવા શબ્દને સાંભળતાં પણ દુઃખી થતો જોવામાં આવે છે જ્યારે સેંકડો દુઃખના ભારથી ભગ્ન-કંટાળેલા પ્રાણીને તે 'મરણ' શબ્દ સાંભળીને મૃતિ-મરણને તો ઇષ્ટ ગણે છે.

ધન—દોલત અને વિદ્યા મેળવવા પરદેશ જતાને માતા—પત્ની તિલક કરે છે. એમાંથી કેટલાય પાછા નથી આવતા અને પરલોક ચાલ્યા જાય છે. ત્યારે એ શું કરે? તું તો તરવાનો માર્ગ લે છે. અનેકને તારનારો તારૂ બનવાનો છે, ઊઠ, ચાલ અને ઝડપ કર.

અંતરાત્માના અવાજ સાથે નિરવ રજનીમાં ચાલી નીકળ્યો. ગામ બહાર પગ મૂકતા હેમચંદ્રને ચંદ્રે પોતાની જ્યોત્સ્નાથી નવરાવી દીધો. ધીમે ધીમે છતાં મક્કમ પગલે એ ગયો તે ગયો.

## અંધકારમય પ્રભાત

ચાર પ્રહરનો આરામ લઈ સૂર્ય સપ્તઅશ્વારથમાં બેસી પૂર્વાકાશમાં આવ્યો છતાં કોઈ અગમ્ય કારણોસર એ ઉદાસ હતો. એનું તેજ ઝાંખુ હતું. કપડવંજના હેમચંદ્રના ઘર ઉપર એની પ્રથમ દૃષ્ટિ પડી ત્યાં "હેમચંદ્ર ગુમ થયો. ગુમ થયો" ના સમાચારે ગમગીની ફેલાવી હતી. એ જોઈ સૂર્ય પણ ગમગીન બન્યો હતો. પોતાના આંશુ કોઇ જોઈ ના જાય માટે વાદળની આડમાં ક્ષણમાટે મુખ ઢાંકી દીધું.

---

પ્રાણીને મરણ અત્યંત ઇષ્ટ તો નથી જ અને તે રીતે અનિષ્ટ પણ નથી જ જ્યારે તે મૃત્યુને સાધુપુરૂષો સમાધિપૂર્વક થાય તેમ હંમેશા સ્પષ્ટ પણે પ્રાર્થના કરે છે.

## વાતનું વાવેતર

કપડવંજમાં તો વાયુવેગે ઘરઘર આ સમાચારો ફેલાઇ ગયા બધા જાણતા હતા કે એ એક વૈરાગી મહાનુભાવ હતો. દીક્ષાની રઢવાળો હતો. જ્યારે ત્યારે એ કોઈ સાધુના ચરણે સાધુ બનવાનો જ હતો. "વાતનું વાવેતર થયું અને તરતજ લણવાનું ચાલુ થયું."

એકે કહ્યું–મૂરખ નહિ તો ? આટલી નાની વયમાં દીક્ષા લેવાય? દીક્ષા લેવી હતી તો ઘરડે ઘડપણે ન લેવાત ? મૂરખો અત્યારથી ચાલી નીકળ્યો.

ત્યાં બીજા એક માણેકના બહેનપણી બબડી ઊઠયા. દીક્ષા લેવી હતી તો મારી બહેનપણી સાથે પરણ્યા જ કેમ ? એનો ભવ બગાડવા ! મૂઓ રાત્રે ચાલી નીકળ્યો. દીક્ષામાં બળ્યું છે શું ! કોઈએ ભભૂતિ નાખી લાગે છે. આમ તો હેમુ દીક્ષા લે એવો જ કયાં હતો ? પણ હવે મારી બહેનપણી માણેકનું શું ? એક બટકબોલા યુવકે કહ્યું–ઘણા વખતથી હેમચંદ્ર દીક્ષાની વાત કરતો હતો. જો એને અહીં જ દીક્ષા લેવાની રજા આપી હોત તો શું ખોટું હતું ! જેને સંસારમાં ન રહેવું હોય તેને પરાણે

હે અરિહંત ! ઘણા ભવ્યપ્રાણીઓને પોતાના કરીને તમે તેઓને જલ્દી સંસારથી વિયુક્ત કરશો. કારણ કે તેઓની મુક્તિ અવશ્ય છે જ તેથી જ તમે તેઓને ત્યાં મોક્ષમાં જોડશો.

ક્યાં સુધી રોકાય ? હેમચંદ્રને રજા ન આપી એટલે જતો રહ્યો એમાં એનો શું વાંક !

એટલામાં કંકુ કાકી ઉકળી પડ્યા—મૂવો માણેકનો બાપ. હેમુ તો પહેલીથી જ કહેતો હતો કે મારે નથી પરણવું, હું દીક્ષા લેવાનો છું. મને ન પરણાવો, પણ એ વખતે મગનલાલનો પૈસો જોઈ માણેકના બાપે હેમુ સાથે છોકરી પરણાવી. ઘર સારૂં ગોતવા ગયો. પણ મૂરતીયાનું મન ન હોય અને બળજબરીથી પરણાવે તો આવું જ થાય ને ? દઈ જાણે બચારી માણેકનું શું થશે ?

ઝમકુ ડોસીએ વચ્ચે પોતાનું ચલાવ્યું—હેમુડાએ લગનની ના પાડી તિવારે માણેક પણ ના કહેવી'તીને ? એ ભગલી ન'તી જાણતી કે—જેની હાથે હું પરણવા નીકળી છું, તે તો દીક્ષાની વાત પરણ્યા પહેલાંથી કરે છે. માણેક વિચાર કરવો હતો ને કે—મારા કંથ દીક્ષા લેશે તો હું શું કરીશ ? એમાં એના બાપનો શો વાંક ? જંબુસ્વામીની પત્નીઓએ દીક્ષા લીધી હતી તેમ હવે આ માણેક દીક્ષા લેવી જોઈએ.

---

અહિં બીજા હરિહરાદિ દેવોનો આશ્રય કરનાર પ્રાણી તેઓથી સંસારથી વિયુક્ત થવા છતાં ફરી પાછો તેઓ તેને સંસારમાં જોડશે. જે કારણથી જીવોને સર્વપ્રકારના સંબંધો અનંતીવાર થયેલા છે.

આ બધામાં યમુના માતા, માણેક, સસરા, સાસુ, તો મોહની એવી મુઝવણમાં મૂકાઈ ગયા કે–શું કરવું અને શું ન કરવું ! એ નિર્ણય તાત્કાલિક ન લઈ શકયા.

## સૌરાષ્ટ્રમાં સંયમ

અંધારી રાતે ચાલી નિકળેલો વીર હેમચંદ્ર કયાંક પગપાળા કયાંક વાહનમાં એમ ગામ નગર ઉપવનો વટાવતો સૌરાષ્ટ્ર ભૂમી ઉપર આવી ગયો.

પૂજ્યપ્રવર આગમજ્ઞાતા વિદ્વદ્વર્ય મુનીશ્વર શ્રીઝવેર-સાગરજીના પાદપદ્મથી પવિત્ર લીંબડી નગરમાં મુક્તિપુરીનો અદમ્ય પ્રવાસી હેમચંદ્ર આવી પહોંચ્યો. ગુરૂદેવ શ્રી-ઝવેરસાગરજી મહારાજશ્રી પાસે આવી વિધિવત્ વંદનાદિ કર્યું. સમય જોઈ આગંતુકને પૂજ્યશ્રીએ પૂછ્યું–મહાનુભાવ! શા ઉદ્દેશે પધારવું થયું છે ?

ભંતે ! અનેક મહીનાઓથી સંયમની અભિલાષા સેવી રહ્યો છું. પહેલાં પણ સંયમ લેવાને પ્રયત્ન કર્યા હતા. પરંતુ કર્મોએ યારી ન આપી. આજે આપના ચરણોના શરણે આવ્યો છું, કપડવંજ તજે આઠ દિવસ થયા. એક

---

હે વીર ! મુક્તિને આપનારા એવા તમારા આગમોથી મને પ્રલોભન પમાડી આશ્રિતો ઉપર હંમેશા રાગવાળા એવા મોહરાજાથી મને છોડાવ્યો તો હે ભગવન્ ! હવે તે મોક્ષનું અર્પણુ–આપવું મને કેમ કરતા નથી ? અર્થાત્ મને મોક્ષ આપો.

જ અભિલાષા છે. એક જ તમન્ના છે. એક જ અરમાન છે કે મને સંયમ માર્ગનો મુસાફર બનાવો, ગુરૂદેવ ઉદ્ધાર કરો ઉદ્ધાર કરો.

પૂજ્ય મહાત્મા પુરૂષ નવા આગંતુક હેમચંદ્રની બરોબર પૃચ્છા-પરિપૃચ્છા વિગેરે દ્વારા ચકાસણી કરી જોઈ એમના આત્માને થયું. કે આ પાત્ર ઉત્તમ નહિ પણ ઉત્તમોત્તમ છે. દીક્ષા સ્વીકાર્યા પછી આ એક શાસનનો સુકાની બનશે. આવું તેજ નવા આગંતુકના નયનોમાં એ મહાત્મા જ્ઞાનથી નીહાળી શકયા. સાથે વચ્ચે વચ્ચે ઉપસર્ગો અને ઉપદ્રવો આવવાના છે. તે પણ જોઈ શકયા.

શુભ દિવસે મંગળ મુહૂર્તે ચતુર્વિધ સંઘ સમસ્તની સામૂહિક હાજરીમાં હેમચંદ્રને દીક્ષા આપવામાં આવી. જ્યારે એના હાથમાં ધર્મધ્વજ રજોહરણ આવ્યો, ત્યારે એનો આનંદ સમાતો ન હતો. જે દિવસની અનેક મહિનાઓથી વાટ જોવાતી હતી. તે આજે આવી ગયો, ધન્ય હતો આજનો દિવસ ધન્ય હતી આજની ઘડી. હેમચંદ્રને સોળમું વર્ષ ચાલતું હતું. અને વિક્રમ સંવત્ ૧૯૪૬ પસાર થતું હતું.

---

દરેક પ્રવાદીઓએ જગતમાં વિશ્વાસઘાતથી અધિક બીજું પાપ માન્યું નથી. તો હે પ્રભો ! 'હું તને મોક્ષ આપીશ' આવો વિશ્વાસ આપીને અને તે માટે હંમેશાં રડતા એવો મને તે મોક્ષ કેમ આપતા નથી ? અર્થાત્ મને મોક્ષ આપો.

સંસારીમાંથી સાધુ બનેલા હેમચંદ્ર જ્ઞાન, ધ્યાન, તપ, સંયમની આરાધના કરવામાં ખૂબ જ તત્પર બન્યા. સંયમની મર્યાદાઓનું પાલન કરતા હતા. નવકલ્પી વિહાર કરી અમદાવાદ નગરે પધાર્યા. આ સાધુવૃંદને ખ્યાલ ન હતો કે સેંકડો જિનમંદિરો અને હજારો જૈનઘરોથી શોભતા ક્ષેત્રમાં મહાઉપસર્ગ આવશે. પણ કાળબળ વિચિત્ર હતું. સંઘબળ છિન્ન ભિન્ન હતું. નિર્નાયક ટોળા જેવી દશા શ્રાવકસંઘની હતી, ધર્મ છેલ્લા શ્વાસ લેતો હતો, ત્યાગી વર્ગને સાથ અને ઓથ આપવાનું મરી પરવાર્યું હતું, આવી દશામાં અજ્ઞાતપણે આ આ મુનિવૃંદ રાજનગરે આવી ચડયું.

## ઉપસર્ગોનો આરંભ

અમદાવાદમાં મુનિ હેમચંદ્ર અધ્યયનાદિ કરી રહ્યા છે. આ વાતની જાણ કપડવંજમાં થઇ. વિરહની વેદનામાંથી કુટુંબીજનો માંડ કળ લઈ બેઠા થયા ત્યાં આ જાણ્યું એટલે પાવનને પતિત કરવાનો વિચાર ગોઠવ્યો. પોતાનું બળ ચાલે તેમ નથી, એવો નિર્ણય યમુના માતાને થઈ ચૂકયો હતો તેમજ સસરા-સાસુ, સ્વજનો, સ્નેહીઓ અને સુપત્નીનું બળ

---

હે અરિહંત ! તમે સુર–દેવતાઓના ઇંદ્ર, અસુર–દૈત્યોના ઇંદ્ર તથા નર–મનુષ્યોના ઇંદ્રથી વ્યાપ્ત એવા આખા લોકમાં પૂજ્ય કેમ છો ? તમારી પાસે અસ્ત્ર હથિયાર નથી. રણ–યુદ્ધ નથી. જય–વિજય નથી, રાજ્ય-મંત્રી પુરોહિત વિગેરે પાંચ અંગવાળું રાજ્ય નથી. પરંતુ અરાગત્વ–રાગરહિતપણું છે તેજ ગુણથી પૂજ્ય છો.

પણ અસર કરે તેમ નથી. તેથી રાજદ્વારે પહોંચ્યા, રાજદ્વારો અને રાજ્ય ન્યાયાલયો સંસારીનો પક્ષ વધુ લેતા હોય છે. સત્યયુગની વાત જવા દો. કળીકાળના રાજદ્વારની વાત છે.

## રાજ્યાજ્ઞા

ગુજરાત રાજ્યના વડા અધિકારી તરફથી એક આજ્ઞાપત્ર મુનિ હેમચંદ્રના હાથમાં આવ્યું. એમાં લખ્યું હતું કે–"તમારે સાધુ વેષ તજી, તમારા ગામે ચાલ્યા જવું ત્યાં તમારે ગૃહસ્થ જીવન જીવવાનું છે. તમે લગ્ન કરેલા છે. માટે તમારા પત્નીના ભરણ પોષણ ઉપરાંત એને સંતોષ આપવા બંધાયેલા છો. આ ફરજમાંથી તમે છૂટી શકો નહિ. તમે આ પત્ર મળતા આવેશમાં કે કોઈ પણ કારણે દીક્ષા લીધી હોય તો તેનો ત્યાગ કરવો, એ તમને રાજ્યાજ્ઞા છે."

## રાજ્યાજ્ઞાનો ઉત્તર

રાજયાજ્ઞા પત્ર વાંચતા મુનિ હેમચંદ્ર વિચારે ચડ્યા, મુનિપ્રવર ઝવેરસાગરજીને થયું આ અણધાર્યો ઉપસર્ગ આવ્યો છે. ઉપસર્ગ આવશે પણ જૈનપુરીમાં જ ઉપસર્ગ આવશે એ જાણી શકાયું ન હતું. જૈનપુરી છતાં શ્રમણનો

વીતરાગ ભગવાનની સપર્યામાં–પૂજામાં નિશ્ચયે કરી ત્યાગભાવનો અભિષેક-સિંચન છે. જે કારણુથી ક્ષીણુરાગતા–રાગરહિતપણાને આશ્રયીને રહેલા ભવ્ય-પ્રાણીઓએ વીતરાગ ભગવંતની તે પૂજા કરી છે.

પક્ષ લેનાર કોઈ માડીજાયો ન જાગ્યો, હાથા વિનાનું હથીયાર બીન ઉપયોગી થાય તેમ એકલા મહાત્મા ઝવેરસાગરજી પણ શું કરે?

છતાં હિંમતના અધિષ્ઠાતા મુનિ હેમચંદ્રે વડા રાજ્યાધિકારીને જણાવ્યું–

"હું ગૃહસ્થ બનવા રાજી નથી. મેં સ્વેચ્છાએ દીક્ષા ગ્રહણ કરી છે. હું એ મરણાંત પાળવા ઇચ્છું છું. આ પરિસ્થિતિમાં હું સાધુવેષ તજવા માંગતો નથી. જે મેં સ્વેચ્છાએ સ્વીકાર કર્યો છે, એ વસ્તુ ખોટી કે ખરાબ નથી. બલ્કે આધ્યાત્મ ભર્યું પગલું છે. હું મારી પત્નીના ભરણ પોષણ અને સંતોષ માટે બંધાએલો નથી. તેમજ એ મારી ફરજ પણ નથી. કારણ કે મેં લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડેલી. મને બલાત્કારે પરણાવવામાં આવ્યો છે. એટલે હું જવાબદાર નથી પણ બલાત્કારે લગ્ન કરાવનારા જવાબદાર છે. મેં કોઈ આવેશ, આવેગ, ઉદ્વેગ કે એવા કોઈ કારણથી દીક્ષા લીધી નથી. એટલે મને સાધુવેષ તજવાનું કહેવું ન્યાયસંગત નથી યુક્તિયુક્ત પણ નથી. તેથી આ રાજ્યાજ્ઞા પાછી ખેંચવી જોઈએ, અને એમાં ન્યાયીપણું પણ સમાએલું છે.

---

અરિહંત ભગવાનના બાર ગુણ છે. તેમાં આઠ દેવતાના કરેલા છે. અને ચાર મોહના નાશથી થયા છે. તે સ્વ–પોતાના સ્વરૂપરૂપ છે. તમારાથી તે હું કેવી રીતે મેળવું?

## બીજી રાજ્યાજ્ઞા

વડા રાજ્યાધિકારી આ ઉત્તરથી વિચારમાં પડ્યા. એમને પણ જરાવાર માટે થયું કે વાત વિચારણીય તો છે. છતાં બીજી આજ્ઞા કરી–

"તમે સાધુવેષ તજવા ન માગતા હો તો કાંઈ નહિ, તમારે કપડવંજ જવું અને તમારા વાલી પાસે ઘરમાં રહેવું, ઘરનું ખાવું અને સાધુવેષ કાયમ રાખવો"

કાયદા ઘણીવાર આંધળા અને સૂઝ વિનાના હોય છે. એને શાન કે ભાન હોતું નથી. કાયદો પરિસ્થિતિ સમજી શકતો નથી.

સંત અને શેતાનને અગ્નિ સરખા ગણે છે. અને બંનેને દઝાડે છે. તેમ કાયદો પણ સંત અને શેતાનને હેરાન કરે અને દઝાડે. આંધળા કાયદાને આધીન બની હેમચંદ્રને પાછા ઘરે જવું પડ્યું. પણ વેષ તો મુનિનો.

વેષ ઉતરાવવા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. માતાના રૂદન, પત્નીનો વિલાપ, સસરાની ધમકી, સ્વજનોની સમજાવટ, સ્નેહીઓનો સ્નેહ પણ નિષ્ફળ ગયો. ત્યારે ફરી રાજદ્વારે ગયા, એમાં ન્યાયાલયમાં હેમચંદ્રને જવું પડ્યું.

---

જે સિદ્ધોના આઠ ગુણ છે. તે જ દરેક પ્રાણીઓનું સ્વરૂપ છે. જેમાં કાંઈ દેવા યોગ્ય નથી. તેમજ લેવા યોગ્ય પણ નથી. મોટું પરમ–ઉત્કૃષ્ટ આલંબન છે.

ત્યાં એણે વકીલ ન રોકયો. પોતે જ પોતાના સત્તર વર્ષની વયે વકીલ.

## સ્પષ્ટ-વક્તા

આજે મારી સામે જે મુકદ્દમો માંડવામાં આવ્યો છે. તે સંબંધમાં હું જૈનસાધુ તરીકે નીચે પ્રમાણેની મારી કેફીયત રજુ કરૂં છું.

આજે મારા ઉપર આ સંબંધમાં દાવો લાવવામાં આવ્યો છે. અને એ દ્વારા મને સંસારમાં પાછો ફરવાની ફરજ પાડવામાં આવે છે. પરંતુ એ રીતે ફરજ પાડવી એ તદ્દન ગેરવ્યાજબી છે.

મારા લગ્ન વખતે જ મેં વારંવાર એવી ચેતવણી આપી હતી કે-" હું સંસારમાં જોડાવા ઈચ્છતો નથી " એટલું જ નહિ પણ હું જૈનસાધુ થવા માગું છું અને એ માટે દીક્ષા ગ્રહણ કરીશ. આવી મારી ચોક્ખી ચેતવણી છતાં મને બલાત્કારે પરણાવવામાં આવ્યો હતો.

સબબ, હવે મારા દીક્ષાગ્રહણથી જે જે કાંઈ પરિણામો નિપજે તેને માટે હું જોખમદાર નથી. પરંતુ બલાત્કારે પરણાવનારાઓ જ જવાબદાર છે.

---

તુષ્ટિ-આનંદ અને રુષ્ટિ-રોષ તેનાથી જે વ્યાપ્ત દેવો છે તેઓમાં પવિત્રતા ક્યાંથી હોય ? આત્માના અતત્ત્વમાં-અજ્ઞાનમાં સર્વજ્ઞપણું કેવી રીતે હોય અને છદ્મસ્થ અવસ્થામાં મોક્ષપણુ ક્યાંથી હોય ?

આ કારણથી હું સાધુવેષ તજવા માંગતો નથી. એજ વેષમાં કાયમ રહેવા માગું છું. ગ્રહણ કરેલી દીક્ષા ટકાવી રાખવાનો જ મારો ઉદ્દેશ છે

## ત્યાગીના રાગી

વળતે દિવસે એમને સંયમી વેષ તજવો પડયો. પાછા હતા એવા બની ગયા, વ્રત ગયા, નિયમ ગયા, ત્યાગ ગયા, વૈરાગ્ય ગયા, વાસના વળગી, ઉપાસના સળગી, રંગરાગ ઉભરાવા મંડ્યા, મોજશોખ ઝલકાવા લાગ્યા. આ શું કોઇ વખત સાધુ બન્યો હશે? આવી શંકા ભલભલાને થાય તેવું વર્તન થયું. બાહ્યદૃષ્ટિએ પૂર્ણ વિલાસી સંસારી બન્યા, એના અંતરને કોઈ ના પારખી શક્યું કે—આ એક નાટક છે. અરે! ખુદ પિતાજી પણ મુંઝાઇ ગયા. મારો પુત્ર આવો સંસ્કારધામમાંથી સંસ્કારહીન બની ગયો? ન ધર્મ ન ધ્યાન, ન સ્વાધ્યાય, ન વાંચન, શ્રાવકાચારમાંથી પણ ગબડ્યો! હકિકતે આ ખોટું હતું. હેમચંદ્રનું વાસ્તવિક હૈયું કોઈ જોઈ ના શકયું કે જાણી ના શકયું.

## કંઠની માગણી

એકદા નારીએ એકાંતમાં કહ્યું. સ્વામીનાથ! મને

---

જગતનો જે વ્યવહાર રોષ—નિગ્રહ અને અને તોષ—અનુગ્રહ વિગે. રેથી થએલો હોય છે. તે જો લોકોત્તરમાર્ગમાં હોય તો પછી ખરેખર તેમાં લોકોત્તરતા શી? અર્થાત્ એ વ્યવહાર તેમાં ન હોય.

નવી ભાતના અલંકારો ના કરાવી આપો ! એક સુંદર કંઠો ના બનાવી દો ? લો મારા આ જુની ભાતના આભૂષણો મને નવા કરાવી આપો.

બીચારી ભોળી નારી ! શું આ હેમચંદ્ર તારો બન્યો છે ? યાદ રાખ, તને થાપ દઈ પાછો ચાલ્યો જશે. અત્યારે જે કહેવું હોય તે કહે. માગવું હોય તે માગ, થોડા દિવસ પછી તું નવો ખેલ જોજે.

પ્રિયતમ હેમચંદ્રે કહ્યું,—લાવ તને રત્નજડીત કંઠાભરણ કરાવી દઉં, તું એ અલંકાર પહેરે એટલે સ્વર્ગની પરી જાય, તને પણ તારૂં જીવન ધન્ય બન્યું લાગે, પરીના રૂપમાં જોઈ હું પણ રાજી થઈશ. આ જુની ભાતના દાગીનામાંથી નવો કંઠાભરણ બનાવી હું તને પહેરાવીશ.

## આભૂષણ આવ્યું કે ગયું ?

હેમચંદ્રે પિતાજીને વાત કરી, મારે આ જુના આભૂષણમાંથી પત્ની માટે નવી ભાતના અલંકારો કરાવવા છે તો આપ કરાવી આપો. અગર મને અનુમાત આપો તો હું કરાવી લઉં.

---

જેમ સંસ્કારિત કરેલું ઝેર ઝેરની અંદર ઔષધરુપે થાય છે. તેમ જન્મી-જન્મધારણ કરવાવાળા પ્રાણીને જન્મ પણ ઔષધરૂપે થાય છે. તે પણ જો જીનેશ્વર ભગવાનના વચનથી સંસ્કારવાળો હોય તો નહિં તો જન્મ, મૃત્યુ-મરણને વધારનાર છે. અર્થાત્ જિનેશ્વર ભગવાનનું વચન મરણનો અંત કરનારૂં છે.

હેમચંદ્ર! જો મારે થોડા દિવસ પછી અમદાવાદ જવાનું છે. તું પણ મારી સાથે આવજે. તને ગમે તેવા અલંકાર તારી પત્ની માટે કરાવજે, આવું પિતાજીએ કહ્યું.

પિતાજી! હું આપની સાથે આવીશ. હેમચંદ્રે ઉત્તર આપ્યો.

યમુના માતા અને પત્ની માણેકને ખબર પડી કે અલંકારો બનાવવા અમદાવાદ જાય છે. પણ પાછા ન આવ્યા તો? અમારો જીવતો જાગતો ચેતનવંતો અલંકાર જાય પછી જડ અલંકારની જરૂરત શી? માતા અને પત્નીએ કહ્યું–અમારે અલંકાર નથી જોઈતા. તમારે અમદાવાદ નથી જવાનું. સસરા અને સ્વજનો પણ આવી ગયા. અલંકારો બનાવવાના નથી. અલંકારોને બદલે અમે જ બની જઈશું તો! માટે તમારે તો નથી જવાનું.

હું કાંઈ તમારો ગુલામ નથી. હું સ્વતંત્ર છું. જયાં ઈચ્છા હોય ત્યાં જવાનો મને અધિકાર છે. તમે મને રોકી શકવાના નથી. હેમચંદ્રનો આવો ઉત્તર સાંભળી બધા મૌન થઈ ગયા.

---

આશ્ચર્ય છે કે–જે આપ્તવર્ગ યથાર્થસ્વરૂપને કહેનારા મહાપુરૂષો ભવ–સંસારરૂપી સમુદ્રમાંથી ભવ્યપ્રાણીઓને તારનાર કહે છે અને અત્યંત દૂર રહેલા એવા તમે અહિં તે કાર્યને–સંસારસમુદ્રમાંથી તારવાના કાર્યને કરો છો. આથી જ તે આપ્તવચનને શ્રદ્ધા જ પ્રમાણુ સ્થાનને પમાડે છે.

પિતા અને પુત્ર અમદાવાદ ગયા. તેઓ વિદ્યાશાળાએ ઉતર્યા. માર્ગનો અને કાર્યનો પરિશ્રમ હતો. તેથી મોડી રાત્રે નિદ્રાધીન થયા. સવારે ઊઠતાં મોડું થયું. પૂર્વાચલમાં સૂર્ય ઉગ્યો, પણ આ ભાગ્યવાનો ન ઊઠ્યા. મોડેથી ઊઠ્યા. ત્યાં નિત્ય નિયમિત એક શ્રાવકે ઠંડા અવાજે કહ્યું.–

## ધર્મબંધુની ટકોર

ભાઈ હેમચંદ્ર! "તમે તો સામાયિક પ્રતિક્રમણ વિગેરે બધું જ તજી દીધું? આ તમને ન શોભે!"

પૂર્વપરિચિત શ્રદ્ધાળુ શ્રાવકના મુખેથી આ શબ્દો સાંભળી હેમચંદ્રનું મુખ નીચું નમી ગયું. નયનો લજ્જાના ભારથી નમી પડ્યા. હળવેથી મક્કમ અવાજે કહ્યું.–

ધર્મબંધુ! 'છોડયું છે પણ ફરી લેવા માટે.'

આમ તો હેમચંદ્ર અંતરથી વૈરાગી હતા જ. ફરી મુનિવેષ ક્યારે મળે એ ઉત્કંઠા હતી જ. આજ હેતુસર અમદાવાદ આવેલા, એમાં જ રાત્રીએ શ્રી જંબુસ્વામીજીનો

---

મુક્તિ પ્રાપ્ત થવાની છે એવા હે જિનેશ્વર ભગવન્! કલ્પનામાં પણ ન આવી શકે તેવું તમારૂં વીતરાગત્વ-રાગરહિતપણું છે. જો તેમ ન હોય તો તમે પોતાને આશ્રયે રહેલાને તારો છો. બીજાને કેમ નથી તારતા? ખરેખર આ તમારૂં તારવાપણું પક્ષાશ્રિત એક પક્ષને આશ્રય કરનારૂં હોવાથી સરાગપણું કેમ નહિં? અર્થાત્ યોગ્યને તારવામાં પક્ષાશ્રિતપણું નથી. તેથી સરાગપણું પણ નથી.

રાસ–પદ્યબંધ ચરિત્ર વાંચેલું. એમાં ઉજાગરો થયો અને મોડી રાત્રી પછી સુતા હતા.

પ્રાતઃક્રિયાઓ અને નિત્યનિયમોથી નિવૃત્ત થઇ બપોરનું ભોજન કાર્ય પૂર્ણ કરી. અતિથિગૃહમાં આરામ કરવા ડાબે પડખે સુતા હતા.

આ વખતે હેમચંદ્રે પિતાજીને કહ્યુ–પિતાજી! આપ મને દીક્ષા ન અપાવો! મારૂં મન આજે દીક્ષા માટે ઉત્કંઠિત છે. કૃપા કરી હવે મને કપડવંજ ન લઈ જાઓ. ગઈ રાત્રે શ્રી જંબુસ્વામીજીનું ચરિત્ર વાંચતા દૃઢ નિર્ણય કર્યો છે કે– મારે દીક્ષા લેવી. આપ કૃપા કરી સહકાર આપો.

બેટા હેમચંદ્ર! હું તારી ભાવનામાં વિઘ્નભૂત નહિ બનું.

*

હે ભગવન્! બીજા દેવો અનુમોદનીય કેમ નહિં? કારણ કે– તેઓ મુક્તિને પામેલા પણ ભક્તજનના ઉપકારને માટે જન્મ પામે છે– (જન્મ લે છે) ધારણ કરે છે. જ્યારે તમે પોતે ભક્તના ઉપકારને જાણવા છતાં પણ સંસારને પામતા નથી. જન્મ ધારણ કરતા નથી. અર્થાત્ આપ નિરાગી છો. ભક્તોના ઉપકારનું કાર્ય સરાગીનું છે.

## પ્રકરણ પાંચમું

# સંયમ અને જ્ઞાન

### ગુરૂ ચરણે

યશસ્વી અને તેજસ્વી મહાત્મા શ્રીઝવેરસાગરજી મહારાજના ચરણમાં ફરી ઉલ્લાસપૂર્ણ હૃદયે વિ. સં. ૧૯૪૭ મહા સુદ-૫ મે હેમચંદ્રે દીક્ષા લીધી. હેમચંદ્ર કુમારમાંથી મુનિ આનંદસાગરજી મહારાજ બન્યા. એક દિવસની આશા આજે સફળ બની. ઉમંગથી રોમરોમ પ્રફુલ્લ બન્યા. સંસારના બંધનોમાંથી મુક્ત બની સાચી સ્વતંત્રતાનો તરવરાટ મુખ ઉપર હસી રહ્યો હતો. હવે તો એ દીક્ષાના પંથે આગે કદમ ચલાવી રહ્યા હતા.

### પુત્રના માર્ગે પિતા

શ્રેષ્ઠી શ્રી મગનલાલભાઇ કપડવંજ ગયા સાસુ સસરા મોહમાં ચકચૂર હતા. એકલા મગનભાઈને આવેલા જોઈ

---

અસત્-અવિદ્યમાન પદાર્થનો બોધ પ્રમાણપણાને પામતો નથી. ભૂતકાળના લાંબા કાળે થયેલા ભાવો-પદાર્થો અને ભવિષ્યના થનારા તે ભાવો-પદાર્થોને બોલનાર તમે તો સજ્જનપુરૂષોમાં પ્રમાણભૂત છો.

શિકાર ઉપર શિકારીઓ તૂટી પડે એમ એ લોકો તૂટી પડ્યા. અપશબ્દોનો મૂશળધાર મારો ચલાવ્યો. હેરાન પરેશાનીની કમીના ન રહેવા દીધી.

## મગનભાઈના મનોરથ

શાંતિવાદી યુદ્ધખોરને પણ જીતી શકે છે. એ નીતિદ્વારા સમતાના સાગરસમા શ્રી મગનભાઈએ બધું સહન કર્યું અને યોગ્ય માર્ગ લીધો, એમના મનોમંદિરમાં એક ગડમથલ ચાલી—શું સંસાર આવો છે ? કોઇ આત્મા આત્મકલ્યાણના માર્ગે જાય એમાં વિક્ષેપો ઉપર વિક્ષેપો નાખે જ જવા ? આ ધન, માલ, મિલ્કત અને સ્વજનોનો આજ કરૂણ અંજામ !? અવસરે કોઈ કોઈનું થવા તૈયાર નહિ, આવા કાજળશા કાળા કારાગારમાં રહી મારે ક્યાં સુધી સડવાનું ?

આવા ભાવોના જોરે વ્યવહારના કાર્યો સત્વરે આટોપી લીધા એ પછી સિદ્ધગિરિરાજની યાત્રાએ ઉપડી ગયા. દેવાધિદેવના દર્શન કરી ધન્ય બન્યા. ભગવંતની સ્તુતિ કરતાં વિનતિ કરવા લાગ્યા.

---

હે ભવ્યજીવો ! જો તમે પોતાના પ્રાપ્ય-પ્રાપ્ત કરવા યોગ્ય ગુણોવડે તમારા પોતાનું ભવથી-સંસારસમુદ્રથી પાર ઉતારવાનું ઇચ્છતા હો તો પહેલેથી શુભ-લાભદાયી શ્રી જિનશાસનનો આશ્રય કરો, કારણ કે- તેથીજ શ્રી જિનશાસનથી જ અસંગતા-સંગરહિત મોક્ષ અવસ્થા કહેલી છે.

## ભાવના ફળી

ઓ સંસારના તારક ! તું બધાને તારે છે પણ મને કેમ નહિ ? મારો શો અપરાધ છે ? પ્રભો ! પ્રભો ! હવે તો તારૂં શાસન રગેરગમાં પરિણમ્યું છે. કપડવંજ છોડયું છે તે હવે પાછો જવાનો જ નથી. કરૂણાસિંધો ! મને ચારિત્ર મળો, ભવોભવ ચારિત્ર મળો. તમારી સેવા કરનારો બનું, તમારી આજ્ઞા પાલનારો થાઉં, હે, ભગવન્ ! તારા વિના કોણ છે મારૂં ? તું વિશ્વોદ્ધારક છે. તો મારો ઉદ્ધાર કર.

યાત્રા કરી પાછા વળ્યા, પ્રતાપી મુનીશ્વર શ્રી પ્રતાપવિજયજી મળ્યા. એમના ચરણે સર્વવિરતિ મહાચારિત્ર સ્વીકાર્યું. 'ભાવના ભવનાશિની' તે આનું નામ. વીર સં. ૨૪૨૦નું મંગળકારી વર્ષ હતું. શ્રેષ્ઠી મગનભાઈ મટી મુનિપ્રવર શ્રી જીવવિજયજી મહારાજ બન્યા.

## વિહાર અને મહાવિહાર

નૂતન મુનિ જીવવિજયજી પૂજ્ય ગુરૂદેવની સાથે સંયમની સાધના કરતા ગ્રામાનુગ્રામ વિચરતા હતા. સુંદર

---

હે નાથ ! અહીં બીજાઓ–અન્યદર્શનીઓને વિષે મુક્તિનું જેને પ્રયોજન છે. એવા મનુષ્યને ઇષ્ટ એવી સત્–સારી ક્રિયા જોવામાં આવતી નથી. મુક્તિના પ્રયોજનવાળા મનુષ્યને સંસારસમુદ્ર તરવા યોગ્ય છે. અને ઇચ્છિત મોક્ષપદ છે. તો તે સારી ક્રિયા વિના પોતાની અથવા બીજાની અર્થ-કાર્યસિદ્ધિ કરનાર બીજું શું છે. ? અથવા તે સારી ક્રિયા વિના આત્માને પરાર્થ–મોક્ષકારક ઈપ્સિત માર્ગ બીજો શો છે ?

તપ, જપ કરતા હતા. વયોવૃદ્ધ હોવાથી વધુ જ્ઞાનની આશા ન હતી. છતાં યોગ્ય પ્રયત્ન કરતા અને સમિતિ ગુપ્તિ ધર્મોનું તેમજ દસ યતિધર્મનું સુંદર પાલન કરતા હતા. વિહાર કરતા પેટલાદ નગરે પધાર્યા.

જુદે જુદે સ્થળે અને જુદા જુદા ગુરૂદેવોની પાસે સંયમ ગ્રહણ કરનારા પિતા અને બે પુત્રો દૈવયોગે આજે સંયમ અવાસ્થામાં પેટલાદ નગરે મળી ગયા. પૂર્વાવસ્થાના પુત્રોને સંયમની સુંદર આરાધના કરતા જોઈ પિતાના આત્માને ખૂબજ શાંતિ થઇ. એમણે મુનિપણું દીપાવવાના આશીર્વાદ આપ્યા.

કાળ કદી થંભતો નથી એ તો સતત અવિરત ગતિએ ચાલ્યો જાય છે. એમાં શું શું ક્યારે બનવાનું છે એ તો અનંતજ્ઞાની વિના કોણ જાણી શક્યું છે!

મુનિરાજ શ્રી જીવવિજયજી અચાનક દર્દના સકંજામાં આવી ચડ્યા. સુયોગ્ય અને નિરવદ્ય ઔષધોપચારો ચાલુ કર્યા પણ ...પણ....બે વર્ષના ટૂંકા દીક્ષાપર્યાયમાં અને ટૂંકી વ્યાધિમાં અષાઢ સુદ બીજના દિવસે એમનો

તમે ગુપ્ત કે પ્રગટ સર્વવસ્તુ સર્વપ્રકારે દરેક ક્ષણે જાણો છો. આશ્ચર્ય છે કે–શુભ–સારામાં સંતોષ–હર્ષ નથી અને બીજા–અશુભમાં અસંતોષ-શોક પણ નથી. અર્થાત્ ઔદાસીન્ય છે.

જીવનદીપ ઓલવાઇ ગયો. મુનિ જીવવિજયજી કાળધર્મ પામ્યા. ટૂંકા ગાળામાં એ મહાનુભાવ સાધી ગયા.

## અધ્યયનની કટોકટી

ચિંથરે વીંધ્યા રત્નસમા મુનિ આનંદસાગરજી સુંદર શાસ્ત્રાધ્યયન કરે છે. ગુરૂદેવશ્રી જ્ઞાની છે. શિક્ષણ આપવાનું કાર્ય પણ સુંદર રીતે ચાલે છે. છતાં એક વાતની અપૂર્વ ખામી હતી.

મુનિવર શ્રીઆનંદસાગરજીને વ્યાકરણ ભણવાની ઉત્કંઠા થઈ, ગુરૂદેવ સંમત થયા. એ લઘુવ્યાકરણનું નામ 'સિદ્ધાન્ત–રત્નિકા' પણ એકે એના જેવા બીજા વ્યાકરણો લાવવા ક્યાંથી?

પ્રયાસો ચાલુ કર્યા છતાં મેળ ન ખાય, જ્ઞાનભંડારોના આગેવાનોને અને કાર્યવાહકોને જુદા જુદા ગામે કહેવરાવ્યું.

પરંતુ આ ઇજારાશાહી અને સરમુખત્યારશાહી ભોગવતા ઉપાશ્રયના શ્રાવક ઠેકેદારો લાખો રૂપીયાના

પ્રશંસનીય આચાર પ્રશંસાય છે. બીજા અપ્રશસ્ત આચાર સત્પુરૂષવડે ઉદ્ધરાય છે–દૂર કરાય છે. હે સર્વજ્ઞ ! આ બધું જગતનું વર્તન જાણવા છતાં તમે તે સત્પુરૂષના આચરણમાં કેમ યત્ન કરતા નથી. અર્થાત્ સત્પુરૂષે સારા આચારની પ્રશંસા અને અપ્રશસ્ત આચારને દૂર કરવા જોઈએ.

પુસ્તકો ઉધેહીના હવાલે કરવામાં નાનમ અનુભવતા ન હતા. પણ એક પવિત્ર અને અધ્યયનશીલ સાધુના હાથમાં નાનો ગ્રંથ આપતા કંપારી અનુભવતા હતા, એ વખતે વ્યાકરણ જેવા ગ્રંથો મળવા દુર્લભ હતા તો આગમોની શી શકયતા !

આવા ખાઈ બધેલા આગેવાનોના પ્રતાપે કરોડોની કિંમતના અને પવિત્રતાના પ્રતીક સમા આગમો, ગ્રંથો, ચરિત્રો વિગેરે શીર્ણ વિશીર્ણ બન્યા છે. આગમગ્રંથોને અંધાર ઓરડામાં પૂરી રાખવામાં એ આગેવાનો મનઘડંત ધર્મ સમજતા હતા.

ગુરૂ શિષ્ય અને એ બંનેનો વ્યાકરણ શીખવા પ્રયત્ન હતો પણ પરીણામ શીઘ્ર આવતું નથી. છ માસના સતત અને સખત પરિશ્રમના અંતે કોઈ ભાઈના હૈયામાં ભાવ જાગ્યો અને અંધારીયા ઓરડાના કબાટમાં પૂરાએલ એક વ્યાકરણની પ્રતિ તે પણ અપૂર્ણ અને ઉધેહી ખાધેલ કાઢી આપી તેમ છતાં એ કાર્યકરનો આભાર માનવો રહ્યો.

વ્યાકરણનો અભ્યાસ ચાલુ કર્યો ફક્ત નેવું દિવસમાં એ ગ્રંથ કંઠસ્થ, માત્ર સૂત્રથી નહિ પણ પરિપૂર્ણ અર્થ

---

સંસારમાંથી જ બીજા જીવોનો સંસારસમુદ્રથી નિસ્તાર થાય છે. તેથી તે ત્રણ–જ્ઞાન દર્શન અને ચારિત્ર તમે બતાવ્યા છે. તો સંસાર ગુણાકર–ગુણની ખાણ કેમ નહિં ?

સાથે જે ગ્રંથને મેળવતા એકસો એંસી દિવસ થયા તે ગ્રંથને ભણતાં નવડેમીંડે નેવું દિવસ.

આ ઉપરથી ગ્રંથની દુર્લભતાનો આછો આછો ખ્યાલ આવે છે ને? આવી અનેક માનવસર્જિત મુશ્કેલીઓના વંટોલ વચ્ચે પણ અથાગ પરિશ્રમ અને અદમ્ય ઉત્સાહથી અધ્યયન ચાલુ રાખ્યું, પુસ્તકો અને અધ્યયન કરાવનારાઓના અભાવ વચ્ચે અજોડ વિદ્વાન્ થનારા મહાપુરૂષ અને અનેક સુવિધાઓ વચ્ચે વિદ્વાન્ નહિ થનારા કેટલા અભિનંદનને પાત્ર ગણાય ?

## છત્ર છીનવાઇ ગયું

અનેક આવરણો વચ્ચે અદમ્ય ઉત્સાહના જોરે અધ્યયન કરતા શિષ્યને જોઈ ગુરૂદેવને આનંદ થતો પણ ભાવી એ આનંદ જોઈ ના શક્યું. ગુરૂદેવ સાજા અને સારા હતા. અચાનક માંદા પડ્યા. માંદગી હતી ઘણી નાની પણ તે જીવલેણ નિકળી, વિકરાળ કાળના ખપ્પરમાં એ આવી ગયા, ગયા તો વીર સૈનિકની જેમ સમાધિપૂર્વક પણ ગયા તે ગયા.

બીજાઓ—અન્યદર્શનકારો પરાર્થને માટે પોતે નિર્મળતાનો ત્યાગ કરી અવતાર ધારણ કરે છે. જ્યારે તમે નિર્મળતાને છોડ્યા વગર, અવતાર ધારણ કર્યા વગર, સ્વાર્થ છોડ્યા વગર, પરોપકાર કરવો તે ત્રણેનું રક્ષણ કરીને લોકો ઉપર ઉપકાર કરનારા છો તો ભેદ શું? ત્રણેને છોડ્યા વગર પરોપકાર કરવો તે જ ભેદ છે.

કરાળકાળની વિકરાળતાએ મુનિ આનંદસાગરજીનો આનંદ લૂંટી લીધો નૂતન દીક્ષિત છત્ર વિહોણા બન્યા. છત્ર છીનવાયા પછી મહામુનિની સ્થિતિ વિકટ બની, અંતરમાં ગુરૂપ્રેમે હ્રચમચાવી મૂક્યા. ગુરૂનો વિરહ આકરો થઈ પડ્યો. એમનું નાવ હજુ મઝધારે હતું. ત્યાં સુકાની સ્વનામધન્ય બની ચાલતો થયો. દીક્ષાપર્યાય માત્ર નવ મહિનાનો હતો. ધીરે ધીરે સ્વસ્થતા કેળવી પુનઃ સ્વાધ્યાય, ધ્યાન, તપ, સંયમાદિમાં લીન બન્યા.

## મરૂધર પ્રતિ પ્રયાણ

બીજું વર્ષાવાસ અમદાવાદ શાહપુર ખાતે કર્યું. ત્યાંથી મેવાડ ભણી વિહાર કર્યો. એ વખતના ઉદયપુરની ગાદીએ વિરાજતા યતિવર્ય શ્રીઆલમચંદજી નમ્ર અને સરલ હતા. સંવેગી સાધુઓ પ્રતિ સદ્ભાવ રાખતા હતા. જ્ઞાનશીલ પણ હતા. એથી એમની પાસે જ્ઞાનપ્રાપ્તિની ભાવનાથી ગયા.

એ સમયની એક બલિહારી હતી કે—સાધુઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી હતી. લગભગ પીસ્તાલીસથી અડતાલીસની ગણાતી. એમાં અર્ધા તો વયોવૃદ્ધ અને માત્ર સ્વકલ્યાણ કરે તેવા.

લોહીથી ખરડાયેલા વસ્ત્રને લોકમાં મૂર્ખ પણ (લોહીથી) ધોતો નથી. તો શું ? મોહથી વ્યાપ્ત મનુષ્યો મોહથી વ્યાપ્ત ઈશ્વરને ભજે છે.

ઉદયપુરમાં અભ્યાસ કરતા હતા પણ સાથે સંયમનું પાલન બહુ જ ચોકસાઈપૂર્વક થતું. અધ્યયનના નામે અપવાદોની ધાલમેલ કરવાનું એમની વૃત્તિમાં હતું જ નહિ. જ્ઞાનમૂર્તિ બનતા અગાઉ સંયમની જીવંતમૂર્તિ બની ચૂક્યા હતા.

## પાલીમાં પગલાં

વર્ષાવાસના અગાઉ થોડો વિહાર કરવાની ભાવનાથી ઉદયપુરની આજુબાજુના ગ્રામ્યવિસ્તારોમાં ગયા.

આ સમયે પાલીનગરમાં મૂર્તિપૂજાના કટ્ટર દુશ્મન સ્થાનકવાસીના ધાડા ધસી આવ્યા. મૂર્તિપૂજાના રસિક શ્રાવકો ઉદયપુરમાં વિદ્વાન્ યતિવર્યશ્રી આલમચંદજી પાસે દોડી આવ્યા. એમણે પોતાના નગર ઉપર આવેલો ભય જણાવ્યો. આવેલ સ્થાનકવાસી સાધુ વિદ્વાન્ ગણાય છે. કંઠ મધુર છે. ગાતા અને અને બોલતા સારૂં આવડે છે. એ દ્વારા લોકોને આકર્ષી મૂર્તિપૂજાનો વિરોધ કરી રહ્યા છે. આપ પાલી પધારો અને એમનો મુકાબલો કરો. અમે આપને સારી રીતે સાચવશું.

---

ઔષધમાં આદરવાળો પ્રાણી રોગના બોધ પછીજ કાંઇ નિરોગી થતો નથી. આખા જગતમાં આ એક આશ્ચર્ય છે કે– તમારા શાસનમાં તો સંસારને જાણ્યા પછી જ સંસારનો અંત કરનાર થાય છે.

યતિવર્યે કહ્યું, તમે મુંઝાઓ નહિ, હું તમને સંવેગી મુનિ આનંદસાગરજી ઉપર ભલામણ પત્ર લખી આપું છું. એ યુવાન છે. વિદ્વાન્ અને તેજસ્વી છે. તમારા સંઘમાં ઉપકારક નિવડશે, લો મારો આ ભલામણ પત્ર.

પાલી સંઘના આગેવાનો ભલામણ પત્ર લઈ, ગામડે ગામડે જઇ આ મુનિવરને શોધી કાઢ્યા. વિધિવત્ વંદનાદિ કર્યું, સંઘવતી પાલીને ચોમાસાનો લાભ આપવા વિનંતી કરી. ત્યાંની વિકટ પરિસ્થિતિની સંપૂર્ણ વાત કરી. છેલ્લે યતિવર્યશ્રીનો પત્ર વિનયપૂર્વક હાથમાં આપ્યો.

મુનિવર્ય શ્રી આનંદસાગરજીએ પત્ર વાંચ્યો. સંઘની વાતથી પાલી સંઘ ઉપર આવી પડેલી પનોતીનો ખ્યાલ આવ્યો. આવા સંકટ સમયે શાસનને સમર્પિત થનારની શું ફરજ હોય ? એનો વિચાર કરવા લાગ્યા. થોડીવારમાં ક્ષાત્રતેજને છાજે તેવો નિર્ણય કર્યો અને સંઘના આગેવાન શ્રાવકોને મધુર ભાષામાં કહ્યું–ભાગ્યવાનો ! આવા કસોટીના કાળમાં શ્રાવકોની વિનંતી ન હોય, છતાં શાસનરક્ષા ખાતર શાસનના સૈનિક તરીકે કોઈપણ ખમીરવંત સાધુએ આવવું

---

હે પ્રભો ! જીવોને વિષે દ્રવ્યથી કરાએલી અનુકંપા જલ્દી ફળ આપવાવાળી થાય છે. પણ ભાવથી કરાએલી અનુકંપા તેવી ફળવાળી થતી નથી. તે આશ્ચર્ય છે. જો કે–માર્ગગામી જીવો વડે તે કરાએલી અનુકંપા પોતાના ફળને જલ્દી આપે છે.

જ જોઈએ. એમાં તમારી વિનંતી છે. યતિવર્યશ્રીનો આગ્રહ છે. પછી તો અવશ્ય આવવું જોઈએ. છતાં જૈન સાધુ તરીકે જણાવું છું કે—ક્ષેત્રસ્પર્શના હશે તો ભાવના રાખીશ. સંઘના આગેવાનો ઉલ્લાસભેર "જિનશાસનદેવની જય" બોલાવી ઊઠ્યા. હસતે વદને પ્રસન્નચિત્ત પાલી પહોંચ્યા. સંઘમાં આનંદની લહરી ફરી વળી.

ઉજ્જડ અને અજ્ઞાન ભરેલા શાસનદ્રોહી મંદિરલોપી આત્માઓના સહવાસથી ઉન્માર્ગે ગયેલાઓની વસ્તીવાળા કસબાઓમાં અને ગામડાઓમાં વિહરતા મુનિવર શ્રી આનંદસાગરજી પાલી નગરના પાદરે પધાર્યા.

પાલી નગરના સંઘમાં અનેરો ઉત્સાહ હતો. આંગણે અજાણ્યો દિવ્યપુરૂષ આવી રહ્યો છે. એવા ઉમંગે સ્વાગત યાત્રાની અપૂર્વ તૈયારી ચાલી રહી છે. એમાં એ દિવ્ય-પુરૂષ આંગણે આવી ગયાના સમાચારે ઉલ્લાસમાં પૂર આણ્યું સામૈયું દબદબા ભર્યું ચાલુ થયું.

---

પૂર્વજન્મમાં જિનમતના વચનોના અજ્ઞાનથી તેમજ ક્રોધ–માનાદિના તીવ્રયોગો દ્વારા કરેલું અત્યંત અશુભકર્મ જીવોએ અવશ્ય ભોગવવું પડે છે. ભોગ વિના તે કર્મનો ક્ષય જિનેશ્વર ભગવાનના મતમાં કહેલ અપૂર્વ બે યોગથી થાય છે. પરંતુ તે યોગદ્વયવિના તદ્‌જ્ઞાન્–કર્મ-વાન્ જીવનો તેના જેવો મોક્ષ–કર્મથી છૂટકારો થતો નથી તે ખેદની વાત છે.

આ નરકેસરી દિવ્યપુરૂષ એકાકી જ હતા. એ વિચિત્ર કાળબળની બલિહારી હતી. સામૈયામાં મોટા મોટા પાઘ અને વાઘા પહેરીને મોટી કાયાવાળા મજબૂત શારીરિક બાંધાવાળા મરૂધર આગેવાનો આવ્યા હતા.

સામૈયું ધીરે ધીરે વિજયસ્વરો સાથે આગળ વધે છે. બીજી તરફ સામૈયામાં જ છાનું છાનું ધીરે ધીરે કલરવ ઉભુ થતું જાય છે. એક ધીમે અવાજે બીજાના કાનમાં કહ્યું–આપણા આગેવાનો ઠીક કોઈ સાધુને પકડી લાવ્યા છે. આ બીચારા પેલા મદમસ્ત ધાડાઓ સામે શું કરશે ? એવી વાત આ સામૈયામાં ફરી વળી.

આ મહામુનિની કાયા દુબળી હતી, બાંધો નીચો હતો. આ એક છૂપું રત્ન હતું. કોહીનુરની જેમ આમને બહારનૂર ન હતું. અંતરના નૂરને સામૈયાવાળા જોઇ શકયા ન હતા. મેલી કાયા, મેલા કપડા, અજાણ માનવીઓ, અનુમાન કેવા બાંધે ? આપણા શ્રીસંઘનું નાક તો નહિ જાય ને ! આવી શંકાઓ વહેતી થઈ હતી.

---

જિનેશ્વરરૂપી સૂર્યનો ઉદય થયે છતે હું તીવ્ર અંધકારમાં અહિં કેમ ભમું છું ? ઘુવડને સૂર્યનો પ્રકાશ અંધકારમય લાગે, તો શું ? હું ઘુવડ છું. અથવા અજ્ઞાનરૂપી વાદળના સમૂહવડે કરીને મારો જ દોષ છે. સૂર્ય તો પ્રકાશ આપે જ. પણ અજ્ઞાનરૂપી વાદળથી ઘેરાએલા એવા મને પ્રકાશ દેખાતો નથી.

આખરે સામૈયું જિનમંદિરે આવ્યું. ત્યાં દર્શન ચૈત્યવંદન કર્યા પછી ઉપાશ્રયે પહોંચ્યા. ઈરિયાવહીયા આદિ કરી વ્યાખ્યાનના વ્યાસપીઠ ઉપર પાતળી અને ઠીંગણી કાયાવાળા મહાત્મા બીરાજ્યા.

"**धम्मो मंगलमुक्किट्ठं**" ગાથા ઉપર વિવેચન ચાલ્યું ખાસ્સો મઝેનો દોઢ કલાક ગયો. વ્યાખ્યાન પૂર્ણ થયું ત્યાં શંકા કરનાર અને નહિ કરનાર શ્રોતાઓ આનંદ વિભોર બની ઉભા થઇ નાચી ઊઠ્યા.

## પ્રભાવકતાની છાપ

ચોમાસાનો આરંભ થયો. વ્યાખ્યાનમાં શ્રી ઠાણાંગજી સૂત્ર વાંચનનો પ્રારંભ થયો. મુનિવર કોઈ સામાન્ય નથી. પણ મહાન્ છે. આ વાતની જાણ ધાડાબદ્ધ આવેલા સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓને થઈ, એમણે બધો ડોળ તજી શાંતિ ધારણ કરી. એમના મનમાં પાક્કી ખાતરી થઈ ચૂકી હતી કે આ એક દુબળો સંવેગી સાધુ જ્ઞાનમાં અમારા બધા કરતાં સબળો છે. ચોમાસુ ઘણું જ સુંદર ગયું અને મુનિ તો પાછા વિહારમાં ચાલ્યા. મારવાડમાં

---

તમારા શાસનમાં ગૃહસ્થભાવને પામીને અર્થાત્ ગૃહસ્થલિંગે તેમજ પર–અન્યલિંગને આશ્રયી ઘણા બોધ પામેલા (મનુષ્યો) અચલ એવા સર્વજ્ઞપણાને પામ્યા છે. ઇદ્ધ–સમૃદ્ધ બુદ્ધિવાળા એવા જિનેન્દ્રભાવને તો સ્વલિંગને જ પ્રાપ્ત કરીને પામે છે તીર્થંકર નિજલિંગે જ અને સર્વજ્ઞ ગહીલિંગે અને અન્યલિંગે પણ થાય છે.

સ્થાનકવાસી અને તેરાપંથીનો સારા પ્રમાણમાં સામનો કરવો પડતો.

વય નાની હતી. સિંહની જેમ એકાકી હતા. સાધુએ એકાકી ન રહેવું જોઈએ. એ ઉત્સર્ગમાર્ગીય શાસ્ત્રાજ્ઞા હતી. એમને એ આજ્ઞાનો ખ્યાલ હતો જ. છતાં ગુણાધિક કે સમગુણી મુનિ ન મળે તો અપવાદ માર્ગે એકાકી વિહરવાની આજ્ઞા હતી. એ આજ્ઞા પાળવી પડે એવી એમની પરિસ્થિતિ હતી.

બીજી તરફ શ્રી આગમ આદિના અભ્યાસની તીવ્ર ઇચ્છા હતી પણ ગુરૂ કોણ? ક્યાં અને કોણ આગમ ભણાવે? આ વિચિત્ર અને મુંઝવણ ભર્યો પ્રશ્ન હતો. 'મને કોઇ ભણાવનાર નથી' આવો નિર્માલ્ય ઉત્તર આપવા પણ તૈયાર ન હતા. અતિ ઉત્કટ ઇચ્છાએ અને સાચી ભાવનાએ એક અદ્વૈત ગુરૂ ગોતી આપ્યા.

## આગમ અભ્યાસ માટેનું સ્વપ્ન

સમીસાંજનો સમય હતો. મરૂધરની ધગધગતી ધરતી ઉપર વિચરતા એ મુનીશ્વર સ્થંડીલભૂમિએ ગયા હતા. પક્ષીઓ પોતાના માળામાં જઈ રહ્યા હતા. ગાયો ગોચર-

હે પૂજ્ય! આખું જગત્ સાર વગરનું, પીડાયેલું અને શરણુથી રહિત છે. આવું જોઇને તે જગતના ક્ષેમ–રક્ષણને માટે અભિમત–ઇષ્ટ એવી આ દીક્ષા તમારા વડે પ્રરૂપાય છે, પણ પોતાના ઘણા ભાવ નહિં.

ભૂમિથી ચરી પાછી ગામ તરફ વળી રહી હતી. આવા સમયે આ મુનીશ્વર નદીના કિનારે કોતરમાં વડીનીતિનું કાર્ય પતાવી પાછા વળતા એક પ્રાચીન અને જીર્ણ મંદિરના ઓટલે બીરાજ્યા.

વિચારોમાં રહેવું એ તો આ મુનીશ્વરનું વ્યસન હતું છતાં એ વિચારોમાં બુરાઈની બદબુ કદી આવતી ન હતી. સદ્‌ભાવનાના સુગંધી ધૂપની મહેક જ ઉછળતી, એ વિચારતા હતા કે—આ આગમો કોણ ભણાવશે ? એ ભણવા ક્યાં જવું ? પણ કશો ઉત્તર મળતો ન હતો. ઉપાશ્રયે આવ્યા. પ્રતિક્રમણ સ્વાધ્યાય અને સંથારાપોરિસી કરી પણ કેમે કરી ઊંઘ આવતી નથી. આગમવાચના કોણ આપશે ? આ વિચાર એમને પજવતો હતો. એ વિચારમાં જ નિદ્રાધીન બન્યા. પુણ્યયોગે એક સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં કોઈ જ્ઞાની ગુરૂના દર્શન થયા. આ મુનીશ્વરે એમને વંદન કર્યું, જ્ઞાની ગુરૂએ પૂછ્યું—આનંદસાગરજી ! ઉદાસ કેમ છો ?

સાહેબજી ! આગમવાચના આપનાર ગુરૂની શોધના વિચારમાં છું મને સંયમની સાધનામાં કોઇ ચિંતા નથી

---

હે જિનેન્દ્ર ! જગતના હિતને માટે દીક્ષાથી માંડીને બે પ્રકારના ધર્મની કથા સુધીનું બધુ વિધાન તમે કર્યું છે. શાસનની વૃત્તિ—અવસ્થિતિની સિદ્ધિ માટે તમારા વડે જે જે કરાયું, તેમાં સર્વથી અધિક હે જિન ! તમારી મુનીશ્વરોની—સાધુ મહાત્માઓની પર્ષદા છે.

તેમજ જરાય દુઃખ નથી. પણ આગમનો અભ્યાસ ક્યાં જઈ કરવો ! આ ચિંતા મનને સતાવે છે.

જરાય મુંઝાશો મા, તમે પૂર્વભવમાં અપૂર્વ શ્રુતધર હતા. આજે તમારે બીજા ગુરૂની જરૂર નથી. આગમજ્ઞાન તમારામાં ભરેલું જ છે. માત્ર થોડા આવરણો આવી પડ્યા છે. તે હઠાવવાની જરૂર છે. એ આવરણો પણ નરમ છે. એક કામ જરૂર કરશો.

## વાચના વિધિ

તમારે જે આગમ ભણવું હોય. તે આગમગ્રંથ સામે બાજોઠ અગર સાંપડા ઉપર મૂકવું. પછી એને જીવંત આગમગુરૂ માની વંદન કરવું. 'વાયણા સંદિસાહુ' અને 'વાયણા લઈશું.' આદેશ માગવા છેલ્લે 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી વાયણા પ્રસાદ કરાવોજી' કહેવું આ વિધિ પછી વિનયપૂર્વક જ્ઞાનાચારના આઠ અતિચારોથી દૂર રહી તમારે સ્વયમેવ આગમો વાંચવા.

એમાં એક લક્ષ ખાસ રાખશો. જે જે આગમોના યોગોદ્વહન કર્યા હોય તે તે આગમો વાંચશો. વગર જોગે

તમે દીક્ષા ગ્રહણ કરી ત્યારે તે દીક્ષા લેતાં જે જે સ્વજન–ધનાદિનો ત્યાગ કર્યો તે તેમજ ઉપસર્ગ આદિને સહન કર્યા તે અને મોહાદિ કર્મોનો નાશ, કેવલજ્ઞાન તે પણ અમારે પરોક્ષ–નજરે જોએલ નથી. પણ આ બધાનું પ્રત્યક્ષ ફલ તમારી મુનિ-સંપદા–સાધુ મહાત્માઓ છે.

આચાર્ય-પદલાલચુઓ જેવું ન કરશો બસ, આ તમે જાળવશો તો મહાન્ આગમજ્ઞાતા અને અનેકના આગમ-વાચના દાતા બનશો.

બીજા દિવસથી આ વિધિનો આરંભ થયો. જો કે આપણા સંઘમાં જ્ઞાનપંચમીના દિવસે આગમગ્રંથો, ચરિત્ર-ગ્રંથો અન્યગ્રંથો આદિને વંદન થાય છે. ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળાદિથી પૂજા થાય છે. વાસ અને રૂપાનાણું પણ પુજનમાં વપરાય છે. આ ક્રિયાથી આપણે કૃતકૃત્ય થયા એવો ખોટો આત્મસંતોષ અનુભવાય છે. પણ હકીકતે આ મુનીશ્વરે જેમ કર્યું તેમ કરવું એ ખરી જ્ઞાનપૂજા છે.

મુનીશ્વરે બીજા દિવસે આયંબીલ કર્યું શ્રી હારિ-ભદ્રીય વૃત્તિવાળી શ્રી દશવૈકાલિકસૂત્રની પ્રતિ ગ્રહણ કરી કાષ્ઠ બાજોઠ ઉપર એ પ્રતિ પધરાવી, એ પ્રતિને વંદન કર્યું, અહોભાવ પૂર્વક મસ્તકે સ્પર્શ કર્યો અને સાક્ષાત્ ગુરૂનો જે રીતે વિનય જળવાય તે રીતે પુસ્તકગુરૂનો વિનય જાળવી વાંચન ચાલુ કર્યું, એકવાર, બેવાર.... ત્રણવાર.

જ્ઞાનાભ્યાસની તીવ્ર તાલાવેલી, શાસ્ત્રીયપદ્ધતિનો વિનય અને સતત ખંતપૂર્વકનો પરિશ્રમ, આવા અનેક

---

શાંતમુદ્રાવાળી આકૃતિથી વિશિષ્ટ દેવ, આગમોની ઉગ્રરૂપા-અર્થથી ગહન શ્રેણિ, શુદ્ધ ( શુભ-સારી ) શીલાદિ ગુણોવાળી પત્નીથી યુક્ત શ્રાવકો છે. પરંતુ આ બધું મુનિઓને આશ્રયીને છે-આભારી છે.

ગુણોના લીધે ક્ષયોપશમ પ્રગટ થતો ગયો. તે એટલે હદ સુધી કે પ્રતિઓમાં લહીયાના દોષથી અગર ઉધેહીના ખાઈ જવાથી અક્ષરો કે શબ્દો જતા રહ્યા હોય તે પણ પોતે પૂર્તિ કરવા લાગ્યા.

ક્યાંક ક્યાંક પંક્તિઓ ઉપલબ્ધ ન થતી ત્યાં પંક્તિઓ બેસાડવાનો પ્રયત્ન કરતા આ મુનીશ્વરે પોતાના ક્ષયોપશમથી યોજેલા શબ્દો તો સાચા પડ્યા પણ પંક્તિઓ અક્ષરશઃ સત્ય નિવડી. ભવિષ્યમાં અપાનારૂં આગમોદ્ધારક બીરૂદ યોગ્ય ગણાય જ ને ? આવા સમર્થ અને શાસનહિતચિંતકને ભાંડનારા ભડવીરો પણ બીચારા ઘણા હતા, ઈર્ષ્યા અને દ્વેષ એમાં મુખ્ય ભાગ ભજવતો.

જ્ઞાનાભ્યાસ અને ધર્મપ્રભાવના એ બન્ને કાર્યો આ મુનીશ્વર સાથે કરતા હતા, મરૂધરમાં કેટલોક કાળ રહી ગિરૂવા ગુજરાતમાં પધાર્યા, પેટલાદમાં ચાતુર્માસ રહ્યા.

અનેક શાસ્ત્રોના વાંચન મનન અને નિદિધ્યાસન દ્વારા આ પેટલાદના ચાતુર્માસની અંદર તિથિવિષયક ભૂલાઈ

---

દરેક ક્ષેત્ર અને દરેક કાલમાં દરેક મનુષ્યો વડે મુનિ પર્ષદાનો-સાધુ મહાત્માઓનો પ્રભાવ જોવાય છે. તત્ત્વથી આ પ્રમાણે કહેવું જોઇએ કે-તે અરિહંતની મુનિપર્ષદા-સાધુ મહાત્માઓ જ છે કારણ કે તેઓએ જ-સાધુ મહાત્માઓએ જ તમારા મતને પ્રસાર્યો છે-ફેલાવ્યો છે. અર્થાત્ આજ સુધી ટકાવ્યો છે અને ટકાવશે.

ગએલી અગર લગભગ છિન્ન–ભિન્ન બનેલી પદ્ધતિનું પરિમાર્જન કરી પુનઃ શુદ્ધ સ્થાપના કરી અને તેજ વર્ષે એને સંવત્સરીદિનથી અમલમાં મૂકી. વિક્રમ સંવત્ ૧૯૫૨ નું એ પુણ્યવર્ષ હતું.

ત્યાંથી વિહરતા વિહરતા છાણી ગામે પધાર્યા, અને કેટલોક કાળ રહી વિશિષ્ટ અભ્યાસ આગળ વધાર્યો.

*

---

સાધુઓના ઉપદેશથી ચૈત્ય–મંદિરની સાથે જિનેશ્વરપણાની પ્રસિદ્ધિ તેમજ સારી પત્નીઓ સહિત વ્રતોદ્‌ધુર–વ્રતપાલનમાં સમર્થ શ્રાવકોની પ્રસિદ્ધિ છે. તેથી સાત ક્ષેત્રમાં મુનિપર્ષદા–સાધુ મહાત્માઓનું અગ્રસ્થાન છે.

## પ્રકરણ-છઠ્ઠું

# પન્યાસ-પદ

### અમદાવાદમાં

અમદાવાદ જૈન સંઘના અમાપ આગ્રહથી મુનીશ્વર શ્રી આનંદસાગરજીએ ચૌદમું ચાતુર્માસ અમદાવાદ કર્યું. કેતકી પુષ્પને કહેવું પડતું નથી કે હું અહીં છું. પણ સુગંધની જ બહાર કહી આવે છે કે કેતકી પુષ્પ અહીં છે.

હવે તો આ મુનીશ્વરની ખ્યાતિ કેતકી કુસુમ જેવી બની હતી એની પાસે વાણી સાંભળવા અને એ જ્ઞાનગંગામાં ડુબકીઓ લગાવવા દૂર દૂરથી સંસારતાપથી સંતપ્ત થએલા શ્રોતાઓ આવતા.

આવતા ત્યારે એમના હૈયા ઉદ્વેગના ભારથી ભરેલા જણાતા અને જતા ત્યારે વાણી-ગંગામાં સ્નાન કરી

---

હે જિનેશ્વર ભગવન્! તત્ત્વવેદિ સાધુઓથી તમારૂં શાસન સધાયું-એક છત્રી કરાયું. પહેલાંના અનાર્ય લોકોને આર્ય કરવાવાળા રાજાઓએ ખોટા-બનાવટી વેષધારી તે સાધુઓને મોકલ્યા.

હળવા ફુલ બની જતા. હવે મુનીશ્વરની સેવામાં શિષ્યો પણ હતા. સેવા કાજે કેટલાક આત્માઓએ પોતાના જીવનનું સમર્પણ કર્યું હતું. આગમધર ન થવાય તો કાંઈ નહિ, પણ આગમધરની ચરણસેવાનો લાભ લઈ ધન્ય બનીએ તો પણ અહોભાગ્ય, એવું માની ઘણા ભાગ્યવંતો સંસારવાસને દાહ દઈ આ મુનીશ્વરની સેવામાં સદા માટે આવી રહ્યા હતા.

## અમોઘ-દેશના

વર્ષાએ અમી છાંટણા વરસાવવા ચાલુ કર્યા. ઉનાળાના તાપથી તપ્ત અને તૃષાતુર ભૂખીભખ ભૂમી શીતળ અને તૃપ્ત બની અને બીજી તરફ મુનીશ્વરની વાણીરૂપ વર્ષાની ઝરમરથી શ્રોતાઓની કષાયોના તાપથી તપ્ત અને વાસનાથી તૃષાતુર બનેલી મનોભૂમી શાંત અને તૃપ્ત બની કષાયનો ઉત્તાપ ગયો, વાસનાએ વિદાય લીધી.

અમદાવાદની જૈનજનતા વેરઝેર ભૂલી ગઈ. કેટલાક આંતરિક ઝાંખરા, ડાંખલા, પાંદડા હતા તે સ્વચ્છ બની

---

હે જિનેન્દ્ર ! તમારૂં આ શાસન લોકમાં પ્રકાશે છે.-દીપે છે. શાસન કેવું છે ? મુનીન્દ્રોના સમૂહને મુક્તિમાં જોડવાથી નિર્ભર અને સનાતન છે. જો મુનિઓના મુખમાંથી નીકળેલી વાણી અતથા-અવિપરીત ન હોત તો શ્રુત-શાસ્ત્રમાં જે ઉત્કૃષ્ટ જ્ઞાન છે. તે વૃથા-નકામું થાત તેમજ તમારી વાણી પણ નિષ્ફલ થાત.

ગયા કારણ કે—આ દિવ્યપુરૂષનો દિવ્યપ્રભાવ યોગરદમ અદૃશ્યપણે અવિરત કાર્યરત હતો.

ભવ્યોનો ભાવ દિન પ્રતિદિન વધતો ગયો. એના લીધે આ મુનીશ્વરને પદવીપ્રદાનની વાતો ચાલી. અમદાવાદની જૈનજનતા એટલી ઘેલી બની કે—આ મુનીશ્વરને આચાર્ય બનાવી દઇએ. શાસનનાયક બનાવી દઇએ. તપાગચ્છાધિપતિ બનાવી દઈએ.

પણ યશની કામના વિહૂણા આ મુનીશ્વર પદવી લે એ અસંભવ હતું. એમાં યોગોદ્વહન કર્યા વિના આચાર્યપદ લેવાનું મહાપાપ તો એ સ્વપ્નમાં પણ ન કરે 'તપાગચ્છાધિપતિ' પદ આપવું એ શ્રાવકોની ભક્તિમાંથી ઉભી થએલી ઘેલછા હતી. આ મુનીશ્વર સમજતા હતા કે-તપાગચ્છના દરેક સમુદાયના વડીલો ભેગા મળે, અને સર્વ-સંમત થઇ એ પદવી એકને આપી શકાય, શ્રાવકો કે પોતાના શિષ્યો પોતાના ગુરૂને તપાગચ્છાધિપતિ બનાવે એ આત્માને ડુબાડે, અજોગીયા આચાર્ય થવું એ આત્માને ભવમાં ભૂલાવે, માટે તપાગચ્છાધિપતિ વિશેષણવાળું બીરૂદ

---

હે જિનપતિ ! જગતમાં શ્રદ્ધાદિકના સમૂહથી કરાએલાં સુ-સારાં પૂજનો સ્નાત્રાદિ કાર્યોના સમૂહથી સુકૃતોદ્ધત—સારા ગર્વિષ્ઠ એવાં સ્થિર ચૈત્યો તે બધાં મુનિમહાત્માઓનાં સમૂહથી કરાવાએલાં છે. અર્થાત્ તેમના ઉપદેશથી થએલાં છે.

ધારણ કરી શાસનની મૂળભૂત પ્રણાલીકા તોડવી નથી. જેને લોકૈષણાની લાલસા પજવતી હોય તે ભલે પોતાની જાતને તપાગચ્છાધિપતિ કહેવરાવે; પરંતુ જ્યાં સુધી સર્વ શિષ્ટમાન્ય ન હોય ત્યાં સુધી એ પદ કેમ લેવાય?

આખરે સંઘે ગણીપદ અને પન્યાસપદ માટે ભાવપૂર્ણ વિનતિઓનો ધોધ વરસાવ્યો, મુનીશ્વરે વિધિપૂર્વક આગમ-વાચનાઓ માટે આ પદવીઓની આવશ્યકતા અને શાસ્ત્રીયતા છે. એવું જણાયાથી એ પદવીઓ સ્વીકાર કરશે, તેવી સંમતિ આપી.

મંગળ પ્રભાતે કાલગ્રહણની વિધિપૂર્વક શ્રી ભગવતીજીના યોગ ચાલુ થયા, શુદ્ધ આયંબીલ અને શુદ્ધ નીવી યુક્ત છમાસ ઉપરાંતનો મહાતપનો પ્રારંભ કર્યો, પદવી ગ્રહણ કરવાની યોગ્યતા જ્ઞાનદ્વારા પ્રાપ્ત કરી હતી જ, પણ હવે તપનો ઉમેરો કરી શાસ્ત્રીયતા કેળવી.

પદવી પ્રદાન પ્રસંગ સમીપ આવતો ગયો અને અમદાવાદની પ્રજાનો આનંદ હેલે ચડતો ગયો, અમદાવાદને આંગણે ભાતભાતની તૈયારીઓ થવા લાગી, મંદિરે મંદિરે ઉત્સવ મંડાયા, ધવલ મંગલના ગીતો ચાલુ થયા, દેશ

---

કર્મરૂપી નર્તકથી કરાવાએલું નાટક—નાટ્ય કોનાથી—કયા જીવે કરીને અત્યંત—અધિક ન નચાયું. ખરેખર સર્વકાલના તે નાટ્ય ગણતાં જગતમાં દરેક જીવે ઘણા કર્યા.

પરદેશના સન્માન્ય પુરૂષો પધાર્યા, ધજા, તોરણ, કમાન, પતાકા, વૈજયંતિ વિગેરેથી બજારો, પોળો, શણગારવામાં આવી આસોપાલવના તોરણ બંધાયા, મોતી–અક્ષતના ચોક પૂરાયા, રજવાડામાં કુમારનો રાજ્યાભિષેક થતો હોય તેવો દબદબા ભર્યો એ મહોત્સવ ઉજવાયો.

અમદાવાદ ધન્ય બન્યું, અમદાવાદનો જૈન સંઘ ધન્ય બન્યો, ઇતિહાસકારોએ આ વર્ષને ઐતિહાસિક ગણ્યું અને સુવર્ણાક્ષરે લખ્યું, વિક્રમ સંવત્ ૧૯૬૦ અને શ્રી વીર નિર્વાણ સંવત્ ૨૪૩૦.

## વિહાર

પન્યાસ પ્રવર શ્રી આનંદસાગરજી ગણીન્દ્ર ચતુર્માસ પૂર્ણ કરી સાધુમર્યાદા પ્રમાણે વિહાર કર્યો, અમદાવાદની પ્રજાને વિહારના સમાચારે ગમગીન બનાવી દીધા. પોતાનો અત્યંત નિકટનો સ્વજન જતો હોય તેવું લાગ્યું. વળાવવા આવેલાની આંખોમાંથી ચોધાર આંસુઓની ધારા વરસતી હતી. એ આંસુઓની ધારા કહેતી હતી. કે અમને નોંધારા કરી ક્યાં જાઓ છો ? અમને હવે કોનો આધાર !

---

કર્મનર્તક જીવોને કેમ–શા માટે નચાવે છે ? પોતાની તૃષ્ટિ–આનંદ માટે નચાવે છે. એમ કહો તો તે કર્મનર્ત્તક ચૈતન્યવાન્ નથી. પરંતુ કર્માધીન બની જીવો જ નાચ કરનારા છે. આથી જ સંસારમાં જીવો સુખી નથી. અને તેમાં કરેલું બધું નાટ્ય–નાટક નિષ્ફલતાને ધારણ કરે છે.

આ આંસુઓની ધારા સાધુ મર્યાદામાં એ મુનીશ્વરને વિઘ્ન ન નાખી શકી. વિધિવત્ વિહાર થયો. અને ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા વિજાપુર તાલુકાના પેથાપુર નગરે પધાર્યા.

## પેથાપુર પરિષદ

આ સમયે પેથાપુરમાં એક વિશિષ્ટ પરિષદ હતી. પન્યાસપ્રવર આ મુનીશ્વરના પધારવાના સમાચારો મળતા પરિષદનો રંગ ઓજસ્વી બની ગયો. જ્યારે પરિષદના પટાંગણમાં પધાર્યા ત્યારે એ પટાંગણ જયઘોષણાઓથી ગાજી ઊઠ્યો.

પરિષદના અધ્યક્ષ, માનનીય પદાધિકારીઓ સભ્યો વગેરે પોતાના ઉચ્ચ આસનો તજી સામે એક પ્રેક્ષકની જેમ આવ્યા. આ મુનીશ્વરને સુંદર કાષ્ઠમય ઉચ્ચ આસને બેસાડ્યા. અન્ય સૌ શ્રોતા તરીકે નીચે સન્મુખ આવી બેઠા.

## પ્રવચન

મુનીશ્વરનું પ્રેરણાત્મક પ્રવચન ચાલુ થયું, પ્રવચનનો ધ્વનિ હતો 'શાસન ખાતર સમર્પિત થવું' શાસન આપણું છે અને આપણે શાસનના છીએ, એ શાસનની ઉન્નતિ અને રક્ષા ખાતર આપણે આપણા પ્રાણો ન્યોછાવર કરી

હંમેશા વિષયકષાયમાં મનની આસક્તિ સંપૂર્ણ છે. જ્યારે તમે તેના–વિષયકષાયના વિયોગથી-અભાવથી થએલું ધર્મનું મૂળ છે. એટલે 'ધર્મ વિષયકષાયના અભાવમાં છે.' એમ કહો છો, હું બીજું શું કહું. હું પણ હજી તેમાં જ આસક્ત છું.

દઈએ તોય ઓછું છે. શાસનની રક્ષા–સેવા કરતા મૃત્યુ આવે તો એ મૃત્યુ ધન્ય છે. અને એનું જીવતર પણ ધન્ય છે. શાસનસેવા વિનાનું જીવન એ ભૂંડણના બચ્ચા જેવું જીવન છે.

આજે શાસન ઝાંખુ પડયું છે. તે આપણા પ્રમાદના પ્રતાપે, ધગસના અભાવે, તમે બધા જાગો, ઊઠો અને કદમ બઢાઓ, કમ્મર કસો, અને મંડી જાઓ, આ જીવન ખાવાપીવા માટે નથી પણ શાસન ખાતર શહીદ થવા માટે છે. માયકાંગલાઓ જગતમાં સારી રીતે જીવી શકતા નથી. તેમ મરી શકતા પણ નથી. તમે ભેગા મળ્યા છો તો એક શુભસંકલ્પ કરીને જાઓ. શાસનની સુરક્ષા ખાતર અમે અમારા પ્રાણોની કુરબાની દેતા પણ હવે કદી અચકાશું નહિ, અમે અમારું સર્વસ્વ શાસન ખાતર સમર્પણ કરીશું. અમે શહીદી વરીશું પણ શાસનને ઝાંખું નહિ થવા દઈએ.

પન્યાસપ્રવર મુનીશ્વરના પ્રવચને જાદુઈ અસર કરી એક ગરમી આવી ગઈ. પરિષદનો પ્રાણ તેજસ્વી બની ગયો. સફળતાપૂર્વક વીર નિર્વાણ સંવત ૨૪૩૧ની સાલની એ પેથાપુર પરિષદની પરિસમાપ્તિ થઈ.

---

કર્મબંધનના સાધનમાં એટલે કર્મબંધ થવામાં કૃતાદિભેદ વડે તમે ભવ્યોની આગળ આશ્રવોને કહો છો. તો પછી જીવો વ્રતનો આશ્રય કેમ કરતા નથી ?

## કપડવંજ ભણી

આ મુનીશ્વરના જન્મથી પવિત્ર બનેલ અને પ્રસિદ્ધિને પામેલ કપડવંજ જૈન શ્રીસંઘના આગેવાનો પૂજ્યપ્રવર મુનીશ્વરને કપડવંજ પધારવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું.

મુનીશ્વરે જણાવ્યું, ક્ષેત્રસ્પર્શના. વિચરતા વિચરતા કપડવંજના કિનારે આવ્યા છે. એવા સમાચાર નગરમાં ફરી વળતા સ્વાગતની તૈયારી સાથે સંપૂર્ણ સ્થાનિક જૈન-સંઘ નગરની બહાર ઉમટ્યો. સંઘને એક ગૌરવ હતુ કે અમારા ગામનો લાડકવાયો એ આજે શાસનનો વિજયવંત હીરો નિવડ્યો છે. નગરની નમણી નારીઓ વિધાતાના ઓવારણા લેતી હતી. આ મહાપુરૂષને સાચા મોતીડે વધાવતી હતી. મોતી સાથે અક્ષત અને સુવર્ણ–રજતના સોહામણા ચમેલી શા ફુલો પણ હતા.

આ સ્વાગતયાત્રા નગરમાં ફરી જિનમંદિરે જઈ ઉપાશ્રયે આવી. ઉપાશ્રયની માનવમેદની મુનીશ્વરના વ્યાખ્યાનમાં એકરસ બની ગઈ હતી. સમયનું ભાન પણ રહ્યું ન હતું.

પન્યાસપ્રવર મુનીશ્વર કપડવંજ નગરમાં રહ્યા ત્યાં–સુધી વાતાવરણ ધર્મમય બની ગયું હતું. કારણકે ધર્મરાજા

---

હે અરિહંત ? બીજાઓની જેમ તમારે આશ્રવોમાં કૃતીદિભેદો હોય તો નક્કી અનાદિઅનંત સંસાર ન હોય.

સ્વયમેવ હાલ આ નગરમાં સદેહે પધાર્યા હતા. રાજા હોય ત્યારે એ નગર રાજાને અનુકૂળ વર્તે એ વાત જગવિખ્યાત છે.

ચાતુર્માસ કલ્પ પૂરો થતા વિહારનો સમય આવ્યો શિષ્ય પરિવાર સાથે વિહાર કર્યો ત્યારે નગરની સીમા સુધી પધારેલા શ્રાવકોની આંખમાં આંસુઓની હેલી વરસતી હતી. શ્રાવિકાઓને તો પોતાના પુત્રના વિયોગ જેવું અસહ્ય દુઃખ લાગતું હતું. કપડવંજનો પનોતો પુત્ર કેટલાય વર્ષે આવ્યો અને થોડા દિવસમાં ચાલ્યો એ દુઃખ ઘણું વસમું લાગતું હતું.

## વિદાય–દેશના

મુનીશ્વર એક ઘેઘૂર વડલા નીચે ઉભા રહ્યા. ચતુર્માસ વિદાયની દેશના ઉભા ઉભા ચાલુ કરી.

હે ભવ્યાત્માઓ ! તમને મારા પ્રતિ અનુરાગ છે તે અનુરાગને ધર્મમાં પલટી નાંખજો. મારા ઉપરની પ્રીતિ તમને વ્યક્તિરાગ જન્માવશે. ત્યારે ધર્મ ઉપરની પ્રીતિ તમને ગુણાનુરાગી બનાવશે. તમે ધર્મ આરાધના સુંદર કરો છો, પણ હજુ એ આરાધના મોક્ષ અપાવે તેવી નથી.

હે નાથ ? તમારા શાસન સિવાય ક્યાંય નિર્દોષ દેશના પ્રાપ્ત થતી નથી. તે નિર્દોષ દેશના આશ્રવ–બંધના ક્ષયથી મોક્ષમાં લઈ જનારી છે તેને તેઓ જોતા નથી.

માટે મોક્ષ અપાવે એવા એક આત્માનુલક્ષી બની ધર્મ આરાધના કરો, આત્માનો મોક્ષ વહેલામાં વહેલો થાય અને આપણે સૌ વહેલી પળે મોક્ષ સુખ પામીએ એ જ શુભાભિલાષા.

અંતમાં ફરી એકવાર જણાવું છું કે તમે મારા પ્રતિના રાગને ધર્મ પ્રતિ વાળી નાંખજો, તેમાં તમારા આત્માનો ઉદ્ધાર વહેલો થશે. આવો રાગ ધર્મ પર થશે. ત્યારે શાસન વિજયવંત બનશે.

આટલું કહી પરોપકારપ્રવણ મુનીશ્વરે વિહારનો આરંભ કર્યો.

*

---

બીજાઓ–અન્ય દર્શનકારો ભક્તગત–ભક્ત સંબંધી ભાર–ચિંતા એઓ પોતે ધારણ કરે છે. અને તેથી તેઓ ભક્તોને કહે છે કે–અમે તમને ભવથી સંસારથી તારનારા છીએ. ભક્તની ચિંતા કરનાર સંસારતારક બની શકે નહિં.

# પ્રકરણ સાતમું

## સુરત શહેરમાં

સુરત શહેર! 'સુરતનું જમણ અને કાશીનું મરણ' ભારતભરમાં પ્રસિદ્ધ છે. એ ઉપરથી સુરતીઓ કેવા મોજીલા છે. એનો ખ્યાલ આવી શકે છે. ભારતભરના શહેરમાં સુરત એ એવું શહેર છે જ્યાં શાકભાજી ખાવાનું પ્રમાણ સૌથી વધુ છે.

પ્રજા સુખી, શાંત અને સમજુ છે. દુઃખને ભૂલવાની અજબ તાકાત ધરાવે છે. બુદ્ધિ અને કળાનો સમન્વય સાધતા આવડે છે. આ બધું છતાં ધર્મનો રંગ પણ અજબનો છે. સુરતમાં 'વાર કરતાં તહેવાર ઘણા' કહેવાય છે, તે તેની ધર્મભાવનાની સાક્ષી પૂરે છે.

સુરતમાં નંદીશ્વરદ્વીપના મંદિરમાં ફલકો ઉપરનું ચિત્ર-કામ ૧૭૫ વર્ષ ઉપરાંતનું છે. ત્યાં એક સિદ્ધગિરિનો પટ

---

અશક્યનો—જે શક્ય ન હોય તેવાનો ઉપદેશ કરવો ન જોઈએ આ વચન સર્વને સંમત છે. તમે છકાયને વિષે દયા કરવાનું કહો છો, તે કાંઈ અદ્‌ભુત=આશ્ચર્યકારી નથી. અર્થાત્‌ અશક્ય નથી. ષટ્‌કાયની દયાનો ઉપદેશ પાલનમાં પણ શક્ય છે.

છે. જેમાં શેઠશ્રી મોતીશાની ટૂંક નથી. કારણ કે શેઠશ્રી મોતીશાની ટૂંક બની, એ પહેલાંનો આ પટ છે. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે આ મંદિરના ફલકો ઉપર વિશિષ્ટ કલામય કાર્ય થયું છે.

સુરત બીજી રીતે ધનકુબેરોની નગરી ગણાતી. દરેક રાજ્યો સુરતને લૂટવામાં કમીના ન રાખતા. મરાઠા મોગલ અને બ્રીટીશ રાજ્યોએ ઘણીવાર બદદાનતથી સુરતને પીંખી નાખવાના પ્રયત્નો કર્યા છે. અનેક વખત લૂંટફાટ, તોડફોડ અને કચ્ચરઘાણો કાઢવામાં આવ્યા છે. છતાં સુરત ઉપર મહાત્માઓની કૃપા વરસતી રહી છે. તેથી કાળની, કુદરતની અને કાળમુખી સલ્તનતોની અનેક કમરતોડ થપ્પડો છતાં એવું ને એવું રહ્યું છે.

## સુસ્વાગતમ્

આજે વળી અધ્યાત્મશીલ, વચનસિદ્ધ અને અદ્વિતીય વિદ્વાન્ દિવ્ય મુનીશ્વર સુરતના સીમાડે આવી પહોંચ્યા હતા, વનપાલકે શ્રીસંઘને વધામણી આપી, મોજીલી

હંમેશાં જીવ સંસારમાં કર્મનો કરનારો અને તેના ફલને ભોગવનારો છે. ઈશની-જિનેશ્વર ભગવાનની ભક્તિથી-વચનપાલનથી કર્મને ક્ષય પમાડનાર પણ જીવ પોતે છે આવું જાણીને કયો પંડિતપુરૂષ બીજાના વચનનો આશ્રય કરે?

સુરતી પ્રજા આ સમાચારથી વધુ મોજમાં આવી ગઈ. સુરતીઓ પાસે કળા છે કે—તેઓ યોગી પુરૂષોની મોજ માણી શકે છે. તેમ ભોગીપુરૂષોની મોજ માણી શકે છે. સુરતીઓમાં લાગણીશીલતા ગજબનાક હોય છે.

સ્વાગતની તૈયારી તો કેટલા વખતથી ચાલતી હતીજ, સુરતનું જમણ પ્રસિદ્ધ છે. એમ સુરતના 'સાંબેલા' પ્રસિદ્ધ છે. સાંબેલા એટલે શું ? એ તો જોનારને જ ખ્યાલ આવે એ વિના ખરો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

બગી, સગરામ, ઘોડાગાડી, ખુલ્લી મોટર, લોરી, વિગેરેને ફુલો, રેશમના પટ્ટ, કીનખાબ, રંગરંગીન કાપડ, જરી, ફુલગોટા, આસોપાલવ વિગેરે દ્વારા સજાવવામાં આવે છે. સજાયા પછી જ્યારે વરઘોડામાં આવે છે ત્યારે જોનારને ખ્યાલ પણ ન આવે, આ રથ છે કે મોટર છે ! બગી છે કે વહાણ છે ! ઘોડાગાડી છે કે બેલગાડું ? આવી હોય છે સાંબેલાની ખૂબી ભરી વિશિષ્ટ રચના, એક સાંબેલું બનાવવામાં શત રૌપ્યમુદ્રાથી સહસ્ત્ર રૌપ્યમુદ્રા કે તેથી વધુ પણ ખરચી શકાતી.

---

જેણે કર્મના વિધાનો—ભેદો તથા આસ્રવો અને બંધનો જાણ્યા નથી. તેને યમ-વ્રતનિયમ અને નિર્જરા—તપ આદિ પણ અવ્યયદા—મોક્ષ આપનાર કેવી રીતે થાય ? અર્થાત્ જ્ઞાનયુક્ત ક્રિયાથી મોક્ષ કહ્યો છે. બંધ—આશ્રવના જ્ઞાન વગર સંવર—નિર્જરાથી મોક્ષ કેવી રીતે થાય ?

આ સામૈયામાં એક વિશિષ્ટતા એ હતી કે સુરત શહેરના તમામ બેન્ડો, તમામ ઢોલીઓ, તમામ શરણાઈ વાદ્યો આવ્યા હતા.

અનેક અલબેલા સાંબેલા સાથે સામૈયુ ચાલુ થયું. ધ્વજા, તોરણ, પતાકા, કમાનો વિગેરેથી સુશોભિત રાજમાર્ગો ઉપરથી પસાર થતું સામૈયુ જિનમંદિરે આવ્યું. જિનમંદિરના દર્શન કરી એ ઉપાશ્રયે આવ્યું.

ઉપાશ્રયમાં મંગળ પ્રવચન થયું, મોરલીના મધુર સૂરે ફણીધર ડોલે, તેમ સુરતીઓ મુનીશ્વરની સુમધુર દેશના–મોરલીના સૂરોથી ડોલી ઊઠ્યા.

પ્રથમ દિવસની દિવ્યદેશના દ્વારા સુરતનો શ્રી સંઘ પારખી ગયો કે આ મહાત્મા વર્તમાનકાળના સર્વોત્તમ અને સર્વોત્કૃષ્ટ મુનિરત્ન છે. અતીત શ્રુતધરોની સ્મૃતિ આ મહાત્મા દ્વારા પલ્લવિત થાય છે. સુરતમાં ઝવેરી ઘણા એમણે શાસનના હીરાને એક જ દિવસમાં પારખી લીધો.

---

અજાણપણે જે ખાડા વિગેરેમાં પડ્યો હોય તેને દયાળુ માણસ બહાર કાઢે પણ જેને દયાનું જ્ઞાન નથી તે બીજાઓને–ખાડા વિગેરેમાં પડેલાને કેવી રીતે ઉદ્ધારે, હે જિન ! સંસારરૂપી સમુદ્રમાં જે મનુષ્યો અજાણ-પણે પડેલા છે તેને, સંસારનું જેને જ્ઞાન નથી તેવા બીજા દેવો કેવી રીતે સંસાર સમુદ્રમાંથી કાઢે. આથી તેવા મનુષ્યો કેવી રીતે શિવ-મોક્ષને પ્રાપ્ત કરે. અર્થાત્ સમ્યગ્જ્ઞાની મોક્ષને પ્રાપ્ત કરી–કરાવી શકે.

## ચૈત્યપરિપાટી

પન્યાસપ્રવર મુનીશ્વરના પ્રવચનો રોજ ચાલુ થયા. સુરતીઓને ધીરે ધીરે પ્રવચન સાંભળવાનું સુવ્યસન થઇ ગયું બીજા પરાઓને પણ પ્રવચન સાંભળવાનું મન થયું, બાળકો યુવાનો અને વૃદ્ધો બધાં લાભ લે એ હેતુ અને પ્રત્યેક જિનમંદિરના ભગવંતોના દર્શનનો લાભ મળે એ હેતુથી ચૈત્યપરિપાટીનું આયોજન થયું. આ ચૈત્યપરિપાટી સુરતમાં આગવી અને પ્રથમ ગણાતી હતી.

ચતુર્વિધ સંઘની સાથે સુરતના દરેક જિનમંદિરના દર્શનનો વિધિ ચાલુ થયો. દર્શનના અંતે એ પરાના ઉપાશ્રય કે જાહેર મેદાનમાં ધર્મપ્રવચન આપવામાં આવતું, સુરતની પ્રજા આ કાર્યમાં શ્રમ અને ભૂખને ભૂલી જતી, આ પુણ્યપ્રતાપ મુનીશ્વરના દિવ્ય અતિશયનો હતો.

આ મહાત્માપુરૂષને લાગ્યું કે સુરતની પ્રજા એ સુપ્રજા છે. ધર્મ–કાર્યોમાં જેમ ધારીએ તેમ ઉપયોગ કરાવી શકાય તેમ છે. એમને કોઈ માર્ગદર્શકની જરૂર છે. એમની

જે ધારણ કરેલાની–અંગીકાર કરેલાની ભક્તિને જાણતો નથી. તે મનુષ્ય સ્વયં પોતે પ્રબુદ્ધોવડે–વિદ્વાનો વડે હસનીયતા–હાસ્યાસ્પદ અવસ્થાને પામે છે. અનાદિ કાળથી આના જ્ઞાનથી–જ્ઞાન હોત તો લેશથી પણ ભ્રાન્ત-ભ્રમણ કરનાર ન જ થાત, હે જિન! મારી શી દશા?

તન મન અને ધનની શક્તિનો સુવ્યવસ્થિત શાસનના કાજે ઉપયોગ લેવામાં આવે, તો અનુમોદનીય ગણાય.

## નિર્ગ્રન્થદ્વારા ગ્રન્થોદ્ધાર

તે સમયે આગમો દુર્લભતર બનતા જતા હતા. જ્યાં ભંડારોમાં હતા. ત્યાં આજન્મકેદી જેવા હતા. કારણ કે એના સંરક્ષકો એ ઓરડા, એ ભંડાર, એ દાબડા ખોલવા દેવામાં હિણપત માનતા હતા. કેટલાક સડ્યા હતા. કેટલાક સડતા હતા. અને કેટલાક સડવાની તૈયારીમાં હતા. આ રીતે કેદખાના જેવી હાલત કરી મૂકવામાં આવી હતી. એ પતિત-પાવન ઉદ્ધારક ગ્રંથોને અંધકારમાંથી પ્રકાશમાં લાવે કોણ ?

બીજી તરફ મુદ્રણપ્રથાનો પ્રારંભ થયો હતો. વાસ્તવિકતાએ તો મુદ્રણનો પ્રારંભ એ હસ્તલેખન પદ્ધતિ માટેનો મહાજ્વાલામુખી અને યમઘંટ યોગ થયો, લેખનકળા મરી પરવારવા લાગી. જો કે હજુ મરી ન હતી. માત્ર ડુસકા લેતી હતી. છેલ્લા શ્વાસ ચાલતા હતાં એમ કહીએ તો વધુ યોગ્ય ગણાશે.

---

બીજા મનુષ્યો ઘણા એવા શુભકર્મથી પણ જગતમાં જે કરવાને સમર્થ નથી. તે હે જિન ! જે ઈંદ્રનું આસન-સિંહાસન અગ્રબળવાળું-ચલાયમાન ન થાય તેવું, તેનું તમે ચાંચલ્ય-ચલાયમાન કર્યું. અહો તમારા સિવાય બીજા મનુષ્યોનું કેવું હીનપણું.

આવી વિષમ પરિસ્થિતિમાં પવિત્ર આગમ ગ્રંથોનું શું ? એ વિચાર આ મુનીશ્વરને અત્યંત બેચેન બનાવી મૂકતો. આગમ ગ્રંથોની આવી સ્થિતિએ મુનીશ્વરની નિંદ હરામ કરી મૂકી. બાહ્યદૃષ્ટિએ હસમુખા, શાંત અને ઉત્સાહ-મૂર્તિ સમા એ દિવ્ય પુરૂષ અંતરથી એકાંતમાં ફફળી ઊઠતા.

ભવ્યોદ્ધારક જિનવાણીના નક્કર નમુનાઓ સમા આ પવિત્ર આગમો ઉપર દુષ્કાળે વિકરાળ પંજો પાથર્યો હતો. ત્યાર પછી શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શ્રી શ્રમણ સંઘ ભેગો કરી બધાને જે જે મુખે હતું. તે તે તાડપત્રો ઉપર લખાવી લીધું અને શ્રમણસંઘ-નાયકોએ પારસ્પરિક સ્મૃતિનો મેળ કરી સંઘને શ્રોતવ્ય બનાવ્યા.

આચાર્યદેવશ્રી હેમચંદ્રાચાર્યે દરેક આગમો રાજેશ્વર શ્રી કુમારપાળ ભૂપાળના સુદ્રવ્યથી સુવર્ણાક્ષરે અને રૌપ્યાક્ષરે લખાવ્યા. તેમજ રોશનાહીથી પણ લખાવ્યા, શ્રી વસ્તુપાલ તેજપાલ જેવા મહા મંત્રીઓએ પણ લખાવ્યા હતા.

---

હે પ્રભો ! તમે નીચકુલમાં રહે છતે પણ ઈંદ્રનું આસન કંપાવ્યું. અપ્રાપ્તાન-ઉદયમાં નહિં આવેલું એવું તીર્થંકર નામકર્મ પણ ફલ આપનારૂં છે. આ પ્રમાણે તમારો મત છે. નીચગોત્ર કર્મના ઉદયે નીચકુલમાં જન્મ અને તીર્થંકર નામકર્મ ઉદયમાં ન આવવા છતાં ઈંદ્રનું આસન ચલાયમાન થયું. અર્થાત્ ભગવાનના જન્મ સમયે આસન ચલાયમાન થાય છે.

અને અજયપાળ જેવા અનાર્યાચરણી રાજાઓએ આગમોને ભડકે બાળ્યા. મોગલોએ હોળીઓ કરી. અનાર્ય દેશમાંથી ઉતરી પડેલા ધોળી ચામડીવાળાઓએ ભોળાઓને ભોળવી ઘણા પ્રાચીન ગ્રંથો ખરીદી લીધા, કેટલાકને દબાવી બળજબરીથી પડાવી લીધા.

વચગાળામાં સંયોગાધીન શીથીલતાને પામેલા છતાં શ્રદ્ધામાં સુદૃઢ યતિવરોએ આગમગ્રંથો પોતાની સંપત્તિ માની રક્ષા કરી, કેટલાકે સંતાડ્યા, કેટલાકે છૂટા છૂટા ગ્રંથો લખાવ્યા, એટલું વળી શ્રી સંઘનું અહોભાગ્ય.

ત્યાર પછી યતિવર્ગ વધુ શીથીલ બનતો ગયો, અને યૂરોપીય મુસદ્દીગીરીએ એમાં બે ભાગ કરાવ્યા, ધીરે ધીરે ઉપાશ્રયના આગેવાન શ્રાવકોએ માલીકી હક્ક કરી ભંડારોને કેદ કર્યા, જો સુરક્ષા અને માવજત કરી હોત તો ઘણું સારૂં હતું. પણ કેટલાક કમનસીબ કાર્યકરોએ વેચી માર્યા, કેટલાકે વેચ્યા નહિ પણ માવજતના અભાવે ભંડારોમાં રહી એ ગ્રંથો જીર્ણ-શીર્ણ અને વિદીર્ણ બન્યા.

---

હિતનો શુભકર્મનો ભેદ અહિં કોઇક નિશ્ચિત છે. આથી જ હરિણૈગમેષી દેવ વિચાર કરીને સિદ્ધાર્થ રાજાના મહેલમાં તમને લઇ ગયો. આ તેનો આચાર છે. એ વચન પણ તે પ્રમાણે જ છે.

## મુનીશ્વરની મનોભાવના

ઓ મારા નાથ ! આ તારી વાણીને કેમ બચાવું ? જો એ નહિ હોય તો જગતનું કલ્યાણ કોણ કરશે ? આ કળીકાળમાં મોહાદિ વિષધરોનું ઝેર કોણ દૂર કરશે ?

શું આ આગમોનું મુદ્રણ કરાવું ? એમાં પણ દોષ લાગશે ને ? છાપકામમાં મુફો પસ્તીમાં જશે. આગમો પૈસા-દ્વારા ખરીદાશે, અમૂલ્ય વાણીનું બજારમાં મૂલ્ય અંકાશે, અયોગ્ય આત્માઓના હાથમાં જતાં અનર્થનું કારણ બનશે, એ પામર આત્માઓ રક્ષણહાર સાધનને ભક્ષણહાર બનાવશે, અમૃત એમને ઝેર બનશે, આગમો પ્રતિ શ્રદ્ધા, ભાવ, પૂજ્યતા છે એમાં ઘટાડો થશે.

જો આગમગ્રંથોને મુદ્રિત કરાવવામાં નથી આવતા, તો રહ્યું સહ્યું ભવ્યાત્માઓનું તરવાનું સાધન વિલુપ્ત થશે લેખન કાર્ય દુષ્કર બનતું જાય છે. લેખનકારો ઘટતા જાય છે. જે છે તે પણ પ્રમાદી અને અનભ્યાસી છે. મુદ્રણપદ્ધતિ સામે લેખનપદ્ધતિ આર્થિક રીતે કે બીજી રીતે પણ ટક્કર ઝીલી શકે તેમ નથી.

---

તમારા અભિષેકમાં જલસમૂહને નમાવતા–જલાભિષેક કરતાં ઇંદ્રનું મન કેમ સંશયવાળું થયું ? જે પહેલાં આજ ગિરિ–મેરૂગિરિ પર નમિ આદિ તીર્થંકરોનો ભાવયુક્ત અભિષેક કર્યો છે.– ત્યારે કેમ આવો સંશય ન થયો ?

છપાવવામાં અનેક સમસ્યાઓ ઉભી થાય છે. અને નહિ છપાવવામાં અનેક હાનિસ્થાનો ઉભરાય છે. ઓ જગ-ગુરૂ ! જગનાથ ! શું કરૂં શું ના કરૂં ?

અનિવાર્ય સંયોગ અને આપદ્ધર્મ માની હે ભગવન્ ! તારા મુખથી પ્રગટેલા અણમોલ વચનોના સંગ્રહરૂપ આગમોને મુદ્રણ કરાવવામાં જે અપરાધ થાય તે ક્ષમા કરજે.

હું મારા ખાતર કાંઈ નથી કરવાનો પણ ભાવીમાં વ્યાપ્ત બનનારા અંધકારને આવતો અટકાવવા આ કાર્ય કરવા તત્પર બન્યો છું, એમાં જે ભૂલ થાય તેની ક્ષમા કરજે.

## આગમ–ગ્રંથોદ્ધારની વાત

અનોખી ભાતભરી સુરતની ચૈત્યપરિપાટી ચાલુ હતી. આગમના મુદ્રણના વિચારોને આકાર આપવા એક મંગળમય દિવસે પ્રવચનના મધ્યભાગે વાત ઉચ્ચારી.

હે પુણ્યવાનો ! આપણે સૌ વીતરાગ પરમાત્માના દર્શને નિકળ્યા છીએ. કારણકે આપણને સૌને સંસાર તરવાની ઇચ્છા છે. સંસાર તરવાના એ સાધનો ઘણાજ સહિસલામત મનાય છે. તેમાંનું તો એક આપણે હાલમાં રોજ અમલમાં લાવી રહ્યા છીએ, તે છે ચૈત્યપરિપાટી.

---

જો કે જે થવાનું નથી તે થતું નથી. અને જે થવાનું છે તેને અન્યથા ન થાય તેમ કોઈ કરી શકતું નથી. હે આત્મન્ ! આ વિચાર કરીને તું પોતાના સ્વરૂપમાં સ્થિર થા.

પરંતુ હજુ બીજું એક મુખ્ય સાધન બાકી છે અને તે સાધન સાપેક્ષ રીતે પ્રથમના સાધન કરતા ચઢી જાય તેમ છે. જિનચૈત્યથી સંસાર તરાય છે. પણ એ જણાવનાર કોણ ? તો જિનવાણી. જિનવાણીનો સંગ્રહ એટલે જિનાગમ શ્રી જિનચૈત્યપરિપાટી સાથે આપણે શ્રી જિનાગમને પણ યાદ કરવા જોઇએ. જિનની આજ્ઞા એમાં રહેલી છે. એ આજ્ઞાનું પાલન ધર્મ છે આપણે જિનચૈત્યપરિપાટીની આજ્ઞાનું પાલન કર્યું, પણ જિનાગમોનું શું !

આજે પૂજ્ય આગમોની કેવી અવદશા આપણા અજ્ઞાનથી અને આળસથી થઈ રહી છે ! આ માટે પણ એક સંગીન કાર્ય કરવા જેવું છે. આજે અનિવાર્ય સંયોગોને લક્ષમાં લઈ આગમો છપાવવા ફરજીયાત આવશ્યક બન્યા છે. પૂજ્ય શ્રમણસંઘની સ્મૃતિશક્તિ, લેખનશક્તિ, ઘટી છે. તેમજ શ્રી શ્રાવકસંઘની લેખન-કારાપણ શક્તિ ઘટી છે. આવા સંયોગોમાં મુદ્રણ કરાવવું એ અનિવાર્ય આવશ્યક બને છે.

મુદ્રણપદ્ધતિ કરતાં લેખનપદ્ધતિ ઘણી નિર્દોષ અને ઉત્તમ છે. લેખન કરતા સ્મરણ ઉત્તમોઉત્તમ છે. પણ

નિષ્ફલ પ્રયત્નવાળા પુરૂષો પંડિતોમાં જરા પણ શોભાને પામતા નથી. કારણ કે કર્મમાં જ ફલ નિશ્ચિત છે. અર્થાત્ કર્માનુસારે જ ફળ મળે છે. તેથી હે જીવ ! તું ચિંતાને છોડી દે. જીવનો પ્રયત્ન કાંઈ કામ લાગશે નહિં.

અવસર્પિણીકાળના પ્રતાપે મુદ્રણમાં દોષો છતાં આશ્રય લેવો પડે છે. આ વ્યવહારૂ વાત છે કે–જ્યાં વધુ લાભ હોય ત્યાં થોડું નુકસાન ગૌણ બની જાય છે. તેમ લાભ વિશેષ હોઈ આગમગ્રંથો મુદ્રણ કરાવવા આવશ્યક બન્યા છે. આ માટે અવસરે ભાવના રાખશો.

પૂજ્ય મુનીશ્વરમાં વિશિષ્ટ ખાસીયત હતી કે દબાણ અગર આ કાર્ય કરવું જ પડશે. એવી શૈલી એમણે કદી અપનાવી ન હતી.

માત્ર સૌને પોતાની ફરજનું ભાન થાય તેટલું જ ટૂંકમાં જણાવતા શ્રોતાઓએ કેટલું કરવું, એ એમની સ્વેચ્છા ઉપર નિર્ભર હતું.

## એક લક્ષ રૌપ્યમુદ્રા

સુધારસસી વાણી સાંભળી શ્રોતાઓ નિરવ શાંત બની ગયા, પ્રવચનની પરિસમાપ્તિ થઇ. પૂજ્યપાદ મુનીશ્વર 'સર્વ મંગળ' બોલવા જતા હતા ત્યાં એક પુણ્યવાન ઉભા થઈ ગયા. એમણે વિનંતિ પૂર્વક નમ્રપણે જણાવ્યું–

---

અહિં કર્મનું ફલ નિયત છે. એટલે કર્માનુસારે ફલની પ્રાપ્તિ નિશ્ચિત છે. તો તેને–ફલને સ્થિર કરવામાં અને ભાવિને જાણવામાં વ્યર્થ ફોગટ ચિંતાથી તારે શું ? હે આત્મન્ ! તું તારા સ્વરૂપમાં સ્થિર થઈને રહે.

પૂજ્યપ્રવર મુનીશ્વરના ઉપદેશથી ઘણી ઘણી બાબતોમાં અમારા શ્રી સંઘની આંખો ખુલી છે. અવારનવાર અમને નવું માર્ગદર્શન અને નવો પ્રકાશ મળતો ગયો છે. એના પ્રતાપે અમે અમારા કર્તવ્યોને સમજતા પણ બન્યા છીએ. અમે અમારું સંપૂર્ણ જીવન જિનશાસનને સમર્પણ કરી દેવા શક્તિમાન બન્યા નથી. અર્થકામની લાલસાઓ કે વાસનાઓ સંપૂર્ણ નેસ્તનાબૂદ થઈ નથી. છતાં આ પૂજ્યવરે ચિંધેલા માર્ગમાં પણ અમે ફુલ નહિ તો ફુલની પાંખડી જેટલું પુણ્યકાર્ય કરીશું આ પવિત્ર પ્રસંગે અમારા વડીલના સ્મરણાર્થે ફક્ત એક લાખ રૂપિયા પૂજ્ય આગમોના તેમજ પ્રાચીન ધર્મશાસ્ત્રોના મુદ્રણ કાર્ય માટે આપું છું. શ્રી સુરતનો જૈન સંઘ અમારી નજીવી આ રકમ સ્વીકારી અમારા ઉપર ઉપકાર કરશે. તેમજ આ દ્રવ્યની સુયોગ્ય વ્યવસ્થા કરશે. એવી વિનંતિ કરીએ છીએ.

આ એક લાખ રૂપિયાનું દાન વિ૰ સંવત્ ૧૯૬૪ની સાલનું છે. એની કિંમત આજે એટલે ૨૦૨૮ની સાલમાં આંકવામાં આવે તો સાડાબાર લાખ ઉપર થાય, ૨૦૨૮ની સાલમાં કોઈ દાતાર સાડાબાર લાખનું દાન કરે જેણે

---

નિષ્ફલયત્નવાળો પુરૂષ એટલે ઉદ્યમને જ ફલદાયક માનનાર જો કે પ્રશંસાને યોગ્ય નથી. તો હે જીવ! આત્મા-સ્વયં પોતે જેનાથી અબુધ-અજાણ છે પછી દૃઢતાને છોડીને ભવિષ્યની-ભાવિમાં મારૂં શું થશે? આવી ફોગટ ચિંતા શા માટે કરે છે? અર્થાત્ એ વિચાર નકામો છે.

૧૯૬૪માં ૧ લાખનું દાન કર્યું હશે તે બંને સમાન દાનના દાતાર ગણાય. આજે રૂપિયાનું સાડાબાર ગણું અવમૂલ્યન થયું છે. તમે જાતે નીચેના આંકડા મેળવી જુવો.

વિ૦ સં૦ ૧૯૬૪માં સોનું ૧૮ રૂપિયા તોલો, ચાંદી ત્રણ આના તોલો, ઘઉં એક મણનો એક રૂપિયો, બાજરી એક મણના બારઆના, ચોખા એક મણનો એક કે સવા રૂપિયો, સારામાં સારો ધોતીજોટો ૨ રૂ૦

હવે તમે સં૦ ૨૦૨૮ના ભાવ જુઓ. સોનું ૨૧૦થી ૨૨૦ રૂ૦ તોલો. ચાંદી ૭ રૂ૦ તોલો. ઘઉં ૨૦ રૂ૦ના એક મણ, બાજરી ૧૪થી ૧૮ રૂ૦ મણ, ચોખા ૨૫થી ૪૦ રૂ૦ મણ, સારામાં સારો ધોતીજોટો ૪૮થી ૬૦ રૂ૦

આ કારણોસર જ સં૦ ૧૯૬૪નું એક લાખનું દાન આ આજના સં. ૨૦૨૮ના સાડાબાર લાખ રૂપિયાના દાન બરોબર છે.

## આગમોદ્ધારક

એક સંસ્થાની સ્થાપના થઇ. ઉદારમૂર્તિ શ્રી ગુલાબચંદ ભાઈ વિગેરે કુટુંબીજનોએ એક લાખ રૂપિયાની પિતૃ–

---

હે જીવ ! સતત સારા સારા પ્રયત્નવાળા વૈદ્યો ડોક્ટરો તારે હાજર છે. અલ્પઉદ્યમથી તરત જ હાજર કરાએલાં શ્રેષ્ઠ ઉત્તમ ઔષધો છે. તેમજ સેવા કરનારા શ્રાવકોની શ્રેણી જે હંમેશા ઉદ્યુક્ત–ઉદ્યમવાળી છે. છતાં પણ પૂર્વે કરેલાં કર્મ તો તારે જ ભોગવવાનાં છે.

સ્મૃતિ–વડિલસ્મૃતિમાં આપ્યા. તેથી શ્રી સંઘે એ પિતા–વડીલનું નામ સંસ્થા સાથે જોડી દાતારના વડીલને યાદગાર બનાવ્યા, એ સંસ્થાનું નામ. 'શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ' રાખવામાં આવ્યું.

આ સંસ્થાદ્વારા તેમજ 'આગમોદય–સમિતિ' નામની સંસ્થાદ્વારા આ મુનીશ્વરે અનેક આગમો ગ્રંથો ચરિત્રો પ્રકાશિત કરાવ્યા.

શ્રદ્ધાવંત શ્રાવક સંઘે દ્રવ્યની સહાય આપી પણ આ મુનીશ્વરના કાર્યમાં અનેકગુણો વધારો થયો. ભંડારોના ભંડકી-યામાં ભંડારેલી પ્રતોને મેળવવું મુશ્કેલ બન્યું, મહાપ્રયત્ને કેટલીક મળી. એમાં કેટલીક અશુદ્ધ અને કેટલીક મહાઅશુદ્ધ કેટલાકના અક્ષર સારા તો કેટલાકના મંકોડાની ટાંગ જેવા, કેટલીક પ્રતો પૂર્ણ તો કેટલીક ખવાઈ, ભૂંસાઈ અને પાણીથી પલળી બેવડ બની ગએલ, વળી કેટલાક ગ્રંથ એવા મલ્યા કે બધા પાના સદાને માટે એકમેકને ચોંટી પડેલા, આવા હળીમળી ગયેલા પાનાઓને છૂટા

---

લાંબા કાળથી થયેલા રોગો, આ શરીર પણ નિર્બળ થયું છે. મન–વચન–કાયારૂપ ત્રિયોગી એટલે તેની શક્તિ દૂર ન્હાસી ગઈ છે. (અતિશય વૃદ્ધપણું થયું છે.) હૃદય કાર્ય કરવાને માટે સતત દોડે છે. હા! આખા ભવમાં-જન્મમાં કરેલી સંઘના કાર્ય કરવાની ચેષ્ટા પણ તારી નષ્ટ થઈ છે. તો હે જીવ! તું ચિંતારહિત રહે આ બધું શાસ્ત્રના બોધથી શાંત થઈ જશે.

પાડવા એ પણ એક સમસ્યા હતી. આ બધામાં કેટલો શ્રમ ? કેટલી ધીરજ ! કેવી આવડત ? કેવો ખંત ? એ તો આપણે પૂ૦ આગમોદ્ધારકશ્રીને એ કાર્ય કરતાં જોયા હોત તો ખ્યાલ આવત.

એ કામ હકીકતે ઘણું જ કપરૂં અને અટપટુ હતું. જેમ એક વૈજ્ઞાનીકને એક શોધ ખોળતા અથવા અજ્ઞાત પ્રદેશ ખોળી કાઢતાં જે શ્રમ પડે તેવો શ્રમ અથવા તેથી વધુ શ્રમ આ કાર્યમાં પડતો. પૂ૦ મુનીશ્વર આ કાર્યમાં પોતે પોતાની જાત ભૂલી જતા હતા. આવા અથાગ અવિરત પરિશ્રમને અંતે આગમો અંધકારમાંથી પ્રકાશમાં આવ્યા છે.

આગમોનું મુદ્રણ ચાલું થયું ત્યારે કેટલાક મુનીવરો 'આ પ્રવૃત્તિ ખરાબ છે એવી માન્યતાના આધારે નહિ..' પણ આ મુનીશ્વરની 'આગમોદ્ધારક' તરીકેની પ્રશંસા સ્વત: ફુલતી ફાલતી જોઇ ઈર્ષ્યામાં અટવાઈ વિરોધ કરવા લાગ્યા.

પરંતુ ખરી ખૂબીની વાત તો એ બની કે જેઓએ વિરોધનો ઝંડો લીધો હતો. અને એની આગેવાનીનો દોર ઝાલ્યો હતો. તેઓ જ આગમોની મુદ્રિત થએલી પ્રતિઓ

---

દુર્લભ એવું ઉત્તમ મનુષ્યપણું પ્રાપ્ત થયું. જિનેશ્વર ભગવાનના વચનનુ શ્રવણ પણ પ્રાપ્ત થયું. હિંસાદિ પાપના નિવારણ દ્વારા શ્રેષ્ઠ-ઉત્તમ શ્રદ્ધા પણ મળી. અને શ્રમણત્વ–સાધુપણાને સિદ્ધ કરનારો ભાવ પણ મળ્યો. પણ હહા ! બધું વીર્ય–ઉત્સાહશક્તિ નષ્ટ થઈ ગયું. ચાર અંગો જે દુર્લભ છે તેમાંથી એક અંતિમ અંગ નષ્ટ થઈ ગયું છે.

સૌથી મોટા પ્રમાણમાં ખરીદી લેતા હતા. આવા બધા અણછાજતા વિરોધના લીધે મુનીશ્વર "આગમોદ્ધારક" તરીકે વધુ તેજસ્વીપણે ઝળકી ઊઠ્યા. એટલું જ નહિ પણ સ્વતઃ આગમોદ્ધારક તરીકે જગપ્રસિદ્ધિને વર્યા, ગુણીયલ પુરૂષોની વાણીએ એમને આગમોદ્ધારકની પદવી ન લેવા છતાં આપી દીધી.

આ આગમોદ્ધારક પદવી "નાણ" માંડી આપવામાં આવી હતી એવું નથી, પણ આગમોને બહાર લાવવાનું, એને પ્રકાશિત કરવાનું, અને શુદ્ધ કરવાનું ભગીરથ કાર્ય કર્યું માટે એમનું ગુણવાચક નામ "આગમોદ્ધારક" સ્વયંસિદ્ધ બની ગયું.

*

ઈદ્ધ–શ્રેષ્ઠ શ્રમણપણું–સાધુપણું પ્રાપ્ત થયું નહિં. જો શ્રેષ્ઠ સાધુપણું પ્રાપ્ત થાય તો તે દુરિત–પાપક્ષય આદિ કાર્ય કરે છે. જો વીર્ય–આત્મોત્સાહ હોત તો પરિપૂર્ણ તે જ થાય. હહા ! તારી તે ત્રિયોગી–ત્રણે યોગોની શક્તિ તો નષ્ટ થઈ ગઈ છે.

## પ્રકરણ આઠમું

# મોહમયીમાં નિર્મોહી

હેમંત પછી શિશિર અને પાનખર ઋતુ આવે છે. તેમ સુરતમાં હેંમત અને શિશિર જેવું વાતાવરણ બન્યું, પરંતુ જ્યારે વિહારની વાત જાહેર થઈ ત્યારે પાનખર જેવું ભુખરૂં ભખ વાતાવરણ બની ગયું.

લોક હૈયામાં અરમાનના પાંદડા ખરવા લાગ્યા, સંત વગરની વસંત ઉજ્જડ બનશે. એવું સુરતીઓને લાગ્યું, પૂ૦ આગમોદ્ધારકશ્રીને રોકવા ઘણા પ્રયત્નો કર્યા, જો આ મુનીશ્વર રોકાઈ જાય તો અપ્રતિબદ્ધ વિહારી કેમ ગણાય? મુનીશ્વર શ્રી આગમોદ્ધારકે વિહાર કર્યો, સુરતની પ્રજાના કંઠનો હાર ગયો, સુરતીઓના વદન બદસુરત બની ગયા. ઉદાસ બન્યા.

---

હે ભગવન્! જગતમાં જેટલા પદાર્થો છે તે બધા પદાર્થોનું જ્ઞાન દર્શન સહિત એકજ સમયમાં થાય છે. પણ આશ્ચર્ય છે કે–આ પદાર્થ ઈષ્ટ આ પદાર્થ અનિષ્ટ આમ ઈષ્ટાનિષ્ટ થવામાં તે જ્ઞાન પ્રવર્ત્તતું નથી. કારણ કે–તમે તો અતિનિશ્ચલ છો. અર્થાત્ તમને પદાર્થમાં ઈષ્ટાનિષ્ટત્વ થતું જ નથી.

## મોહમયી

મુંબાદેવી ઉપરથી મુંબઈ નામ પડયું હતું, પરંતુ ત્યાં શહેરની રચના એવા ઢબની બની કે એ આકર્ષી લે, આવેલાઓને પાછા જવાનું મન ન થાય, પંચરંગી પ્રજા સાથે વસે અને સાથે હસે, સંપ સારો અને જંપ સારો, રંગરાગ તો રગેરગ ભર્યા, અહીં વાણિજ્ય ધમધોખાર ચાલે જૈન એટલે વેપારી આલમ, વેપાર જ્યાં ફુલેફાલે ત્યાં જૈન જાય અને જૈન જાય ત્યાં વેપાર ફુલેફાલે, આમ અન્યોન્યાશ્રય ઘટના છે. તેથી આ નગરીનું નામ "મોહમયી" ગુણવાચક લોકજીભે ગવાતું બની ગયું.

મુનીશ્વર શ્રી આગમોદ્ધારકશ્રીને થયું કે મુંબઇની પ્રજા અને તેમાં જૈનો જો રંગરાગના રંગથી રંગાઇ જશે, તો એ રંગ ઉતારશે કોણ ? વૈરાગ્યનો રંગ લગાવશે કોણ? ચાલો ત્યારે મુંબઇ.

વિહારનો આરંભ થયો, વચલા ગામનગરોનો ઉદ્ધાર થતો ગયો. આગમોદ્ધારક મુંબઇગરાઓનો ઉદ્ધાર કરવા મુંબઈ પધાર્યા.

---

બધા પદાર્થોના સમૂહને જાણવા છતાં જીવ લેપથી—રાગાદિથી વિલીન-વ્યાપ્ત જો ન થયો. અને અર્થ—પદાર્થના સમૂહમાં મમત્વભાવને પામીને રાગમાં રોષ—દ્વેષમાં વિલીન ન થયો. તો નિર્લેપપણાથી તે અવસરે નિર્દોષ-દોષવગરની વિરાગતા—રાગરહિત અવસ્થા શું નથી ? અર્થાત છે જ.

સ્વાગત યાત્રાની વાત ન પૂછો, વસંત આવે ત્યારે વનનિકુંજો એનું નવપલ્લવો, નવકુસુમો અને કોયલ કંઠના મધૂરસ્વરે સ્વાગત કરે છે. તેમ આ સંત પધારતા મોહમયીના માનવોએ ભાવભીનો સત્કાર કર્યો.

## લાલબાગ

લાલબાગનો વિશાળ ઉપાશ્રય હતો. એમાં આગમોદ્ધારકની અમોઘ–દેશના હતી. ઉપાશ્રયના ખંડેખંડ અખંડ માનવ–મેદનીથી ઉભરાવા લાગ્યા. શાંતિ અને સ્વસ્થતા આદરણીય, વિદ્વાનો અને શ્રદ્ધાળુઓ આવે નાના આવે મોટા આવે, સૌ સાંભળે, હૈયા ભરી ભરી લેવાય તેટલું લેતા જાય, પીવાય તેટલું પીતા જાય પુનઃ બીજા દિવસે દોડતા આવે, આમંત્રણ કે નિમંત્રણની કોઈ રાહ ન જોતું, જગ્યા બેસવા મળે તો પોતાનું અહોભાગ્ય માને આગમોદ્ધારકશ્રા અહીં અધુરા છતાં મધુરા નામે પ્રસિદ્ધ થયા, સૌ 'સાગરજી મહારાજ' કહેવા લાગ્યા. આ ટૂંકા હુલામણા નામે મુંબઈની જનતા ઉપર અનેરૂં વશીકરણ કર્યું. 'સાગરજી સાગરજી' બોલતાં લોકસમૂહ આનંદતૂર બની જતો.

---

હે જગતના અધીશ !–માલીક !–જ્યારે સર્વે દાસો–સેવકો મહાન્-અત્યંત પીડાથી પીડાઈ રહેલા હોય ત્યારે સમર્થ–સેવકોની પીડા દૂર કરી શકે તેવા તમારા જેવા સ્વામી હોતે છતે આશ્ચર્ય છે કે–તમે તો દિવ્ય–શાશ્વત સુખ સમુદ્રમાં મગ્ન થઈને આત્મસ્વરૂપવાળા હંમેશાં રહો છો.

## શિખરજી ઝુંબેશ

યૂરોપવાસી ધોળી ચામડીવાળાઓએ ભારતના તમામ ધર્મોને ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી હશે એવું માની શકાય છે. એ લોકોની ૪૭૫ વર્ષની રીતભાત ઉપરથી આપણે ચોક્કસ માની શકીએ તેમ છીએ ઉદાર નીતિના આધારે અને કૂટનીતિના આધારે તે પ્રજા કેટલેક સ્થળે ફાવી પણ છે તેમ છતાં આર્યસંસ્કૃતિના કેન્દ્રસ્થળ ભારતમાં ધાર્યું કાર્ય થઇ શક્યું ન હતું. અલબત્ત કેટલેક સ્થળે ગાબડા પાડ્યા હતા તેમજ બીજા આડકતરી રીતે ગાબડા પાડવાની ગુપ્ત યોજનાઓ ચાલુ હતી.

ધોળી પ્રજાના કેટલાક સત્તાધીશ લોકોએ શિખરજી તીર્થની શસ્યશ્યામલા અને દિવસે પણ સૂર્યના કિરણોથી અલિપ્ત રહે તેવા પવિત્ર ભૂમિપ્રદેશ ઉપર પોતાના દાનવી શોખ અને શિકારની સગવડતા ખાતર આવાસો બાંધવાની જાહેરાત કરી હતી.

---

અશર્મ–અસુખ જે અતિ–અધિકતારૂપ દુઃખનો સમૂહ છે તેના કરતાં થોડું છે. છતાં પણ તે વખતે તે દુઃખ બહુ મોટું લાગે છે. જો કે અહિં જગતમાં બધું જ ખરેખર કાલભક્ષ્ય–કાળે કરીને નાશ પામે છે. પરંતુ ખરેખર સ્મરણથી થતો વસ્તુબોધ બલવાન્ છે. એટલે પૂર્વકાલીન ઘણા દુઃખોનો અનુભવ છે પણ સ્મરણ ન થતું હોવાથી વર્તમાનકાલીન દુઃખ થોડું હોવા છતાં સ્મરણવાળા અનુભવથી મહાન્ લાગે છે.

યૂરોપીયન પ્રજાના રહેવા માટે આવાસો બાંધવા એ તો ગૌણ વસ્તુ હતી પણ આ બહાના તળે ધર્મસ્થળોને અને પવિત્ર યાત્રાધામના પર્વતોને ભ્રષ્ટ કરવાની નિંદનીય વૃત્તિઓ છુપાએલી હતી.

પૂજ્ય આગમોદ્ધારકશ્રી આ ગુહ્યભેદ પારખી ગયા. પૂજ્યશ્રીએ વિચાર કર્યો કે મુંબઈ જઈ આ પ્રશ્નની જેહાદ ઉપાડવી.

સમય જોઇ મુંબઈવાસીઓની તંદ્રા દૂર કરનારા વ્યાખ્યાનોના ધોધ ચાલુ કર્યા, એ ધોધથી ભલભલાની આળસ ઉડવા લાગી.

રાજકીય ચળવળ ઉપાડવી એ સ્હેલું છે. પણ ધાર્મિક ચળવળ ઉપાડવી એ સીધા ચઢાણ જેવું કપરૂં છે. રાજકીય ચળવળમાં ઘણાના વ્યક્તિગત સ્વાર્થ સમાએલા હોય છે. અનેકોની મહત્ત્વાકાંક્ષા છુપાએલી હોય છે. તેમજ સત્તાની ભૂખ ડોકીયા કરતી હોય છે.

પરંતુ ધાર્મિક ચળવળમાં આવું કોઈ તત્ત્વ દાખલ થઈ શકતું નથી. માટે વધુ કઠણ આ ચળવળ બને છે.

---

બીજાઓના દ્રોહનો ત્યાગ કરવાથી પવિત્ર ધર્મબુદ્ધિ થાય છે. પરંતુ અન્યતીર્થિકો પૃથ્વી આદિ જીવના ભેદોને ગણતા-જાણતા નથી. તેથી તેઓ તત્ત્વથી તે પૃથિવી આદિને મૂકે કેવી રીતે? ખરેખર પૃથિવી જલ આદિથી-શૌચ સ્નાનાદિકથી જે ધર્મબુદ્ધિ તે તે જીવોનો દ્રોહ છે. અર્થાત્ શૌચ સ્નાનાદિકથી પવિત્ર ધર્મ થતો નથી.

આવી ચળવળની ઝુંબેશનું સુકાનીપદ પૂ૦ આગમોદ્ધારકશ્રી સાગરજી મહારાજે સ્વીકાર્યું.

## સિંહ ગર્જના

પરમ પવિત્ર શિખરજી તીર્થની પવિત્રતા જળવાઈ રહે તે માટે એક વિશાળ સભાનું આયોજન રાખવામાં આવ્યું, પૂ૦ આગમોદ્ધારકશ્રીએ એ સભામાં જુસ્સાભરી વાણીમાં અપૂર્વ પ્રવચન કર્યું હતું, પ્રવચનમાં મુખ્ય વાત હતી તીર્થરક્ષા.

પુણ્યવાનો! આજે આપણે માટે એક કટોકટીનો પ્રશ્ન ઉભો થયો છે. આપણું જૈનત્વ કેટલું છે.? એમાં ચૈતન્ય છે કે નહિ? એનો ખ્યાલ હવે આવશે. એની કસોટી હવે થશે.

તમને બધાને ખ્યાલ હશે કે 'યૂરોપીયનો કોઇપણ ધર્મની અંદર ડખલ નહિ કરે' એવી રાજસત્તાએ નીતિ જાહેર કરી છે. મહારાણી વિકટોરીયાએ પણ એવો ઢંઢેરો બહાર પાડ્યો છે. છતાં એ મુત્સદ્દી પ્રજા શ્રી શિખરજી પર્વત ઉપર આવાસો બાંધવાની મુરાદ ધરાવે છે. એ વિષયની જાહેરાતો પણ થઈ ચૂકી છે.

---

અહિં તમારા સર્વજ્ઞકથિત ધર્મમાં શુદ્ધતત્ત્વ પ્રાપ્ત કરીને હું પૃથ્વી-આદિ ષટ્કાયને માનું છું. અને તેઓને વિષે વિબાધા-પીડાને હું વર્જું છું. ષટ્કાયવર્જનરૂપી શુદ્ધતત્ત્વ ન હોત તો સંસારમાં મારૂં શું થાત? અર્થાત્ ષટ્કાયવર્જન એજ શુદ્ધતત્ત્વ છે.

આજે આ શિખરજી પર્વતનો વારો આવ્યો, તો કાલે શ્રી સિદ્ધાચલજી પર્વત ઉપર પણ થાણા નાંખશે, પરમ દિવસે બીજા પર્વતનો વારો આવશે. પરિણામે આપણા પવિત્ર તીર્થસ્થાનોને અપવિત્રતામાં ફેરવી નાંખશે. શાંતિના બદલે અશાંતિ ફેલાશે.

આજે જો આપણે સમતા કે શાંતિના નામે ચલાવી લઈશું તો આવતીકાલે તમારા હાથમાંથી પૂજાની વાટકી પણ પડાવી જશે, એક ખતરો અનેક ખતરાને જન્મ આપે છે. આપણે અત્યારથી નહિ ચેતીએ તો પછી ચેતશું એનો અર્થ કાંઈ નથી.

જો તમારામાં જૈનધર્મની ભાવનાનું લોહી વહેતું હોય, જો તમારામાં પૌરૂષત્વ હોય, જો તમે વીરના પુત્રો હો, તો જાગો, બ્રીટીશરોને કહી દો. 'તમે લોકોએ અમને કચડી નાંખવા આવા ઉપાયો લેવાનું નક્કી કર્યું છે. પણ અમને એ મુનાસીબ નથી અમે હવે જાગ્યા છીએ.'

તમે લોકોએ અમારા ધન લૂંટ્યા છે. હવે અમારો ધર્મ લૂંટવા આવ્યા છો પણ ખબરદાર! અમારા તન મન

---

હે નાથ! તમારો દાસ–સેવક તમારા ઉપદેશ વગર પૃથિવી આદિ કાયને કેવી રીતે જાણત? અને તેઓના ષટ્કાયના વધનો ત્યાગ પણ અહિં કેવી રીતે કરત? ખરેખર બીજાઓએ શું દયાળુતાનો નાશ નથી કર્યો? અર્થાત્ તેના અજ્ઞાનથી તેની દયાનો નાશ કર્યો છે.

અને ધનના ભોગે અમે અમારા ધર્મને, અમારા ધર્મ-સ્થાનકોને સોંપવા ઈચ્છતા નથી. અમારા શરીરમાં પ્રાણો છે ત્યાં સુધી તમે તમારી ઈચ્છાઓ પાર પાડી શકશો નહિ.

સુદર્શનને અન્યાય કરનાર રાજવીને આખરે નમતું જોખવું પડયું હતું. સાધ્વીજીના શીલને લૂંટવાનો અભિલાષ ધરાવનારો લૂંટેરો રાજવી ગર્દભીલ્લ મૃત્યુના મુખમાં ધકેલાયો હતો.

તેમ ધર્મભ્રષ્ટ કરવાના હેતુથી અમારા ધર્મસ્થળો અગર પવિત્ર પર્વતો ઉપર જે હસ્તક્ષેપ કરવામાં આવે છે, એ આપણે નહિજ સાંખી લેવું જોઇએ. તમે કમર કસો અને અહિંસક લડત દ્વારા બ્રીટીશ સલ્તનતને દેખાડી દો કે અમે હજુ જીવતા છીએ. અમારા હાથોમાં બલૈયા નથી પહેર્યાં, શાસનરક્ષા ખાતર મરી ફીટશો તો આ ભવમાં કલ્યાણ છે અને પરભવમાં પણ કલ્યાણ છે.

પન્યાસપ્રવર મુનીશ્વર શ્રી આગમોદ્ધારકશ્રીજીના વ્યાખ્યાનો રોજ થવા લાગ્યા. તેજીલી વિદ્યુત જબાનમાંથી નિકળતો શબ્દ ભલભલાને ઉત્તેજિત કરી મૂકતો. રાજ્ય તરફથી

---

ધર્મનું સત્યપણું—દોષરહિતપણું અગ્ર—શ્રેષ્ઠ કષ—ભેદ-તાપના ઘાત વડે અભીષ્ટ માન્ય છે. જેમ સુવર્ણ કષ—છેદ—અને તાપથી શુદ્ધ અને શ્રેષ્ઠ ગણાય છે તેમ—પરંતુ બીજા અન્યધર્મો કષ શુદ્ધિથી પણ શુદ્ધ નથી કારણ કે તેઓ ષટ્કાય—છકાયને જીવ સ્વરૂપ જગણતા નથી.

એમની સભામાં ગુપ્તચરો રાખવામાં આવતા. એમના ઉપર વોરન્ટ આવશે એવી ઘણા ભદ્રજીવોને ધારતી રહેતી હતી.

આ કારણે સારા સારા આગેવાનો આવ્યા. સમજાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું કે–'હું કાંઈ ખોટું બોલતો નથી, રાજ્ય સાથે મારે દુશ્મનાવટ નથી પણ ધર્મ અને ધાર્મિક–સ્થળો માટે જે પગલા લેવામાં આવે છે તે માટે મારો વિરોધ છે. એવો વિરોધ કરવો એ શાસ્ત્રાજ્ઞા છે. હું કાંઈ ગુન્હો કરતો નથી.'

આમાંથી એક વિરાટ જુવાળ ઉભો થયો અને પવિત્ર ગિરિરાજ શ્રી શિખરજી ઉપર આવાસો બાંધવાની યોજના બ્રીટીશરને ના છુટકે પણ મૂકવી પડી.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીના અને અન્ય ગામોના શ્રી સંઘના કહેવાથી 'શ્રી શિખરજી પર્વત' તરીકે ઓળખાતો પહાડ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ ખરીદી લીધો.

આ પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નેતૃત્વ નીચે ભેગા થએલા જૈનોનું સંઘબળ હતું.

*

---

હે જિનેન્દ્ર ! જો તમારા ધર્મનો આશ્રય મેં ન કર્યો હોત તો અહિં સર્વહિંસાનો ત્યાગ કરનારો હું થાત નહિં, કારણ કે અસત્યવચનવાળા બીજાઓ છકાયને કહેતા નથી.

## પ્રકરણ નવમું

# અંતરીક્ષજીના ઓવારે

'સાધુ તો ચાલતા ભલા' મોહમયીમાં અનેકના મોહને નિર્માલ્ય બનાવી ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ વિહાર કર્યો. પણ આ વિહાર જુદો હતો. ચતુર્વિધ સંઘની સાથે તીર્થની યાત્રાએ જતા માનવ મહેરામણથી શોભતો વિહાર હતો.

આ વિહારમાં નિષ્કંચનો હતા. અને ધનકુબેરો હતા. વિદ્વાનો હતા અને અલ્પબુદ્ધિવંતો હતા. ત્યાગીઓ હતા. રાગીઓ હતા નામાંકિતો હતા. અનામાંકિતો હતા. યુવા, બાળ, વૃદ્ધ અને શૈશવો હતા. આ બધા એક વાતે સમાન હતા 'છ' રી' પાળવા પૂર્વક યાત્રાની તમન્ના સૌને સરખી હતી. સૌ અડવાણે પગે ચાલતા હતા. આ મહાસંઘના સંઘવી શ્રીયુત ધર્માત્મા અભેચંદ લીલાચંદ ઝવેરી હતા.

---

હે જિન ! તમારા ધર્મને સ્વીકારીને મેં પૃથ્વી આદિ બધા સંસારી જીવોને જાણ્યા. જો હું બીજાઓના ધર્મોને જાણત–સ્વીકારત તો આવી–ષટ્કાયના વર્જનવાળી મારી વિચારસરણી–મતિ ક્યાંથી હોત ? અર્થાત્ ન હોત.

## ક્યાં જતાં હતા ?

આ બધા મોક્ષનગર જવા ઉપડેલા સાર્થના માનવી હતા. તીર્થધામ અંતરીક્ષજી જતા હતા. જ્યાં પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવંતની અર્ધપદ્માસન યુક્ત ઘનશ્યામ મૂર્તિ બીરાજમાન હતી.

ઈતિહાસ કહે છે કે–શ્રી રાવણ મહારાજાએ આ પ્રતિમા ભરાવી હતી. એક ઘોડેસ્વાર નીચેથી પસાર થાય તેટલી જમીનથી અદ્ધર હતી. ચારે તરફ આલંબનનો અભાવ હતો. પણ પતિતકાળના પ્રતાપે અત્યારે એક ખુણો જમીનને અડી ગયો છે. હા....એક ખુણા સિવાય બધી બાજુથી એક અંગલૂસણ જાય તેટલી જગ્યા બાકી છે. બીજા ૨૫–૫૦ વર્ષે તો એટલું પણ નામશેષ રહેશે કે કેમ એ શંકાસ્પદ છે.

આ તીર્થની યાત્રાએ આવતો પાદવિહારી સંઘ તીર્થની તળેટીએ આવી પહોંચ્યો. સંઘ પહોંચે એ અગાઉ કળીકાળે એક ભયંકર ઉપસર્ગને ત્યાં મોકલી આપ્યો હતો. સંઘને કલ્પના ન હતી કે શાંતિના ધામસમા તીર્થ-ધામમાં દુષ્ટો દ્વારા અશાંતિના અંગારા પ્રજવલિત થશે

---

હે જિન ! તમારી આજ્ઞાના પાલનથી જો મને ફળ ન થયું તો પરતીર્થીઓના આશ્રયથી શું થશે ? જો કલ્પવૃક્ષથી જેની ઇચ્છા પરિપૂર્ણ ન થઈ તો શું બીજા વૃક્ષોથી થશે ? અર્થાત્ ન થાય.

## દિગંબરોનું દંગલ

પાદવિહારી સંઘને મન એ આનંદનો દિવસ હતો. તીર્થપ્રવેશનું સામૈયું ચાલી રહ્યું હતું. પૂજ્ય મુનીશ્વરશ્રી આગમોદ્ધારકશ્રીજીને લેવા અને એમના દર્શને આવેલા અનેક આગંતુકો સામૈયામાં જોડાયા છે.

સંઘની સાથે એક કલામય રથાકાર જિનમંદિર છે. વચ્ચે આવતા સ્થળોએ ભાવિક આત્માઓને ભગવંતના દર્શનનો વિરહ ન સહન કરવો પડે અને ભગવંતની ભક્તિ થાય માટે મંદિર–જંગમમંદિર રાખવામાં આવ્યું હતુ. તે પણ સુપુષ્ટ ધવલવૃષભની જોડી દ્વારા સામૈયામાં સાથે ચાલી રહ્યું છે.

સામૈયું જિનમંદિરના પટાંગણમાં આવ્યું, જંગમ કાષ્ટ-મંદિરના ભગવંતને પૂજનવિધિ માટે જિનમંદિરમાં લઈ જવાતા હતા. ત્યારે નાગાબાવાઓની જમાતના લઘુબંધુ સમા દિગંબર સંપ્રદાયના વસ્ત્રધારી શ્રાવકોએ વિરોધ કર્યો. તમને આ પ્રતિમાજી મંદિરમાં નહિ લઈ જવા દેવામાં આવે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીએ જણાવ્યું.-આ અમારૂં મંદિર છે તેથી અમે ભગવાન્ અંદર લઈ જવા હક્કદાર છીએ,

---

બધા પ્રવાદીઓ–ધર્મકથકો વડે દરેક ધર્મો યથાસમેતાદ્–ઇચ્છા મુજબ મનાએલા છે. પરંતુ જેઓ જીવોને જાણતા જ નથી તેઓ આબાધકારિ-નિરાબાધ દયાધર્મને કેવી રીતે કહે? અર્થાત્ ન કહે.

જો અમારો અધિકાર ન હોય તો અમે પ્રતિમાજી અંદર લઈ જવા માંગતા નથી. 'અમારો હક્ક નથી' એવો તમે લેખિત આધાર બતાવશો તો અમે અમારો આગ્રહ પડતો મૂકીશું.

'અમારી પાસે લેખિત આધાર છે અને અમે તે બતાવવા તૈયાર છીએ' આવું કહી લેખિત આધાર લેવાના બહાને ત્યાંથી નાગાસંપ્રદાયના આગેવાનો બહાર ગયા. તેઓ લેખિત આધારના બદલે ગુંડાઓને ઉપાડી લાવ્યા. અચાનક ભયંકર આક્રમણ કરવામાં આવ્યું. અનેકોને જખ્મી બનાવ્યા વિવેકહીના નાગાઓએ તીર્થંકર પ્રતિમાની અને પૂ૦ સાધુ ભગવંતોની પણ મર્યાદા ન જાળવી. નાગાઓની પાસે મર્યાદાની આશા રાખવી એ વેશ્યાઓ પાસે શિયળની આશા રાખવા જેવું છે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીને પણ નિર્વિવેકીઓએ ન મૂકયા એમને પણ જલદ મૂઢમાર મારવામાં આવ્યો. પૂજ્યશ્રીને બચાવવા જનારાઓમાંથી કેટલાકના માથા ભાંગ્યા. કેટલાકના હાથ તૂટ્યા. કેટલાક બેહોશ થઇ ઢળી પડ્યા. તીર્થભૂમિ ઉપર લાવારસ છવાઈ ગયો.

---

અહો ! નિર્દયતા કે જેઓ બીજા પ્રાણીઓના માનમાં–પ્રમાણુમાં યથાવત્–યથાર્થ બોધને–સ્વરૂપને જાણુતા નથી. સર્વજ્ઞપણાથી શૂન્ય-રહિત ખરેખર આત્મબોધવગરના દયામૂલ ધર્મને ઘોષિત–જાહેર કરે છે.

આખરે રાજ્યની કુમક આવી, અનેકોને જેલના મહેલ ભેગા કર્યા. રાજ્યના ન્યાયાલયમાં એ મામલો વાજતે ગાજતે પહોંચ્યો.

## ઉદારતાનો ઉદધિ

આગમોદ્ધારકશ્રી તો તદ્દન શાંત, હાસ્યવદની, અને સ્વાધ્યાયરત, બેઠા હતા. દિગંબરોએ પોતાના બચાવ ખાતર પૂજ્યશ્રી ઉપર તહોમતનામું મૂક્યું હતું. પૂ૦ આગમોદ્ધારકશ્રી સમતા અને સંયમની મૂર્તિ સમા હતા, એ મહાપુરૂષ અપરાધીને ક્ષમા આપતા શિખેલા, દંડની તો વાત નહિ. અરે ! વિચારો પણ નહિ.

ન્યાયાલયના વડા ન્યાયાધિકારીએ વિનય પૂર્વક પૂછ્યું, આપને દિગંબર લોકો તકસીર ઠરાવે છે. આ તંગદીલી અને તોફાનના ફેલાવનાર તરીકે આપને ગણાવ્યા છે. તો આપનું એ સંબંધમાં શું કથન છે. ?

'તંગદીલી કે તોફાન થાય એવું અમારા તરફથી કે અમારા શ્રાવકો તરફથી વર્તન કરવામાં આવ્યું નથી અમે યાત્રાળુઓ તરીકે આવ્યા છીએ, મંદિર અમારૂં છે. અમારી સાથેના ભગવાનની પૂજાવિધિ કરવા ભગવાનને મંદિરમાં લઇ

---

હે જિન ! કેવલજ્ઞાન વગર સ્વરૂપથી સૂક્ષ્મ એવા અનંતકાયો જાણી શકાય તેમ નથી એમ નથી. કેવલજ્ઞાની એવા તમારાથી ત્રસ અને સ્થાવર બધા જીવોને સમાનપણે મનુષ્યો જુએ છે જાણે છે.

જતા હતા ત્યાં અમને અટકાવવામાં આવ્યા, એટલું જ નહિ પણ અમારા ઉપર હિચકારો હલ્લો કરવામાં આવ્યો, અમારા ભગવાનની આશાતના કરી, એ વખતે ધર્મગુરૂ તરીકે જે કરવું જોઈએ, તેજ કર્યું, છે. માત્ર અમારા ભગવાનની મૂર્તિની સુરક્ષા માટે વાત કરી હતી.' આ ઉત્તર પૂજ્યશ્રીએ આપ્યો.

દિગંબરના વકીલે પ્રશ્ન કર્યો. આપશ્રીને પણ વિરોધી લોકોએ માર્યા હતા, એ વાત સત્ય છે ? આપને મારનારા કોણ કોણ હતા ?

'મને જે માર પડ્યો છે તે પીઠ ઉપર પડ્યો છે. મને મારનારા દિગંબર ભાઈઓ હોય એ અનુમાન કરી શકાય છે પણ એથી એવો નિર્ણય તો નજ થઈ શકે કે આણે માર્યા છે. વળી સાધુ તરીકે અમારા માટેશાસ્ત્રોની આજ્ઞા છે કે અમે કોઈની સામે ફરીયાદ ન કરી શકીએ અમારે સમતાપૂર્વક માર કે કોઇપણ પરેશાની સહન કરી લેવી જોઇએ. સબબ હું મને મારનારને સજા થાય અને દુઃખી થાય એવું હૃદયથી પણ ઈચ્છતો નથી.

---

આત્મબોધથી હીન એવા 'જીવો અનંતા છે. એવું પ્રમાણ-સંખ્યા જાણતા નથી' તેથી તેઓ કહે છે કે જીવ મોક્ષમાં જઈને પાછો જન્મ પામે છે. આ પ્રમાણે લેતાં બીજાઓને ગતિ જ છે. પરિભ્રમણ છે. વાસ્તવિક સંસારથી મોક્ષ નથી.




प्रथम-वाचना – **भद्रबाहुस्वामी** वीर निर्वाण संवत् १६०.

द्वितीय-वाचना – अनुयोगाचार्य श्री स्कन्दिलाचार्य वीर निर्वाण संवत् ८२७ थी ८४० मा मथुरा (उत्तरापथ)

तृतीय-वाचना – युगप्रधान श्री नागार्जुन (स्कन्दिलाचार्य-समकालीन) वीर निर्वाण संवत ८२७ थी ८४० मा वल्लभीपुर (दक्षिणापथ)

## પૂર્વકાલીન ત્રણ આગમ-વાચના

## ન્યાયાધિકારી સેવક બન્યા

આગમોદ્ધારકશ્રીના શબ્દોએ જાદુઈ અસર કરી આ અસર શબ્દોની નહિ. પરંતુ ક્ષમાગુણની હતી. પૂજ્યશ્રીની નિખાલસ વાણી, સત્યનિષ્ઠા, ક્ષમા, વિદ્વત્તા, સૌમ્યતા, દૃઢતા વિગેરે ગુણો જોઈ વડા ન્યાયાધિકારી તો પૂજ્યશ્રીના સેવક બન્યા. ઘણીવાર સમય લઈ પૂ૦ આગમોદ્ધારકશ્રીની સેવામાં આવતા અને જ્ઞાનનો લાભ લેતા. આ હતો ગુણોનો વિજય.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજી ઉપર થએલા હિચકારા હલ્લાથી જૈનસંઘો ખળભળી ઊઠ્યા. નગ્નપંથી દિગંબરોએ ન્યાયાલયમાં ખોટા આક્ષેપોની નોંધો કરાવી હતી. સુનવણીઓ થઇ.

કેટલાક કાયદાશાસ્ત્રીઓની કલ્પના હતી કે—આ ફરીયાદો અને સાક્ષીઓ ઉપરથી મહારાજશ્રી દોષિત ઠરશે અને સાત વર્ષની સખ્ત કેદની સજા થશે.

એ અનુમાન બાંધવામાં એક બીજું કારણ પણ મહત્વનું હતું તે આ—પૂજયશ્રી દરેક વાત સત્ય રજુ કરતા હતા. કાયદાશાસ્ત્રીઓ ભૂલથી સત્ય બોલવાની રજા ન

---

બીજાઓ છકાયને જાણતા નથી. તો વધનો ત્યાગ કેવી રીતે કરે ? તેના—છકાયના વધના અભાવથી સત્પુરૂષોના માર્ગમાં કેવી રીતે તેઓ પોતાની શાંતિને માટે પ્રવેશ પામે ?

આપે, સલાહ પણ ન આપે, ત્યાં આ મહાપુરૂષ પાસે એવી આશા કેમ રાખવી ?

આવા કારણોને લઇ બચાવપક્ષના ધારા–શાસ્ત્રીઓ પણ હતાશ બન્યા હતા એમને જડ કાયદો એમના કાનમાં કહેતો હતો કે 'સાત વર્ષની સખ્ત સજા' આવી વાતો સાંભળી ભલભલા તમ્મર ખાઇ જતા, આવા પ્રસંગે પણ કોઇ સ્વસ્થ હોય તો ફક્ત આ મહાપુરૂષ.

## ધૈર્યની ચરમ સીમા

આજના દિવસનો સૂર્ય ઊગ્યો પણ એનું મુખ બહુજ ગંભીર હતું. પૃથ્વીવાસી જૈનસંઘના મુખો પણ ગંભીર હતા. આજે ત્રીજા પ્રહરે ન્યાયાલયનો નિર્ણય આવવાનો હતો. 'સાત વર્ષની સખ્ત કેદ' આ લોકવાયકાએ વાતા-વરણમાં અત્યંત ગમગીની ફેલાવી હતી. સૌ ન્યાયાલયના નિર્ણયની પ્રતીક્ષા કરવા લાગ્યા. ઘટિકાયંત્રે ત્રીજા પ્રહરના ડંકા ચાલુ કર્યા એ આવે, એ આવે, થવા લાગ્યું.

પુજ્ય આગમોદ્ધારકશ્રીના મુખ ઉપર એજ પરમ શાંતિ, એજ અપૂર્વ તેજ, એજ અપૂર્વ ભાવ. વાચનાનો

---

સ્ત્રી સહિત શસ્ત્રને પામેલા એવા બીજાઓના સુભગપણાની બુદ્ધથી (સારા દેવપણે) ધર્મ કેવી રીતે હોય ? જેની કુબુદ્ધિ અસ્ત થઇ છે, એટલે સારી બુદ્ધિવાળો શ્રાવક પણ એઓના વ્રતમાં અંશથી પણ હિત માને નહિં.

સમય થયો. પોતાના શિષ્યોને આગમવાચના આપવી ચાલુ કરી, શ્રાવકો પણ આવ્યા પૂ૦ આગમોદ્ધારકશ્રી વિના બધાના મન ડામાડોળ હતા. શિષ્યોનું મન વાચનામાં ન હતું. એમાં એક કાયદાશાસ્ત્રીએ પૂછ્યું-

સાહેબજી ! હવે ન્યાયાલયનો નિર્ણય આવવાની તયારીમાં છે અને કેટલાકનું કહેવું એમ છે કે-આપને સાત વર્ષની સજા થશે. આપે પણ એ સાંભળેલું છે જ. છતાં આજે આપ આગમવાચના આપી રહ્યા છો, શું આપના હૃદયમાં જરાય ઉગ્રતા, ઉત્કંઠા, ઉત્સુકતા નથી ? અમે બેચેની અનુભવીએ છીએ, આપને કેમ કાંઈ થતું નથી ?

ભાગ્યવાન્ ! મરવાનું છે એથી અત્યારથી સ્મશાને જઈને બેસવું ? ફેંસલો તો જે આવવાનો હશે તે આવશે, એની ચિંતા અત્યારથી કરી શા માટે હેરાન થવું ?

## ન્યાયાલયનો નેક નિર્ણય

ન્યાયલયના ન્યાયાધીશોએ નિર્ણય સુંદર યોગ્ય અને ન્યાયપુરઃસરનો આપ્યો-

'શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છના ધર્મગુરૂ લોકપ્રિય પન્યાસપ્રવર શ્રી આનંદસાગરજી ગણીન્દ્રશ્રીએ પોતાના ધર્મની રક્ષા કાજે જે કરવા યોગ્ય હતું તે એમણે કર્યું છે.

---

જો કે અમૂર્તભાવોના અવલોકનથી આત્મના-સાક્ષાત્ લોકને તમે જાણો છો જે કારણથી ષટ્કાયના જ્ઞાનથી આ લોકનું જ્ઞાન થાય છે. આ લોકના જ્ઞાનનો આ ષટ્કાયનું જ્ઞાન આધાર છે. મૂળ છે.

ન્યાયાલયના ન્યાયાધીશોને કાયદાની દૃષ્ટિથી કે ભારતીય સમાજ વ્યવસ્થાની દૃષ્ટિથી મહાત્માશ્રીનું કાર્ય અયોગ્ય ગણી શકાય તેમ જરાય જણાતું નથી.

પૂજ્ય મહાત્માશ્રી ઉપર દિગંબર સંપ્રદાયના ઝનૂની લોકોએ હુમલો કર્યો, તે તદ્દન અયોગ્ય વર્તણુક છે. ઉપરથી એક સત્યપ્રિય ધર્મગુરૂ કે જે પોતાની ફરજ વાસ્તવિકતાએ અદા કરતા હતા. એમના ઉપર ખોટા આક્ષેપો અને તહોમતનામા મૂકયા છે. તે તદ્દન ખોટા પૂરવાર થયા છે.

ન્યાયાલયને પણ ખોટા આક્ષેપો ઉપર કામ ચલાવવાનું જણાવીને અયોગ્ય માર્ગે દોરવાનું નિંદનીય કૃત્ય કર્યું છે.'

આ કેસની સુનવણીમાં જે વાદીઓ પ્રતિવાદીઓ અને બન્ને પક્ષના સાક્ષીઓમાં બધાજ અસત્ય છે. સૌ વાસ્તવિકતાને છુપાવતા હતા. માત્ર આ મહાત્માશ્રી આનંદસાગરજી મહારાજે સત્યબીનાની રજુઆત કરી છે અને અમે એમના વચનને સત્ય માન્યું છે.

એકવાર ફરી અમે ચોક્કસ પણે જણાવીએ છીએ કે–
'જે મહાત્મા પુરૂષને મુખ્ય આરોપી તરીકે સંડોવવામાં આવ્યા

---

હે પ્રભો ! બીજાઓની સેવા પુરૂષોને સંસારભાવને વધારનારી છે. (ક્લેશની શ્રેણીને સાધનારી છે.) પરંતુ તમારી સેવા સફલ છે. જે અવ્યય–મોક્ષને કરનારી છે. (ક્લેશરૂપી કચરાનો નાશ કરનારી છે.)

છે. તે તદ્દન અયોગ્ય કૃત્ય છે. આ મહાત્મા સર્વથા સંપૂર્ણ-પણે નિર્દોષ છે'

## આનંદ આનંદ ને આનંદ

આ નેક નિર્ણય સાંભળી અંતરીક્ષજીના આંગણે ઉમટેલો જનસમુદાય આનંદ વિભોર બની ગયો, ગામે ગામના જૈન સંઘો નિર્ણયની મૃગનયનની જેમ આતુરતા પૂર્વક રાહ જોતા હતા. એમને તાર અને ટેલીફોન દ્વારા સમાચાર મોકલ્યા વર્તમાન પત્રોમાં પણ મોટા અક્ષરે પ્રસારિત થયા. સૌ આનંદ આનંદ ને આનંદમાં આવી ગયા.

પૂજ્યશ્રીના અપ્રતિમગુણોથી અધિકારીવર્ગના આગેવાનો પૂજ્યશ્રી પ્રતિ આકર્ષાયા, કેટલાક ભક્ત બન્યા.

આ પ્રસંગે પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીની ખરી સાધુતા અને વિદ્વત્તાને બહાર પ્રગટ કરી બતાવી હતી.

*

---

પુણ્યથી ખરીદાએલી અર્થાત્ પ્રાપ્ત થએલી આ ત્રિયોગી (મન, વચન, કાયા) છે. તે જિનેશ્વર ભગવાનની સેવાથી ફળવાળી છે. એ સિવાય અર્થાત્ જિન-સેવાથી ફળવાળી ન હોય તો આ ત્રિયોગીથી પાપરૂપી સમુદ્રમાં પતન થાય જેમ જગતમાં નાવથી એ થાય છે. તેમ એટલે જિનસેવારૂપી નાવિકથી પાર પામે અને પરસેવારૂપી નાવિકથી સંસારમાં ડૂબે.

## પ્રકરણ દશમું

# આગમ વાચનાઓ

શાસ્ત્રોમાંથી સાંભળવા મળે છે કે અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી પાંચસો મુનિઓને વાચના આપતા હતા. એ રીતે દરેક ગણધરો પોતાના શિષ્યાદિ મુનિવરોને વાચના આપતા હતા.

યુગપ્રધાન શ્રી ભદ્રબાહુસ્વામીજી. પાંચશો મુનિઓને વાચના આપતા હતા. એમાંના એક આર્ય સ્થૂલભદ્રજી પણ હતા. એ પછી આર્ય વજ્રસ્વામીજી. આર્યરક્ષિતજી. વિગેરે મુનિઓને વાચના આપતા હતા.

વાચના આપવી એ એક રૂઢપરંપરા હતી. વાચનાથી જ્ઞાન–આગમજ્ઞાન મળતું, આગમના પુસ્તકોની આવશ્યકતા

---

પૂર્વકર્મથી પ્રેરાએલો હું યોગરૂપી નાવમાં આરૂઢ થએલો છું. તમારી મહેરબાનીથી હું પારને પામીશ જો તેમ ન હોય તો સંસાર સમુદ્રમાં પતન છે. અર્થાત્ તમારી સેવાથી જ બેડો પાર છે. સેવા નહિં કરીશ તો સંસારમાં ભમીશ.

ન હતી. એ મહાત્માએ બુદ્ધિશાળી હતા. આગમ–જ્ઞાન એમને કંઠસ્થ રહેતું હતું.

## દુષ્કાળો

વિષમકાળના લીધે બાર બાર વર્ષના ભીષણ દુષ્કાળો આ પૃથ્વીતળ ઉપર ઉપરાઉપરી ઉતરી પડયા. પશુઓના મૃતક–શરીરોના ઢગલા થવા લાગ્યા. ઘાસ અને પાણી અલોપ થયા. ગૃહસ્થો અન્ન અને જળ વિના તરફડી તરફડીને મરવા લાગ્યા. મૃતકોના ઢગલાએ ખડકાયા. બાળનારાઓ કોઈ ના મળે, ગીધ અને સમળીઓને પૂરતા પ્રમાણમાં ભક્ષણ મળવા લાગ્યું. નદી, નાળા સૂકાઈ ગયા. કુવાના પાણી પાતાળે પહોંચ્યા. ધનવાનોના ધન ખૂટયા. બુદ્ધિવાનોની બુદ્ધિ બધીર બની. મુદ્દામાલ વેચાઈ ગયા. મુઠી ધાન્ય મળવું અતિદુર્લભ બન્યું, જલ ખૂટયાં, જીવન ખૂટયાં, હાડકાના ગંજ થવા લાગ્યા. નગરો ઉજ્જડ બન્યા. ગામડાઓ સ્મશાનમાં ફરી ગયા, આવાસો શૂના બન્યા. કોઈને કોઈની દરકાર રાખવી પરવડે નહિ એવી સ્થિતિ બની.

આવી બેહાલ પરિસ્થિતિમાં મુનિભગવંતોનું શું? દુષ્કાળનો વિકરાળ કાળ મુનિઓના પણ કોળીયા કરવા લાગ્યો,

જગતમાં અસત્ માર્ગના ઉપદેશકોની શ્રેણી અનિષ્ટ કરે છે. તેવું અનિષ્ટ અંધકાર કરતું નથી. વળી અંધકાર સૂર્યવડે સુખપૂર્વક દૂર કરી શકાય તેવું છે. જ્યારે અસત્ માર્ગના ઉપદેશરૂપી અજ્ઞાન આપ્તવચનના સમૂહથી પણ દૂર કરી શકાતું નથી.

એના જડબામાં ભલભલા જ્ઞાનીઓ શમાઇ ગયા. વાચનાઓ બંધ થઈ, સ્વાધ્યાય ગયો, ગુરૂગમ બંધ બન્યો. યાદ કરેલું તે ભૂલાવા લાગ્યું. નવા જ્ઞાનની તો વાત ક્યાં ? આત્મરક્ષા કાજે જે તે પ્રદેશોમાં સાધુઓ નિકળી પડ્યા, દુષ્કાળના ભીષણ અટ્ટહાસ્યે બધું વેરણ છેરણ બનાવી દીધું.

## પુનઃ પાંગર્યું

બાર વર્ષના અંતે મેઘરાજા પધાર્યા, પૃથ્વી શસ્યશ્યાલા બની, ધીરે ધીરે અન્નપૂર્ણા બની, લોકો ઠરીને ઠામ થયા, જે મુનિઓ બચ્યા તે ભેગા મલ્યા. ત્યાં ઉત્તરભૂમિના મુનિઓ મથુરામાં મલ્યા. ત્યાં વાચનાચાર્ય શ્રી સ્કંદિલાચાર્ય હતા, એ માથુરી વાચના કહેવાયી.

દક્ષિણના મુનિઓ સૌરાષ્ટ્રના વલ્લભી ગામે મલ્યા. ત્યાં વાચનાચાર્ય શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ હતા એ વલ્લભી વાચના તરીકે પ્રસિદ્ધિ પામી. બધાને યાદ હતું તે મેળવ્યું, જ્યાં ભેદ થતા ત્યાં "કેવલી ગમ્ય" કહી ભેદ–પાઠો પણ રજુ કર્યા, પુનઃ ભૂલી ન જવાય અને દુષ્કાળમાં આટલું પણ ભૂંસાઇ ન જાય માટે આગમોને તે વખતે પુસ્તકારૂઢ કર્યા. વાચનાઓ પલ્લવિત બની.

---

હા ! જગતમાં જૈનશાસન ન હોત તો મારી શી ગતિ હોત ? કારણ કે ભવસમુદ્રથી પાર ઉતારવામાં તે સમર્થ નાવ સમાન છે.

પૂ૦ આ૦ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી અભયદેવસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી શાંતિસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી, પૂ૦ આ૦ શ્રી હીરવિજયસૂરીશ્વરજી, પૂ૦ ઉપા૦ શ્રી ધર્મસાગરજી ગણી, પૂ૦ ઉ૦શ્રી યશોવિજયજી ગણી, પૂ૦ ઉ૦ શ્રી વિનયવિજયજીગણી, સુધી ઓછે વત્તે અંશે વાચનાઓ ચાલી.

આ પછી ઉત્તરગુણોમાં શિથીલતા આવી, યતિવર્ગ આવ્યો, એ યુગમાં મંત્ર અને વૈદું વધ્યું, વાચનાઓનું લક્ષ ગયું, અંધકાર તરફ ધકેલાયા, વાચના ગઈ. જ્ઞાન ગયું, પરંપરા પદ્ધતિ ઘટી.

## પુનઃ સ્થાપના

વિક્રમ સંવત ૧૯૭૧ માં પૂ૦ આગમોદ્ધારકશ્રીએ એ પરંપરાની સ્મૃતિ કરી પુનઃ પ્રસ્થાપના કરી. આગમવાચનાઓનો આરંભ કર્યો.

અમદાવાદના શ્રી સંઘે મુનિભગવંતોને આગમવાચનાનો લાભ લેવા વિનંતિઓ કરી, અનેક બુદ્ધિમાન્ સાધુ મહાત્મા પધાર્યા. વિદુષી સાધ્વીજીઓ પધારી, પૂજ્ય આગમજ્ઞાન—

દાન મમત્વના નાશને માટે છે. શીલ ઈંદ્રિયના નિગ્રહને માટે છે. તપ ધૈર્યને માટે છે. અને સંકૂલેશના નાશને માટે ભાવ ઈષ્ટ છે.

દાતા આગમોદ્ધારકશ્રી પધાર્યા, પોતાની ભૂમિ ઉપર આગમ-વાચનાઓ થશે એ જાણી શ્રાવકો આનંદિત બની ગયા. અપૂર્વ લાભ મળવા બદલ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.

પૂજ્ય આગમોદ્ધારકશ્રી હાથમાં આગમપ્રતિ રાખી પૂર્વાભિમુખ બેઠા હોય છે. ત્રણ બાજુ સાધુ—સાધ્વી યોગ્ય રીતે બેઠા હોય છે. એ દરેકના હાથમાં પાઠ્ય આગમની પ્રતિ હોય છે. સાંભળવા માટે શ્રાવકો અને શ્રાવિકાઓ પણ આવેલા હોય છે.

મંગલાચરણ બોલી પૂજ્ય આગમોદ્ધારક શ્રી

"**सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं**" બોલી વાચનાનો આરંભ કર્યો, ત્યારે પંચમ ગણધર શ્રી સુધર્મા-સ્વામીજી આર્ય શ્રી જંબુસ્વામી આદિ મુનિપ્રવરોને વાચના આપતા હોય તેવું દૃશ્ય બની ગયું.

આગમવાચનાદાતાના કંઠમાં મધુરતા હતી. અવાજમાં મેઘધ્વનિ હતો. ભાષામાં ઉદાત્ત, અનુદાત્ત, ત્વરિત, ઘોષ, મહાઘોષ, લય, માત્રા વિગેરેની સ્પષ્ટતા હતી. નાદ ગંભીર હતો શ્રોતાવર્ગને આગમની એકની એક પંક્તિને પુનઃ પુનઃ સાંભળવા મન થતું.

---

આશ્ચર્ય છે કે જ્યાં તમારું સામર્થ્ય નથી ત્યાં તમારા વચનનું સામર્થ્ય છે કે જે તે વચન બીજા આત્માઓના પાપોનો અને પોતાના પાપોનો સર્વથી ક્ષય કરનારું છે.

આગમની વ્યાખ્યા સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન સહિત શાસ્ત્રીય પદ્ધતિએ થતી.

ચંદ્રની જ્યોત્સ્ના નીચ અને ઉંચના ભેદ વિના સર્વને પ્રકાશ અને શીતલતા આપે છે તેમ આ મહાપુરૂષ સ્વગચ્છ અને પરગચ્છના ભેદ વિના નિખાલસપણે સર્વને વાચના આપે છે. પૂજ્ય શ્રી **"वसुधैव कुटुम्बकं"** ની ભાવનાવાળા હતા. નિંદક અને પૂજક એમને મન સરખા હતા. કનક–પાષાણમાં સમબુદ્ધિ ધારણ કરતા. આવા વ્યાપક ગુણોને લીધે કોઈને પણ એમની વાચનામાં આવતા સંકોચ ન થતો.

એ કાળે જેટલા મુનિવરો હતા. તેમાંથી મોટા ભાગના મુનિવરો વાચના લેવા આવતા હતા. અને જે આવી શક્યા ન હતા, તેમને ન આવી શકવા બદલ ઘણું જ દુઃખ હતું.

આ વાચનાનો લાભ* લેવા દ્વિશતાધિક મુનિપ્રવરો પધારેલા તેમજ શતાધિક વિદુષી મહત્તરા વિગેરે સાધ્વીજીઓ આવેલા.

કુલ વાચનાઓ સાત થઈ. એક વાચના છ માસ ચાલતી એક વાચના પાટણ, એક અમદાવાદ, બે વાચના

---

હે ભગવન્! જો સર્વ પાપને નિવારનારૂં તમારૂં શાસન મેં પ્રાપ્ત કર્યું ન હોત તો હા! મારી પાપમાં પરાયણ-તત્પર એવી ગતિ ભવિષ્યમાં થાત.

સુરત, એક પાલીતાણા, એક કપડવંજ અને એક રતલામ, આમ કુલ સાત થઇ.

આ વાચનાઓમાં શ્રી દશવૈકાલિકસૂત્ર, શ્રી અનુયોગદ્વાર-સૂત્ર, શ્રી આવશ્યકસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, શ્રી વિશેષાવ-શ્યકસૂત્ર, શ્રી સ્થાનાંગસૂત્ર, શ્રી ઔપપાતિકસૂત્ર, શ્રી આચા-રાંગસૂત્ર, શ્રી નંદીસૂત્ર, શ્રી ભગવતીસૂત્ર, શ્રી ઓઘનિર્યુક્તિ, શ્રી પિંડનિર્યુક્તિની વાચનાઓ થઇ.

આ વાચનાઓ શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણની વાચના-ઓની સ્મૃતિ તાજી કરાવતી હતી.

*

---

ચિત્તનું પાપના બંધમાં ઘણું બળ હોય છે. જ્યારે શુદ્ધ શ્રદ્ધા એટલે શ્રદ્ધાવાળું ચિત્ત હંમેશાં શુદ્ધમાર્ગમાં પ્રવર્તે છે.

## પ્રકરણ અગીયારમું

# આચાર્ય પદવી

## સુરતમાં સૂરિપદ

**અં**તરીક્ષજી તીર્થના વિજય પછી પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજી વિહાર કરતા કરતા પુનઃ સુરત પધાર્યા. સુરતની સ્વાગતયાત્રા પહેલાં કરતાં પણ વધુ દર્શનીય હતી. વધુ આકર્ષક અને ભાવભરી હતી.

સુરતના જૈનસંઘની એક શુભેચ્છા વર્ષોથી હતી કે પૂજ્ય આગમોદ્ધારકશ્રીને આચાર્યપદ અમારા નગરમાં આપવાનું પુણ્ય અમને મળે તો સારૂં, એ માટેના આદરણીય પ્રયાસો એમના ક્યારથી હતા જ. હવે એ પ્રયાસોમાં વધુ ઉમેરો થયો.

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રી આચાર્યપદે આરૂઢ થવા ઈચ્છતા હતા એવું જરાય ન હતું પણ એ દેશકાળની

---

જિનનામ કર્મના બંધથી · તીર્થ સ્થાપના સુધીની ક્રિયા હોય છે. આશ્ચર્ય છે કે–તે તીર્થ સ્થાપનાની ક્રિયા મારે ફલને માટે થઈ જે કારણુથી આ તીર્થની પ્રાપ્તિથી હું મોક્ષમાં જઈશ.

સ્થિતિ અને સંયોગો જોતાં આચાર્યપદ ગ્રહણ કરવું અનિવાય હતું. આચાર્ય થવું એટલે એક જવાબદારી અને જોખમદારી પૂર્ણ પદ ગ્રહણ કરવું. શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે જો એ પદનું પાલન થાય તો તીર્થંકર નામકર્મ બાંધી શકે અને બેવફા નિવડે તો એમને માટે નરકના દ્વાર ખુલ્લા બને.

સુરતના શ્રાવકોએ જાણ્યું કે પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીને આપણા આંગણે આચાર્યપદ અર્પણ કરવાનો વિધિ થવાનો છે. તેથી આનંદના તરંગ ઉમટ્યા, હર્ષઘેલા હૈયા નાચી ઊઠ્યા.

સુરતના સંઘમાં વિવેકશકિત હતી. બુદ્ધિમત્તા હતી. શાસનને શોભાવે તેવા કાર્યો કરવાની સૂઝ હતી. છતાં અશુભોદયે સંઘમાં કુસંપની નાની ચીનગારી હતી. ચીનગારી નાની ભલે હોય, પણ એનું આવનારૂં ખતરનાક પરિણામ નાનું હોય તેવો નિયમ નથી. નાની શી ચીનગારી ભયંકર દાવાનલ પ્રગટાવી શકે છે. અને વિનાશનું તાંડવ સર્જી શકે છે. આ ખ્યાલ પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીને હતો, પૂજ્યશ્રીએ જણાવ્યું, સુરત સૂરિપદનો ઉત્સવ ઉમંગે કરે અને હૈયામાં દ્વેષનો હુતાશન સળગતો રહે એ કેમ ચાલે ?

---

ક્રિયા જેમાં હોય તેમાં ફળ હોય અને જે વચન છે તે ક્રિયાથી થએલું છે. ફળને આશ્રયીને વિચાર કરીએ તો એ તમારા વચનનું ફળ મને આમાં-ફળમાં નિમિત્તપણે પ્રાપ્ત થયું અર્થાત્ વચનક્રિયા તમારી અને ફળપ્રાપ્તિ મને આથી ઉપરોક્ત નિયમ નથી દેખાતો.

સુરત સંઘના અગ્રગણ્ય પુણ્યાત્માઓ અને ધર્માત્માઓને બોલાવ્યા અને નાના હુતાશનની વાતો ચાલી, ચર્ચા વિચારણાઓ થઈ, સુરત સૂરિપદપ્રદાનના ઉત્સવનો લાભ ગુમાવવા ઈચ્છતું ન હતું. એટલે સૌ પોતપોતાના મતભેદો ભૂલી ગયા. અને પૂજ્યશ્રીના પદવીપ્રદાન મહોત્સવમાં આનંદભેર જોડાઈ ગયા.

પદવીદાનના આઠ દિવસ અગાઉથી જિનમંદિરોમાં ઉત્સવનો આરંભ થયો, રોજ પ્રાતઃકાળે કુમારીકાઓ ધવલમંગલ ગીતો ગાતી બપોરે રાગરાગીણીઓ પૂર્વક પ્રભુમંદિરે પૂજા ભણાવાતી, રાત્રે ભાવનાઓ થતી, અને ચોકમાં નગરની શ્રદ્ધાવંતી સુશ્રાવિકાઓ ગરબા ગાતી.

## રથ–યાત્રા

પદવીદાનના આગલા દિવસે રથયાત્રા–જળયાત્રા હતી. આ રથયાત્રા સુરતના જે રાજમાર્ગો ઉપરથી પસાર થવાની હતી. તે બધા માર્ગો ધ્વજા, પતાકા, આસોપાલવના તોરણો, કમાનો વિગેરેથી સુશોભિત કરવામાં આવ્યા હતા, સ્થળે સ્થળે પટદ્વારો–કમાનો હરિફાઈ કરતી જણાતી હતી. એમાં કિનખાબની કમાનો ખૂબ આકર્ષક જણાતી હતી.

મોટાઓનો સંગ ઘણા પુણ્ય કર્મ વગર પ્રાપ્ત થતો નથી. આ વાત સર્વ સમ્મત છે. પણ આશ્ચર્ય છે કે તમારો સંગમ–મીલન કર્મની શ્રેણીનો નાશ કરવાથી પ્રાપ્ત થનારો છે.

માર્ગના થોડા થોડા અંતરે સાકરના પાણીની વ્યવસ્થા હતી. એ મધુર પાણી ઉનાળાનો ઉત્તાપ અને માર્ગનો શ્રમ દૂર કરતું, કોઈને વાયુ કે લૂ ન લાગે માટે એ મધુર જળમાં કાળામરી, તજ, લવીંગ, જાયફળ તેમજ કેશર વિગેરેનું સપ્રમાણ મિશ્રણ કરવામાં આવ્યું હતું, જેથી આ પાણી એક શીતલ ઔષધિપાન બની ગયું હતું.

રથયાત્રાનો આરંભ શુભ ચોઘડીયે થયો હતો. સૌ પ્રથમ પારસ દેશના સુધાધવલ અશ્વો ઉપર નિશાન–ડંકા હતા. પવન સાથે વાતો કરતી સહસ્ર લઘુપતાકામંડિત ઈન્દ્રધ્વજા હતી, ત્યારબાદ ગ્રામ્યવાદ્યસમૂહ હતો, ઘોડેસ્વારોની પંક્તિ સૌનું ધ્યાન ખેંચતી હતી, પછી પદાતી સંઘસેવકોની દીર્ઘશ્રેણી પદપદ્ધતિપૂર્વક ચાલતી હતી. આધુનીક વાજિંત્ર સમૂહ સુંદર સ્વરોનું કુંજન કરતું હતું, મહાપતાકા સમૂહ આવ્યું ત્યાં લોકો ઉંચું જોવા લાગ્યા, કુમારીકાઓનું દાંડ્ય-રાસ લેતું વૃંદ નીકળ્યું, પછી શણગારેલા સાંબેલા સમૂહે આગમન કર્યું, વળી વાજીંત્ર સમૂહ આવ્યું, મહાસાંબેલા વૃંદને જોવા નયનો સૌના સ્થિર બની ગયા. પાશ્ચાત્ય વાજિંત્ર સમૂહ શ્રવણપ્રિય સુરો ગાતું હતું, હસ્તિદળે બધાના નયનો

---

મોક્ષમાં ગએલા પણ પંડિતોથી તમે કેમ પૂજાવ છો? કારણ કે સર્વ–અષ્ટ કર્મના નાશથી તે–મોક્ષ છે. સત્પુરૂષોને ગુણાનુરાગ ખરેખર ક્ષયોપશમથી છે અને તેથી જ હે જિન! તમારી પૂજા કરે છે. અર્થાત્ કર્મ–રાગદ્વેષથી રહિત જ પૂજાને યોગ્ય છે.




આગમો પુસ્તકારૂઢ

श्री[illegible] आगमा ज्ञानं यस्य समग्रशास्त्रविषयं चारित्रमप्युज्ज्वलम् ।
यं गच्छप्रतिबंधकृन्मुनिवरः सिद्धान्तसंशोधकः श्री आनंदपयोनिधिर्विजयते सोऽयं हि सूरीश्वरः ॥१॥




શ્રી [illegible] સ્વપરસર્વસિદ્ધાન્તચક્રવર્તિ સકલવ્યાકરણન્યાયસાહિત્યદર્શનાદ્યાચાર્ય સતત આગમસંશોધનપરાયણ, આગમોદ્ધારક આચાર્યવર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજના ઉપદેશથી ઝવેરી [illegible] તથા તેમના ધર્મપત્ની નવલબેનના શ્રેયાર્થે સુપુત્રો [illegible] તરફથી ભેટ

# વર્તમાનકાલીન આગમ - વાચના

સૈલાના-નરેશ પ્રતિબોધક આગમોદ્ધારક આગમવ્યાખ્યાપ્રજ્ઞ
આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમાન શ્રી આનંદસાગર સૂરીશ્વરજી
સંગૃહીત શાસ્ત્ર ગ્રંથોનું શ્રી 'જૈન આનંદ - પુસ્તકાલય ગોપીપુરા, સુરત
સ્થાપના-વીર સંવત ૨૪૪૫ વિક્રમ સંવત ૧૯૭૫ ઓગસ્ટ સને ૧૯૧૯ ..




પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન
મુનિરાજશ્રી અરુણોદયસાગરજી મહારાજના ઉપદેશથી
ઝવેરી ગોપાલજી કપુરચંદના પુત્ર પ્રવિણચંદ્રના શ્રેયાર્થે તેમના પુત્ર પરેશકુમાર તથા તેમના માતુશ્રી
ગંગાબેન, બાઈ પ્રાણલાલ જૈન માનવંતી તરફથી ભેટ...

## જૈન આનંદ પુસ્તકાલય સુરત
## સ્થાપના : વીર સં. ૨૪૪૫ વિ. સં. ૧૯૭૫

પોતા તરફ આકર્ષી લીધા રાજકીય વાજિંત્ર વૃંદે પોતાના મધુર સ્વરોદ્વારા સૌના મન બહેલાવી દીધા. આ પછી પૂજ્યપ્રવરશ્રી પોતાના શિષ્યાદિ પરિવાર સાથે સમિતિપૂર્વક ચાલતા હતા. એ પછી સંઘના ધર્મવંત શ્રાવકો હતા. આ પછી તીર્થંકર પરમાત્માની પ્રતિમાથી યુક્ત ચાંદીએ જડ્યો અને સોને ઢળ્યો દિવ્યકારીગરીમય ત્રણ શિખરવંત મહારથ આવ્યા, એ પછી પૂ૦ સાધ્વી સંઘ હતો અને છેલ્લે નગરની નારીઓ પ્રભુગુણોને ગાતી જતી હતી. એ તો જાણે પૂજ્યપાદશ્રીના પદવીપ્રદાન પ્રસંગે ગગનમાંથી ઉતરેલી દેવીઓનો આભાસ કરાવતી હતી. સૌને છેવાડે ગ્રામરક્ષકદળની ટુકડી હતી.

આ મહારથયાત્રા જોવા માટે રાજમાર્ગો ભરપુર હતા. આવાસોની અટ્ટારીકાઓ અને અગાસીઓ માનવોથી ઉભરાતી ગઈ હતી આજુબાજુના ગ્રામવાસીઓ પણ આ મહારથયાત્રા જોવા માટે ઉમટી પડ્યા હતા. આ રથયાત્રા શાંતિના સેનાનીને આપવામાં આવી રહેલ આચાર્યપદ નિમિત્તની હતી. એટલે એમાં અશાંતિનો સ્હેજે સંભવ ન હતો, છતાં રાજ્યે પોતાની ફરજ માની સંરક્ષણનો સંપૂર્ણ બંદોબસ્ત કર્યો હતો.

---

હે જિન ! તમારી વાણી સાંભળીને આખો સંસાર એ રંગભૂમિ મેં માની છે. કર્મનર્તકની આજ્ઞાથી સર્વે પ્રાણીઓ તેમાં–રંગભૂમિ રૂપ સંસારમાં નૃત્ય કરે છે.

શુભ ઘડીએ આરંભેલી રથયાત્રા અમૃત ઘડીએ પૂર્ણ થઇ, તેથી આજે પણ એ યાત્રા અમૃત છે. સ્મૃતિમાં આવે છે એ યાત્રાએ અમૃત પીધું માટે હજુ જીવંત છે.

## પદવી પ્રદાન

અર્જુનસુવર્ણે રસ્યો સૂરજ ઊગ્યો પરંતુ લોકો તો એ અગાઉ ઊઠી ચૂકયા હતા. આજે ધર્મગુરૂની, અરે ! લાડીલા ધર્મગુરૂની પદવી હતી. સૂર્ય આકાશમાર્ગે આગળ વધતો હતો. અને લોકહૈયાની આનંદરેલી આગળ વધે જતી હતી. મહાવિશાળ સમીયાણો બનાવવામાં આવ્યો હતો, એને ધજા, પતાકા, લઘુ ધજા તોરણથી સજાવવામાં આવ્યો હતો, સુગંધી ધૂપો વાતાવરણને નિર્મળ અને સુગંધમય રાખતા હતા, ગુલાબજળમિશ્રિત જળ છંટકાવ વાતાવરણમાં શીતળતાને જાળવી રાખતી હતી. નગરના નર–નારી વૃંદો બહુમૂલ્ય અને આકર્ષક વસ્ત્રો અને અલંકારો પહેરી આવવા લાગ્યા હતા. થોડાસમયમાં એ સમીયાણો ઉભરાઈ ગયો.

મિથ્યાત્વતિમિર ભાસ્કર તપગચ્છગગનનભોમણી મુનિપ્રવર શ્રીમુક્તિવિજયજી મહારાજશ્રી ( મૂળચંદજી ) ના શિષ્યરત્ન આબાલબ્રહ્મચારી પરમ પૂજ્ય તપોનિષ્ઠ સૂરિશેખર

---

હે જિન ! કર્મસમૂહ તમારે આધીન નથી તેમજ ભવિષ્યમાં આધીન થશે પણ નહિં, તેથી તે કર્મસમૂહને આવતા અટકાવનારો અને ક્ષય કરનારો ઉદ્યોગ-ઉદ્યમ કર્યો.

આચાર્ય મહારાજ શ્રી કમલસૂરીશ્વરજી મહારાજ આચાર્યપદ-પ્રદાનવિધિ કરાવવાના હતા. તેઓશ્રી પૂજ્ય આગમોદ્ધારકશ્રીની સાથે આ પટાંગણમાં પધાર્યા, ત્યારે ત્યાં રહેલો માનવગણ વિનયપૂર્વક ઉભો થઈ ગયો, બન્ને પૂજ્ય મહાત્માઓનો જયજયકાર બોલાવવા લાગ્યા.

પટાંગણમાં એક કલામય કાષ્ઠમંચ બાંધવામાં આવ્યો હતો, એ ઉપર પૂજ્યપાદ આચાર્યદેવશ્રી કમલસૂરીશ્વરજી મહારાજ બીરાજમાન થયા. અન્ય પૂજ્યવરો યથાયોગ્ય સ્થાને બેઠા.

લાભઘડીએ ચંદ્રસ્વરે, પદવીપ્રદાન ક્રિયાનો પ્રારંભ થયો. રજતનાણસ્થિત ચતુર્મુખ તીર્થંકર પરમાત્માના બિંબો સમક્ષ આ મંગળવિધિનો આરંભ થયો.

સૌ પ્રથમ મંગળકારી નંદીની વિધિ કરાવવામાં આવી, માનવમહેરામણ આતુરનયને આ ક્રિયા જોતો હતો, નંદીવિધિ પછી વંદનક, કાયોત્સર્ગ, સાત ખમાસમણા, સાત આદેશો, બૃહદ્ નંદીસૂત્ર શ્રવણ આદિ વિધિ થઇ.

ચતુર્મુખ ભગવંત સમક્ષ શ્રી નવકાર મહામંત્ર ગણી પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય કમળસૂરીશ્વરજી મહા-

---

હે જિન! જન્મ-જરા-મરણના યંત્રરૂપ સંસારમાં જીવો પીડાય છે. પણ તમારી વાણી તેઓને તે યંત્રથી અનન્યરૂપ એવી વાણી ફરી તેમાં આવવું ન પડે તેમ મૂકાવે છે.

રાજશ્રીના વરદ હસ્તે સૂરિમંત્ર-વર્ધમાનવિદ્યામંત્ર આદિથી અભિમંત્રિત વાસ ગ્રહણ કર્યો, એ વાસ પૂજ્ય પં૦ શ્રીઆનંદસાગરજી ગણીન્દ્રના મસ્તક ઉપર નાખ્યો પછી મુનીશ્વર આનંદસાગરજી ગણીન્દ્ર શ્રીનવકાર ગણવા પૂર્વક ત્રણ પ્રદક્ષિણા ફરવા લાગ્યા, આ વખતે ચતુર્વિધ સંઘ એમના ઉપર વાસ ક્ષેપ કરતો હતો, આ સમયે જયઘોષની ધ્વનિ અને પ્રતિધ્વનિ ગંજતી હતી. કેટલાક ઉદાર પૂણ્ય-વંતોએ વાસચૂર્ણની અંદર સાચા અખંડ મોતી ઉમેર્યા હતા. વળી કેટલાક ભાગ્યવંતોએ સોના રૂપાના ફુલ ભેળવ્યા હતા.

આ વખતે આગમોદ્ધારકશ્રી ચંદનચર્ણચર્ચિત ધ્યાન-સ્થ મૂર્તિ સમા દેખાતા હતા. આ વાસચૂર્ણ નિક્ષેપવિધિ અને પ્રદક્ષિણાવિધિ ત્રણ વખત કરવામાં આવી.

અન્ય વિધિવિધાન થયા પછી પૂજ્યપાદ આચાર્ય-વરશ્રી કમળસૂરીશ્વરજી મહારાજે વાસચૂર્ણ હાથમાં લઈ મંત્ર ગણવાનો આરંભ કર્યો, આ વખતે પટાંગણમાં નિરવ શાંતિ હતી. નામાભિધાન પૂર્વક પદ અર્પણ થવાની મુખ્યવિધિ ચાલુ થઈ હતી. પૂજ્યશ્રી અર્ધનિમીલિત નયને કાંઇક ગણતા હતા. ૐ હ્રીં જેવા અસ્પષ્ટ

---

હે જિન ! તત્ત્વને જાણનાર તમારું એક જ વચન તરતમપણાને ધારણ કરે છે એક તત્ત્વજ્ઞાનીઓને સંસારનો ઉદ્ધાર-પાર કરનારી બને છે. જ્યારે બીજી અતત્ત્વજ્ઞાનીઓને સંસારમાં પાડનારી બને છે.

ઉચ્ચારોનો ખ્યાલ આવતો હતો, એમના નયનો ક્ષણ પછી કમલવિકસિત બન્યા. ગંભીર ધ્વનિએ બોલ્યા. 'આજથી તમને આચાર્ય પદવી આપવામાં આવે છે અને તમારૂં નામ આચાર્યશ્રી આનંદસાગરસૂરિ રાખવામાં આવે છે.' આ વિધિ ત્રણ વખત કરવામાં આવી.

આ પછી ગુરૂમંત્ર આપવાનો વિધિ ચાલુ થયો. આગમોદ્ધારકશ્રીના કાનમાં ગુરૂમંત્ર આપવામાં આવ્યો. આ પ્રસંગે આચાર્યશેખર કમળસૂરીશ્વરજી મહારાજ ખૂબજ આનંદિત હતા સુયોગ્ય સુપાત્રને ગુરૂમંત્ર આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયાના આધ્યાત્મિક આનંદની રેખાઓ એમના મુખઉપર તરવરતી હતી.

શેષ વિધિ કર્યા પછી ઉપવાસનું પચ્ચખ્ખાણ લીધું. પદપ્રદાન વિધિ થયા બાદ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજે બોધમય આશીર્વચન કહ્યા.

## આશીર્વચન

પુણ્યવાનો! આજે સુરતનાં આંગણે એક પ્રતિભા-સંપન્ન અને શાસનપ્રભાવક પુરૂષની આચાર્ય–પદવી થઇ

---

જગતમાં લોકોની આગળ બુદ્ધિ વગરના એવા આ પરવાદીઓ તમારા અનુકરણને કરતા સતત ઉદયને પામેલા છે. પરંતુ આ પરવાદીઓ સંસારની હાનિ માટે સમર્થ નથી

છે. સુરત શહેરનું સદ્‌ભાગ્ય છે કે આવા પુણ્ય અવસરનો લાભ એને મળે છે.

પં૦ શ્રી આનંદસાગરજી ગણિ 'આગમોદ્ધારક' નામથી અતિપ્રસિદ્ધિને પામેલા છે. હવે એ શાસ્ત્રીય આચાર્યપદને પામ્યા છે. એમને જણાવવાનું કે–તમે આ પદને સુંદર નભાવજો, શાસનને દીપાવજો. તમારામાં અદ્‌ભૂત ગુણો છે. શક્તિસંપન્ન છો. લોકોની ચાહના પણ તમે ઘણી મેળવી છે. પણ હવેથી તમારે એક મોટી વધુ જવાબદારી સંભાળવાની છે. શાસનમાં આજે જે અંધકાર જણાય છે એને દૂર કરવા સતત પ્રયત્ન કરજો.

તમને આચાર્યપદનો કે લોકૈષણાનો મોહ નથી એ હું સંપૂર્ણપણે માનું છું, તેમજ ઘણીવાર શાસનને ખાતર તમે સ્પષ્ટવક્તા બની અનેકનો ખોફ સ્વીકારો છો, પરંતુ તમારા વિના બીજામાં હાલમાં એ હિંમત અને ધગશ દેખાતા નથી. તમારા ભક્તો ઘણાં છે. છતાં ભક્તોની મમતા તમને નથી.

આજે કેટલાક એવા પૂજ્યવર્ગમાં ઘૂસેલા છે કે જેઓ પોતાના માન સન્માન અને મોભા ખાતર શ્રાવકોની

---

હે જિન! તમારો આત્મા સંસાર સમુદ્રમાંથી જીવોને તારવાની ભાવના વડે ઘણા જન્મથી ભાવિત છે. તે આપે અંસભવમાં પ્રગટ કરી તેથી જ સમસ્ત જગતના ઉદ્ધાર માટે તમોએ તીર્થને પ્રગટ કર્યું–સ્થાપ્યું.

ખોટી પ્રશંસા સન્માન વિનય આદિ કરતા હોય છે. શ્રાવકોને ખુશ રાખવાની અને રાજી કરવાની વૃત્તિ ધરાવતા હોય છે. પણ તમે આવા દુર્ગુણોથી નિરાળા છો અને સદા નિરાળા રહેશો એવી મને શ્રદ્ધા છે.

તમારી શક્તિઓનો વધુને વધુ લાભ શાસનને આપજો આજે તમારી હરોળમાં કોઈ આવી શકે તેમ નથી. મારા કરતાં તમે વધારે શક્તિશાળી છો. આવું સ્વીકારતાં મને આનંદ થાય છે. વધુ શું કહું ? તમે એક આદર્શ પ્રભાવક આચાર્ય બનો એજ મંગળમનોરથ.

શાસ્ત્રીયક્રમ છે કે આચાર્યપદ દાતાના ઉપદેશ પછી પદગ્રહણ કર્તાએ પણ કાંઈક બોલવું જોઇએ. આ કારણે પૂ૦ નૂતન આચાર્ય આનંદસાગરસૂરિજી આશીર્વચનના ઉત્તરરૂપે પોતાની નિખાલસતા પૂર્વક સંવેદનશીલ વાણીમાં કાંઈક જણાવે છે.

## આશીર્વચનનો ઉત્તર

ભાગ્યવંતો ! પૂજ્યપ્રવરશ્રીએ જે પદ આપ્યું અને તમે બધાએ મળીને અપાવ્યું, આથી તમારા હૈયામાં આનંદ છે. અને તે વાત તમારા ખીલેલા મુખો બતાવી આપે છે.

અનાદિકાળથી હું ભવસમુદ્રમાં રહેલો જહાજ સમાન તમારું વચન જો મારે ન હોત તો હા ! જેનું વર્ણન થઈ શકે નહિં એવી કોઈક અવસ્થાને હું પામ્યો હોત.

ખરી રીતે તમે તો આ પદ આપીને કાર્ય પૂર્ણ થયાનો સંતોષ માનો છો, પરંતુ મારા શિરે આજથી નવી જવાબદારીના બોજાનો પ્રારંભ થયો છે. આ બોજો જો સારી રીતે વહન થાય તો કર્મોના બોજાને હલવો બનાવે છે. અને તીર્થંકર નામકર્મ બંધાવી આપે છે.

આ પદને માટે હું કેટલો લાયક છું. એ તો જ્ઞાની જાણે, છતાં પૂજ્યપ્રવરશ્રીએ એ પદ આપ્યું અને મેં લીધું, તો સદા મને શાસન સેવાના કાર્યો કરવાનું મન રહ્યા કરે, આ પદનો, શ્રી તીર્થંકર પરમાત્માનો, શ્રી તીર્થંકર પરમાત્માએ સ્થાપેલ સંઘનો અદનો સેવક રહું એજ ઈચ્છું છું.

પૂ૦ ઉ૦ ધર્મસાગરજી, ગ૦, પૂ૦ ઉ૦ શ્રી યશોવિજયજી. ગ૦, પૂ૦ ઉ૦ વિનયવિજયજી ગ૦ આદિ પૂજ્યો મારા કરતાં ઘણા આગળ હતા. છતાં એ પૂજ્યોએ પદવી નથી સ્વીકારી એ એમની મહત્તા અને નિષ્પૃહતા હતી.

મારી ઈચ્છા પણ આ પદ લેવાની ન હતી. છતાં વર્તમાન સંયોગો એવા છે કે એમાં પદવી લેવી અનિવાર્ય બન્યું છે. માટે સ્વીકાર કરવો પડ્યો છે. મને જે જે સામાન્ય શક્તિઓ મળી છે. તેનો યથાશક્ય ઉપયોગ

---

જે આ પ્રભુ ભવ્યજીવોનું ભવસમુદ્રથી રક્ષણ કરે છે. આવો લોકથી પ્રવાદ સાંભળીને તમારા ચરણકમળમાં આવ્યો છું. હે આપ્ત ! હવે સંસારથી મને કેમ તારતા નથી ?

શાસનસેવામાં કરતો આવ્યો છું. એવી ભાવના રાખતો આવ્યો છું. હવે પછી પણ મારી શક્તિઓ શાસનકાજે વપરાય એવી ભાવના સદા રહે એ ઈચ્છું છું. દેવગુરૂના આશીર્વાદ જિનશાસનની સેવાના કાર્યોમાં બળ પૂરે એજ કલ્યાણ કામના.

આ પછી સર્વમંગલ વિધિ થઈ, વાજતે ગાજતે સૌ જિનમંદિરે ગયા, એ રીતે મંગળ પ્રસંગની પૂર્ણાહૂતિ થઇ.

એક ધર્મરાજનો રાજ્યાભિષેક થયો, એ વિક્રમ સંવત ૧૯૭૪ના વૈશાખ શુક્લા દશમીનો મંગળ દિવસ હતો.

## અનાથના નાથ

પદવી પ્રદાન પ્રસંગની પૂર્ણાહૂતિ પછી પૂજ્ય પ્રવરે પોતાના પદ પંકજ મુંબઈ તરફ ઉપાડ્યા. સુરતની પ્રજાએ ભવ્ય વિદાયમાન આપ્યું, પણ શોકમય ચિત્તે, મહાત્માનો વિયોગ અનિવાર્ય છે. છતાં દુઃખદાયી છે.

આ વર્ષે મેઘરાજાએ કેટલાક પ્રદેશોમાં વર્ષા કરી ન હતી, તેથી આ પૃથ્વી ઉપર દુષ્કાળના ઓળા ઉતરી પડ્યા હતા. એ પ્રસંગને હળવો કરવા ઘણા ભાગ્યવાનો મુંબઇના ધનવાનો પાસે ઉદાર ફાળો કરાવતા હતા. આ વાતની જાણ પૂજ્યશ્રીને થઈ.

---

બીજાઓના દેવો અને ગુરુઓ સ્ત્રી અને ધનમાં હંમેશા રક્ત-આસક્ત હોય છે. તેઓ બીજા જીવોને પવિત્ર ધર્મ કેવી રીતે કહે? અર્થાત્ ન કહે.

દુષ્કાળના ખપ્પરમાં હોમાતા પશુઓનો બેલી કોણ? એ બીચારા મૂંગાપ્રાણીઓ કસાઇઓની કાતીલ છરી નીચે રહેંસાઈ જતા. કેટલાક મનુષ્યો અન્ન માટે ફાંફા મારતા.

પૂજ્ય આગમોદ્ધારક આચાર્યશ્રીએ એ પ્રશ્ન હાથ ઉપર લીધો, બીજા જે કાર્ય અથાગ પરિશ્રમે ન કરી શકયા, તે પૂજ્યશ્રીના પુણ્યપ્રતાપે અલ્પ પરિશ્રમે થવા લાગ્યું, લાખો રૂપિયા એકત્ર થયા. અને યોગ્ય પ્રમાણમાં સહાય થઈ, જનસમૂહમાં 'અનાથોના નાથ' તરીકે પૂજ્યશ્રી સુખ્યાત થયા.

પુનઃ વિહાર એના ક્રમે ચાલ્યો, સુરતના આંગણે પધાર્યા, સુરત તો જાણે આગમોદ્ધારકશ્રીની રાજધાની મુંબઈ અને સુરત ઘણી વખત જવા આવવાનું થયું. તેમ છતાં ક્યાંય લેપાયા નથી. પોતાના સાધુ માટે જ્ઞાનમંદિરના નામે મઠ ઉભો કર્યો નથી. માલીકીના જ્ઞાનમંદિરો બાંધી શિથીલાચારપણાને પોષવાની વૃત્તિના વિરોધી હતા. ધનપતિ ભક્તોનું વૃંદ છતાં સદા અનાસક્ત રહ્યા છે.

## પુસ્તકો અને પુસ્તકાલય

આ શાસનરત્ન મહાપુરૂષ પાસે અનેક ગ્રંથો આવતા હતા, મારવાડ વિગેરેમાંથી કેટલાક લહીઆઓ અને યતિઓ તરફથી વેચાણ માટે આવતા હતા તેમાંથી યોગ્ય

આખ્યાતા–વક્તાએ બોલતાં પહેલાં જ હૃદયમાં પોતાનું સ્વરૂપસ્થાપન કરવું આથી જ આરંભમાં રક્ત લોકો હા! શુદ્ધ ધર્મને કહેતા નથી.

ગ્રંથોનું યોગ્ય મૂલ્ય શ્રાવકો પાસેથી અપાવી શાસનપરંપરા ખાતર નિર્મમપણે રાખી લેતા હતા. શ્વેતાંબરપક્ષીય શ્રાવકસંઘ પ્રાચીન ગ્રંથો કે નવા મુદ્રિત ગ્રંથોના સંગ્રહ અને સંરક્ષણ માટે ઢબુના ઢ જેવો લગભગ છે. એમ કહેવામાં સ્હેજ કઠોરતા લાગે પણ અવાસ્તવિકતા તો નથી. હા, એને ચાંદી સોનાની આંગીઓ, હીરાના મુગટ, ચાંદીની પાટો અને સોનાની લગડીયોનું ઠીક ઠીક જતન કરતા આવડે છે વહેપારી રહ્યા ને!

આવા નિમિત્તોને લઇ પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ ઘણા ગ્રંથો ભેગા કર્યા, આ ગ્રંથોને ભેગા કરનાર નિર્ગ્રન્થને વિચાર આવ્યો કે આ ગ્રંથોની સાર્વજનીન કોઇ સુવ્યવસ્થા થાય તો સુંદર, આ શુભવિચાર પછી સુરત શ્રી સંઘની સામે એ વાત રજુ કરી.

સુરત સંઘે આ મહાનિર્ગ્રંથ પાસેથી મહાગ્રંથો લીધા અને એમને સુરક્ષિત તેમજ સુવ્યવસ્થિત રાખવા એક સુંદર મહાલય બાંધ્યું. આ મહાલય સાથે મહાનિર્ગ્રંથનું નામ જોડવામાં આવ્યું. 'શ્રી જૈનાનંદ પુસ્તકાલય'ના નામથી આજે પણ સુપ્રસિદ્ધ છે.

---

ક્રોધ–કામ અરતિનો દ્રોહ કરનારી એવી તમારી શાંત આકૃતિ જોઈને તેમજ હે વિભો! આ પ્રસન્ન થએલા મારા બે નેત્રો તમારી તે મૂર્તિને હંમેશાં જુઓ.

સુરતના જૈન, જૈનેતર, રાજકીય, પ્રજાકીય, પુસ્તકાલયોમાં આ જ્ઞાનભંડાર પુસ્તકાલય મોખરાનું સ્થાન ધરાવે છે. તેમાં માત્ર જૈનગ્રંથોનું જ સ્થાન છે એવું નથી. પણ દરેક ધર્મના હસ્તલેખિત અને મુદ્રિત, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, ઈંગ્લીશ, આદિ અનેક ભાષાના ગ્રંથોનો વિશિષ્ટ અને સુંદર સંગ્રહ છે.

*

કર્મના બંધ વખતે કરેલો વિચાર ભવિષ્યના સારા માટે છે. ઉદયની વખતે તો એકજ માર્ગ છે. જે ફળ વેદવું-ભોગવવું બીજો કોઈ માર્ગ નથી.

## પ્રકરણ બારમું

# મધ્યભારતના શૈલાના નરેશ પ્રતિબોધ

### માલવદેશ પ્રતિ

પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય મહારાજા માલવા દેશ તરફ વિહરતા પધાર્યા. માલવામાં શૈલાના એ એક સ્વતંત્ર રાજ્ય હતું, પૂજ્યપાદશ્રી એ રાજ્યમાં વિહરતા વિહરતા પધાર્યા. ઉપાશ્રયમાં એક દિવસ વ્યાખ્યાન થયું.

મહારાજ શ્રી શૈલાના નરેશને મહામંત્રી દ્વારા સમાચાર મલ્યા ને ગુજરાતદેશથી કોઈ મહાત્માપુરૂષ પધાર્યા છે. અને એ સારા ત્યાગી, નિષ્પૃહી, અને વિદ્વાન્ છે. તેથી વંદન કરવા જવાનું મન થયું, બીજે દિવસે પોતાના મંત્રીમંડળ સાથે વંદનાર્થે ગયા, ત્યાં પૂજ્યશ્રીને વંદનાદિ કરી પોતાના મહેલમાં આવેલા હોલમાં વ્યાખ્યાન રાખવા વિનંતિ કરી.

---

આ બે હાથ તમારા ચરણકમળની સેવા કરનારા થયા તેથી તે તમારી ઉપાસ્તિ-સેવા કરનારા હંમેશાં સફલ થાઓ.

પૂજ્યશ્રીએ આધ્યાત્મિક લાભ જોઈ એ વાતનો સ્વીકાર કર્યો.

બીજે દિવસે વ્યાખ્યાન રાજમહેલના હોલમાં હતું, તેથી રાજકીય અધિકારીઓ, ગામના વિદ્વાનો, અને ધનવાનો પણ પધાર્યા, શૈલાના નરેશ પણ પધાર્યા, પૂજ્યશ્રીએ વ્યાખ્યાન આપ્યું, શૈલાના નરેશને એ ખૂબ જ ગમ્યું.

વ્યાખ્યાન રોજ નિયમિત થવા લાગ્યું. શૈલાના નરેશ પણ રાજકીય કાર્યોથી ચાર ઘડીનો સમય અળગો કરી વ્યાખ્યાનમાં આવવા લાગ્યા, પૂજ્યશ્રી શૈલાના રહ્યા ત્યાં સુધી નિયમિત અખંડિત લાભ લીધો.

એ સિવાયના સમયે પણ પૂજ્યશ્રી સાથે આર્યસંસ્કૃતિ, રાજ્યધર્મ, નીતિધર્મ, રાજવી કર્તવ્ય, આત્મા, પરભવ, પુણ્ય, પાપ, મોક્ષ, પાશ્ચાત્ય સંસ્કૃતિ, જૈનદર્શન, વેદાંતદર્શન, બૌદ્ધદર્શન આદિ અનેક વિષયોની ગહનતા ભરી ચર્ચા વિચારણા પણ કરતા હતા.

શૈલાના નરેશ પૂજ્યશ્રી પાસે આવતા અને ધર્મોપદેશ અગર ચર્ચા કરતા ત્યારે એક વિનયશીલ શિષ્યરત્ન જેવું એમનું વર્તન રહેતું, ધીરે ધીરે એ આર્યધર્મ અને આર્ય

---

હે તાત ! જિન ! પુણ્યપ્રભાવથી મારાવડે ત્રસપણું પ્રાપ્ત કરાયું અને તમારા શાસનના લાભથી મારું તે ત્રસત્વાદિ સફલ થયું.

સંસ્કૃતિના એટલા બધા રસીયા બની ગયા કે જાણે સત-યુગના ધર્માવતારી રાજા ના હોય!

શૈલાના નરેશનું જીવન પણ આદર્શ બની ગયું, પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીના સંસર્ગથી એમનામાં જીવ-દયાનો અખંડ ઝરો વહેતો થઈ ગયો. જીવદયાનો પ્રેમ વધતા વધતા ઉત્કૃષ્ટકોટીએ પહોંચ્યો.

પોતાના રાજ્યના તમામ ગામોમાં અમારી પડહ જાહેર કર્યો, આ અભયદાનનું સર્વોત્તમ કાર્ય કરી શૈલાના નરેશ શ્રી દીલીપસિંહજી સ્વનામ ધન્ય બન્યા. અને આગમોદ્ધારકશ્રી પણ અજોડ પ્રભાવક આચાર્ય બન્યા.

આ દિવસથી આગમોદ્ધારકશ્રીજીના નામ આગળ શૈલાનાનરેશપ્રતિબોધક વિશેષણ ચાલુ થયું.

## પૂર્વ ભારત

## ઉત્તર પ્રદેશમાં પ્રયાણ

ચાતુર્માસ પૂર્ણ થતા માલવા દેશમાં ધર્મ-પ્રભાવના કરતા થોડા માસકલ્પ કર્યા, આગળ વધતા ઉત્તર પ્રદેશમાં આવ્યા, આ પ્રદેશોમાં જિનકલ્યાણક ભૂમિઓ હતી. એ

---

અશુભકર્મથી બનેલું એવું તને સુખદુઃખરૂપી ફલ અહીં ઉદયમાં આવ્યું છે, તો ક્રમશઃ આ સુખદુઃખના અનુભવરૂપી ચિંતવનને છોડીને શુભભાવનો આશ્રય કર.

ભૂમિઓ તીર્થસ્વરૂપે હતી, એ તીર્થભૂમિઓની યાત્રા કરતાં કરતાં આગળ વધતા હતા, આ પ્રદેશોમાં જૈનોના ઘર ઘણા જ ઓછા હતા, જે થોડા ઘણા હતાં, તેમાં ધર્મના સંસ્કારો ખાસ જણાતા ન હતા.

પૂજ્ય આગમોદ્ધારકશ્રી પોતાથી બની શકે, તે રીતે દરેક સ્થળે સંસ્કારના બીજ વાવતા, ત્યારબાદ કાનપુર નગરે પધાર્યા, કાનપુર, અમદાવાદ જેવું મહાનગર હતું. અલ્પસંખ્યક જૈનો ઘણા કાળથી વસતા હતા, એમણે સુંદર એક જિનમંદિર બંધાવ્યું હતું, **'काचका जैन मंदिर'** તરીકે સુપ્રસિદ્ધ હતું જૈનો અને જૈનેતરો અહીં દર્શનાર્થે આવતા, આ નગરમાં થોડા દિવસ સ્થિરતા કરી પૂજ્યપ્રવરશ્રી લખનૌ નગર પધાર્યા, થોડા દિવસ સ્થિરતા કરી બનારસ તરફ વિહાર આદર્યો.

## હિંદુ વિશ્વ વિદ્યાલયમાં

પૂજ્ય આગમોદ્ધારકશ્રી વિદ્યાધામ વારાણસીનગરે પધાર્યા, સુંદર સ્વાગત–પૂર્વક ઉપાશ્રય પ્રવેશ થયો, બપોરે હિંદુ વિશ્વવિદ્યાલયના વિદ્વાનો પધાર્યા. પૂ૦ આગમોદ્ધારકશ્રી

---

ખેડુતને ખેતી કરતાં કણ–બી નાંખતાં–વાવતાં વિચાર કર્યો હોય તો તે ભવિષ્યમાં સારા માટે થાય, જ્યારે પછીથી ફળ વખતે અપોહ–વિચાર કરવો નિરર્થક–નકામો છે.



આગમોદ્ધારક આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



રાજપ્રતિબોધ અને જીવદયાપટ્ટક

અપ્રતિમ વિદ્વાન્ છે. એવી ખ્યાતિ ઘણા વખતથી આ વિદ્વાનો સાંભળતા આવ્યા હતા, એમની વિદ્વત્તાનો લાભ પણ મળે અને નવી શૈલી, નવું જ્ઞાન મળે તેથી પૂજ્યશ્રીને વિનંતિ કરી.

'આપ અમારા વિદ્યાલયમાં પધારી 'સ્યાદ્વાદ' વિષય ઉપર સંસ્કૃત ભાષામાં સમજુતી આપવા કૃપાવંત થશો'

પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કર્યો, મુકરર સમયે વિદ્યાલયે પધાર્યા. પંડિતોએ ભાવભીનું સ્વાગત કર્યું, ઉચ્ચ વ્યાસપીઠ ઉપર બેસાડ્યા શ્રી નમસ્કાર મહામંત્રના જાપપૂર્વક વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો.

ગંગાનદીના અખંડશ્રોતની જેમ પૂજ્યપ્રવરશ્રી સંસ્કૃતમાં ધારાબદ્ધ બોલતા જ જાય, ક્યાંય અટકવાની નહિ. ભાષામાં પણ ઉચ્ચતર સંસ્કૃત પ્રયોગો.

એક વ્યાખ્યાન પૂર્ણ થયું, વિદ્યાલયના વિદ્વાનોને સરસ રસ પડ્યો, બીજા બે વ્યાખ્યાનો માટે વિનંતિ કરી અને સાથે જણાવ્યું–આપશ્રી સરલ સંસ્કૃત બોલો તો સારૂં, આપની તેજસ્વી સંસ્કૃત ભાષા સમજતા અમારા જેવાને પણ વાર લાગે છે.

---

હે જીવ ! જગતમાં આ અશરણતા છે જે સર્વની સાક્ષીએ પહેલાં કરેલું કર્મ ભોગવવું જોઇએ. અહીં તારૂં કોઇપણ રક્ષણ કરનાર નથી.

બીજા બે વ્યાખ્યાનો પણ 'સ્યાદ્વાદ' વિષય ઉપર જ થયા. પરંતુ તેમાં ભાષા સરલ સંસ્કૃત કરવામાં આવી હતી.

વિદ્યાલયના વિદ્વાનો વિચારમાં પડ્યા, આ મહાત્માએ બનારસમાં અભ્યાસ કર્યો નથી. એમના ત્યાં સંસ્કૃતભાષા દૈનિક વપરાશની ભાષા નથી છતાં અમને સમજવામાં મુશ્કેલ પડે તે આ મહાત્માને બોલવામાં સરલ લાગે છે. કેટલી વિદ્વત્તા ? સાક્ષાત્ બૃહસ્પતિના અવતાર લાગે છે.

શિષ્યોને પણ આશ્ચર્ય થયું. પૂ૦ ગુરૂદેવશ્રી સંસ્કૃતમાં આવું સરસ બોલી શકે છે ? આવું ધારાબદ્ધ વહાવી શકે છે ? અમને તો આજે જ ખ્યાલ આવ્યો. આવી અજોડ વિદ્વત્તા છતાં પૂજ્ય આગમોદ્ધારકશ્રી જ્યાં ત્યાં વિદ્વત્તાનું પ્રદર્શન કરવા સંસ્કૃત બોલતા ન હતા. બધા વ્યવહારો ગ્રામ્ય અને દેશ્યભાષાઓમાં જ કરતા. આ ગાંભીર્યનો ખ્યાલ સૌ પ્રથમ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં આવ્યો.

## બંગલા-વિહાર

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીને થયું કે-બંગાલ તરફ પણ વિહાર કરવો આવશ્યક છે. ત્યાં વસેલા અને વ્યાપાર અર્થે નવા જતા જૈનોમાં જૈનત્વના ધાર્મિક સંસ્કારો

---

વગર વિચારે કરેલું પાપ રક્ષણરહિત હે જીવ ! તે કર્મના ફળને તું ભોગવ, જો તું સુજ્ઞ-સમજુ હોય તો આગળ બીજું બાંધીશ નહિં, જો સુખની ઈચ્છાવાળો હોય તો.

નહિ રહે તો મોટી મુશ્કેલી થશે. બંગાલમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ ઘણો હતો. બંગાલની જનતા ખૂબજ બુદ્ધિશાળી હતી. પણ આળસુ હતી અંગ્રેજી શિક્ષણનું પ્રમાણ ત્યાં વિશેષ હતું,

ત્યાં વસનારા જૈનો જમીનદારો અને રજવાડા જેવા હતા. યતિવર્ગ વાહનનો ઉપયોગ કરતો હતો. તેથી એ વર્ગ ત્યાં જતો અને ધર્મના કાંઈક સંસ્કારો પાડતો, પરંતુ એ વર્ગ કંચનને છડેચોક સ્વીકારતો અને સ્વયં રાખતો હતો. વળી તેમને કામિનીનો સંગ પણ ન્યૂનાધિક પ્રમાણમાં થતો તેથી એ વર્ગની જે સ્વચ્છ છાયા પડવી જોઇએ. તે સારા પ્રમાણમાં પડી શકતી ન હતી.

કલકત્તામાં વસનારા મરૂધરવાસી અને ગુર્જરવાસી જૈનોમાંથી કેટલાએ પૂ૦ આગમોદ્ધારકશ્રીના દર્શન મરૂધર અને ગુજરાતમાં કરેલ હતા અને વર્તમાનપત્રો દ્વારા પૂજ્યશ્રીની સુખ્યાતિ એ પ્રદેશમાં વ્યાપક બની ગઈ હતી.

કલકત્તાવાસીઓના જાણવામાં આવ્યું કે—પૂજ્ય આગમોદ્ધારકશ્રી બિહારપ્રદેશને પોતાના પાદપંકજથી પાવન કરી રહેલા છે તેથી જૈનોનું એક પ્રતિનિધિમંડળ કલકત્તા પધારવાની વિનંતિ કરવા આવ્યું.

---

હે જીવ! તારે માટે વેદવું તથા ખપાવવું એમ બે માર્ગ છે. તેમાં પહેલો શ્રેયસ્કર છે. બીજા માર્ગ માટે તું સમર્થ નથી.

પૂજ્યશ્રીને જણાવ્યું–હે પૂજ્ય ગુરૂદેવ ! બંગાળમાં ધર્મદષ્ટિએ જૈનો કંગાલ બનતા જાય છે અને પરધર્મ અભિમુખ થતા જાય છે આપશ્રી ત્યાં પધારો અને ઉદ્ધાર કરો. એ રીતે ત્યાંની સ્થિતિનો અક્ષરશઃ ચિતાર રજુ કર્યો.

પૂજ્યશ્રીએ તરત જ 'ક્ષેત્રસ્પર્શના' શબ્દ દ્વારા આવવાની સંમતિ જણાવી બીજે દિવસે ત્યાંના દૈનિક સમાચાર પત્રોમાં મોટા અક્ષરે સમાચાર છપાયા.

## સમાચાર સાર

જૈનધર્મના અજોડ અપ્રતિમ વિદ્વાન્ મહાસમર્થ ત્યાગી, ધર્મધુરંધર, આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા પોતાના શિષ્ય પરિવાર સાથે બિહાર પ્રદેશમાં વિહાર કરી રહ્યા છે. અને હવે પાદ વિહાર કરતા પૂજ્યશ્રી બંગાલ પ્રદેશમાં પધારશે, ત્યાંથી ધીરે ધીરે ચતુર્માસ પહેલા કલકત્તા પધારશે.

ગામેગામ એ મહાપુરૂષના વ્યાખ્યાનો થાય છે. એમના દર્શનનો લાભ લેવા લોકોની મેદની ઉમટે છે. આ મહાત્મા ચૂસ્ત જનધર્મી હોવા છતાં સમદર્શી મહાપુરૂષ છે

---

જગતનું રક્ષણ કરનાર જિનેશ્વર ભગવાન્ છે. કારણ કે પાપ કરતાં પહેલાં જીવોને તે નિવર્તાવે છે–પાછા હઠાવે છે. અને જો આ પાપ કર્યું તો નક્કી ફળ ભોગવવાનું છે.

સંપ્રદાયની ઘેલછા એમનામાં નથી. કોઇ ઉપર રાગ અને દ્વેષ ન રાખવાનો એ મહાત્માનો સ્વભાવ છે. બંગાલની સમગ્ર જનતા એ મહાત્માના દર્શન વંદન નો લાભ અવશ્ય લે આ મહાત્માનાં દર્શનથી પતિતપાવન બને છે. નાસ્તિક આસ્તિક બને છે. માનવ મહામાનવ બને છે.

આ સમાચારોથી બંગાલની જૈન અને જનેતર પ્રજામાં આકર્ષણ અને આનંદ વધ્યા, પૂજ્યશ્રી પ્રતિ પૂજ્યભાવ વધ્યો, કલકત્તામાં સ્વાગતની તૈયારી વણથંભી ચાલી.

## કલકત્તામાં પ્રવેશ

એક મહામંગળ પ્રભાતે પૂજ્યપ્રવર આગમોદ્ધારકશ્રીના પગલાં કલકત્તાની ભૂમિ ઉપર થયા, દૂર દેશથી એક મહાત્મા-પુરૂષ પધાર્યા છે. એવું જાણીને અને લોકમુખે સાંભળીને અનેક બંગવાસીઓ પૂજ્યશ્રીના દર્શને ઉભરાવા લાગ્યા, બાદશાહી દબદબા ભર્યું વિશાળ સામૈયું થયું, કલકત્તાના કાર્તકી પૂનમના વરઘોડા જેવો આ સામૈયાનો ઠાઠ હતો, આ એક અપૂર્વ ગુરૂપ્રવેશ યાત્રા હતી. આ પ્રવેશયાત્રા જિનમંદિરે આવી, બહાર ચોગાનમાં વિશાળ 'પટાવાસ' બનાવવામાં

---

ભાવિષ્યના દુઃખને ભેદનાર—નાશ કરનાર હોવાથી ધર્મ શરણુ—રક્ષણ કરનાર કહેવાય છે. કારણ કે પહેલેથી જ તે ધર્મ આ જીવને શિક્ષા—શિખામણ આપે છે કે જેથી પાપ આવે જ નહિં. પાપ આવે તો દુઃખ થાય.

આવ્યો હતો, એમાં વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. રોજ વિશાળ સંખ્યા વ્યાખ્યાનમાં આવતી હોવાથી એ પટાવાસ રહેવા દીધો અને એમાં જ નિયમિત વ્યાખ્યાન થતું.

પૂજ્યશ્રીને ખ્યાલ આવ્યો કે નગરી મહાન્ છે. પણ નગરીને લાયક એકે ઉપાશ્રય નથી.

સમય જોઇ પૂજ્યપાદશ્રીએ વ્યાખ્યાનમાં ઉપાશ્રય સંબંધી વાત જણાવી સભાને આ સંબંધી કાંઈક કરી છુટવા ધર્મભાષામાં સમજાવ્યું, તે વખતે જ શ્રોતાઓ તરફથી એક લક્ષ રૂપિયાના ઉદાર વચનો મળી ગયા.

## જૈન હિંદી સાહિત્ય

આ પ્રદેશના જૈનો હિંદી ભાષાથી વધુ પરિચિત હતા, ગુજરાતી ભાષા એમને ફાવતી ન હતી. પૂજ્યશ્રી વ્યાખ્યાનો શુદ્ધ સરલ હિંદીમાં આપતા હતા તેથી શ્રોતાવર્ગ સહેલાઈથી સમજી શકતો હતો.

જૈનગ્રંથો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હતા, કેટલાકના ટબા, ભાષાનુવાદો અને ભાવાનુવાદો હતા. પણ તે બધા ગુજરાતી ભાષામાં હતા, હિંદી ભાષામાં કોઈ ધાર્મિક

---

જન્મેલાને અવશ્ય મરણ જ શરણ છે. તેમાં મરણ સમયે કોઇપણ મનુષ્ય રક્ષણ કરનાર નથી. તેથી ધર્મી જીવ પ્રણિધાનમાં–પ્રાર્થનાસૂત્રમાં સમાધિમરણની પ્રાર્થના કરે છે.

વિશિષ્ટ સાહિત્ય ન હતું, પૂજ્યશ્રીને લાગ્યું, હિંદી ભાષા ભાષીઓ માટે હિંદીગ્રંથોની આવશ્યકતા છે. અને એક નગરને યોગ્ય ગ્રંથ-ભંડારની પણ આવશ્યકતા છે. તે માટે પણ કાંઈક કરવું જોઇએ.

સુયોગ્ય સમયે વ્યાખ્યાનમાં એ સંબંધી ઉપદેશ આપ્યો. પૂજ્યપાદશ્રીની વાણી અમોઘ હતી એ વાતનો અમલ થયો અને 'શ્રી મણિવિજયજી જૈન જ્ઞાનભંડારની' સ્થાપના થઇ અને હિંદી સાહિત્ય માટે પણ યોગ્ય વ્યવસ્થા થઇ. છેલ્લા ૫૦૦-૬૦૦ વર્ષના ગાળામાં બંગાળમાં જે ધર્મોન્નતિ ન થઈ તે કરતાં વધુ ધર્મોન્નતિ આ મહાત્માના પ્રતાપે થઈ.

તપાગચ્છાધિપતિ આચાર્ય પ્રવર સૂરિસમ્રાટ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજા એક મહાન્ શાસન પ્રભાવક આચાર્ય થયા, એમણે અકબર જેવા સમ્રાટને બોધ આપી પ્રભાવના કરાવી, એ મહાપુરૂષ બંગાલમાં પધાર્યા હોત તો અનેક શાસન પ્રભાવનાના કાર્યો કરાવી શકત પરંતુ 'ક્ષેત્રસ્પર્શનાના' અભાવે જઈ ન શક્યા અને લાભ આપી ન શકયા તે લાભ આ સૂરિસમ્રાટ આપી શકયા છે.

---

અવશ્ય થવાવાળા મૃત્યુનો સત્પુરૂષો મરણ વખતે જરાપણ શોક કરતા નથી તેથી હે વિભો! તેઓ-સત્પુરૂષો સમાધિપૂર્વક મરણને ઇચ્છે છે-વાંછે છે.

એટલે ૫૦૦–૬૦૦ વર્ષના ગાળામાં સૌથી વધુ લાભ આ મહાત્મા એ આપ્યો છે તેમાં જરાય અસત્યતા નથી જ.

## મુર્શીદાબાદ આબાદ બને છે

ધન, ધાન્ય અને વૈભવની દૃષ્ટિએ મુર્શીદાબાદ આબાદ જ હતું. અહીં ઘણા ધનાઢ્યો વસતા હતા. આજે પણ ત્યાં કેટલા આવાસો એવા છે કે–જેમાં ૩૦૦ માનવીઓનનું મહાકુટુંબ સહેલાઈથી રહી શકે. આ આવાસો ઉપરથી સંયુક્ત કુટુંબની યોજનાનો ખ્યાલ આવી શકે. ઘરના વૈભવનો અને સંપનો પણ ખ્યાલ આવી શકે.

આ નગરમાં શ્રેષ્ઠિવર્યશ્રી વિજયસિંહજી દૂધેડીયા મુખ્ય હતા. શ્રીયુત વિજયસિંહજી દૂધેડીયાને શ્રેષ્ઠિવર્ય કહેવા કે નરેશ કહેવા, તે પ્રશ્ન થઈ પડે તેવું છે.

કારણ કે એમને પુણ્યના યોગે જે સાહ્યબી મળી હતી તે નરેશ કરતાં વધે તેવી હતી. ઘણી જમીનના માલિક હતા, નાની સરખી સેના હતી. હાથી–ઘોડા સારી સંખ્યામાં હતા. નોકર–ચાકરનો સુમાર નહિં, એટલે સાહ્યબીએ નરેશ હતા. લોકો પણ નરેશ કહેતા, છતાં

---

સમાધિ મૃત્યુથી નક્કી એ બાબત પ્રાપ્ત થાય છે. એક સદોદય–મોક્ષ અથવા અલ્પરજ–કર્મવાળું દેવપણું બાકી ત્રણ ગતિ આને નથી તેમજ કોઇપણ દિવસ નિત્યા–દીર્ઘસ્થિતિ બંધાતી નથી.

વિધિવત્ રાજ્યાભિષેક થયો નહોતો, તેથી આપણે એક વિશિષ્ટ શ્રેષ્ઠી ગણીએ એ વધુ વાસ્તવિક છે.

આ મહાન ઋદ્ધિવંત શ્રેષ્ઠીએ પૂજ્યપાદશ્રીના ગુણોથી આકર્ષાઇને ભવ્ય સ્વાગત કર્યું, ધર્મનરેશ સ્વદેહે પધારી રહ્યા હોય અને એમની પ્રવેશયાત્રા નીકળી હોય તેવો ભવ્ય કલાત્મક દેખાવ એ હતો, અથવા તો દશેરાના દિવસે દરબારની દબદબાભરી જે શોભાયાત્રા નિકળે તેવી આ પ્રવેશયાત્રા દર્શનીય હતી આ પ્રસંગે ગરીબોને દાન પણ આપવામાં આવ્યા હતા.

## એક ભવ્ય દીક્ષા-મહોત્સવ

પૂજ્ય પ્રવર આગમોદ્ધારકશ્રીના પવિત્ર ચરણે સુરતના બે ભાઈઓની દીક્ષા લેવાની અદમ્ય ઈચ્છા હતી. પૂજ્યપાદશ્રી હાલ સુરત પધારી શકે તેમ ન હતા અને આ બન્ને ભાઇઓ દીક્ષામાં વિલંબ સહન કરવા રાજી ન હતા. ઝવેરચંદભાઈ અને દેવચંદભાઈ એ બન્નેને એક દિવસ સંસારમાં પસાર કરવો ઝેર જેવું લાગતું હતું.

અત્યાર સુધીમાં પૂજ્યપાદશ્રીના ચરણે અનેક ભાગ્યવાનો સંસારની મમતા તજી સંયમમાર્ગનો સુતરાં સ્વીકાર

---

જો વીતરાગ-રાગદ્વેષ રહિત એવા દેવ ન હોય તો સ્ત્રી શસ્ત્ર અને કામ-વિષયોમાં આસક્ત એવો કયો દેવ જે મોહરૂપી અંધતમસ-ગાઢ અંધકારનો સમૂહ તેનો કોણ નાશ કરવા સમર્થ થાય ?

કરી આવી વસ્યા હતા. છતાં આ બે દીક્ષાઓ બંગાલમાં કે જ્યાં પહેલાં ક્યારેય દીક્ષા ઉત્સવ થયો છે એ પણ જાણવા ઈતિહાસના પાના ઉકેલવા પડે તેવું હતું તેથી અને કાંઈક વિશિષ્ટ ઉજવણી થઈ હોવાથી વિવેચન સભર નોંધ લેવામાં આવે તે યોગ્ય છે.

## સંઘનો આનંદ

શ્રી અજીમગંજ જૈનસંઘને તેમજ રાવબહાદુર શ્રી દૂધેડીયાજીને આ લોકો દીક્ષા લેવાના શુભભાવથી સુરતથી અહીં પૂજ્યપાદશ્રી પાસે પધાર્યા છે એ જાણી અત્યંત આનંદ થયો. પૂજ્ય આગમોદ્ધારકશ્રીને વિનંતિ કરી, ગુરૂદેવ! આ બંને પુણ્યવાનોને કૃપા કરી અમારા નગરમા દીક્ષા આપો અને દીક્ષા માટેના ઉત્સવ–મહોત્સવનો લાભ અમને આપો. બંગાળમાં આવો અવસર ઉજવ્યાનો અમને ખ્યાલ નથી. ફરી અવસર ક્યારે આવશે તે અમે જાણી શકતા નથી, તેથી ગુરૂદેવ! આપશ્રી અમારી ઉપર કૃપા વરસાવી દીક્ષાઉત્સવનો લાભ અમને લેવા દો.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીએ શ્રી અજિમગંજ જૈન–સંઘ તેમજ રાવબહાદુર શ્રી વિજયસિંહજીની વિનંતિનો સ્વીકાર કર્યો.

---

હે પ્રભુ! જો તમે ન મળ્યા હોત તો મારો આત્મા હંમેશા કુદેવ–કુગુરૂ અને કુધર્મનો આશ્રય કરીને હા! સંસાર સમૂહને પામ્યો હોત.

જોષીઓને બોલાવ્યા જોષ જોવરાવ્યા, વિક્રમ સંવત્ ૧૯૮૧ના આષાઢ શુક્લા પંચમીનો દીક્ષા માટે દિવસ નક્કી થયો. જેઠ વદ ત્રયોદશીથી મહોત્સવનો મંગળ પ્રારંભ થયો. તેમજ સુરતના સંગીતકારો પ્રભુભક્તિ માટે પધાર્યા હતા મહોત્સવની સાથે સંઘભક્તિમાં જમવાનું તો હોય જ, આ ભક્તિ એવી વિશિષ્ટ હતી કે શ્રી રાવબહાદુર વિજયસિંહજી જાતે પોતાના સ્વામીબંધુને પ્રેમથી પીરસતા હતા.

## વર્ષીદાન યાત્રા

દીક્ષાના મંગળદિવસની આગળના એક દિવસે વર્ષીદાન યાત્રા અર્થાત્ વરસીદાનનો વરઘોડો નિકળ્યો. આ પ્રસંગે બહારગામના ભાવિકો સારી સંખ્યામાં આવ્યા હતા.

આ વર્ષીદાનયાત્રામાં ૬ ગજરાજો, ૨૦૦ સૈનિકની ટુકડી, ૫૦ નીશાનો અને બીજાં અનેક સરંજામ હતાં. કોઈ રાજકુમારો દીક્ષા લેવા જઈ રહ્યા હોય એવો રમણીય એ દેખાવ હતો.

આ વર્ષીદાનયાત્રા 'રામબાગ' ઉદ્યાનમાં આવી, અહીં ચૈત્યવંદનાદિ કરી એ કાર્ય પૂર્ણ થયું.

---

હે વીતરાગ ! જે તમારી ઉપરની ભક્તિ છે તે વિઘ્નોને દૂર કરે છે. પણ જે ભક્તિ કામક્રોધરૂપી અશાંતિથી દુષ્ટ અલંકારવાળી ન હોય તે વિઘ્નોને દૂર કરે છે.

બીજા દિવસના પ્રભાતકાળથી વાતાવરણ દિવ્ય બનતું ચાલ્યું. રામબાગ ઉદ્યાનમાં આસોપાલવ–વૃક્ષની નીચે ચતુર્મુખ ભગવંતની સમક્ષ આ બન્ને ભાઇઓને દીક્ષા આપવામાં આવી, ત્યાગનો આનંદ આ બન્નેના મુખ ઉપર ઝૂલતો હતો. પૂજ્યપ્રવરશ્રીનું ચાતુર્માસ પણ અજિમગંજમાં થયું, બંગાળ અને બિહાર દેશના જૈનતીર્થોનો તીર્થોદ્ધાર અને સુરક્ષા માટેના યોગ્ય કાર્યો ત્યાં થયા.

## વિહાર

પ્રભાવક ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ બંગદેશથી વિહાર કર્યો અને બિહારપ્રદેશની યાત્રાઓ કરી. અહીંના તીર્થોનો પણ યોગ્ય ઉદ્ધાર અને સુરક્ષા માટે કાર્યો કરતા પૂજ્યશ્રી મરૂધર–ભૂમિમાં ગયા. અહીં સાદડી-નગરે ચાતુર્માસ થયું.

બંગાલથી અહીં આવતા રસ્તાના ગામોમાં બીનમૂર્તિ-પૂજકો સાથે ચર્ચાઓ થતી. દિગંબરો સાથે ચર્ચાઓ થતી. એમાં વિજયપતાકા સાથે સાદડી નગરે પધાર્યા હતા. અહીંના ભાગ્યવંત શ્રાવકોએ એક 'મહા ઉપધાન' તપ કરાવ્યો હતો. જે મારવાડમાં અદ્વિતીય ગણાતો હતો.

---

જો તમે સૂર્ય સમાન પ્રભાવાળા દેવ અહીં જગતમાં ન હોત તો અહીં એવા અન્યતિર્થિકરૂપી ધૂવડોનું ચક્રીપણું હોત અર્થાત્ સૂર્યની પ્રભા ન હોય ત્યાં જ ધુવડોનો પ્રચાર હોય છે.

## પ્રકરણ–તેરમું

## દિગંબરોનો ઉત્પાત

**અ**વસર્પિણી–કાળના પ્રતાપે શ્વેતાંબર અને દિગંબર એમ જૈનધર્મના બે વિભાગો પડ્યા ત્યારથી જૈનધર્મની અવનતી થતી આવી છે. જો કે વચ્ચે વચ્ચે ઉન્નતિઓ ઘણી થતી આવી છે. એ તો સુપ્તને જાગૃત કરે તેવી પરંતુ આગળ વધારે તેવી નહિં, મેવાડના મહાન્ તીર્થ શ્રી કેશરીયાજીનો ઝગડો અનેક વર્ષોથી ચાલતો આવેલો છે. વર્તમાનમાં પણ એ સર્વાંશે દૂર થયો છે. એમ ન કહી શકાય, અહીંના શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ શ્વેતાંબર અને દિગંબર એમ બે વિભાગ થયા એ પહેલાંની છે.

આ કારણે દિગંબરો આ મંદિર અને આ મૂર્તિનો કબજો પોતાના હસ્તક લેવા ઇચ્છતા અને વર્ષોથી એનો હક્ક

---

હે જિનેશ્વર દેવ ! તમારા પ્રભાવથી રાગ, દ્વેષ અને મોહથી રહિત દેવ, હિંસાદિ પાપોનો ત્યાગ કરનારા ગુરૂ તેમજ નિર્દોષ પાપરૂપી કચરાથી રહિત ધર્મનો મેં આશ્રય કર્યો છે.

અને કબજો, તેમજ વહીવટ શ્વેતાંબરો ભોગવતા આવેલા, શારીરિક અને પ્રાદેશિક તાકાત ઘટતાં દિગંબરો એના ઉપર પોતાનો અધિકાર સ્થાપવાનો નિંદ્ય પુરૂષાર્થ કરતા.

આ જિનમંદિરનો ધ્વજદંડ જીર્ણ થએલો, તેથી જીર્ણોદ્ધાર કરી નવો મૂકવાનો હતો. પરન્તુ વક્ર અને જડ દિગંબરો કેમે કરી આ કાર્ય કરવા ન દે, આખરે અનેક વિક્ષેપોની વચ્ચે પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીએ ઉપસર્ગો સહન કરવા પૂર્વક એ કાર્ય પૂર્ણ કર્યું, ત્યાં પણ શાસન-જ્યોત ઝગમગતી રાખી.

## ગુજરાતની ધરતી ઉપર

પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય ભગવંત વિચરતા વિચરતા ભોયણી પધાર્યા.

વિક્રમની વીસમી શતાબ્દિનો કાળ ભારે ક્રાંતિનો કાળ ગણી શકાય, યૂરોપીય મુત્સદ્દીઓએ કૂટનીતિના પ્રયોગો ક્યારનાય આરંભ કરી દીધા હતા. મુસ્લીમોને અંદરથી ઉશ્કેર્યા, અને એમના દ્વારા મુસ્લીમ વસ્તી વધારવાના પ્રયત્નો ચાલુ કરાવ્યા.

---

બીજા દેવો મોહમાયાથી રહિત નથી. અન્ય સાધુઓ હંમેશા સ્ત્રીઓમાં રક્ત છે અને બીજાઓનો ધર્મ જે હિંસાદિથી યુક્ત છે. જ્યારે અહિં ધર્મમાં શુદ્ધતત્વની શ્રેણી પ્રાપ્ત થાય છે.

બીજી તરફ પાદરીઓ અને મીશનો દ્વારા ક્રિશ્ચીયન ધર્મનો સત્તા અને ધનના જોરે પ્રચાર કરાવતા આ બેની વચ્ચે જૈન અને વૈદિક ધર્મનો હ્રાસ કરવામાં આવતો, આ ફૂટચાલનો કેટલાક આર્ય સંસ્કૃતિના રક્ષક વિદ્યાવાનોને ખ્યાલ આવી ગયો. એમાંથી 'હિંદુ મહાસભા' નામની સંસ્થા ઉભી થઇ.

## વિચિત્ર હવા

બીજી તરફ યૂરોપીય મુત્સદ્દીઓએ ધર્મસુધારાની એક ઝેરી વિચિત્ર હવા ઉભી કરી હતી. એમાં દેશના ઘણા યુવકો અંજાઈ ચૂક્યા હતા. જૈન યુવકો પણ આ હવાથી બાકાત રહે તે સંભવિત ન હતું. જૈન યુવકોને પણ એ ઝેરી હવા અસર કરી ગઈ.

પરિણામે એ વર્ગ દેવદ્રવ્ય, બાલદીક્ષા, દીક્ષાપ્રતિબંધ, મંદિર, મૂર્તિ, જ્ઞાન, ઉપધાન, ઉદ્યાપન, ઉત્સવ, સાધર્મિક-વાત્સલ્ય વિગેરે વિષયોમાં શાસ્ત્રીય વાતોને દૂર હડસેલતા થયા અને મનોકલ્પિત વાતો બોલતા થયા.

આવી વિચારશ્રેણીને ધરાવનારાઓની અને જૈનકુળમાં જન્મી જૈનશાસનને હચમચાવી મૂકનારાઓની એક મંડળી

---

સ્નેહી મનુષ્ય જે કાંઇ કાર્ય કરે છે. તે બધું સારૂં કહેવાય છે. પરંતુ તેનો સમાવેશ સ્નેહમાં થાય છે. અને જો ન કરે તો અપકારમાં પરિણમે છે.

ભેગી થઈ. એણે પોતાનું નામ 'જૈનશ્વેતાંબર કોન્ફરન્સ' રાખ્યું એ નામનું સુંદર રૂપ જોઇ ઘણા અજાણ્યા ફસાઈ જવા લાગ્યા, એ સંસ્થાએ ધર્મશાસ્ત્રોથી વિરૂદ્ધ જઈ, દીક્ષા પ્રતિબંધને લગતો ઠરાવ પસાર કર્યો.

'આવા સમયે શું કરવું!' આ વિષય ઉપર પૂજ્ય-પાદ આગમોદ્ધારકશ્રી ઘણો જ વિચાર કરતા હતા, એટલામાં શ્રી સુરત જૈનસંઘના આગેવાનો પોતાના નગરને પાવન કરવા પધારવાની વિનંતિ કરી. પૂજ્યપાદશ્રીએ એનો સ્વીકાર કર્યો. પૂજ્યપાદશ્રી સુરત પધાર્યા, પંદર વર્ષ પછી સુરતમાં પધારતા હોવાથી સુરતના જૈનોએ ખુબ જ ઉષ્માભર્યું એમનું સ્વાગત કર્યું.

## સંસ્થા ત્રયમ્

પૂજ્ય આગમોદ્ધારકશ્રીના સહકાર અને માર્ગદર્શન તળે 'દેશવિરતિધર્મ આરાધક–સમાજ' 'યંગમેન સોસાયટી' અને 'નવપદ આરાધક સમાજ' નામોની ત્રણ સંસ્થાઓ કાર્યરત બની.'

---

સ્યાદ્વાદ મુદ્રાથી સુંદર એવું હે જિન ! તમારૂં વચન જગતમાં ન હોત તો જે સ્થિર અથવા અસ્થિર એવા આત્મામાં મોક્ષપ્રાપ્તિ પર્યાય હોવાથી તે મોક્ષપ્રાપ્તિને કોણ માનત અર્થાત્ એકાંત સ્થિર–અસ્થિર આત્મામાં મોક્ષપ્રાપ્તિ ઘટી શકે નહિં.

દેશવિરતિધર્મ આરાધક-સમાજનું અધિવેશન સુરતમાં ઘણું જ મહત્વપૂર્ણ થયું હતું. રાવબહાદુર શ્રી વિજયસિંહજી દૂધેડીયા એના ચેતનવંતા પરમશ્રદ્ધાવંત પ્રમુખ હતા. તેઓ માત્ર સુપ્રસિદ્ધ હતા એટલું જ નહિ, ધનકુબેર અને વિદ્યાવારિધિ હતા, એમના અજમગંજના મહેલની અંદર પોતાનો સ્વતંત્ર જ્ઞાનભંડાર હતો. લગભગ પચીશ હજાર ઉપરાંત પુસ્તકોથી એ છલકતો હતો, આવો સમર્થ ઓજસ્વી આત્મા અધિવેશનના પ્રમુખપદે શોભી રહ્યા હતા.

કોન્ફરન્સ પરિવર્તનવાદી, સ્વચ્છંદી, ભૌતિકવાદી સંસ્થા હતી. એ પોતાના પ્રમુખ પણ આવા જ ભૌતિક ગુણધર્મ-વાળી વ્યક્તિને બનાવતી, એ દ્વારા શાસનની ઈમારતના પાયા હચમચાવવાનો પ્રયત્ન કરતી રહેતી.

એની સામે ઉપરની ત્રણે સંસ્થાએ જબ્બર પ્રતિકાર કર્યો, સભાઓ ભરવામાં આવી. એમાં દીક્ષા વિગેરે વિષયોના શાસ્ત્રીય ઠરાવો મંજુર થયા.

પરંતુ કોન્ફરન્સના પ્રતાપે સંઘની જળવાએલી એક-તાનો નાશ કર્યો, એક રૂઢિચૂસ્ત શાસ્ત્રીયવર્ગ અને બીજા ભૌતિકવાદી અશાસ્ત્રીયવર્ગ, આમ શ્રીસંઘના બે વિભાગો થયા.

આ પ્રસંગે શ્રી સંઘને શાસ્ત્રીય તત્વો અને શાસ્ત્રીય નિયમો જાણવા મળે, સાથે પૂજ્ય આગમોદ્ધારકશ્રીદ્વારા

હે ભગવાન્! તમારા કહેવાથી સિદ્ધ થએલા જોયા નથી અને બીજાના કહેવાથી સંસારમાં ડૂબતા જોયા નથી. હિતવચનથી હું વાક્ય માનું છું.

ચર્ચાસ્પદ મુદ્દાઓની થતી છણાવટ જાણવા અને સમજવા મળે એવા પવિત્ર આશયથી 'સિદ્ધચક્ર' નામનું પાક્ષિક પત્ર ચાલુ થયું.

## નાટક ના ટકયું

મુંબઈના કેટલાક સુધારકો સાધુ સંસ્થાને અને પવિત્ર દીક્ષાને હલકી પાડવા અનેક પ્રયોગો કરતા, એમાં એક 'નવયુગ નાટક સમાજ' નામની ખીચડી ખાઉ નાટક કંપની ઉભી કરી. એ કંપનીએ 'અયોગ્ય–દીક્ષા' નામનું નાટક ભજવવાનું જાહેર કર્યું, આ નાટક તદ્દન કલ્પિત હતું, સાધુ સંસ્થાને ઉતારી પાડવા અને વખોડી કાઢવાની મલીનતમ ભાવનાથી આ યોજવામાં આવ્યું હતું.

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીને આ સમાચાર મળ્યા. પૂજ્યશ્રીએ નાટક કંપની સામે ઝુંબેશ ઉપાડી સુધારકોએ ઘણો સામનો કર્યો, છતાં પૂજ્યશ્રીની ઝુંબેશ સામે એ ટકી ન શક્યા. આ રીતે નાટકના જન્મોત્સવ પહેલા એનું મરણ થયું અને સ્મશાન યાત્રા નિકળી.

આ ચર્ચાપ્રકરણના ચાતુર્માસો સુરત અને મુંબઈ ખાતે થયાં.

*

---

હે ભગવન્! કોઈપણ ઠેકાણે હિંસાદિને પ્રવર્ત્તાવનાર તમારું શાસ્ત્ર-આગમ જોવામાં આવતું નથી. પરંતુ વચન સમતારસથી ભરેલું જોવાય છે.

## પ્રકરણ-૧૪ મું

# રક્ષકમાંથી ભક્ષક

તીર્થ શિરોમણી સિદ્ધાચલજીના શિખરે બીરાજેલા અલબેલા આદીશ્વર ભગવંતની યાત્રા કરવા અનેક આત્માઓ આવે છે.

યાત્રાળુઓ દૂર દૂરના દેશથી અને નજીકના પ્રદેશથી આવતા હોય છે. એમાં કેટલાક ધનપતિઓ હોય છે. અને કેટલાક ગરીબો હોય છે. એ બધાને ભગવંતને ભેટવાની ભાવના ધર્મવંત હોય છે. ભાવથી અહીં આવનારા બધા સરખા એમાં અમીર અને ગરીબના ભેદ હોતા નથી.

અપ્સરા જેવી સોહામણી સૌભાગ્યવંતી નારીઓ મહામૂલ્યવાન અને સુંદર, વસ્ત્રો અને આભૂષણો પહેરી દાદાને દર્શને જતી હોય છે. અને દર્શન કરી ધન્ય બની પાછી વળતી હોય છે.

---

હે ભગવન્! સંસારની શાંતિને માટે તમારા શાસ્ત્ર-આગમમાં એ બાબત ભરેલી છે. હંમેશા આશ્રવોની હાનિ અને સંવરની શ્રેણીનું ગ્રહણ.

ધનકુબેર જેવા શ્રીમંત પુરૂષો દિવ્ય રાજશાહી વિભૂતિ ધારણ કરી ઉમળકા ભેર દાદાના દરબારમાં એક દરબારીની અદાથી જતા હોય છે. અને દાદાને મુજરા કરી પાછા વળી રહ્યા હોય છે.

પાલીતાણાનો રાજવી આ દશ્ય જુવે છે. પતિતપાવન, શરણાગતવત્સલ પરમાત્માના દર્શન કરવા જતા અને દર્શન કરી આનંદથી ઉભરાતા, પાછા વળી રહેલા યાત્રિક વૃંદને જોઈ પોતાની અને પોતાના નગરની ધન્યતા અનુભવવાના બદલે એ રાજવી મુગલાઈ વિચારમાં અટવાઇ જાય છે.

## રાજવીના અરાજક વિચારો

દૂર દૂરના ધનાઢચ નરનારીઓ મારા ગામમાં થઇને જ યાત્રાએ જઇ શકે છે. એ વિના જવું એ લોકો માટે મુશ્કેલ છે. આ લોકો સીધી રીતે મને ધન નહિં આપે આ લોકો ઉપર કર નાખું તોજ ધન મળશે. કર ન ભરે તો પર્વતના પગથીએ જ પગ ન મૂકવા દઉં, પાલીતાણા ગામનો હું ધણી છું.

આ રાજવીએ ધનલોભમાં જાહેરાત કરી 'સૌ પ્રથમ યાત્રાળુએ મને અર્ધ સોનામહોર આપી દેવાની રહેશે પછી જ યાત્રા થઈ શકશે.'

. સંસારમાં ભમતા સર્વે જીવો સુખદુઃખથી થતી વેદનાને અનુભવે છે. પણ બીજા દેવો તેના મૂલને જાણુતા નથી.

ધર્મવિરોધી અને ધર્મઝનુની મુસ્લીમ રાજવીઓએ આર્યોના તીર્થ ઉપર યાત્રાળુઓને જવા માટે કર ચૂકવવો પડતો જેનું નામ, જીજીયાવેરો' પડ્યું હતું અને આ કર મુસ્લીમ રાજવીઓનું કાળુ કલંક ગણાતું હતું.

શાણા અકબર બાદશાહે પોતાના પુરોગામીઓના કલંકને ધોવા પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયહીર-સૂરીશ્વરજી મહારાજશ્રીના ઉપદેશથી જીજીયાવેરો–મુંડકાવેરો ફગાવી દીધો હતો અને આર્ય પ્રજા ઉપરનો આ કર નાબૂદ થયો હતો. પરંતુ આ ધનલોલુપ પાણીતાણા નરેશ મુસ્લીમ બાદશાહે ફગાવી દીધેલા કરને ફરીદાખલ કરવાની જાહેરાત કરી.

જૈન શ્રાવકસંઘોએ એ રાજવીના અન્યાયીકરનો મીઠાશપૂર્ણ વિરોધ કર્યો, શ્રમણસંઘના નાયક આચાર્ય-દેવોએ શાંતિપૂર્વક એ રાજવીને ઘણું સમજાવ્યો એ સમજાવટમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીનો અગત્યનો મહત્વ-પૂર્ણ ભાગ હતો.

## આગમોદ્ધારકશ્રીની સમજાવટ

ક્ષત્રિયકુલભૂષણ રાજવીના વંશમાં ઉત્પન્ન થયેલા ઓ રાજવી ! તને યાત્રિકો ઉપર કર નાખવો શોભતો નથી.

---

હે વીતરાગ ! તમને ઈચ્છા નથી આશ્રય કરનારને ત્યાગ બતાવો છો તો ખરેખર તમારા શાસનમાં સેવ્ય-સેવકભાવ વૃથા કહ્યો નથી.

તું તારા પૂર્વજોની કીર્તિને કલંકિત ના કર, તારા પૂર્વજોને આ તીર્થની રક્ષા કાજે નિમેલા હતા, આ રાજ્ય પણ કાંઇ વારસાગત મૂડી નથી. સંઘે આ તીર્થની રક્ષા કાજે તારા પૂર્વજોને નિમેલા અને તારા વંશજોના કુંટુબના યોગક્ષેમના માટે આ ગામોની આવકના અમૂક હક્કો આપેલા, આજે તો તું આ ગામોનો ધણી-ધોરી થઈ બેઠો છે. આમાં સંતોષ ન માનતાં યાત્રિકો ઉપર કર નાંખવાની મુરાદ ધરાવે છે? ઓ રાજવી! તું. શાણો થા, નહિ તો તારી પ્રજા અને જૈન સંઘ તારા અન્યાય ઉપર હસશે, તારો યશ, તારી કીર્તિ, તારૂં વર્ચસ્વ, ઘટશે જરા ભલો થા અને સમજ.

## નિષ્ઠૂર ઉત્તર

કામાંધો અને મદાંધોનું, હૃદય વિવેકશૂન્ય બની જાય છે, આ રાજવી મદાંધ બન્યો, અને વિવેકશૂન્યતા આવી.

રાજવીએ કહ્યું,-પ્રતિમાસે સપાદસહસ્ર સૂવર્ણમુદ્રા આપો અગર પ્રતિવર્ષે પંચદશ સહસ્ર સૂવર્ણમુદ્રા આપો, તો જ યાત્રા માટે ઉપર જઇ શકાશે, આ વિના યાત્રા નહીં જ થઈ શકે.

---

તમારાથી સર્વ પ્રાણીઓને હિતકારી ધર્મ ઉદ્દભવ્યો-પ્રરૂપાયો તેમજ તે ભાગ્યશાળી મુનિઓ કે જેઓએ તે ધર્મને પ્રતર્ત્તાવ્યો (પરંપરાથી ફેલાવ્યો.)

## યાત્રાબંધનું એલાન

જૈનસંઘને રાજાભિયોગના કારણે શત્રુંજય ગિરિવરની પવિત્ર યાત્રાએ જવું બંધ કરવું પડયું, દિવસો જવા લાગ્યા, પણ પાષણહૃદયી રાજાને કાંઈ ન થયું.

પાલીતાણાનો રાજવી બ્રીટીશ રાજ્યનો ખંડિત રાજવી હતો, વિશિષ્ટતમ ન્યાયાલયમાં એની સામે ફરીયાદ દાખલ કરવામાં આવી. એ ઉચ્ચતમ ન્યાયાલયના વડા ન્યાયાધીશો યૂરોપીય વ્યક્તિઓ હતા. અને યૂરોપીય વ્યક્તિ એટલે બે બીલ્લીઓની ન્યાય તોળનાર મુત્સદ્દી મુરબ્બી વાનર, છતાં વિષમકાળની વિનાશક બલીહારી છે કે—અનીચ્છાએ પણ એવા કુટનીતિજ્ઞોનો ન્યાય માગવા જવું પડે છે. શ્રી સંઘને પણ એને આશ્રયે કાળબળે જવું પડયું.

## ન્યાયાલયનો ન્યાય ?

ઉચ્ચતમ ન્યાયાલયનો ન્યાય આવ્યો, 'જૈનોએ પાલીતાણાના ઠાકોરને પ્રતિવર્ષે ચાર હજાર સુવર્ણમુદ્રાઓ આપવી, રાજ્યની સુરક્ષા માટે અર્થતંત્ર મજબૂત રહેવું ઘટે અને રાજાઓને પ્રજા પાસેથી ધન લીધા વિના રાજ્યની સુરક્ષા સંભવી ન શકે. માટે "કર" અમે આવશ્યક ગણીએ છીએ.'

---

હે જિન ! તમારા ભદ્રિક ભક્તો આદરસથી યુક્ત સંગને છોડીને સંગ વગરના એવા તમને સતત શાંતિને–શાંતરસને ઇચ્છતા અંગીકાર કરે છે.

રાજાઓએ પોતે જો કે—પોતાની પ્રજા પાસેથી પ્રમાણિક અને આઘાત ન પહોંચે તેટલું ધન કરદ્વારા લેવું જોઇએ. સંખ્યાબલની અલ્પતા હોવાના કારણે જૈનધર્મના અનુયાયી પાસેથી પાંચ હજાર સુવર્ણમુદ્રા લેવી તે વધુ પડતું છે અને કાંઈક અન્યાયપૂર્ણ પણ છે. તેથી અમે માત્ર ચાર હજાર સુવર્ણમુદ્રા પ્રતિવર્ષે લેવાનો અધિકાર પાલીતાણાના રાજવીને આપીએ છીએ અને તે અમે માન્ય રાખીએ છીએ.'

આવો ચૂકાદો આવવાથી જૈનસંઘને હર્ષ-વિષાદ બંને થયા હર્ષ એટલા માટે કે પંદર હજારનાં બદલે ચાર હજાર સુવર્ણમુદ્રાઓ આપવાની રહેશે. વિષાદ એટલા માટે કે ધર્મીઓ ઉપર ધર્મમાં દખલ કરનારી પ્રથાનો પ્રારંભ થયો. બીજા રાજ્યો પણ અનુકરણ કરશે. એથી ધર્મમાટેનો વ્યક્તિસ્વાતંત્ર્યનો ન્યાય નાબૂદ થવાનો ભય સદા માટે મસ્તક ઉપર ખુલ્લી તલવારની જેમ લટકતો રહ્યો, યાત્રિક સંખ્યાની હાનિનો ભય પણ ઉભો થયો.

## સ્થાયી નિધિ

ચાર હજાર સુવર્ણમુદ્રાઓ આ રાજવીને પ્રતિવર્ષે ક્યાંથી આપવી ? શાસનના યોગ-ક્ષેમ હિતચિંતક પૂ૦

જગતમાં સારભૂત વચન તે જ છે કે જે શ્રોતાસમૂહને વિશ્વાસ પમાડે અનાદિ અને અનંત અર્થવાળું તમારું વચન માનું છું જેથી અહીં મારી બુદ્ધિ સ્થિર છે.

આગમોદ્ધારકશ્રીને આ વિચાર આવતો. સાથે મધ્યમધની અને નિર્ધનીઓ માટે આ યાત્રા બંધવત્ થઈ જશે. અને પવિત્ર લાભથી વંચિત રહેશે. આવા વિચારોના અંતે મનોમન કાંઈ કરવાનો નિર્ણય કર્યો.

અમદાવાદના ચાતુર્માસની અંદર વ્યાખ્યાનમા સંઘ સમક્ષ સ્થાયી નિધિ માટેની યોજના રજુ કરી એના વ્યાજમાંથી રાજવીને ચાર હજાર સુવર્ણમુદ્રા મળ્યા કરે.

શ્રી સંઘે શાસનના શિરતાજના એ વચનોને હૈયાના અખંડ મોતીએ વધાવ્યા, આપની વાણી અમારે માટે આજ્ઞારૂપ છે. આપ કહો તેમ હર્ષભેર કરવા તૈયાર છીએ:

પૂજ્યશ્રીએ જણાવ્યું, તમારે તમારી શક્તિ પ્રમાણે કરવાનું છે. રાજવીનો દેખીતો અન્યાય છે, પણ કલિકાળમાં આવું બધું ધર્મીઓએ ધર્મખાતર સહન કરવાનું રહે છે. મધ્યમજૈનો યાત્રાના પવિત્ર લાભથી વંચિત ન રહે તે જોવાનું શ્રીસંઘના સાધન–સંપન્ન પુણ્યવાનોનું પરમ કર્તવ્ય છે. એ કર્તવ્ય તમારે યોગ્ય રીતે બજાવવું જોઇએ

અમદાવાદના શ્રી સંઘે ચાર લક્ષ રૌપ્યમુદ્રાઓનો નિધિ એકત્ર કર્યો અને ભારતભરના જૈનસંઘના સાધન–સંપન્નોને ઈચ્છામુજબ લાભ લેવા જાહેર વિનંતિ કરી.

---

લોકો સંસારમાં જન્મ-જરા–મરણથી થતાં દુઃખને કેમ જોતા નથી ? કે જે તેઓ તેનાથી ઉદ્વિગ્નતાને ધારણ કરતા નથી.

સર્વ સંઘોએ આનંદભેર એ વિનંતિનો સત્કાર કર્યો અને એ નિધિને બાર લક્ષ રૌપ્યમુદ્રાઓથી છલકાવી દીધો.

એ રૌપ્ય મુદ્રાઓનો મહાનિધિ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીને આપવામાં આવ્યો. એ પેઢી બીજી વ્યાપારી સ્થિર પેઢીઓમાં આપી એના વ્યાજમાં આવતી ચાર હજાર સુવર્ણમુદ્રા રાજવીના ધનલોભના પૂર્તિ માટે એના ચરણે ધરવાનો પ્રારંભ થયો.

## કાયદો ગયો કલંક રહ્યું

ધર્માદાદ્રવ્ય ખાનારા સુખે જીવી શકે એ કુદરતના અટલ ન્યાય આગળ જરાય સંભવિત નથી પાલીતાણા નરેશનું રાજ્ય ગયું. રાજા ગયા, રાણી ગયા અને રાજકુમારી ગયા. આજે તીર્થ ઉપર કર નાખનારનો વંશ સામાન્ય પ્રજામાં ફેરવાઈ ગયો, પરંતુ એ કલંકની કાલીમા આજે પણ એવી જ રહી.

*

---

આ જીવે અનાદિથી બાહ્યપદાર્થોમાં સુખ માટે પ્રયત્ન કર્યો છે. પણ તમે કોઈ નવા છો કે-જે એ અનાદિ સંસાર ને બાહ્યપદાર્થમાં સુખનો યત્ન બેયને છોડીને ભવિ જીવોને સતત ધર્મને આપો છો.

## પ્રકરણ ૧૫ મું

## દેવદ્રવ્યનું રક્ષણ

## ગોરી પ્રજાની નીતિ

બહારથી ગોરી અને અંતરમાં કાળી એવી આંગ્લ પ્રજાના મુસદ્દીઓએ ભારત કે ભારત બહાર જો કોઈ મુખ્ય કાર્ય કર્યું હોય તો તે દરેક આર્યધર્મની ભાવનાઓના મૂળબીજોને નષ્ટ કરવાનું મહારાક્ષસી કૃત્ય કર્યું છે એમણે દરેક ધર્મમાં ઘુસી સુધારાના નામે ઝેરી પણ મસ્તીભરી હવા ફેલાવી છે. આંગ્લ પ્રજા પાસે બુદ્ધિ હતી કંઈક લાંબી સૂઝ હતી. થોડી દૂરંદેશીતા હતી.

પરંતુ આ શક્તિઓનો ઉપયોગ માત્ર દેશના હિતાર્થે અને પરદેશીય પ્રજાના બાહ્ય અને આંતરશોષણમાં જ કર્યો આ એક નક્કર હકીક્ત છે. ઇતિહાસ આની સ્પષ્ટ સાક્ષી

---

દરેક ભવ્યો ક્રિયાને ધારણ કરતા હંમેશા અહંતાને આશ્રયીને પ્રવર્ત્યા હતા. તે જ્ઞાનથી હીન એવા મહાદેવ વિગેરે પણ પોતાની સર્વજ્ઞતાને કેમ કહે છે ?

આપે છે. એ પ્રજાના મુત્સદ્દીઓએ આપણા જ ધર્મના અનુયાયી યુવકો પાસે દેવદ્રવ્ય સામે ઝુંબેશનું મંગલાચરણ કરાવ્યું દેખાવે ફાંકડી દલીલો પણ શોધી આપી.

## ભ્રમાત્મક દલીલો

આજે જૈનો દુઃખી છે. એના ઉદ્ધાર માટે આ રકમો ખર્ચાય એમાં પાપ શું ? જો જૈનો હશે તો જ જૈનધર્મ રહેશે, દેવો તો વીતરાગ છે. એને વળી પૈસો કેવો ? આજે દેવમંદિરોમાં અઢળક પૈસો છે. એ બધો શા કામનો ? જનોએ આપેલો પૈસો જૈનો ખાય એમાં પાપ શું ? ભગવાન્ આપણા બાપ છે. આપણે ભગવાનના પુત્રો છીએ તો બાપની મૂડી ખાવામાં પુત્રોને પાપ લાગે ?

આ પ્રકરણની આગેવાની આ૦ ધર્મસૂરિજી (કાશીવાળા) એ લીધી હતી એમને શાસ્ત્ર કરતાં સ્વખ્યાતિ વધુ પ્રિય હતી. ગુરૂકુળવાસથી દૂર હતા. આ ચળવળ ઉપડી એ કેટલાકને પ્રિય થઈ પડી. આ ચળવળનો પ્રતિકાર કરે કોણ ?

## પ્રતિકાર

પૂજ્ય પ્રવર આગમોદ્ધારકે આના પ્રતિકારનું રણશીંગુ ફૂંક્યું. આ મહાપુરૂષે શાસ્ત્રીયપદ્ધતિ પૂર્વક બરોબર સખ્ત

---

હંમેશા પોતાને વેદવા યોગ્ય દુઃખ-સુખાત્મક જે ક્રિયા તેનું મૂળ શું ? તે જાણ્યા વગર જ બીજા દેવો સર્વજ્ઞતાને ધારણ કરે છે. તે આશ્ચર્ય છે.

સામનો કર્યો, શાસ્ત્રીય પાઠો અને વ્યવહારૂ દલીલો દ્વારા બધું સમજાવ્યું.

દેવદ્રવ્ય ભેગું કરી સીદાતા જૈનોને વહેંચી દેવામાં આવે. એથી ઉદ્ધાર થઇ જાય એ માન્યતા તદ્દન ભ્રમ પૂર્ણ છે જે સાચા દુઃખી જૈનો છે. એ તો આ દેવદ્રવ્યને નહિ અડે અને એ દ્રવ્ય એમને અપાય પણ નહિ.

આજે જે દેરાસરો આપણે જોઇ રહ્યા છીએ એ પૂર્વ મહર્ષિઓએ સ્થાપેલી દેવદ્રવ્યની વ્યવસ્થાને આભારી છે.

વળી સીધી રીતે યા આડકતરી રીતે જેના પેટમાં કે બાહ્યવપરાશમાં દેવદ્રવ્ય ગયું છે. તે લોકો દુઃખી જોવામાં આવે છે. આખું ગામ એમાં સંડોવાયું હોય તો આખું ગામ દુઃખી જોવામાં આવે છે. જે જૈનો દેવદ્રવ્યના બનેલા મકાનોમાં ભાડાથી રહે છે. અને યોગ્ય પુરતું ભાડું ન આપતા હોય તો તેઓમાંના મોટા ભાગના દુઃખી જોવામાં આવે છે. એમ છતાં દેવદ્રવ્ય વાપરવા જણાવવું એ જૈનોને દુઃખી કરાવવા જેવું છે. એ જૈનોના હિતશત્રુઓ છે.

આજે આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રી ગોડીજી જૈન દેરાસર કે એના જેવી પાંચ પચીસ પેઢી પાસે થોડો વધુ

---

પોતપોતાના જ્ઞાનને, તેના આચ્છાદકને જાણ્યા વગર મનુષ્ય કેમ 'મને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું છે' એમ માને છે-પ્રકાશે છે? અર્થાત્ તે મનન અને પ્રકાશન અજ્ઞાનમૂલક છે.

પૈસો હશે પણ એ પેઢીઓ જિનમંદિરોના જીર્ણોદ્ધારમાં રકમો આપે છે. એથી જૈનસંસ્કૃતિના ધામસમા જૈન મંદિરો આજે ઉભા દેખાય છે.

જે દિવસે દેવદ્રવ્ય જેવી વ્યવસ્થા નહિ હોય, તે દિવસે આબુ, રાણકપુર, કુંભારીયાજી, જેવા મંદિરો પણ નહિ હોય.

દક્ષિણભારતમાં દિગંબર જૈનોના અને શૈવોના વિશાળ મંદિરો હતા, પણ એમના ત્યાં દેવદ્રવ્ય જેવી કોઈ વ્યવસ્થા ન હતી. તેથી એ મંદિરો નેસ્તનાબૂદ થઈ ગયા. એ મંદિરોમાં આવતો પૈસો પૂજારીઓ, પંડાઓ, મહંતો પોતાના ઉપભોગમાં લેતા તેથી મંદિરોનું ખંડિએર ખડકાયું જો આપણા ત્યાં પણ દેવદ્રવ્યની એવી હાલત કરીએ તો ૧૦૦ વર્ષે ગણ્યાગાંઠ્યા મંદિરો હશે.

જૈનસંઘોમાં દેવદ્રવ્ય સિવાયની રકમો અનેક રીતે ઉભી કરાય છે. જે અન્ય સ્વૈચ્છીકરીતે વાપરી શકાય છે. આજની કેળવણી કે આજના ગુરૂકુળો, આશ્રમો, આજની બોર્ડિંગો વિગેરે હકિકતે ધર્મરહિત છે. અથવા ધર્મના સામાન્ય અંશો એણે જાળવ્યા છે. આવી સંસ્થાઓમાં

---

સંસાર અનુભવની બહાર નથી તેને મૂળથી જો જાણુતા નથી તો પછી પોતાને વિષે સાહસથી આ લોકો સર્વજ્ઞપણાને ધારણ કેમ કરે છે? અર્થાત્ સર્વજ્ઞપણાને ધારણ કરવું તે સાહસ છે.

પણ જૈનો સારી એવી રકમો આપે છે. એ રકમોનો સરવાળો કરવામાં આવે તો દેવદ્રવ્યની રકમ કરતાં આ સરવાળો ઘણો આગળ વધી જશે.

દેવદ્રવ્ય એટલે "દેવનું દ્રવ્ય" આ તો બાલીશ ભેજા-માંથી ઉત્પન્ન થયેલી વાત છે. પરંતુ શાસ્ત્રોએ અને વ્યાકરણકારોએ "**देवाय अर्पितम्**" વ્યાખ્યા કરી છે. અર્થાત્ દેવોને ભક્તિપૂર્વક અર્પણ કરેલું તે દેવદ્રવ્ય.

## અર્પણ એટલે ?

આપણે કોઇને એક વસ્તુ આપી દીધી પછી તે વસ્તુ આપણા અધિકારની છે એમ કહી શકાય ? કોઇને જમવા બેસાડ્યા, ભાણા પીરસ્યા, તે પછી પાછા લઈ લેવા તે અર્પણ કર્યું કહેવાય ? કે પછી અપમાન કર્યું કહેવાય ?

કોઇએ એક વસ્તુ બીજાને અર્પણ કરી. પછી એની પાસે જઈ પાછી માગે અને કહે કે એ મારો હક્ક છે. તેથી એ વસ્તુ વિધિસર મળી શકે ?

દેવ એટલે પિતા, આપણે તેના પુત્ર, બાપની મૂડી, દીકરો ભોગવે એમાં પાપ નથી, એ તો મૂરખાઓની દલીલ છે.

---

અનાદિકાળથી ભવ્યજીવોને સ્પર્શનાદિ ઈંદ્રિયોથી થએલા સુખનું જ્ઞાન છે. કલ્પી ન શકાય તેવું આત્મસ્વરૂપ તે તમે ભવ્યોને હંમેશા કહો છો.

દેવદ્રવ્ય એ પવિત્રદ્રવ્ય છે. આપણાથી એ વાપરી શકાય જ નહિ, આપણી માતા, આપણા બાપની મૂડી છે. પણ આપણે માટે પવિત્ર છે. ઉપકારક છે. ભક્તિયોગ્ય છે. પૂજ્ય છે, છતાં એ ભોગ્ય નથી.

કોઇ મૂરખ પોતાની માને પણ સ્ત્રીની જેમ ભોગ્ય માને તો એ વાતને તમે સ્વીકારશો? ના, હરગીઝ નહિ, તેમ દેવદ્રવ્ય પૂજ્ય છે. અને તે દેવને માટે યોગ્ય રીતે ખર્ચી શકાય પણ એ આપણા માટે ભોગ્ય નથી જ.

આ રીતે અનેક દાખલા દલીલથી દરેકને સમજાવ્યું, દરેક સુવિહત આચાર્યોએ એ વાતનો સ્વીકાર કર્યો, અને આ પ્રકરણનો બહુમાન્ય અંત આવ્યો જે લોકોએ આ વાતનો સ્વીકાર ન કર્યો, તે સંઘથી ફેંકાઈ ગયા,

આ મહાપુરૂષને આગમોદ્ધારક કહેવાય છે. પણ શાસનોદ્ધારક તરીકે ગણીએ તો જરાય અતિશયોક્તિ નથી આ મહાત્માએ શાસન સુરક્ષાના અને શાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યા છે.

(૧) આજે ઘણા ગામોમાં સરચાર્જનો અજગર ઘુસી ગયો છે. કેટલેક સ્થળે ઘુસવાનો મોકો જોઈ રહ્યો છે. પણ

હું જગતનો સંસારસમુદ્રથી ઉદ્ધાર કરું આવું પહેલાં નિશ્ચિત કરીને જિનનામકર્મ બાંધ્યું, જિનનામના પ્રભાવથી દેવેન્દ્રોથી પૂજ્ય તમે થયા, મારો ઉદ્ધાર કર્યો નહિં.

વળતે દિવસે આ અજગર દેવદ્રવ્યને ગળીને ભરડો ન મારે તે સાવધાની રાખવા જેવી છે. કાળાંતરે સરચાર્જ સેંકડે ૯૦ ટકા થશે. અને દેવદ્રવ્ય ૧૦ ટકા થશે. એ પછી તો સરચાર્જનો અજગર દેવદ્રવ્ય ઉપર પોતાનો કબજો મેળવી લેશે. સાવધાન રહેવું પરમાવશ્યક છે.

*

---

શાસ્ત્રમાં તથાનુભાવથી એકાન્તિકપણે પંડિતો વડે ક્રિયાનું સ્થાન કહેવાતું નથી. તે વાત સાચી છે. હે જિનેશ ! બધા પ્રાણીઓને મુકાવવાના આશયથી જ તમે જિનેન્દ્રભાવને પામ્યા છો.

## પ્રકરણ ૧૬ મું

# મુનિ સંમેલન

## સંમેલનનો હેતુ

અધ્યાત્મદૃષ્ટિએ પતનોન્મુખ કાળમાં મિથ્યામતિઓના આક્રમણો આર્યસંસ્કૃતિ ઉપર અને જૈનધર્મ ઉપર થતાં જ આવે છે, એ કાંઇ આશ્ચર્યની બીના નથી.

તેમજ ભૌતિક વાતાવરણ નદીઓના ઘોડાપૂરની ગતિથી વધી રહ્યું હોય ત્યાં જૈનધર્મ પામેલા આત્માઓ પણ એમાં અંજાઈ જતા હોય છે અને પૂર્વપરંપરાથી ચાલ્યા આવતા ભગવંતદર્શિત નિયમોમાં સ્વચ્છંદતા અગર છુટછાટના ઈચ્છુક બની જતા હોય તો એ પણ આશ્ચર્યજનક નથી.

જૈનધર્મના અનુયાયી ગૃહસ્થવર્ગમાં આવું બને તો સાધુવર્ગ એનો ઇલાજ કરે. પણ સાધુવર્ગમાં મતભેદો,

---

રત્નત્રયીથી–સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રથી બીજું કોઈ આત્માનું સ્વરૂપ નથી.

મનસ્વીતાઓ, અહં, લોકૈષણા વિગેરે વધે અને એમાંથી શાસ્ત્રના અર્થ અને ભાવાર્થને મરડવાની પ્રક્રિયા ચાલુ થાય ત્યાં કોણ રક્ષણહાર !

ભગવંતનું શાસન એકવીશ હજાર વર્ષ પર્યન્ત અવિચ્છિન્ન ચાલવાનું છે. તેથી આત્માનુલક્ષી અને જગજ્જંતુ હિતૈષી મુનિપ્રવરો અને સુશ્રાવકો ઓછા પ્રમાણમાં પણ સદા વિદ્યમાન હોય છે.

આ સમયે મુનિવર્ગમાં અને ગૃહસ્થવર્ગમાં કેટલાક વિષયોમાં વિષમતા જણાતી હતી. દેવદ્રવ્ય, બાળદીક્ષા, માળારોપણ, બહારથી આવતા ઉપદ્રવ્યો વિગેરે માટે શું કરવું ? એ કાજે ઐક્યતાની પરમ આવશ્યકતા હતી.

પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પૂ૦ આગમોદ્ધારકશ્રીજી આદિ આચાર્યભગવંતોને તેમજ શ્રી રાજનગર અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીલાલ વિગેરે સુશ્રાવકોને દરેક મુનિવરોને એક સ્થળે મેળવી મુનિસંમેલન ભરાવવાનો વિચાર આવ્યા કરતો. આવી વિચારસરણી ધરાવતા મહાનુભાવોએ વિચાર કરી નિર્ણય કર્યો કે મુનિસંમેલન ભરાવવું.

---

હે નાથ ! તમે જગતનો ઉદ્ધાર કરે છતે તે પહેલાં ભોળા સુર અસુરોએ તમને સમગ્રભાવથી પૂજ્યા તેનું ફળ જગતમાં શોભે છે. અર્થાત્ ફલ એકાન્તિક માનેલું છે.

## ખરડાનો ઉકેલ

નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીભાઈએ એ કાર્ય માટેની આગેવાની લીધી, મોટા મોટા આચાર્યોને મલ્યા સંમતિ અને આશીર્વાદ લીધા, સાથે સાથે આમંત્રણ-પત્રિકાનો કાચો ખરડો બતાવતા. વળી અમદાવાદ પધારવા વિનંતિ કરતા આવતા, અત્યારસુધીના બધા આચાર્યોએ મુનિ-સંમેલન ભરવાની સંમતિ આપી અને અમદાવાદ આવવા આશાભર્યો ભાવ સૂચવતા હતા.

છેલ્લે પૂજ્ય આગમોદ્ધારકશ્રીજી પાસે પુનઃ ગયા. આમંત્રણ-પત્રિકાનો ખરડો પહેલાં વંચાવેલો નહિ તે વંચાવ્યો અને અમદાવાદ પધારવા વિનંતિ કરી.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીએ ખરડો વાંચ્યો, તરત જણાવ્યું કે—આ ખરડો બરોબર નથી.

નગરશેઠ વિચારમાં પડી ગયા. સાહેબજી ! બધા જ આચાર્યોને વંચાવી અહીં લાવ્યો છું બધાએ માન્ય રાખ્યો છે.

પૂ૦ આગમોદ્ધારકશ્રીજીએ જણાવ્યું, હશે. પરંતુ તમે આમાં લખ્યું છે કે—'અમારા રાજનગરના શ્રીસંઘે મુનિ-

---

તમારું આગમ સર્વપ્રાણીઓને હિતનો ઉપદેશ કરે છે. તમારી આકૃતિ સ્ત્રી-શસ્ત્ર માલાથી રહિત છે. તમારૂં વચન સમસ્ત પ્રાણીઓનો ઉદ્ધાર કરનારૂં છે. છતાં ખરેખર ખેદની વાત છે કે આખું જગત તમને કેમ પૂજતું નથી ? અર્થાત્ જગતે તમારી પૂજા જ કરવી જોઈએ.

સંમેલન ભરવાનું નક્કી કર્યું છે, તો આપ સૌ પૂજ્યોને મુનિવરો સાથે અત્ર પધારવા વિનંતિ છે,' આ લખાણમાં મુનિઓ ઉપર શ્રાવકસંઘની આજ્ઞા થઈ ગણાય, એમાં ઔચિત્ય ન લાગે તમને પણ આ બરોબર લાગે છે ?

આમંત્રણ–પત્રિકામાં એમ લખવું જોઈએ કે–'શ્રમણ-સંઘે મુનિસંમેલન ભરવાનો નિર્ણય કર્યો છે. તેથી અમે અમદાવાદના સંઘવતી વિનંતિ કરીએ છીએ. અમારા અમદાવાદના આંગણે આપ મુનિસંમેલન ભરો.'

નગરશેઠ ચકોર અને દીર્ઘદૃષ્ટિ સુશ્રાવક હતા. એટલે તરત જ સમજી ગયા. ખરડો સુધારવામાં આવ્યો. આમંત્રણ–પત્રિકા છાપવામાં આવી અને ગામેગામ પહોંચાડવામાં આવી.

## અમદાવાદનો આનંદ

આ પત્રિકા વાંચી રાજનગરના શ્રીસંઘને અપાર આનંદ થતો હતો. મુનિપ્રવરો વિહાર કરીને ધીરે ધીરે અમદાવાદ આવવા લાગ્યા. નિયતસમયે લગભગ ઘણા મુનિભગવંતો આવી ગયા.

પૂ૦ આગમોદ્ધારકશ્રીજી પધારે, તે અગાઉ પૂ૦ આચાર્યદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પધાર્યા

---

જગતમાં તમે જ એક શરણને આપનારા છો તે શરણનો અર્થી હું તમારી પાસે આવ્યો છું તમારું વચન હે અરિહંત ! જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે. તો પણ મારો કેમ સંસારથી બેડો પાર ન થયો ?

હતા. પૂજ્ય આગમોદ્ધારકશ્રી પધારવાના હતા. ત્યારે પૂ૦ આચાર્યદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજે પોતાના શિષ્યો, આચાર્ય વિજયોદયસુરિજી આદિ સાધુ ભગવંતો ને સુતરીઆ બીલ્ડીંગની બહાર સડક ઉપર સામે લેવા મોકલ્યા હતા.

જ્યાં આગમોદ્ધારકશ્રી સુતરીયા બીલ્ડીંગ પાસે આવ્યા ત્યાં આચાર્યદેવ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ બહાર ઓટલા ઉપર લેવા માટે પધાર્યા. અને જણાવ્યું—આપે તો અહીં મારી સાથે જ ઉતરવાનું છે. આગળ જવાનું નથી.

પૂ૦ આગમોદ્ધારકશ્રીજીએ વાતનો સ્વીકાર કર્યો. પૂજ્યશ્રીએ કહ્યું આપ વડિલ છો, આપની આજ્ઞા શિરોધાર્ય, આપની શુભ ભાવનાને હું ઠોકર મારૂં તેવો નથી. શાસનહિતને લક્ષ રાખી આપણે કાર્ય કરવાનું છે.

આ બે આચાર્યો એક સ્થળે ભેગા ઉતર્યા જાણી રાજનગરની શેરીએ શેરીએ શ્રાવકોમાં આનંદ વ્યાપી ગયો.

## નગર પ્રવેશ

પૂ૦ આચાર્યદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજા અને પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો પ્રવેશ ઉત્સવ સાથે જ થયો. બે રાજવીઓનો

---

વૈદ્ય કાંઈ દુઃખી થતો નથી પણ રોગી દુઃખથી પૂર્ણ હોય છે પરંતુ વૈદ્યે કરેલી ક્રિયા રોગીના ભાગ્યથી ફળ આપનારી થાય છે.

સાથે પ્રવેશ ના હોય ? તેવું મનમોહક દૃશ્ય એ પ્રવેશ યાત્રાનું હતું.

અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે બન્ને મહાપુરૂષો પોતાના વિશાળ સમુદાય સાથે ઉતર્યા.

મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનસંઘના સર્વ મળી ચતુઃ-શતાધિક મુનિવરો આ સંમેલનમાં પધાર્યા હતા.

## સંમેલન

શુભદિને નગરશેઠના વંડામાં સંમેલનનો મંગળ પ્રારંભ થયો, શાસ્ત્રીય ચર્ચા વિચારણાઓ થવા લાગી. આ સંમેલન મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનસંઘના મુનિઓનું હતું, આમાં ગચ્છની વાત ગૌણ હતી, તપગચ્છ, ખરતરગચ્છ, પાયચંદગચ્છ, અંચલગચ્છના મુનિવરોએ પણ ભાગ લીધો હતો.

ચતુઃશતાધિક મુનિવરો બોલે અને વિચારણા કરે તો પાર ક્યારે આવે ? એથી સીત્તેર મુનિયોની નિમણુંક થઈ. એમાંથી ઓગણત્રીસ મુનિયોની સમિતિ થઈ, વળી ચાર વિચારક મુનિઓની પ્રવરસમિતિ થઈ, આ બધાની વિચારણાના અંતે પૂજ્ય નવ આચાર્યો જે વસ્તુ સર્વાનુમતે

---

હે દેવ ! જ્યારે તમે મારા ભાગ્યને ઉત્પન્ન થએલું જુઓ છો તો મારી ભવથી પાર ઉતરવાની ઈચ્છા નિષ્ફળ છે તે તમારી ઈચ્છાથી જ પૂર્ણ થવાની છે.

નિર્ણય કરે, તે સર્વ મુનિવરોએ માનવું, અને સાંએ પોતપોતાના ગચ્છમાં માન્ય કરાવવું.

નિર્ણિત થએલા વિષયો ઉપર નવ આચાર્ય ભગવંતો વિચારણા કરતા, એ ઉપર એક સર્વમાન્ય નિર્ણય કરવામાં આવતો, નિર્ણય ઉપર નવે આચાર્યોની સ્વીકૃતિ સૂચક સહી કરવામાં આવતી.

## ભંગ અને રંગ

એક દિવસે સ્વપ્નદ્રવ્ય વિષયક ઠરાવ માટે પૂજ્ય આચાર્યદેવ નેમિસૂરીશ્વરજી, પૂજ્ય આગમોદ્ધારકશ્રીજી સંમત હતા. પરંતુ આ સંમેલન સર્વ શ્વેતાંબર ગચ્છના મુનિઓનું હતું તેથી તપાગચ્છ સિવાયના કેટલાકની માન્યતા સ્વપ્નદ્રવ્યની જુદી હતી. તેમજ તપાગચ્છના પણ કોઈ કોઈ મુનિઓ જુદી માન્યતા ધરાવતા તેથી આ વિષયનો નિર્ણય ન આવી શકયા.

આ કારણને લઈ તપાગચ્છના આચાર્યશ્રી વિજય સિદ્ધિસૂરિજી મહારાજ અને આચાર્યશ્રી વિજયદાનસૂરિજી મહારાજ સંમેલનમાંથી અધવચ્ચે ઊઠીને ચાલ્યા ગયા. પરિણામે રાજનગરમાં હો....હા....થઈ, આ બે આચાર્યોના

---

હંમેશા પંડિતો વડે લોકોને ઉપદેશ કરાય છે કે પૂર્વે કરેલા કર્મો અવશ્ય વેદવાના છે. પરંતુ તે પંડિતો વેદનાને જાણતા નથી વેદન વખતે તે પંડિતો પણ પંડિત રહેતા નથી કાયર થાય છે.

નિમિત્તે સંમેલન ભંગાણના આરે આવ્યું છે. એવી લોકટીકા જોરશોરથી વહેવા લાગી, તેથી બીજા આચાર્યોનો વિચાર વિહાર માટે થયો.

આ કારણથી પૂ૦ આગમોદ્ધારકશ્રીજીને ખૂબ જ લાગી આવ્યું, એમને થયું કે,—જો આ રીતે સંમેલન કોઈપણ કાર્ય કર્યા વિના ઊઠી જશે, તો સાધુસંસ્થાનું ગૌરવ હણાશે. શાસનના કોઈ કાર્યો થશે નહિ, જે કાર્યો થશે એમાં ઓજસ નહિ આવે.

પૂ૦ આગમોદ્ધારકશ્રી પૂ૦ આ૦ સિદ્ધિસૂરિજીને મલ્યા શાસનના ખાતર આગ્રહ તજવા જણાવ્યું. લોકમાં હિણપ દેખાશે એ જણાવ્યું, આચાર્ય દાનસૂરિજીને પણ બોલાવ્યા અને સમજાવ્યા, આખરે બન્ને માન્યા અને પુનઃ સંમેલનનો આરંભ થયો.

આ વખતે ખૂબ જ નિખાલસતાથી વિચારણાઓ થઈ સર્વગચ્છ માન્ય ઠરાવો થયા. આનંદરંગથી ભરપૂર રીતે આ મુનિસંમેલનની પૂર્ણાહૂતિ થઇ.

વિક્રમ સંવત્ ૧૯૭૦ના મુનિસંમેલનમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રી ન હોત, તો આ સંમેલન ન મલ્યું હોત, જો મલત તો હેમખેમ રીતે પૂર્ણતાને તો નજ પામત.

---

જે પુરુષોએ રત્નત્રયીને સ્વાધીન કરી છે તે પુરુષો જ આ ભવસમુદ્રને તરેલા છે.

## નિર્મમતા

સંમેલનના ઠરાવો ઉપર નવ આચાર્યોએ હસ્તાક્ષરો કર્યાં છે. એમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રી પદવી-પર્યાયની દૃષ્ટિથી બીજા નંબરના આચાર્યશ્રી હતા, છતાં ઠરાવો નીચેના હસ્તાક્ષરોમાં માત્ર 'આનંદસાગર' શબ્દ જ લખ્યો છે. પોતે પોતાની જાતને કદી આચાર્ય તરીકે લખતા ન હતા. દ્વિ-શતાધિક ગ્રંથોનું સંપાદન કર્યું છે. અનેક નવીન ગ્રંથોની રચના કરી છે. છતાં તેમાં પણ 'આનંદસાગરસૂરિ' પણ નથી લખ્યું, માત્ર 'આનંદસાગર' જ લખતા, માત્ર કેશરીયાજી તીર્થના ધ્વજદંડની પ્રતિષ્ઠા અને આગમમંદિરોના શિલાલેખોમાં આચાર્યશબ્દનો પ્રયોગ કર્યો છે. આ હતી મહાપુરૂષની નિર્મમતા.

*

---

હૃદયમાં ઘણી ચિંતા પણ હોય સહકારીના યોગથી વિચિત્ર પ્રયત્નો પણ હોય લાભ તો તેટલો જ થાય છે કે જેટલો પોતાના કર્મના યોગથી મળવાનો હોય.

## પ્રકરણ ૧૭ મું

# વડોદરા રાજ્યનું કલંક

## નગર અને નગરના રાજવી

વડોદરા એ વર્તમાન સમયનું સુંદર શહેર છે. વડોદરાની ભૌતિક ભભક ભલભલાને આકર્ષે તેવી છે. આ કાર્યનો યશ જો કોઇને મળતો હોય, તો તે શ્રીમાન્ ગાયકવાડ સરકાર શ્રીસયાજીરાવ નરેશને મળે છે.

શ્રીમાન્ સયાજીરાવ બુદ્ધિશાળી અને પ્રજા ઉપર વાત્સલ્ય વરસાવનારા એક રાજવી હતા, છતાં વાસના, વિલાસ, વૈભવ, વારૂણી અને વારાંગનામાં લપેટાયેલા રહેતા.

ભારત જેવા આર્યદેશમાં એમનો જન્મ થયો હતો, પણ ઉછેર એમનો અનાર્યસંસ્કૃતિ પ્રમાણે અગર ભૌતિક

---

હે જિન! તમારી આજ્ઞારૂપી અમૃતના પાનથી પુષ્ટ એવો સુગતિનો પ્રકામી-ઇચ્છુક આ જન હંમેશા સ્વપ્નમાં પણ કુભક્ત માની માર્ગના પ્રવાદોને કોઈપણ વખત ઇચ્છતો નથી.

પદ્ધતિથી થયો હતો. યૂરોપમાં એ ઘણું રહ્યા હતા, અને ત્યાં એમને વધુ ફાવતું હતું.

પાશ્ચાત્યોના સહવાસે એમના જીવનમાં આધ્યાત્મિકતા મરી પરવારી હતી. કાં ઓછા પ્રમાણમાં રહી હતી. પોતાના રાજ્યની પ્રજા કેળવણી પ્રાપ્ત કરે અને સુખી થાય. એવી એમની તમન્ના રહેતી. પણ જ્ઞાન આ ભવ પૂરતું અને ભૌતિક સુખ પ્રજાને મળે એટલી એમની ઇચ્છા. અધ્યાત્મ સંબંધી વાતો માટે એમના જીવનમાં આંબળા જેવું મીંડું હતું.

ભૌતિક રંગોથી રંગાએલા એ રાજવીને બીજાઓની પ્રેરણાથી થયું કે—ત્યાગધર્મ એ સુખમય ધર્મ નથી. એમાં ય કળીયુગમાં તો એની આવશ્યકતા નથી. છતાં મોટી વયના લોકો એ સ્વીકારે તો ભલે સ્વીકારે. પણ મારા રાજ્યના નાના બાળકોને સન્યાસીઓ સન્યાસ આપે અને જૈનસાધુઓ જૈની દીક્ષા આપે એ કેમ ચાલે? એ બીચારાઓએ સ્ત્રીમુખદર્શન કર્યું ન હોય, વિલાસ ભોગવ્યો ન હોય, સંસારસુખ માણ્યું ન હોય. એવાને ત્યાગમાર્ગે ઉપાડી જવો એ અન્યાય છે. હું એ અન્યાય મારા રાજ્યમાં ચલાવી નહિ લઉં. એ માટે બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદો કરવો જોઈએ.

---

મોક્ષનો અજોડ માર્ગ જો કોઈ પણ હોય તો તે સમાધિ જ છે.

આ વિચારોના પરિણામે "બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક" કાયદાનો અમલ કરતા અગાઉ પોતાના રાજ્યના સમાચારપ્રસારણ છાપામાં એ સમાચારો છાપી જાહેરમાં મૂકયા.

## વિરોધનો વંટોળ

ભારતવર્ષની આર્યપ્રજાનો અધ્યાત્મપ્રેમ જાગી ઊઠ્યો. વડોદરાના રાજવી ઉપર વિરોધના પત્રો, તારો અને સંદેશાઓ આવવા લાગ્યા,

જો કે ભારતની આધ્યાત્મિકસંસ્કૃતિને ઉન્મૂલન કરી નાખવાની વૃત્તિવાળો પણ એક સુધારકવર્ગ ભારતમાં હતો. તેમણે આ કાયદાને માન આપવાનું જાહેર કર્યું. એટલું જ નહિ, પણ બાળદીક્ષાને એક અત્યાચારી કૃત્યમાં ખપાવવા લાગ્યા, સાધુસંસ્થાને બદનામ કરવી એ સુધારકોને મન ક્રિકેટમેચની રમત જેવી આનંદદાયી પ્રક્રિયા જણાતી. આવા વિરોધમાં એ મસ્તીનો આનંદ માનતા.

## આધુનીક સભ્યતા

વીતરાગ પરમાત્માના શાસનને વફાદાર રહેનાર વર્ગે આ કાયદાનો સખ્ત વિરોધ કર્યો, પૂજ્યવર આગમોદ્ધારકશ્રીએ કાયદો અમલમાં ન આવે તે માટે અથાગ પ્રયત્નો

---

જો જ્ઞાન શુભ સંસ્કાર કરવામાં સમર્થ ન થાય તો તે જ્ઞાન ભયને કરનાર થાય છે.

કર્યા. રાજવી સાથે પત્ર વ્યવહાર થયો, રાજવીએ રૂબરૂ મળવાનું જણાવ્યું, એક દિવસ નક્કી કરવામાં આવ્યો 'આ દિવસે હું આપને મળીશ, આપ વડોદરા પધારો,' આવો લેખિત પત્ર પૂજ્યશ્રીને મળ્યો.

પૂજ્યપ્રવર એ સમયે વિહારમાં હતાં, રાજવીએ સમય નજીકનો આપ્યો જેથી પૂજ્યશ્રી વડોદરા આવી ન શકે. તે છતાં ૨૫-૨૫ માઈલોના લાંબા વિહાર કરીને શાસનને ખાતર સર્વસ્વ સમર્પિ દેનારા પૂજ્યશ્રી સમય ઉપર વડોદરા આવી ગયા.

આ રાજવીએ મળવાનું જણાવેલું છતાં પૂજ્યશ્રીને ના મળ્યા. એટલું જ નહિં. પણ એ વિલાસી રાજવી વડોદરા છોડી મહાબલેશ્વરની મોજ માણવા ઉપડી ગયા.

સત્તાના કેફમાં આ રાજવીએ સંઘના આગેવાનોને સાંભળ્યા નહિ, સાધુઓની ખેવના કરી નહિ. પૂજ્ય આચાર્યોની દરકાર કરી નહિ. અરે ! શાસનના સૂકાની સમા પૂ૦ આગમોદ્ધારકશ્રી જેવાને પણ ગણકાર્યા નહિ.

શાસ્ત્રોમાં આવતા સરસ્વતી સાધ્વીજીના ઊઠાઉગીર રાજવી ગર્દભીલ્લના લઘુબંધુ તરીકે શ્રીમાન્ સયાજીરાવને ગોઠવી શકાય તો શો વાંધો આવે તેમ છે ?

---

હે જીવ ! સિદ્ધાન્તરૂપી સમુદ્રમાંથી તેવું વચન શોધ કે જેથી તું તે વચન વડે શુભ-સમાધિવાળું મરણ પામે.

અરે ! વચ્ચેનો મોગલકાળ કોઈ સ્વરૂપવતી નારીને ઊઠાવી જવાનો યુગ હતો. પણ 'બાળ-સન્યાસ-દીક્ષા પ્રતિબંધ' નો યુગ એ શ્રીમાન્ સયાજીરાવ તરફની ભેટ છે.

## સમજાવટના પ્રયાસો

ત્યાગધર્મના અવરોધક કાયદા કરવાની હોંશ ધરાવનાર રાજવીને પોતાનું મુખ પૂજ્યપ્રવરશ્રીને બતાવતાં શરમ આવી હવે એમ માની લઈએ પણ પુજ્યશ્રી એમના મહામંત્રીને મલ્યા, શાસ્ત્રીય અને સામાજીક વિગતોથી દીક્ષાની મહત્તા સમજાવવાનો પ્રયત્ન કર્યો, મુખે મીઠા મંત્રીઓએ હા....હા....હા....કહે રાખ્યું. અને અધર્મમૂલક કાયદો પોતાના રાજ્ય ઉપર ઠોકી બેસાડ્યો.

## બાળ-દીક્ષાની ઉપયોગીતા

દીક્ષા એટલે ભૌતિક વિષયજન્યસુખના સાધનોનો સ્વેચ્છાપૂર્વક સર્વાંશે ત્યાગ.

આ શરીરદ્વારા આત્મહિત સાધવાની દૃષ્ટિથી શરીરના નિભાવ માટે પૌદ્ગલિક સાધનોનો અનિવાર્ય ઉપયોગ કરવાનો રહે છે. છતાં એ સાધનોના ઉપભોગમાં સુખની કલ્પના કે ખેવના કરવાની હોતી નથી. આલોક અને

---

જો અંત્ય મરણ-અવસ્થાએ રત્નત્રયીની આરાધના થાય તો જ જન્મ સફળ થાય.

પરલોકમાં ભૌતિક સુખ મળજો એવી ઈચ્છા પણ કરવાની રહેતી નથી.

દીક્ષાનો મુખ્ય ઉદ્દેશ શુદ્ધ આત્મસ્વરૂપની સંપૂર્ણ અને શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરવી એ છે.

આવી કેલવણી પ્રાપ્ત કરેલો આત્મા જ્યારે ભવાંતરમાં જાય છે અને સાધારણ છતાં સ્વચ્છ સમજણનો થાય છે. ત્યાં પૂર્વજન્મના સંસ્કારોના બીજકોને લીધે છ–સાત વર્ષની વયમાં પણ સર્વસ્વ ત્યાગની ભાવનાવાળો થાય છે.

અત્યંત મહાન પુણ્યનો સુયોગ હોય તો એ બાલ્ય અવસ્થાગાં પણ દેહ ઉપર જેનો વ્યવહારૂ અધિકાર હોય તેવા માતાપિતાની સંમતિ મળતા ત્યાગધર્મનો સર્વાંશે સ્વીકાર કરી શકે છે. યાને દીક્ષા લઈ શકે છે.

આવા બાલ્યકાળમાં ત્યાગધર્મનો માર્ગ લેનાર ભાગ્યવંત આધ્યાત્મિક અધ્યયન સુંદર પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે છે. એની શક્તિઓનો વિકાસ અધ્યાત્મમાર્ગે થતો જાય છે અને એ દ્વારા જગતના અન્ય આત્માઓ ઉપર ઉપકાર કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. જે શક્તિ–અધ્યાત્મશક્તિ પરિપક્વ બનેલી વયની પછી આવવી અશક્ય નહિ તો, દુઃશક્ય તો જરૂર છેજ.

---

સમાધિ–માર્ગમાં જેને પગ મૂક્યો નથી તે પુરુષ મુક્તિની ઇચ્છા-વાળો હોવા છતાં પણ મુક્તિને પામતો નથી.

ભારતના પ્રાણસમી અધ્યાત્મસંસ્કૃતિનું બીજ બાળ-સંન્યાસ અને બાળદીક્ષામાં રહેલું છે. જે વસ્તુ યૂરોપના વૃદ્ધો માટે અશક્ય જણાય છે. તે ભારતના બાળકો માટે શક્ય અને સરલ જણાય છે. તેનું આ કારણ છે.

અતિમુક્તકુમાર, જંબુસ્વામી, વજસ્વામી, હેમચંદ્રાચાર્ય અને શુકદેવજી, સંત જ્ઞાનેશ્વર, શંકરાચાર્યજી વિગેરે પુરૂષો બાળદીક્ષિત અને બાળસંન્યાસી હતા. તેથી ભારતીય આધ્યાત્મિક ક્ષેત્રે ભાગ્યવિધાતા બની શક્યા હતા.

ભારતમાં અધ્યાત્મસંસ્કૃતિ જીવંત રાખવી હશે તો બાળદીક્ષા અને બાળસંન્યાસ એ અનિવાર્ય વસ્તુ છે.

## બાળકમાં સમજ નથી હોતી ?

સમજ શક્તિ માટે અમુક વય હોવી જ જોઇએ એવો નિર્ણય કોઈ બુદ્ધિમાન્ નહિ જ આપી શકે. દીક્ષાના અને સંન્યાસના વિરોધીઓ અને શ્રીમાન્ સયાજીરાવ એવા મતના છે કે—અઢાર વર્ષની વય સુધી સાચી સમજ હોતી નથી, તો—

(૧) એક ચૌદ વર્ષનો બાળક એસ.એસ.સી.માં પ્રથમ નંબરે પાસ થાય છે. ત્યારે બીજો પચીશ વર્ષનો યુવક

ક્ષણે ક્ષણે જે આત્માના સ્વરૂપને જુએ છે તે જ આત્મા માર્ગને પામેલો છે.

જેણે આઠમીવાર પરીક્ષા આપી. છતાં નાપાસ થયા કરે છે. તો આ બેમાંથી કોની સમજશક્તિ વધારે માનવી ?

(૨) ચૌદવર્ષની વયમાં ખૂન કે ચોરીનો મોટો ગૂનો કર્યો હોય તો એને પૂર્ણ સજા થાય છે અને ગૂનો સમજપૂર્વક કર્યો છે એવું સરકાર માનતી હોય છે. દીક્ષાની બાબતમાં અણસમજુ માનવું અને ગૂનાની બાબતમાં સમજુ માનવું આ ક્યાંનો ન્યાય ?

(૩) સ્વરાજ્યની રાજકીય ચળવળમાં સાતવર્ષની વયથી અઢાર વર્ષની અંદરનાને પણ ફાંસી અગર ભયંકર કારાવાસની સજાઓ કરવામાં આવી છે. એમાં બાળકે સમજપૂર્વક રાજ્યનો ગુન્હો કર્યો છે, એમ માની સજા કરવામાં આવે છે. ત્યારે દીક્ષાની બાબતમાં એને અણસમજુ ઠગવાય છે. એ કઈ નીતિના આધારે ?

(૪) સાતવર્ષની ઉંમરવાળો ટ્રેનમાં ટ્રેન થોભાવવાની સાંકળ ખેંચે તો ગૂનો ગણી એને દંડ કરવામાં આવે છે.

(૫) અગીયાર વર્ષથી મોટી ઉંમરનો છોકરો અર્ધી ટીકીટે મુસાફરી કરે તો એને દંડ થાય છે, પણ અણસમજુ છે, એમ માની માફી આપવામાં આવતી નથી.

---

રત્નત્રયીમાં રમણુતા કરવી તે સમાધિ છે, અથવા આત્મસ્વરૂપમાં રમણુતા કરવી તે સમાધિ છે.

(૬) નાની વયના બધા અણસમજુ હોય છે, અને મોટી વયના બધા સમજુ હોય છે. એવો નિયમ કુદરતે બાંધ્યો નથી.

(૭) ઘણીવાર નાના વિદ્યાર્થીઓમાં જે સૂઝ અને સમજશક્તિ હોય છે તે જીવનના આરે પહોંચેલા સીત્તેર વર્ષના વયોવૃદ્ધને પણ નથી હોતી.

પરંતુ શ્રીમાન્ સયાજીરાવ આવું સાંભળવા કે સમજવા તૈયાર જ ન હતા.

'એકવાર વેશ્યાઓની સભા મળી.' 'સતીઓને સન્માનની નજરથી અને આપણને અપમાનની નજરથી જોવામાં આવે છે. માટે આપણે શું કરવું?' 'આ વિષય ઉપર વિચાર પરામર્શ ગોઠવવામાં આવ્યો હતો.' વિચાર વિનીમયના અંતે વેશ્યાઓને અપમાનિત નજરના ભોગ ન બનવું પડે, અને સન્માન જળવાઈ રહે. આથી બુદ્ધિરોચક ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો—

'જગતની તમામ સતીસ્ત્રીઓને અમે આગ્રહપૂર્વક અનુરોધ કરીએ છીએ કે આજ પછી તમારે સતીપણું જાળવવું નહિ અમારી જેમ તમારે પણ બધે સ્વતંત્રતાથી હરવું ફરવું અને આનંદ લૂંટવો. આમ તમારા કરવાથી જગતની જનતા અમારા પ્રતિ ઘૃણા રાખતી બંધ થશે.

સમાધિ સમગ્ર કર્મનો વિનાશ કરનાર છે.

અને નારી જગત ઉપર તમે ઉપકાર કર્યો લેખાશે, તેમજ આપણો નારીસમાજ સમાન બન્યો ગણાશે.'

આવી જાતનો કાનૂન ગાયકવાડી સરકારે પોતાની ધારાસભામાં પસાર કરાવ્યો.

વિક્રમ સંવત્ ૨૦૦૪માં શ્રીમાન્ ગાયકવાડ સરકારનું રાજ્ય ગયું, એમના ગામ અને ગીરાશ ગયા. સાથે આ જાલીમ કાયદો ગયો, પણ જાલીમ કાયદાનું કાળું કલંક આજે પણ જીવંત રહી ગયું છે. આ છે વડોદરા રાજ્યનું જુનું કલંક.

*

---

સમાધિમાં કટિબદ્ધ થયેલો જીવ ઉદયમાં આવેલા દુઃખોના સમૂહને સમ્યક્ પ્રકારે સહન કરે છે.

## પ્રકરણ ૧૮ મું

## આગમમંદિર

### તન્મયતા

મુનિવરોના અધિનાયકપણાને દર્શાવતી પવિત્ર આચાર્ય-પદવી પ્રાપ્ત થયા છતાં, પૂજ્ય આગમોદ્ધારકશ્રી આગમોનું સંશોધન કરવા બેસતા અને પ્રાચીન, જીર્ણ ધૂલિધૂસર અને અર્ધા સડેલા પડેલા આગમ પ્રતિઓના પાના ઉખેલવા લાગતા ત્યારે એક અદમ્ય ઉત્સાહી નવયુવક સાધુની જેમ ઓતપ્રોત બની જતા.

પૂજ્યશ્રીની પ્રતિભાને સાંભળી કોઈ અજાણ્યો આગંતુક દર્શન-વંદને અનાયાસે આવી ચડે તો એ કલ્પી ના શકે કે—આ પૂ૦ આગમોદ્ધારકશ્રી છે કે એક ઉત્સાહી સેવક સાધુ છે.

---

ઘાતિકર્મનો નાશ કરવા માટે તત્પર થયેલ વીરપુરુષ દુઃખના સમૂહમાં અચલ-સ્થિર રહે છે.

પૂજ્યશ્રી એ કાર્યમાં એવા તન્મય બની જતા કે આવનારનો ખ્યાલ પણ એમને ન આવતો, જ્યારે સહજ-ભાવે અગર કોઈ કારણે ઉંચું જુવે ત્યારે જ આવનાર પુણ્યવાનનો ખ્યાલ આવતો.

એક વખતે કોઈ જુના ભંડકીયાની કેટલીક તાડપત્રીય પ્રતિઓ અને કાગદીય પ્રતિઓ પૂજ્યશ્રીને પ્રાપ્ત થઈ. એ પ્રતિઓ ઘણી જ જીર્ણ હાલતમાં હતી. એ લાંબો કાળ ટકે એવી આશા ન હતી. એમાં ૫૦૦ થી ૧૦૦૦ વર્ષ જુની પ્રતિઓ હતી. એ બધી પ્રતિઓને પૂજ્યભાવે ખૂબ જ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતા હતા. વળી મનોમન કાંઈક અગમ્ય વસ્તુનો વિચાર કરતા હતા.

## પ્રશસ્ત–વિષાદ

પોતાના પૂજ્ય તરતતારણ આગમોની આવી દશા જોઈ નયનો આંસુ ભીના બની ગયા હૈયું ફફળી ઊઠ્યું, બુદ્ધિ તર્ક–વિતર્કમાં ઉતરી પડી.

અત્યારે અથાગ પરિશ્રમોના અંતે અનેક પ્રતિઓ મેળવી, શક્યપ્રમાણમાં શુદ્ધિકરણ કરી અર્થભેદ જણાતો હોય ત્યાં પાઠાન્તરો રજુ કરી જે આગમો અને ધાર્મિક

---

જો વિચિત્ર વિપત્તિઓને સહન ન કરે તો અત્યંત પાપી એવો આત્મા સિદ્ધિને કેમ પામે? અર્થાત્ પાપી એવા જીવો પણ સહન કરવાથી સિદ્ધિને પામે.

ગ્રંથો મુદ્રણ કરવામાં આવી રહ્યા છે, તેની પણ શું આવી દશા થશે ?

અરે ! તાડપત્રો તો હજાર વર્ષની વયમર્યાદા ધરાવે છે. કાશ્મીરી હાથે ઘુંટ્યા અને ઘસ્યા કાગળપત્રો પાંચસોથી સાતસો વયની મર્યાદા ધરાવે છે. આ યાંત્રિક કાગળ–પત્રો અને મુદ્રણથી મુદ્રિત થએલું લખાણ માત્ર સો વર્ષની આયુમર્યાદા ધરાવે છે.

તાડપત્રો અદૃશ્ય બની રહ્યા છે. હસ્ત ઉદ્યોગથી થતા કાગળપત્રો મહામૂલા અને અલભ્ય બનતા જાય છે. આવી દશામાં અમારા પૂજ્ય આગમો હજારો વર્ષ પછીના શ્રી સંઘને ક્યાંથી પ્રાપ્ત થશે ? ભાવી સાધુ ભગવંતોને વાંચવા મળે અને શ્રાવક–શ્રાવિકાઓને દર્શન, તેમજ શ્રવણનો લાભ મળે તે માટે શું કરવું જોઈએ ?

આ પાવન અને સાર્વજનીન વિચારોએ એમના માનસ ઉપર અધિકાર જમાવ્યો. ઘણી ઘણીવાર આ વિચારો હાજર થવા લાગ્યા. અલબત્ત, આ પૂજ્ય પુરૂષ કયો મહત્વનો વિચાર કરે છે. એ કોઈની કલ્પનામાં આવતું ન હતું.

જે વિચારોની અમલ થવાની શક્યતા હોય તેને બહાર રજુ કરવા અને અમલ–શક્યતા ન જણાય, તો રજુ ન કરવા એવી મહાપુરૂષોની એક ખાસીયત હોય છે.

આ મહાન્ પવિત્ર પુરૂષ પણ પોતાના વિચારો મૂર્તિમંત થાય એ વિચારતા હતા, અને સિદ્ધ બનવાના સમયની ધીરજ–વાટ જોતા હતા.

## સુપ્રભાતમ્

રાતી માંજર ડોલાવતા કુકડાએ પંચમ સ્વરે કુકડે–કુક ....કરી પ્રભાતની આગાહી સૂચવતું મંગલાચરણ કર્યું, અરૂણોદયે આકાશમાં લાલ કસુંબી ગુલાલ પાથર્યો સહસ્રરશ્મિ સવિતાદેવે આજના પ્રભાતને સુવર્ણવર્ણા કિરણોથી મઢી દીધું.

પ્રભાતીયા ગવાયાં. ચોઘડીયા વાગ્યાં. નગરની કમળવદની નારીઓએ કોકીલકંઠે ગીત ગાયા, ક્રિયાકારકોએ ગંભીર ધ્વનિએ મંત્રોચ્ચારો ઉચ્ચાર્યા.

આવા મંગળ સમયે પૂજ્ય આગમોદ્ધારકશ્રીજી એક જિનમંદિરના 'શિલાન્યાસ વિધિ' પ્રસંગે જતા હતા.

'શિલાન્યાસ ભૂમિ' પાસે આવી વાસચૂર્ણ હાથમાં લઈ સૂરિમંત્ર ગણી વાસનિક્ષેપ કરવા ગયા. ત્યાં એ ધન્ય દિવસ ધન્ય વ્યક્તિના નામથી અંકિત થએલું એક તામ્રપત્ર શિલાની સાથે પધરાવતાં જોયું. વાસનિક્ષેપ કર્યો, અને પાછા વળ્યા.

---

આ સંસારમાં જીવો જુદા જુદા કર્મોવાળા હોય છે.

એમના મુખ ઉપર સાત્ત્વિક આનંદ હતો. અનેક દિવસથી જે વિચાર ચાલતો હતો. જેના અમલ માટે મનોમન્થન થતું હતું, તેનો આજના નાના સરખા જણાતા મંગળ પ્રસંગદ્વારા ઘણો જ સુંદર ઉકેલ આવી ગયો.

તામ્રપત્ર ઉપર લેખ લખી શકાય છે. તો આગમ કેમ ન લખી શકાય ? જરૂર લખી શકાય.

આ દિવસનો આનંદ, એ અનેરો આનંદ એ આનંદનો લાભ તો એ સમયે માત્ર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરીશ્વર મહારાજે જ લીધો. હજુ તો આ વાત એમની મનોભૂમિ ઉપર જ નાચતી, કુદતી રમતી હતી બહાર નિકળે તોજ બીજાને ખ્યાલ આવે ને ?

## પાષાણ પ્રતરની વિચારણા

તામ્રપત્ર ઉપર સંપૂર્ણ આગમો લખાવાનો વિચાર વધતો ચાલ્યો ત્યાં નવા વિચારોએ આગમોદ્ધારકશ્રીજીના મનમાં દેખાવ દીધો મહારાજા ખારવેલના શિલાલેખો સમ્રાટ સંપ્રતિના શિલાલેખો કેટલાક રાજાઓની આજ્ઞાઓ શિલા ઉપર કોતરાએલી મળે છે. એ બે હજાર વર્ષ વીતવા છતાં એ શિલાઓ સુંદર હાલતમાં પ્રાપ્ત થાય છે તો શિલા–પ્રતર ઉપર આગમો કોતરાવીએ તો કેમ !

પાપનો નાશ સર્વને સહેલો નથી, કેમકે ઘોર પાપી એવા પુરુષ પણ હોય છે.

## અદ્વિતીય વિચાર

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીનો વિચાર, એ આ અવસર્પિણી કાળમાં પ્રથમ જણાય છે.

નીલમણી, ગોમેદક, પ્રવાલ, સ્ફટીક, આદિ રત્નોની પ્રતિમાઓ બની. અર્જુન, જાંબુનદ, પીતાભ સુવર્ણની મૂર્તિઓ થઇ, રજત અને પંચધાતુની પ્રતિમાઓ કરાઈ, અનેકજાતીય પાષાણખંડોમાંથી પ્રતિમાઓ કંડારવામાં આવી. કસોટી, કાષ્ટ, ચંદન, હાથીદાંત, વિગેરેના બિંબો બન્યા.

વિવિધ જાતની શાહીથી આગમગ્રંથો લખાયા, સુવર્ણ રજતની રોશનાહીથી પણ આગમગ્રંથો લખાયા, છતાં પાષાણ આગમમંદિર કે તામપત્ર આગમમંદિરની નોંધ શાસ્ત્રના પાના ઉપર કે ઈતિહાસના વર્ણન ઉપર આલેખાઈ નથી.

આગમોનું મંદિર કરવું, જેથી આગમો દીર્ઘજીવી બની જાય, તેમજ આ દ્વારા ભાવીના ભવ્યોને જિનવાણીનો લાભ મળી શકે. આ એક સ્વતંત્ર અને અપૂર્વ વિચાર હતો. નૂતન અને દિવ્ય સ્ફુરણા હતી. પ્રથમ સંગેમરમરના શશીધવલ સ્વચ્છ શોભાયમાન પાષાણ પ્રતરો ઉપર આગમો કોતરાવવા ઈચ્છનીય જણાયા.

---

અરિહંત ભગવાનના માર્ગમાં રહેલા જીવો સર્વ જીવોના અનંતમા ભાગે છે. અને તેની આરાધનાથી સિદ્ધ થયેલા તો થોડા જ જીવો છે તે કારણથી તેની પ્રાપ્તિ થવી તેજ ધન્યતા છે.

## પવિત્ર ભૂમિ

આત્મસિદ્ધિની સાધના જ્યાં સહેલાઈથી થાય છે એવા સિદ્ધગિરિની ઉપત્યકામાં આવેલ પાદલિપ્તપુરમાં પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજી ચાતુર્માસ હતા રોજ ગિરિરાજની સ્પર્શના કરવા તલેટીએ જાય. એક વખતે તલેટીની સ્પર્શના કરી પાછા વળતા ડાબી બાજુની ભૂમિ ઉપર નજર ગઇ. મનમાં શુભ સંકલ્પની સિદ્ધિનું રમણીય દૃશ્ય ઝબકી ઊઠ્યું. આ ભૂમિ ઉપર આગમમંદિર બંધાય તો સારૂં.

પુણ્યવંતો વિચારે તે સિદ્ધ થાય છે એ અનાદિસિદ્ધ સિદ્ધાન્ત છે. પૂજ્યપાદશ્રીએ સમય જોઇ ધીરેથી એ વાત ભાગ્યવંત શ્રદ્ધાસંપન્ન શ્રાવકોની આગળ કહી. ધીરે ધીરે એ વાતનો સક્રિય અમોઘ પ્રચાર થયો. પુણ્યવંત આગમોદ્ધારકશ્રીની ભાવનાનો ભાગ્યવંતોએ ભક્તિભાવથી આદર કર્યો, અને અમલ કર્યો.

## રેખાચિત્ર નિર્ણય

સુશિલ્પીઓને આમંત્રણો આપવામાં આવ્યા. સૌને રેખાચિત્રનું માર્ગદર્શન આપવામાં આવ્યું. પણા શિલ્પીઓ રેખાચિત્રના કામમાં વળગી ગયા. માસાંતરે ઘણા રેખાચિત્રો

હે જીવ! દરેક કાર્યમાં જે થવાનું હશે તે થશે એવો આન્તરિક નિશ્ચય તું ધારણ કર!

આવ્યા. પૂજ્ય આગમોદ્ધારકશ્રી રેખાચિત્રોને બારીકાઈથી જોઈ રહ્યા છે. એક રેખાચિત્ર ઉપર એમના નયન સ્થિર બન્યા.

ચાર દ્વાર, ચતુર્મુખ ભગવંતો, વિશાળ ગર્ભગૃહ, પીસ્તાલીસ દેવકુલિકાઓ પાંચ મેરૂ–આકૃતિ. ચાલીશ સમવસરણાકૃતિ, પીસ્તાલીસ ચતુર્મુખ જિનબિંબો, ભીંતો ઉપર પીસ્તાલીસ આગમો, ગગનચૂંબી મૂળશિખર પીસ્તાલીસનો સુંદર સુમેળ હતો.

આ પુણ્યવંત શીલ્પી ભાનુશંકરભાઇએ રેખાચિત્રનો પ્રારંભ કર્યો હતો. ત્યારે એની આંગળીઓના ટેરવા ઉપર દિવ્યશક્તિએ વાસ કર્યો હતો તેવું જણાયું હતું.

એ દિવ્યશક્તિ પોતાની ઇચ્છા મુજબ આંગળીઓને હલનચલનની પ્રેરણા આપતી હતી, અને ધવલપત્ર ઉપર રેખાઓ અંકિત થતી હતી. આ સુશિલ્પીને શિલ્પશાસ્ત્રનું જ્ઞાન હતું જ, પણ શિલ્પશાસ્ત્રમાં હજુ આ રેખાચિત્રનો સમાવેશ થયો ન હતો. છતાં એ રેખાચિત્ર શાસ્ત્રવિશુદ્ધ હતું. પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ રેખાચિત્ર જોઈ હર્ષ વ્યકત કર્યો.

## કાર્યારંભ

તલેટીની પાસેની ભૂમિ રાજ્ય પાસે માગણી કરવામાં આવી. રાજાએ અલ્પમૂલ્યે અને વિના વિલંબે ભૂમિ આપી.

---

સમતામાં આરૂઢ થયેલ જીવ અર્થાત્ શ્રેણિમાં ચઢેલ જીવ કર્મ-પુદ્ગલની અશુભ રસની શ્રેણિને નાશ કરે છે.

જોષીઓને તેડાવ્યા અને જોષ જોવરાવ્યા, પ્રશસ્ત મુહૂર્તોએ ભૂમિશોધન, ભૂમિખનન, શિલાસ્થાપન, દ્વારારોપણ દ્વારશાખ સ્થાપન, આદિ ક્રમે ક્રમે ઝડપી થવા લાગ્યું.

મકરાણાથી સંગેમરમરનો પત્થર આવ્યો, ધાંગધ્રાની ખાણનો અને તિવરીનો પત્થર આવ્યો, પાલીતાણાનો ઈષત્ શ્યામ પત્થર પણ ઉપયોગમાં લેવાયો, કુંભકાર–શેરીથી ઈષ્ટિકાઓ આવી, સોનગઢી ચૂનો આવ્યો. શત્રુંજયીની રેતી આવી. મરૂધરીય અને ગુર્જરીય શિલ્પીઓ આવ્યા સેંકડો કારીગર અને હજારો સેવકો કામ લાગી ગયા, લાખો રૌપ્યમુદ્રાઓનો વ્યય ચાલુ થયો.

અલ્પ સંખ્યક મહિનાઓમાં વાદળહળ સાથે વાતો કરતું વિશાળ મંદિર તૈયાર થઈ ગયું, નયનમનોહર સંગેમરમરના પ્રતરો ઉપર પિસ્તાલીસ આગમો લખાયા, કોતરાયા અને કુંકુમરંગે રંગાયા, શુભમુહૂર્તે અને મંગલચોઘડીએ ભીંતોમાં ચોડાયા.

પીસ્તાલીસ દેવકુલિકાના ચતુર્મુખ બિંબો ભરાયા, આ સાથે અદ્ભૂત સિદ્ધચક્ર ગણધરમંદિરની સ્થાપના થયેલી એમાં વર્તમાન અવસર્પિણીકાળના બધા ભગવંતોના બધા ગણધર પ્રભુના બિંબોની સ્થાપના કરવાની હતી. આ

---

જગતમાં ઉપકારીઓમાં અરિહંત સિવાય બીજી કોઈ રેખા પમાતી નથી. અર્થાત્ બીજું કોઈ શ્રેષ્ઠ નથી.

બિંબો અને બીજા બહારથી આવેલા અનેક જિનબિંબોની અંજનશલાકાવિધિ–પ્રાણપ્રતિષ્ઠાવિધિ–અધિવાસનાવિધિ પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીના પુણ્યમય પાવન હસ્તે થવાની હતી.

## મહોત્સવના મંડાણ

મહામંદિરનો ઉત્સવ મહાન્ હતો, એની શોભાને લાયક તેર દિવસનો મહોત્સવ ચાલુ થયો ભાવભીની આમંત્રણ પત્રિકાઓ બધે પહોંચી હતી દેશોદેશના અને ગામેગામના ભાગ્યવંતો આવવા લાગ્યા, કેટલાક પુણ્યશાળી ધનવંતો પોતાના ધનને પવિત્રમાર્ગે વાપરવાની ભાવનાથી આવ્યા હતા. અને ધન ખર્ચી ભક્તિનો લાભ લેવાની ઈચ્છા હતી. મધ્યમવર્ગના માનવો પ્રભુભક્તિ જોવા અને એ દ્વારા ધન્ય બનવા આવ્યા હતા. આ મહાનુભાવો અનુમોદનાના લાભને જતો કરવા ઈચ્છતા ન હતા. પૂજ્ય સાધુ–સાધ્વીવર્ગ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત થયો હતો. અહીં પધારેલા બધા મહાનુભાવો પોતાની જાતને ધન્ય માનતા હતા પ્રભુના ઉત્સવને જોવાની એમની પુણ્યાઈનો એમને આનંદ હતો.

## અયોધ્યા નગરીની રચના

આ મહોત્સવમાં લાભ લેવા અનેક પુણ્યાત્માઓ આવશેજ. એવી ગણત્રીથી પટમય અયોધ્યા નગરી

---

જિનેશ્વર ભગવાન્ કોઈના ઉપકાર નીચે દબાયેલા હોતા નથી.

બનાવવામાં આવી હતી. આ મહામંદિરના મૂળનાયક ભગવંત આદીશ્વર પરમાત્મા હતા. તેથી આ માનવસર્જિત પટમય નગરનું નામ અયોધ્યા રાખ્યું હતું.

આ નગરીની રચના અયોધ્યાની સ્મૃતિ કરાવે તેવી હતી. શ્રેણીબદ્ધ લઘુ પટકુટીરો હજારોની સંખ્યામાં હતી. વચ્ચે મોટી પટકુટીરો હતી. થોડા વિશાળ તંબુઓ પણ બાંધ્યા હતા. ઉત્સવની ઉજવણી માટે મહાવિશાળ પટાંગણ ઉભો કરવામાં આવ્યો હતો.

મહાપટમંડપ ચિનાંશુવસ્ત્રોથી શોભતો હતો. ધજા, પતાકા, તોરણ, સુશોભનોથી એને રાજ્યમહેલના જેવો બનાવી દેવામાં આવ્યો. એમાં મેરૂપર્વત સમવસરણ વિગેરેની આબેહૂબ રચનાઓ હતી. શ્રીપાલ મહારાજા અને શ્રી મયણાસુંદરી મહારાણીના જીવનને દર્શાવતા ચિત્રફલકો ત્યાં જોવા મળતા હતા.

## કુંભસ્થાપન

મહા શુદ દશમ રવિવાર જળયાત્રાનો વરઘોડો

મહા શુદ સોમવતી અગીયારસના મંગળદિને ઉત્સવનું મંગલાચરણ કુંભસ્થાપના દ્વારા થયું. સાથે અખંડદીપ–સ્થાપન, જવારારોપણ, વિજયસ્તંભ સ્થાપન વિધિઓ કરવામાં આવી. બપોરના પૂજાઓ. રાત્રે ભાવનાઓ થવા લાગી.

---

દૂરદૂરના સારા સંગીતકારો ભક્તિરસ જમાવવા આવી પહોંચ્યા હતા.

બીજા દિવસોમાં દશદિક્પાલપૂજન. નવગ્રહપૂજન, નંદ્યાવર્તપૂજન, અષ્ટમંગળપૂજન, અધિષ્ઠાયકપૂજન આદિ વિધિવિધાનો થવા લાગ્યા.

## ચ્યવન કલ્યાણક

ચ્યવનાદિ કલ્યાણકોની ઉજવણી માટે ચિનાંશુ મંડિત નાભિરાજાનો રાજમહેલ બનાવવામાં આવ્યો હતો. એની રચના સુંદર રાજમહેલને ભૂલાવે તેવી હતી. આજે ચ્યવન-કલ્યાણક વિધિ હતી. તેથી આ માનવસર્જિત પટ—રાજ-મહેલની અંદર હજારો પ્રેક્ષકો આવી ચૂક્યા હતા.

ચિનાંશુ રાજમહેલની અંદર રેશમી ગાલીચાઓનું શયનભુવન હતું. બધા પ્રેક્ષકોની નજર એ તરફ હતી. એમાં ઝાંખો અંધકાર હતો. નાના રત્નદીપકો આછો પ્રકાશ વેરતા હતા. એ પ્રકાશમાં નીલમના પલંગ ઉપર પોઢેલી રાજરાણી દેખાતી હતી. એના નયનો આછી નિદ્રાના ભારથી બીડાએલા કમળ જેવા જણાતા હતા. મીઠી નિદ્રાને દર્શાવતું મરક મરક હાસ્ય એના મુખ

---

અરિહંત ભગવાને જે તીર્થ સ્થાપ્યું છે તે તીર્થ સદ્બુદ્ધિવાળાઓને સંસારને ભેદવા માટે થાય છે.




## લાખો રૂપિયાના ખર્ચે બંધાવેલ અદષ્ટપૂર્વ

# શ્રીવર્દ્ધમાન-જૈન-આગમ-મંદિર

# સિદ્ધક્ષેત્ર (પાલીતાણા)

## પ્રતિષ્ઠા—સં. ૧૯૯૯ મહા વદ ૫ ને ગુરુવાર

ઉપર જણાતું હતું. રત્નદીપના કિરણો મુખ ઉપર પડવાથી એ હાસ્ય જોઈ શકાતું હતું પટાંગણમાં નિરવ શાંતિ હતી. એટલામાં આકાશમાંથી એક પ્રકાશપુંજ ઉતરી આવ્યો અને મહારાણી મરૂદેવાની કુક્ષીમાં સ્થિર બન્યો.

આ સાથે આકાશમાંથી ઐરાવણ હાથી ઉતરી આવ્યો સંગીતકારોએ સૌમ્ય સ્વરે 'પહેલે ગજવર દીઠો.' ગીત ચાલુ કર્યું. વીણાએ પોતાનો પંચમસૂર એમાં મીલાવ્યો. ત્યારબાદ માતેલા વૃષભરાજ પધાર્યા. કેશરી સિંહ અને લક્ષ્મીજી આવ્યા. અનુક્રમે ચૌદ સ્વપ્ના માતાને આવ્યા.

ચૌદ સ્વપ્નો પુરા થયા ત્યારે શ્રોતાઓને દર્શકોને ખ્યાલ આવ્યો કે—આ ધૂમ્રાવરણના શયનખંડમાં પોઢેલી નારી એ તીર્થંકરની અભિમન્ત્રિત માતા છે.

આ માતાએ પોતાના પતિદેવ પાસે સ્વપ્નાનું નિવેદન કર્યું, પતિદેવે સ્વપ્નફળ કથન કર્યું, આ આદીશ્વર ભગવંતનો કાળ છે. એ વખતે જોષી હતા નહિ. જોષી હોય તો જોષીઓને આમંત્રણ આપવામાં આવે છે. જોષીઓ ફળાદેશ કહે છે. ફળાદેશમાં 'પરમ તારક તીર્થંકર થશે અગર ચક્રવર્તી રાજા થશે,' એવું જણાવે છે.

ત્યારબાદ ચ્યવન કલ્યાણકનો વરઘોડો નીકળ્યો.

---

કલિકાલમાં જે અપ્રમત્તપણું તે કિંમત ન આંકી શકાય તેવી રત્નવૃષ્ટિ છે.

## જન્મ-કલ્યાણક

જન્મ-કલ્યાણક ઉજવવાનો દિવસ આવ્યો, રાજભવન માનવોથી ઉભરાતું હતું સૌ સ્થિર બની આતુર નયને જન્મવિધિ જોવાની તમન્ના ધરાવતા હતા. ત્યાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ મંત્રોચ્ચાર કર્યો અને ક્રિયાકારકોએ સુવર્ણકુંભમાંથી ભગવંતને બહાર લીધા, એ વખતે જયધ્વનિથી આ રાજમહેલ શબ્દાદ્વૈત બની ગયો.

એટલામાં સૌ પ્રથમ છપ્પન દિશીકુમારી દેવીઓ જન્મોત્સવનો લાભ લેવા આવી પહોંચી. આ છપ્પન કુમારીઓ માનવલોકના નરરત્નોની પુત્રીઓ હતી. યૌવનના પગથારે આવીને ઉભી હતી. રૂપમાં રતી અને કંઠમાં કિન્નરી કમલનયના કન્યકાઓ ઝાંઝરના ઝમકાર કરતી પ્રભુ જન્મોત્સવ કરવા આવી પહોંચી. ત્યારે પટાંગણનો જનસમૂહ વિચારોમાં ગરકાવ થઈ ગયો. આ છપ્પન કુમારીકાઓ દેવલોકમાંથી આવી છે કે માનવલોકમાંથી ?

છપ્પન કુમારીકાઓએ કેળના ત્રણ ઘર કર્યા. સુતિકર્મ શૂચિકર્મ વિગેરે કરી સમુહબદ્ધ ગીતો ગાયા. ગરબા લીધા. નૃત્ય કર્યા. આ બધું પ્રેક્ષકવર્ગ એકધ્યાને જોતો હતો.

---

જ્યારે ભવ્યત્વ ભાવ અને જગતનો ભાવ જીવને વિષે અનુકૂળતાને પામે છે ત્યારે જ જિનેશ્વર ભગવાનના શાસનમાં શ્રેષ્ઠ બોધને પામીને નક્કી મોક્ષે જાય છે.

એટલામાં છપ્પન દિશીકુમારી અલોપ થઈ અને માનવ-ઇંદ્રનું સિંહાસન ડોલી ઊઠ્યું. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પ્રભુજન્મના સમાચારો જાણ્યા. હરિણૈગમેષીને બોલાવી પ્રભુ-જન્મોત્સવમાં પધારવા માટે ઉદ્‌ઘોષણા કરવા જણાવ્યું.

માનવશક્રેન્દ્રની આજ્ઞા પ્રાપ્ત કરી માનવહરિણૈગમેષી દેવે સુઘોષાઘંટા દ્વારા દરેક દેવલોકના દરેક દેવોને આ વધામણા આપ્યા. અને જણાવ્યું કે–ઇંદ્રમહારાજા મેરૂપર્વત ઉપર પ્રભુ જન્મોત્સવ કરવા પધારે છે. આપ પણ લાભ લેવા પધારશો.

આ પછી માનવલોકના નરદેવો ભગવંતને આ મંડપમાં બનાવવામાં આવેલ મેરૂપર્વત ઉપર લઈ ગયા. દેવતાઓએ પોતે જન્માભિષેક મેરૂપર્વત ઉપર કર્યો, અહીં માનવો પણ દેવો જણાતા હતા અને જોનારો પ્રેક્ષકવર્ગ પોતે મેરૂપર્વત ઉપર છે એવો અનુભવ કરવા લાગ્યો. પોતે પાલીતાણાની ભૂમિ ઉપર છે એ તો ભૂલી જ ગયા.

ત્યારબાદ પ્રિયંવદા પરિચારિકાએ મહારાજાશ્રી નાભિ-કુલકરને વધામણી આપી. એમણે પણ રાજ્યોચિત જન્મ-મહોત્સવ કર્યો, પછી જન્મ–કલ્યાણકનો વરઘોડો નિકળ્યો.

---

આરાધના કરવામાં બહુ કે અલ્પ પર્યાય કારણ નથી, કિંતુ ઉત્તમ દર્શન આદિની પ્રાપ્તિ તે જ કારણ છે. તે માટે હે ભવ્ય! તું પ્રથમ દર્શન આદિમાં પ્રયત્ન કર!

## લગ્નવિધિ અને રાજ્યાભિષેક

ભગવંત યૌવનવય પામ્યા. સુનંદા અને સુમંગલા સાથે વિવાહ થયા. અહીં તો ધાતુના ભગવંત હતા. અને રૂપાના સુનંદા અને સુમંગલા હતા, ઋષભદેવ ભગવંતની લગ્નવિધિમાં ગોર–ગોરાણીકાર્ય ઇંદ્ર–ઇંદ્રાણીએ કર્યું હતું. અહીં માનવ ઇંદ્ર–ઇંદ્રાણીએ એ કાર્ય કર્યું.

જાન જોડવામાં આવી માંડવે સાજન માજન આવ્યું. પોંખણા વિધિ થયો. ગીતો ગવાયા. ચોરીમાં વર–કન્યા બેસાડવામાં આવ્યા. અગ્નિવેદીસમક્ષ ઇંદ્રમહારાજે '**ॐ वरकन्ययोः दीर्घायुर्भवतु शुभं भवतु ऋद्धिवृद्धिकल्याणं भवतु स्वाहा**' વિગેરે મંત્રો બોલી લગ્ન કરાવ્યા.

આ પછી રાજ્યાભિષેક વિધિ ચાલુ થયો. એમાં રાજા, મહામંત્રી, સેનાપતિ, નગરરક્ષક, નગરશેઠ એમ પાંચની સ્થાપના થઈ. આ દૃશ્ય જોઇને પ્રાચીન રાજ્યની સુવ્યવસ્થાનો લોકોને ખ્યાલ આવતો. આ દૃશ્યો જોવા માટે મહામંડપ હવે નાનો થવા લાગ્યો.

## દીક્ષા કલ્યાણક

ભગવંતે રાજ્ય વિગેરેની વહેંચણી યોગ્ય રીતે કરી. નવ લોકાંતિક દેવો આવીને ભગવંતને શાસનની સ્થાપના કરવા વિનંતિ કરે છે. ભગવંત એ દિવસથી વરસીદાન આપે છે.

---

જિનેશ્વરના માર્ગને પામેલો જીવ સાધ્ય (મોક્ષ)ને પામી શકે છે.

આ અયોધ્યા નગરમાંથી ભગવંતનો વર્ષીદાનનો વરઘોડો નિકળે છે. એક મહાપુણ્યવંત આત્મા ભગવંતને લઈ શ્યામ ગજરાજ ઉપર બેઠા છે. પ્રભુજીના વતી એ ભાગ્યવંત સુવર્ણમુદ્રા, રૌપ્યમુદ્રા, અને તામ્રમુદ્રાઓનું દાન છૂટે હાથે કરી રહ્યા છે. ભગવંત સ્વયં દાન દેતા હોય એવું એ દૃશ્ય લાગતું હતું.

આ વરઘોડો અયોધ્યાનગરીથી નિકળી પાદલિપ્તપુરના રાજમાર્ગોએ ફરી પાછો આ અયોધ્યાનગરીએ આવ્યો. આ વરઘોડામાં એક મહાકાય ગજરાજ ઉપર આગમ-રત્નમંજૂષા પણ હતી. વરઘોડાના ઠાઠનું તો વર્ણન આલેખવું અશક્ય છે.

વરઘોડો અયોધ્યાનગરીનાં ઉદ્યાનમાં આવી પૂર્ણ થયો. ભગવંત નીચે ઉતર્યા. આસોપાલવના વૃક્ષતળે આવી પોતાના શરીરના આભૂષણો ઉતારવા લાગ્યા. છેલ્લે પંચ મુષ્ટી લોચનો પ્રારંભ કર્યો. ઇંદ્રના કહેવાથી છેલ્લી એક મુષ્ટી બાકી રહેવા દીધી.

ભગવંતના વતી પૂજ્ય આગમોદ્ધારકશ્રી 'કરેમિ સામાઈયં સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ'નો પાઠ બોલે છે. આ સમયે ભગવંતને મનઃપર્યવજ્ઞાન થયું. આ વૈરાગ્યનું

---

જ્યારે જીવોને પાંચ કાલઆદિ શુભને સધાવવાવાળાં પ્રાપ્ત થાય છે, ત્યારે કોઇ જીવ સિદ્ધિના માર્ગને પામેલો મોક્ષે જાય છે.

દૃશ્ય જોઈ ભલભલાને રડવું આવ્યું, ભગવંતે દીક્ષા લીધી. ભગવંતે વિહાર કર્યો, જાણે પોતાનો પનોતો પુત્ર ન જતો રહ્યો હોય તેવું સૌને લાગ્યું. તેથી નયનો ભીના બન્યા હતા.

ભગવંત હજાર વરસ છદ્મસ્થપણે વિચરે છે. એમાં જે ઉપસર્ગો થયા તે ફલક ઉપર દર્શાવવામાં આવ્યા હતા.

## કેવલજ્ઞાન કલ્યાણક અને દેશના

આજે રાત્રે પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજે પટમંડપમાં રહેલી તમામ મૂર્તિઓને અધિવાસનાવિધિદ્વારા અધિવસિત કરી હતી.

આ સમયે પૂજ્યશ્રીના પટ્ટધર આચાર્ય ભગવંત શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય ભગવંત શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી હાજર હતા. આ ત્રણ પૂજ્યો સિવાય બીજા કોઈને અંદર જવાનું ન હતું. આ ગુપ્તમંત્રોની ગુપ્તવિધિ હતી

પ્રાતઃકાળે ભગવંતની કેવલજ્ઞાનવિધિ કરવામાં આવી. આ મહાપટાંગણમાં એક સુંદર કલામય સમવસરણ બનાવવામાં આવ્યું હતું. એમાં ભગવંતની મૂર્તિ પધરાવી, ભગવંતના વતી કલિકાલકલ્પતરૂ અમૃતવર્ષી ગીતાર્થ-શેખર આચાર્ય ભગવંત શ્રી આગમોદ્ધારકશ્રીએ દેશના આપી.

---

પર–સ્વભાવમાં રમણતાને છોડીને હે જીવ! તું શુભ એવા આત્માના જ્ઞાનાદિ ગુણ વિષે રમણતા કર!

## દેશના

હે ભવ્યાત્માઓ ! આ સંસાર આધિની આંધી, વ્યાધિના વંટોળ અને ઉપાધિના ઉત્પાતથી ભરેલો છે. સંસારમાં ક્યાંયે સુખ નથી. સુખને ખાતર આત્માઓ કષાયો કરે છે. અજ્ઞાની આત્માઓ ક્રોધની ભડભડતી આગમાં સળગે છે. માનના વિષમગિરિ ઉપર ચડી વિવેકભ્રષ્ટ બને માયા નાગણીના ડંખો ખાઈ ભાનભૂલા બની જાય છે. લોભની અથાગ ઊંડી ખાઈમાં ગબડતા રહે છે. આ માર્ગોથી સુખના બદલે વધુ દુઃખ પ્રાપ્ત થાય છે. જો સુખી થવું હોય તો ક્રોધના ઉત્તાપને દૂર કરવા સમતાની શીળી છાયા લો, માનના વિષમગિરિથી ઉતરી નમ્ર બનો. સરલતાની નાગદમની લઈ માયા નાગણના ઝેરને દૂર કરો. લોભની મહાખાડીને સંતોષ-દ્વારા પુરાણ કરી દો. આ પછી તમને અવશ્ય સુખ મળશે જ.

કષાયો ઘટાડવા માટે વિષયની વાસના ઘટાડવા લાગો. વિષય અને કષાય એ સંસાર વિષય અને કષાયનો નાશ એ મોક્ષ છે. મોક્ષ એટલે અનંતજ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય જ્યોતિસ્વરૂપ કર્મમળરહિત આત્મસ્વરૂપ.

તમે બધા કર્મમળથી રહિત બનવા સર્વવિરતિનો સ્વીકાર કરો, એ ન બને તો દેશવિરતિ ગ્રહણ કરો, છેવટે સમ્યક્ત્વ પામો એજ મંગળ ભાવના.

---

ભગવાનના શાસનને પામેલા આ જીવો અત્યંત ભાગ્યશાળી છે.

સર્વ મંગળ કરી કેવલજ્ઞાન કલ્યાણકનો વરઘોડો કાઢવામાં આવ્યો.

આ પછી નિર્વાણ કલ્યાણક વિધિ કરવામાં આવ્યો.

## અંજનશલાકા વિધિ

વીર સંવત્ ૨૪૬૯ના મહા વદ બીજનો મંગળ દિવસ હતો, સૂર્યને ઉદયાચલ ઉપર આવવાની હજુ એક પ્રહરની વાર હતી, ચંદ્ર ચૌદ કળાએ ખીલેલો હતો, વાતાવરણ શાંત હતું, ગુલાબી ઠંડી પડતી હતી. આ અયોધ્યાપુરીનો જનસમૂહ નિદ્રાદેવીના ખોળે પોઢેલ હતો, ચોકીદારોની આહલેક કદી કદી સંભળાતી હતી.

આવા સમયે પૂજ્યપાદ આચાર્ય ભગવંત આગમોદ્ધારકશ્રી જાગૃત હતા. સાથે એમના પટ્ટધર શિષ્યાવતંસ આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરિજી અને આચાર્યદેવ શ્રી કુમુદસૂરિજી પણ જાગતા હતા. આ ત્રણે પૂજ્યો અંજનવિધિમંડપમાં હતા.

કોઈ દેવ, દાનવ અને માનવની કુદૃષ્ટિ ન પડે માટે જાસુદવર્ણા દુકુલના મોટા આચ્છાદનો કર્યા હતા, માંત્રિક વિધિઓ ચાલુ હતી, ભક્તિ ઘેલો કોઈ ભાવુક આ ગુપ્ત

---

જો પાપથી ચિત્ત વિરમેલું છે તો ક્રિયામાં કે અક્રિયામાં વર્તતો હોય તો તે શ્રેષ્ઠ જ છે.

અને એકાંત ક્રિયા વખતે ધસી ન જાય, તે માટે સ્વયં-સેવક દળનો સુંદર બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. બધાએ આ વખતે સંપૂર્ણ મૌન જાળવવાનું હતું.

પૂ. આગમોદ્ધારકશ્રી મેઘધ્વનિએ સુસ્પષ્ટ મંત્રોચ્ચાર બોલતા હતા, વિધિગુપ્ત હતી પણ મંત્રોચ્ચારની ધ્વનિ જાગૃત સ્વયંસેવકોના કર્ણ ઉપર પહોંચી જતી. એ ધ્વનિમાં એ મહાનુભાવની અપૂર્વ દિવ્યતા જણાતી અંજન-વિધિના સુમુહૂર્તે દર્પણપ્રતિબિંબાનુસાર પૂજ્ય આગમો-દ્ધારકશ્રીએ મૂળનાયક ભગવંતોની અંજનવિધિ કરી. તત્પશ્ચાત્ ત્રણે આચાર્યપુંગવોએ અન્ય જિનબિંબોની અંજનવિધિ કરી.

આ સમયે સૂર્યને ઉદયાચલ ઉપર આવવા માટે એક ઘટીની વાર હતી પણ પ્રતિષ્ઠા વિધિ—પટમંડપમાં માનવ મેદની તન—મનશુદ્ધિ કરી આવી પહોંચી હતી.

આ જનમેદની '**ॐ पुण्याहं पुण्याहं**' નો ઘોષ ગજાવતી હતી. હૃદયો ઉલ્લાસ અને ઉમંગથી ઉછળતા હતા. અંજન-વિધિ થએલા પ્રતિમાજીના દર્શન કરવા માટે નયનો અતિ આતુર બન્યા હતા. 'હું પહેલાં દર્શન કરું, હું પહેલાં દર્શન કરું' એવી ભાવાત્મક હરિફાઈ મનોમન કરી રહ્યાં હતા.

---

મોક્ષ અને અભ્યુદયને સાધવાવાળું પ્રભુનું શાસન અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે.

દેવલોકના દેવો મેરૂ પર્વત ઉપર પ્રભુ જન્મોત્સવને જોવા પડાપડી કરે અને આગળ આવવા પ્રયત્નો કરે. તેમ આ નરલોકના નરદેવો પણ પ્રભુજીના વહેલા વહેલા દર્શન માટે પડાપડી કરતા હતા અને આગળ આવવા પુરૂષાર્થ કરતા હતા.

યોગ્યસમયે રક્તાંબરો ઉંચકાયા અને જનમેદનીને ભગવંતોના દર્શન થયા. ત્યારપછી મંદિરમાં વિધિપૂર્વક પ્રભુપ્રવેશ કરાવ્યો, બપોરના મહાશાંતિસ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ.

## ગાદી પ્રતિષ્ઠા

એ વીર સંવત્ ૨૪૬૯ની સાલ હતી. માઘ નામનો પવિત્ર માસ હતો. પંચમીનો પવિત્ર દિવસ હતો. વિબુધ-ગુરૂનો વાર હતો. જગતના જીવોને જાગૃત કરનારા સહસ્ત્ર-રશ્મિ સૂર્ય સાત નીલ અશ્વોના રથ ઉપર આરૂઢ થઈ. પૂર્વાકાશમાં આવી પહોંચ્યા હતા. આજે પ્રતિષ્ઠા થવાની હતી. એ જોવા માટે પોતાના રજતધવલ કિરણોને આગમ-મંદિર ઉપર ફેલાવ્યા.

જ્યોતિષીઓના પંચાંગમાં કુંભનો સૂર્ય હતો, તુલાનો ચંદ્ર હતો, ગુરૂદેવ કેન્દ્રમાં બિરાજ્યા હતા. બુધદેવે સૂર્યની પાસે આસન જમાવ્યું હતું. શની, મંગળ અને રાહુ પણ

---

ગુરુસેવા, વ્રતોચ્ચારણુ, શુદ્ધિ, ખમતખામણાં અને સંવર એ બધું આરાધનાતું સ્વરૂપ રાધાવેધની જેમ કઠિન છે.

શાણા થઈ કુંડલીમાં સારા સ્થાને શોભી રહ્યા હતા, શુક્રાચાર્ય સૂર્યથી એક કદમ આગળ ઉચ્ચાસને અડ્ડો જમાવી બેઠા હતા. દ્વિસ્વભાવ લગ્ન હતું. સ્થિર નવમાંશ હતો. સર્વાર્થસિદ્ધિકર યોગ હતો, મંગળ મુહૂર્ત હતું. શુભ હોરા હતી.

અન્નપૂર્ણા પૃથ્વીનું વાતાવરણ ખુશનુમા ભર્યું હતું. પવન શુદ્ધ અને મંદ લહેરી રહ્યો હતો. આકાશ નીરજ અને ધવલ હતું, દિશાઓ પ્રફુલ્લ અને શુભ્ર હતી, વનરાજી ખીલી ઉઠી હતી, હૃદયો આનંદના ધબકારા લેતા હતા.

પરમ પૂજ્ય સૂરિપુરંદર આગમોદ્ધારક આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા મૂળનાયક પ્રભુના પ્રતિષ્ઠાકારક શ્રાદ્ધરત્ન ઉદાર પુણ્યવંત સંઘવી શ્રી પોપટલાલ ધારસીભાઈ તથા સંઘવી શ્રી ચુનીલાલ લક્ષ્મીચંદભાઈ આદિ ગર્ભગૃહમાં હતા.

અન્યદેવકુલિકાઓ ઉપર અન્ય પૂ૦ મુનિવરો, પ્રભુપ્રતિષ્ઠાપકો, ક્રિયાકારકો અને શિલ્પીઓ હતા. કેટલાક પુણ્યવાનો અને સાધ્વીજી મહારાજો રંગમંડપ, કોલીમંડપ, ચોક અને મેઘનાદ મંડપમાં દર્શનાર્થે ઉભા હતા. મંદિરની બહારના મેદાનમાં હજારો માનવોની મેદની ઉમટેલી હતી

---

મોક્ષના માર્ગની સાધનામાં જેને વિધિનો આદર કર્યો છે તે ખરેખર ભાગ્યશાળી છે.

અંદર અને બહાર રહેલી હરખઘેલી માનવમેદની 'ॐ पुण्याहं पुण्याहं' નો ઘોષ–મહાઘોષ ગજાવતી હતી.

એક સમયવિદે કહ્યું, પ્રતિષ્ઠાને એક પાદ ઘટી બાકી છે. વિધિકારે કહ્યું, 'આચાર્ય મહારાજ સાવધાન, પ્રતિષ્ઠા-કારક સાવધાન ક્રિયાકારક સાવધાન શિલ્પી–સાવધાન, નાણા કોથળી સાવધાન.'

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીએ 'ॐ कूर्म ! निजपृष्ठे जिनबिंबं धारय धारय स्वाहा' આ મંત્ર સામધ્વનિએ સાત વાર ઉચ્ચાર્યો ત્યારબાદ કુંભક પ્રાણાયામ કરી 'ॐ स्थावरे तिष्ठ तिष्ठ स्वाहा' મંત્ર સાત વખત માનસજાપ પદ્ધતિએ ગણ્યો, સાતમીવાર મંત્ર ગણતી વખતે સ્વર્ણ, મુક્તા, રજત મિશ્રિત વાસચૂર્ણના નિક્ષેપ પૂર્વક પ્રભુ સ્થાપના કરી.

થાળી ડંકા રણકી ઊઠ્યા, ઢોલ વાજિંત્રો ગડગડી ઊઠ્યા. દેવકુલિકાઓમાં પણ એજ સમયે પ્રતિષ્ઠા થઈ, માનવસમૂહ ભગવંતનો જયકાર બોલાવતા આકાશ શબ્દાદ્વૈત બની ગયું.

બહાર રહેલી માનવમેદની પણ જયધ્વનિ ગજાવતી અને એની પ્રતિધ્વનિ પણ ઊઠતી હતી, હૃદયો ભક્તિ ભાવથી

---

જે મુનિરાજ જ્ઞાન આદિના ઉપાયથી તમામ પાપના સમૂહનો નાશ કરીને જ્ઞાન આદિ સકલ લક્ષ્મીઓને પામીને જન્મ, જરા, મરણ આદિ પીડાથી રહિત સ્થાનને પામ્યા, કે જે સ્થાન વચનના સમૂહના વિષયવાળું નથી. તેથી હે ચેતન ! તેને વિષે તું મતિ કર.

ઉભરાઈ રહ્યા. હતા નયનો પ્રતિષ્ઠિત ભગવંતોના દર્શને અધીરા અને ઉત્સુક બન્યા હતા.

અંદર રહેલા પુણ્યવંત નરવરો દેવાધિદેવના દર્શન કરી પાછા વળતા હતા તે ધન્યતાને અનુભવતા હતા, છતાં હૃદય અને નયન પ્રભુદર્શન કરી તૃપ્ત બન્યા ન હતા, ફરી ફરી 'મારા નાથને ક્યારે નિહાળું,' આ ભાવના સાથે બીજાને દર્શન થાય એ માટે પાછા વળતા હતા.

તપોબળથી પ્રાપ્ત થએલ ઔષધિના બળથી ગગનવિહાર કરનારા શાસન–પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી પાદલિપ્ત-સૂરીશ્વરજી મહારાજાના નામથી સંકળાએલી પાલીતાણા નગરી આજે પાલીતાણા ન હતી. પણ ઇંદ્રની રાજધાની અમરાવતી નગરી બની હતી. ઉલ્લાસ તો દિન દિન વધતે વાને હતો.

પ્રતિષ્ઠાવિધિ ઉત્સવ દરમ્યાન આગંતુકોને રોજ સાધર્મિકવાત્સલ્યમાં જમવાનું હતું. પણ અંતિમદિને પાદલિપ્તપુરના સર્વ પૌરવાસી નરનારીઓને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવ્યું હતું, આ ભોજનને દેશી ભાષામાં 'ધુમાડા બંધ, ગામ ઝાંપો, ફલે ચૂંદડી' વિગેરે શબ્દથી ઓળખવામાં આવે છે. આજથી સો વર્ષ પૂર્વ શેઠશ્રી મોતીશા શેઠની

પ્રદેશી રાજાની સમતા વચનથી પણ અગોચર હતી, કારણ કે મારનાર રાણીને વિષે મનથી પણ કોપ ન કર્યો.

બંધાવેલી ટૂંકની પ્રતિષ્ઠા વખતે 'ધુમાડાબંધ' પાદલિપ્તપુર થયું હતું.

આશ્ચર્યની વાત તો એ છે કે–આ તેર દિવસના ઉત્સવ દરમિયાન પાલીતાણામાં સ્મશાનભૂમિ પણ બંધ રહી હતી. (કોઈનું મૃત્યુ થયું ન હતું.)

## દર્શનના–દ્વાર

પ્રતિષ્ઠા દિવસના બીજા મંગલ પ્રભાતે વિધિ પૂર્વક દ્વારોદ્‌ઘાટન વિધિ થઈ, બપોરના અંતિમ મંગળ તરીકે સત્તરભેદી પૂજા રાખવામાં આવી. આ રીતે પ્રતિષ્ઠાવિધિ મહોત્સવ પૂર્ણ થયો, અને સર્વ ભાવિકોના માટે દર્શનના દ્વાર સદા માટે ખુલ્લા થયા.

પાષાણ પ્રતરે કોતરાએલા પીસ્તાલીશ આગમોથી શોભતું, જિનશાસનને ગૌરવવંતુ બનાવતું, જિનવાણીની રક્ષા કાજે અડીખમ ઉભેલું, વાદળદળ સાથે વાતો કરતું, દિવ્ય વિમાનની સાથે સ્પર્દ્ધા કરતું, શશીધવલ કીર્તિવંતુ, મંદિરોમાં રત્ન સમું, ગિરિરાજની ઉપત્યકામાં એ આગમ મંદિર આજે પણ પૂજ્ય આગમોદ્ધારકશ્રીની નિર્મળ યશો–ગાથા ગાઈ રહ્યું છે.

*

---

બંધનને નાશ કરવાવાળાં જો પાંચ મહાવ્રત આદરાય તો હું જગતમાં ભાગ્યશાળી બનું.

## પ્રકરણ ૧૯ મું

## વહેતાં પાણી નિર્મળા

## કપડવંજ ભણી

પૂ૦ આગમોદ્ધારકશ્રીના પુણ્યપ્રતાપે લાખો સુવર્ણ મુદ્રાઓના વ્યયથી શ્રી આગમમંદિર, સિદ્ધચક્રમંદિર, શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહ આદિના નવ નિર્માણ થયા હતા. આ બધા કાર્યોની પૂર્ણાહુતિ થઈ એટલે તરત જ નિર્મોહી આ મહાત્માએ પાલીતાણાથી વિહાર કર્યો, પોતાના શિષ્ય–પ્રશિષ્યોને આ સ્થળો ઉપર મમતા ન જાગે, 'મારાપણું' ન થાય, એવો શુભભાવ પણ વિહાર પાછળ હતો.

મહા વદીમાં પ્રતિષ્ઠા થઈ હતી. અને ફાગણ વદમાં તો શ્રી નવપદજી ઓળી કરાવવા કપડવંજ આવી પહોંચ્યા, પુણ્યપ્રતાપી પુરૂષની પાવન નિશ્રામાં ઓળીના આરાધનનો આનંદ અપૂર્વ હોય, એમાં પૂછવા જેવું જ શું છે ?

---

મોક્ષસાધનની ઇચ્છાવાળા એવા જીવોને જિનેશ્વર ભગવાને કહેલી વાણી નિમિત્તમાત્ર છે. માટે સામર્થ્યથી સધાય એવા અને મોક્ષને સાધવાવાળી એવી શુદ્ધવૃત્તિ એ સર્વશ્રેષ્ઠ છે.

જગત મિષ્ટાન્ન આરોગવામાં આનંદ માનતું હોય છે. અહીં તો ત્યાગમાં આનંદ મનાતો હતો. નાના નાના કુમળા બાળ મહધેલ્લા યુવાનો, અને વાળ વિનાના વૃદ્ધો તપમાં અપૂર્વ આનંદ માનતા હતા. આ પ્રસંગે રોજ ભાવવાહી દેશના, રસમય પૂજા, ભાવનાઓ થતી, આ પ્રસંગે શ્રીપાલ મહારાજા અને શ્રી મયણાસુંદરીજી મહારાણીના જીવન પ્રસંગોને આવરી લેતી કળામય રચનાઓ કરવામાં આવી હતી

## સમાજનું સંમેલન

ઓળીની પૂર્ણાહુતિના થોડા દિવસ પછી ધર્મકાર્યો માટે 'દેશવિરતિ ધર્મ આરાધક સમાજનુ' સંમેલન કપડ-વંજના આંગણે યોજવામાં આવ્યું હતું. પૂજ્યપ્રવરશ્રીની નિશ્રા હોવાથી સંમેલન સફળતા સભર કાર્યવાહી કરી પૂર્ણ થયું હતુ.

કપડવંજના પુણ્યવંત ધર્માત્માઓની ચાતુર્માસ માટે ભાવભરી વિનંતિ ઘણા વખતથી હતી જ, ક્ષેત્રસ્પર્શના પણ અહીંની હતી. તેથી પૂજ્યપ્રવરશ્રીએ કપડવંજમાં ચાતુર્માસ કર્યું, આ ચાતુર્માસ ધર્મમય બન્યું મતું. શ્રાવકવર્ગ પૂજ્યશ્રીનો લાભ બને તેટલો વધુ લેતો હતો. ભક્તિ પણ અજોડ કરતા હતા.

---

આત્માથી ન તર્કણા કરાય તેવી શરીર સંબંધી પીડાઓ આ જગતમાં જીવને થાય છે.

## અનાસક્ત-યોગી

ચાતુર્માસ ધર્મમય વહી રહ્યું હતું. નગરમાં આનંદ વહે જતો હતો, ત્યાં અસાતાના ઉદયે પૂજ્યશ્રીને શારીરિક વ્યાધિઓએ ઘેરી લીધા, તાવ, ઉધરસ, પાંડુ વિગેરે રોગોએ આવી પૂજ્યશ્રીના શરીરમાં વસવાટ કર્યો, છતાં સમતા ગજબની, માત્ર પ્રવાહી અલ્પદ્રવ્યો અલ્પપ્રમાણ લઈ રહેવાનું હતું.

એક બપોરે એક સેવાભાવી શિષ્ય પૂજ્યશ્રી વાપરી શકે એટલી ચા લાવ્યો, અઢી વાગ્યાનો સમય હતો. ખૂબ જ પ્રમાણસરની ચા લાવેલ, પૂજ્યશ્રીને એક લઘુ ધવલ કાષ્ઠપાત્રમાં આપી, એ મહાત્મા વાપરી ગયા.

શિષ્ય બીજા કામમાં ગુંથાયો, એટલામાં ચહા વહોરાવનાર શ્રાવિકા હાંફતી હાંફતી આવી, વહોરવા આવનાર મુનિને કહે–સાહેબજી ! ગજબનો ગોટાળો થઈ ગયો, મારી ભયંકર ભૂલ થઈ છે.

મુનિરાજ—બહેન શું થયું ? આટલાં હાંફો છો કેમ ?

શ્રાવિકા—આપ ચહા લાવ્યા તેનું શું કર્યું ?

મુનિરાજ—એ તો આગમોદ્ધારકશ્રીજી વાપરી ગયા.

---

વૈદ્યો રોગોને જાણનાર છે પણ વેદનાને તો જાણનાર જંતુઓ-પ્રાણીઓ છે.

શ્રાવિકા—ચોધાર આંસુએ રડી પડી. સાહેબ ! ચહામાં ખાંડના બદલે ભૂલથી મીઠું નાખી દીધું હતું, અમે પીવા બેઠા ત્યારે ખારી ઝેર જેવી લાગી એટલે હું તરત જ દોડતી આવી, મહારાજ સાહેબ માંદા છે એમાં વળી ખારી ચહા પી ગયા, નુકશાન કરશે. મહારાજ સાહેબે આપને કાંઈ કહ્યું નહિ !

અરે બહેન ! કહેવાનું તો દૂર રહ્યું, પણ મોઢું એ મચકોડયું નથી આ તો તમે વાત કરી એટલે અમને ખબર પડી. નહિ તો અમને ખબર પણ ન થાત કે ચા ખારી હતી.

શ્રાવિકા તો પૂજ્ય આગમોદ્ધારકશ્રી પાસે ગઈ, વંદન કર્યું, સાહેબજી ! મારી ભૂલ થઈ ગઈ. ખાંડના બદલે ચહામાં મીઠું નખાઈ ગયું હતું. મારો ભયંકર અપરાધ થયો છે. હું મહાપાપની ભાગી બની છું કૃપા કરી મને ક્ષમા કરો. ગુરૂદેવ ! ગુરૂદેવ ! મને પ્રાયશ્ચિત્ત આપો, મારી શુદ્ધિ કરો. શ્રાવિકાની આંખમાંથી બોર જેવા આંસુ વહી રહ્યા હતા.

પૂજ્યશ્રીએ હસતે મુખે કહ્યું—બહેન તું રડીશ ના, એ તો જીભના નખરા છે. મીઠી ચા તો રોજ મળે છે. ખારી ચા જ કદી મળે છે. તું ચિંતા ન કરીશ, મને ખારી ચાનું

---

આરાધનાનો માર્ગ વિવિધ પ્રકારનો છે તેથી તેની વિધિનું વિચિત્રપણું છે.

જરાય દુઃખ નથી. એ ચાએ તો મારી કર્મનિર્જરા કરાવી છે. તું જા, તું રડીશ નહિ મને જરાય દુઃખ નથી થયું.

## સમતાની સિદ્ધિ

રોગોએ તો વણથંભી કૂચ ચલાવે રાખી, માંદગીએ પોતાનો પ્રકોપ વધાર્યો, એ છતાં આ સમ્યગ્જ્ઞાની મહાત્માની જ્ઞાનની લગની ચાલુ જ, આગમના આલાપક ગણતા હોય, કાં પ્રકરણના પાઠ પઢતા હોય. મુખેથી કોઇ જાતનો દર્દનો હાય, ઓય, વોય, અરરર કે ઊંહનો ઉચ્ચાર નહિ.

બહુશ્રુતતા અને આગમોદ્ધારક તરીકેની ખ્યાતિ સાંભળી એક વિદ્વાન્ બ્રાહ્મણ પંડિતજી પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા પંડિતજીના મનમાં થોડા પ્રશ્નો પૂછવાની અને એ સંબંધી વિશદ સમાધાનો મેળવવાની ઇચ્છા પણ સાથે હતી જ, તેથી જ દૂર દેશથી ધનવ્યય કરી પધાર્યા હતા. પરંતુ પૂજ્યશ્રીજીની શારીરિક આવી સ્થિતિ જોઈ ઉદાસ બની ગયા, દર્શન–વંદન કરી સુખશાતા પૂછીને બેઠા.

પૂજ્યશ્રીએ પૂછ્યું, પંડિતજી ! આપ કાંઇક પ્રશ્નો પૂછવા આવ્યા છો, જે ઇચ્છા હોય તે સુખેથી પૂછો.

મહારાજશ્રીજી ! હું તો આપના દર્શને આવ્યો છું બીજી કોઈ આકાંક્ષા નથી. આવું પંડિતજીએ વિવેક ખાતર જણાવ્યું.

---

પાપનો ઉદય હંમેશા સ્વતંત્રકાર્યને કરે છે.

તમે ફક્ત દર્શન વંદનના ઈરાદે પધાર્યા હો એવું ના બને, સાથે જ્ઞાનચર્ચાનો હેતુ હશે જ, પરંતુ મારી શારીરિક અવસ્થા જોઈ આપને જ્ઞાન વિચારણાનું મન થતું નથી. પરંતુ આપ પૂછો.

મહારાજજી! ખરેખર તો કેટલાક પ્રશ્નો જ પૂછવા છે. પરંતુ આવા અનારોગ્યમાં કેમ પૂછાય? હું વિવેક-શૂન્ય માનવી નથી. આપના પવિત્ર દર્શનથી પણ મને ખરેખર આનંદ છે પંડિતજીએ હૃદયપૂર્વકનો વિવેક બતાવ્યો.

એ બધી ચિંતા મૂકી આપ ખુલ્લા દિલે પૂછો. મને આવડશે એટલું જણાવીશ છતાં હું સર્વજ્ઞ નથી. એમ પૂજ્યવરે કહ્યું.

પૂજ્યશ્રીના આગ્રહના લીધે પંડિતજીએ પ્રશ્નો પૂછ્યા. એ બધાના સમાધાન પૂજ્યશ્રીએ ખબ જ સુંદર આપ્યા એ સમાધાનો એવા હતા કે પંડિતજી આનંદમાં આવી ગયા. આવા સરસ સમાધાનો કાશીમાં પણ કોઈ આપે તેમ ન હતું.

પંડિતજીએ છેલ્લે એક પ્રશ્ન પૂછ્યો. મહારાજજી! હમણાં આપના શરીરમાં તાવ છે. પાંડુરોગ છે. ઉધરસ અને નબળાઈ છે. આવી શારીરિકસ્થિતિમાં મારા જેવા વિદ્વાન્ ગણાતા માણસો બેસી ન શકે. વાત ન કરી

---

રત્નત્રયીને આશ્રીને આરાધના નિત્ય છે, પરંતુ તે વિકલ્પવાળી નથી.

શકે. ત્યાં આપ તો જાણે શરીરમાં કાંઈ દર્દ નથી, બેચેની નથી. એ રીતે વાત કરો છો. અઘરા પ્રશ્નોના ઉકેલ સહેજમાં આપો છો. તો એ કઈ રીતે બને ?

પંડિતજી ! વ્યાધિ શરીરમાં છે, આત્મામાં નથી. જ્ઞાન આત્મામાં છે. શરીરમાં નથી. વળી જુઓ, ધર્મગ્રંથો કહે છે કે–શરીરમાં એક રૂંવાડે પોણાબે રોગ ગણાય. તેટલા કુલ રોગ છે. લગભગ સવા છ કરોડ રોગો આ શરીરમાં ગુપ્ત રહેલા છે. એમાંથી માત્ર પાંચ સાત રોગો પ્રગટ થયા છે. હજુ કરોડો રોગોએ હલ્લો નથી કર્યો એ ઓછું પુણ્ય છે ? પુણ્યને યાદ કરવું કે પાપને ; અને આ રોગોએ કર્મનિર્જરા કેટલી બધી કરાવી છે ? આનાથી તો આત્મા ઉપરનો મેલ સ્વચ્છ થાય છે. ઠીક પંડિતજી ! ધર્મધ્યાન કરજો.

પંડિતજી ગયા પણ સત્યગુણની સ્મૃતિ કાયમ માટે લઈ ગયા.

અસાતાનો ઉદય બંધ થયો. પૂજ્યશ્રીની તબિયત સ્વસ્થ બની. આ બાજુ ચાતુર્માસ પણ પૂર્ણ થયું અને વિહારની વાતો વહેતી થઈ.

---

હે જિનેશ્વરદેવ ! તમારું સ્વરૂપ અર્થાત્ તમારી પ્રતિમા ભવરૂપ કૂવામાંથી કાઢવામાં રજ્જુ સમાન છે, કારણ કે તમે સંગ, મોહ અને કામ રહિત છો.

## મુંબઈના મંડાણ

વર્ષાએ વિદાય લીધી. આસો માસનાં ધગધગતા સૂર્યના ખરકિરણોના પ્રખર તાપથી ધરતીનો કાદવ સુકાઈ ગયો હતો. દુર્ગમમાર્ગો સુગમ બની ગયા હતા, નદીઓના નીર નિર્મળ બન્યા હતા. કાર્તિકી પૂર્ણિમાના દિને ચતુર્માસ પરિવર્તનની પ્રથાએ મુનિઓને વિહારના ક્રમની સ્મૃતિ તાજી કરાવી હતી,

શુભદિને પુજ્યશ્રીએ વિહાર આદર્યો, નરનારીના સમૂહો વિદાય આપવા ઉમટયા હતા. ગામની સીમાના અંતે ઘેઘુર વડલાની નીચે ઉભા રહી પૂ૦ આગમોદ્ધારક-શ્રીએ અંતિમ–દેશના આપી.

### દેશના

ભાગ્યવાનો! વહેતાં પાણી નિર્મળ હોય છે. મહેમાનો થોડા દિવસ રહી વિદાય લે તો આવકારપાત્ર ઠરે છે. વર્ષા પ્રમાણસર વર્ષી ચાલી જાય તો આવકાર અને આદર પામે છે તેમ સાધુઓ પણ તીર્થપતિની આજ્ઞા પ્રમાણે વિચરતા રહે તો ચારિત્રમાં નિર્મળ અને તમારા જેવા ગામો માટે આવકારપાત્ર અને આદરપાત્ર રહી શકે છે.

---

જ્યારે ભવ્યત્વ ભાવ અને જગતનો ભાવ જીવને વિષે અનુકૂળતાને પામે છે ત્યારે જ જિનેશ્વર ભગવાનના શાસનમાં શ્રેષ્ઠ બોધને પામીને નક્કી મોક્ષે જાય છે.

સાધુઓ એક સ્થળે વધુ રહે તો સ્થળ, કાળ, દેશ કે વ્યક્તિનો મોહ નડે, તમને પણ રાગ અગર દ્વેષ જાગે, એમાંથી તિરસ્કાર થાય તમને પણ અમારા ઉપર વ્યક્તિ રાગ અગર દ્વેષ ન થાય માટે વિચરવું જોઈએ.

આજે તમારા બધાના નયનોમાંથી આંસુઓ વરસી રહ્યા છે પરંતુ આવનારને અવશ્ય જવાનું છે. તેમ અમારે અવશ્ય વિહાર કરવાનો હોય છે.

તમે બધાએ ચોમાસામાં જે જે ધર્મદેશનાઓ સાંભળી તેને હૃદયમાં ઉતારજો, શક્તિ છૂપાવ્યા વિના અમલ કરજો, આભવે અને પરભવે મોક્ષ સહાયક સાધનો મેળવી મુક્તિ પામો એજ મંગળ ભાવના.

## વિદાય

આટલું કહી સર્વમંગળ કરવામાં આવ્યું છતાં ગુરૂ વિરહના કારણે બધાના નયનોમાંથી ચોધાર આંસુઓ વહેતા હતા. ધ્રુસકે ધ્રુસકે રડવાનો અવાજ પણ સંભળાતો હતો આકાશમાંથી અદૃશ્ય-અશ્રાવ્ય આગાહી આવતી હતી કે આ પવિત્ર પુરૂષના પાવન પગલાનો પાવન સ્પર્શ પુનઃ પ્રાપ્ત થવાનો નથી. પરંતુ રૂદનના અવાજમાં એનો કોઈને ખ્યાલ આવ્યો નહિ.

---

આ મન જે સ્થિર છે તે જિનેશ્વરનો પ્રભાવ છે.

આ મહાત્મા તો હસતે મુખડે અડવાણે પગે ચાલી નીકળ્યા, એમણે પાછું વળીને પણ ના જોયું, પોતાના ગુરૂદેવના દર્શન જ્યાંસુધી થયાં ત્યાંસુધી ત્યાં જ શ્રાવકો ઉભા રહ્યા, દૃષ્ટિથી અદૃશ્ય બન્યા ત્યારે ઉદાસવદને નિરાશ-નયને સ્વગૃહે પાછા ફર્યા.

## મુંબઇના મોંઘેરા મહેમાન

ગામડે ગામડે અને નગરે નગરે વિચરતા પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રી વર્ષાવાસના આરંભમાં મુંબઈ આવી પહોંચ્યા.

મુંબઈના ધર્માત્માઓએ ભવ્ય પ્રવેશ ઉત્સવ કર્યો. અપૂર્વ સ્વાગત સાથે ઉપાશ્રયે પધાર્યા.

મુંબઇની અવની ઊપર ધર્મરાજાના અને આકાશ ઉપર મેઘરાજાના સામ્રાજ્યનો પ્રારંભ સમકાળે થયો. મેઘ-રાજા મુંબઇની ધરતીને પોતાના પાણીથી પલાળી કોમળ બનાવતા હતા. અને ધર્મરાજા ભવ્ય જીવોની હૃદય ધરતીને જિનવાણીથી પખાળી નિર્મળ બનાવતા હતા, મોહરાજાના ગુપ્તચરો અહીં મુંબઇ આવી વસ્યા હતા.

મોહરાજાને આ મેઘરાજા પ્રતિકૂળ ન હતા. પણ આ આગમોદ્ધારક નામના ધર્મરાજ એમને હંફાવે તેવા લાગતા

---

આત્માદિ વસ્તુઓના દર્શાવનાર હે અરિહંત ભગવન્! આપને મેં જોયા ત્યારથી મારે કંઈ પણ ઊણપ નથી. અર્થાત્ બધું છે.

હતા. તેથી મોહરાજા પણ ગુપ્તરૂપે અહીં આવી વસ્યો હતો. અને ધર્મરાજનું માહાત્મ્ય ખંડિત કરવા સદા પ્રયત્ન કરતો હતો.

## પ્રવચનોની હેલી

નીલપંખીસમા નીલ-શ્યામ મેઘરાજાએ વર્ષાની મુશળધાર હેલી ચાલુ કરી. હંસપત્ર સમા ધવલ આ ધર્મરાજાએ જિનવાણીની હેલી ચાલુ કરી, ભ્રમરશ્યામ મેઘરાજા સાત આઠ દિવસ વરસીને થાકી જતા અને વચ્ચે વિરામ કરવા કેટલાક દિવસ ચાલ્યા જતા. પરંતુ અક્ષત ઉજ્વલ પ્રભાવશીલ આ ધર્મરાજા અવિરામપણે જિનવાણી વર્ષાવે જતા હતા.

ધર્મરાજાની વર્ષાથી ભવ્યોના પાપનો પંક ધોવાઈ જતો, સમ્યક્ત્વ બીજનું આરોપણ થતું, દેશવિરતિના અંકુરા છોડવા ખીલી નીકળતા, સર્વવિરતિની સુવાસ બહેકી ઊઠતી

પર્વાધિરાજ પર્યુષણ પધાર્યા, આગમોદ્ધારશ્રીના પ્રતાપે મોહમયી ગણાતી મુંબઈનગરી ધર્મમયી નગરી બની ગઈ, પર્વાધિરાજ આવકારપૂર્વક આવ્યા અને સન્માનપૂર્વક ગયા.

## મોહરાજાનું કાવતરૂં

મોહરાજાએ જોયું કે-આ આગમોદ્ધારક નામનો ધર્મરાજા માથાભારે છે એને સામી છાતીએ લડત

---

હે અરિહંત ભગવન્! જો દૃષ્ટિ વડે આ ભવસમુદ્રમાં તમને ન જોયા હોત તો મારી શી ગતિ થા? અર્થાત્ મારી શી દશા થાત?

આપવી કઠણ છે. ધર્મરાજાએ હાલમાં આગમોદ્ધારકના શરીરમાં આવી વાસ કર્યો છે. એટલે હાલ એજ ધર્મરાજા ગણાય. સામ અને દામ નીતિ અહિં નિષ્ફળ નિવડશે. દંડનીતિનો દમનદોર અહીં કારગત નીવડે તેમ નથી. ભેદનીતિ અપનાવીશું તોજ કાંઈક ફાવટ આવશે.

મનોમન આવો નિર્ણય કરી મોહરાજા પોતાનાં યોગ્ય પાત્રો શોધવા નીકળ્યો. 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ' નામની સંસ્થા ઉપર એની નજર પડી. મોહરાજાને લાગ્યું કે આ નામથી ધર્મરાજાના પક્ષની સંસ્થા ગણાય છે. પરંતુ કામ તો મારૂં જ વર્ષોથી કરતા આવ્યા છે.

આ સંસ્થાને બાળદીક્ષા સાથે અને દેવદ્રવ્ય સાથે બાપે માર્યા વેર જેવું હતું. સાધુઓને ભાંડવા, ઉતારી પાડવા એ એનું પડદા પાછળનું મુખ્ય કાર્ય હતું. 'જૈન' નામનું લેબલ લગાડયું હતું. છતાં જૈનશાસનની પ્રણાલિકાઓ તોડવામાં ગૌરવ માનતી આ સંસ્થા હતી આ ભાંગફોડી સંસ્થાએ ધર્મરાજશ્રી આગમોદ્ધારકશ્રી સામો જેહાદ ઉપાડી કારણકે ધર્મરાજશ્રી આગમોદ્ધારકશ્રીજી શાસ્ત્રીય રૂઢીઓને ચુસ્ત વળગી રહેતા હતા.

---

આરાધના કરવામાં બહુ કે અલ્પ પર્યાય કારણ નથી, કિંતુ ઉત્તમ દર્શન આદિની પ્રાપ્તિ તે જ કારણ છે. તે માટે હે ભવ્ય! તું પ્રથમ દર્શન આદિમાં પ્રયત્ન કર!

## કોન્ફરન્સના કાળા ઠરાવો

મોહરાજાએ આ સંસ્થાના સભ્યોના હૈયામાં પોતાના ગુપ્ત અનુચરોનો પ્રવેશ કરાવ્યો હતો. કેટલેક સ્થળે ગુપ્તચરોને ફાવટ આવી. આ સંસ્થાના સભ્યો ભોળાઓના ટોળા આગળ દીક્ષા અને દેવદ્રવ્યનો વિરોધ કરતા, આ રીતે ભોળાઓને ફસાવતા અને ભરમાવી દેતા, પરંતુ ચકોર આત્માઓ ચેતી જતા.

આ સંસ્થાએ મોહરાજાની આજ્ઞાને સ્વીકાર કરનારા ટોળાને ભેગું કર્યું એ ટોળું એક મંડપમાં ભેગું થયું હતું. આ ટોળામાં થોડા ડાહ્યાઓ પણ ભળ્યા હતા. એમની ઇચ્છા હતી કે આ ભોળાઓ અધર્મના માર્ગે ના જતા રહે. શાસનને વગોવવાનું કે શાસ્ત્રીય વાતોને અવગણવાનું પાપ ન આચરી બેસે, દયાળુ શાસનરક્ષકોએ ઘણું સમજાવ્યું છતાં મોહરાજાની મતિભ્રંશકારિણી મદિરાનું આકંઠ પાન કરીને, ભાનભૂલેલા આ ટોળાએ બાળદીક્ષા અને દેવદ્રવ્ય વિરોધનાં વાંઝીયા ઠરાવો કરી નાંખ્યા.

## હિતચિંતક હૃદય

આ આત્માઓ પણ મોહરાજાનું જોર ઘટતાં સાચી વાત સમજશે. સુબુદ્ધિ પામશે. સાચું ભાન થશે. અને

---

પર-સ્વભાવમાં રમણતાને છોડીને હે જીવ! તું શુભ એવા આત્માના જ્ઞાનાદિ ગુણુ વિષે રમણુતા કર!

આત્મોદ્ધાર કરશે. આ આત્માઓ જેટલું વહેલું સમજે એટલું વહેલું કલ્યાણ થાય, એમનું ભલું થાઓ.

## વિહાર

મુનિઓના વિહારની વેળા આવી. શ્રી આગમોદ્ધારકે મોહરાજાની સામે ઘણી ટક્કર લીધી હતી. ઘણા ભવ્ય-આત્માઓને મોહમદિરા પીતા અટકાવ્યા હતા, એ રીતે સંસારસાગરના ખારા પાણીમાં ડુબતા અટકાવ્યા હતા. જે લોકો ન બચ્યા એમની ભાવદયા ચિંતવતા.

શ્રી આગમોદ્ધારકની વિહારની વાતો સાંભળવાથી ઘણા ધર્માત્માઓને દુઃખ થવા લાગ્યું. સાગર મર્યાદા ચૂકતો નથી તો પૂ૦ સાગરજી મહારાજ વિહારમર્યાદા કેમ ચૂકે ?

મુંબઈના ધર્મવંત આત્માઓને પૂજ્ય આગમોદ્ધારક-શ્રીજીના વિરહનું દુઃખ થયું અને વિહાર પણ થયો.

*

---

જો પાપથી ચિત્ત વિરમેલું છે તો ક્રિયામાં કે અક્રિયામાં વર્તતો હોય તો પણ તે શ્રેષ્ઠ જ છે.

## પ્રકરણ ૨૦

# સાગરજી અને સુરત

## પ્રવેશયાત્રા

પૂ૦ આગમોદ્ધારકશ્રી અને પૂ૦ સાગરજી મહારાજના નામથી સુવિખ્યાત બનેલા મહાત્મા આજે સૂરતમાં પધારવાના છે. દુધમાં મધુરતા ઇક્ષુજનિત શર્કરાથી આવે છે. તેમ સુરતની દર્શનીયતા પૂ૦ સાગરજી મહારાજના પદકમલની પધરામણીથી આવે છે એવું બહારથી આવનારને અનાયાસે ખ્યાલમાં આવી જતું યાને પૂ૦ સાગરજીનો અને સૂરતીઓનો સંબંધ દુધ-સાકર જેવો હતો, પૂજ્ય સાગરજી મહારાજ માત્ર સૂરતના કે સૂરતીઓના જ ન હતા. એ મહાત્મા સર્વના હતા. પણ સૂરતીઓ તો સાગરજીના હતા.

આ મહાત્મા આજે પધારે છે. પણ અપૂર્વ સ્વાગતની તૈયારી કેટલાય દિવસથી ચાલતી હતી. પૂજ્યશ્રીના સ્થૂલ-

---

મોક્ષ અને અભ્યુદયને-સાધવાવાળું પ્રભુનું શાસન અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે.

દેહનો સીત્તેરમાં વર્ષમાં પ્રવેશ થઈ ચૂક્યો હતો. આ મહાત્મા જ્ઞાનસ્થવિર, પર્યાયસ્થવિર, અને વયસ્થવિર બન્યા હતા. દરેક સ્થવિર–પૂર્ણસ્થવિર હતા, શાસનના શિરતાજ હતા. પૂજ્યશ્રીની પૂજ્યતાને છાજે અને શાસનની શોભા વધે તેવું મહાસ્વાગત સૂરતીઓ કરવા માગતા હતા. એ માટે આત્મીયતા ભરી તૈયારીઓ થઇ ચૂકી હતી હૈયાઓ હરખથી ઉછળતા હતા.

સ્વાગતયાત્રામાં સૂરતના સોહામણા સીત્તેર મહાસાંબેલાં સીત્તેર વાજિંત્રવૃંદો. આ તો બધાજ કુંભરાશી 'સ' અક્ષરનું સંમીલન થયું હતું. સાગરજી, સૂરત, સુસ્વાગત, સીત્તેરની વય, સીત્તેર સીત્તેર સામગ્રીઓનો સુંદર સમૂહ, શાસનના શિરતાજની સોહામણી શોભાયાત્રા.

## ગહુંલી કે રત્નાવલી ?

ડગલે ડગલે ગહુંલી થતી જાય છે. પગલે પગલે પુણ્યવંતીઓ પોંખતી જાય છે. કોઇ ભાગ્યવંતી શુદ્ધ અખંડ અક્ષતે વધાવે છે. તો કોઇ પુણ્યવંતી સોનાચાંદી કેરા ફૂલડે વધાવે છે. કોઈ કોઇ સૌભાગ્યવંતી સાચા મોતીના સમૂહે વધાવે છે.

---

જે મુનિરાજ જ્ઞાન આદિ ઉપાયથી તમામ પાપના સમૂહનો નાશકરીને જ્ઞાન આદિ સકલ લક્ષ્મીઓને પામીને જન્મ, જરા, મરણ આદિ પીડાથી રહિત સ્થાનને પામ્યા કે જે સ્થાન વચનના સમૂહના વિષયવાળું નથી. તેથી હે ચેતન ! તેને વિષે તું મતિ કર.

આ સૌભાગ્યવંતી કહેતી કે અન્યધર્મગુરૂઓને સોને જોખાય દેશનેતાઓને રૂપિયાની થેલી ભરી ભરી અપાય, તો અમારે ગુરૂને સાચા મોતીડે કાં ના વધાવાય ?

અરે ! એક પુણ્યવંતીએ મણિ, માણેક, પન્ના, નીલમણિ, ગોમેદક, પ્રવાલ, હીરા, મુક્તા વિગેરેની રત્નભરી અંજલીએ વધાવ્યા હતા. વધાવતી વખતે પોતે પોતાના ધર્મપિતાને અને ધર્મદાતાને વધાવતી હોય એવા આનંદના પવિત્ર તરંગો એ પરમ ધર્મવતી શ્રાવિકાના મુખ ઉપર ઉપસતા હતા.

બીજા પ્રહરના પ્રારંભમાં હરિપુરાથી આ સ્વાગતયાત્રાનો પ્રારંભ થયો હતો. અને ત્રીજા પ્રહરની પૂર્ણાહુતિ પછી ગોપીપુરામાં પરિસમાપ્તિ થઈ હતી. પૂરા બે પ્રહરથી અધિક આ સ્વાગતયાત્રા શહેરમાં ફરી હતી. ઉપાશ્રયે આવ્યા બાદ ધર્મદેશનાના શ્રવણ પછી શોભાયાત્રા વિસર્જન થયું હતું. પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીનું ચાતુર્માસ પણ અહી થયું.

---

જિનેશ્વરના માર્ગને–પામેલો જીવ સાધ્ય–મોક્ષને પામી શકે છે.

ગુરૂસેવા, વ્રતોચ્ચારણ, શુદ્ધિ, ખમતખામણાં અને સંવર એ બધું આરાધનાનું સ્વરૂપ રાધાવેધની જેમ કઠિન છે.

*મોક્ષના માર્ગની સાધનામાં જેને વિધિનો આદર કર્યો છે તે ખરેખર ભાગ્યશાળી છે.*

## શ્રી સુરતના સકલ જૈનસંઘને વિનંતિ

અમોને જણાવતાં આનંદ થાય છે કે-ત્રૈલોક્ય અસાધારણ, અનંત સિદ્ધજીવોથી પુનિત શ્રી સિદ્ધક્ષેત્રમાં જેમ "ભગવાન્ શ્રી જીનેશ્વર પરમાત્માએ નિરૂપણ કરેલા અને સકલ લબ્ધિ-નિધાન શ્રી ગણધરદેવોએ ગુંથેલા આગમોની હયાતિ ટકાવવા, ચીરસ્થાયિપણું કરવા અને પરાવર્ત્તનાદિથી બચાવવા" પીસ્તાલીશેય આગમો શિલામાં ઉત્કીર્ણ કરી સ્થાપવામાં આવેલ છે, તેમ ઉપરના શુભ હેતુઓ પૂર્વક તામ્રપત્રમાં પણ આરૂઢ કરાવેલા પીસ્તાલીશે આગમો સ્થાપવા માટે અત્રે એક **'શ્રીવર્દ્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિર'** સ્થાપવાનો પરમોપકારી પ્રાતઃસ્મરણીય-આગમદિવાકર પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ સદુપદેશ આપીને તેના આરંભથી અંત સુધીના કાર્ય માટે તેમજ વહીવટ ચલાવવા માટે એક સંસ્થા સ્થાપવાની આવશ્યકતા દર્શાવી હતી જેનો અમોએ સહર્ષ સ્વીકાર કરીને વૈશાખ શુદિ ૧૧ ને શનિવાર તા. ૧૧-૫-૪૬ના રોજ બપોરના વિજયમુહૂર્ત્તે **પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યમહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની** અધ્યક્ષતામાં **'આગમોદ્ધારક સંસ્થા'** નામની સંસ્થા સ્થાપવાનો શુભ નિર્ણય કરેલ છે તો તે પુણ્ય અવસરે શેઠ નેમુભાઈની વાડી (ગોપીપુરા, સુરત)માં શ્રી સંઘ, પધારી આભારી કરશો.

લિ સંઘના સેવકો **ઝવેરી શાંતિચંદ્ર છગનભાઈ**

**ઝવેરી ઠાકોરભાઈ દયાચંદ મલજી**




લાખો રૂપિયાના ખર્ચે બંધાવેલ અભૂતપૂર્વ

## શ્રીવર્દ્ધમાન-જૈન-તામ્રપત્રાગમ-મંદિર

## સુરત

પ્રતિષ્ઠા—સં. ૨૦૦૪ મહા સુદ ૩ ને શુક્રવાર




સુવર્ણાક્ષરી આગમપુરૂષ શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિર સુરત.

## તામ્રપત્ર–આગમમંદિર

સૂર્યપુરે પોતાની ભૂમિ ઉપર તામ્રપત્ર 'આગમમંદિર' નિર્માણ થવાનું સૌભાગ્ય મેળવ્યું હતું એ અદૃશ્ય લેખ વાંચે કોણ ? આ વાત જોષીઓના જોષમાં ન હતી. હસ્તરેખાશાસ્ત્રીઓના હસ્તરેખાશાસ્ત્રમાં ન હતી. હા. એ કેવળજ્ઞાનીઓના જ્ઞાનમાં અને વિશિષ્ટ અવધિજ્ઞાનીઓના ધ્યાનમાં હતી પરંતુ એ પુણ્યપુરૂષો આ ભુમિવાસીઓને આવી ક્યાં કહે છે ?

જ્યારે સૂરતની શોભામાં શિરોભૂષણ જેવા તામ્રપત્ર આગમમંદિરના નવનિર્માણનો નિર્ણય થયો ત્યારે જ ખ્યાલ આવ્યો કે આ સૌભાગ્ય સૂરતના લલાટે લખાયેલું હતું.

પૂજ્યપ્રવર પ્રૌઢપ્રતાપી આગમોદ્ધારકશ્રી એટલે આગમ જેના અણુ અણુમાં વ્યાપક બનેલી પ્રવર વ્યક્તિ. આગમના ઉચ્ચારો આ એમનું જીવન. અરે ! આગમ સરોવરના મનોરમ મોતીઓનો ચારો ચરનાર મહાપવિત્ર રાજહંસ.

વર્ષો પૂર્વે આ મહાપુરૂષે આગમોના અમરપણા માટે વિચારતા મનોમન એક નિર્ણય કર્યો હતો કે અવસરે તામ્રપત્ર ઉપર કંડારેલું, સુમરોડ અક્ષરે આલેખાયેલું તામ્રપત્ર આગમમંદિર થાય તો સારૂં.

---

ભગવાનના શાસનને પામેલા આ જીવો અત્યંત ભાગ્યશાળી છે.

## વચનસિદ્ધ

આ સમયે પૂ૦ આગમોદ્ધારકશ્રી સાત દાયકા વટાવી આઠમા દાયકામાં આવી પહોંચ્યા હતા. પૂજ્યશ્રી સૂરતમાં ચાતુર્માસ હતા સુરત તો પૂ૦ સાગરજીમહારાજના નામ ઉપર ઘેલું ઘેલું થઈ જતું. પર્વદિવસની ભરપૂર વ્યાખ્યાનસભામાં તામ્રપત્ર આગમમંદિરના નવનિર્માણની વાત કરી.

તનની સૂરતી અને મનની ખૂબસૂરતી શ્રોતાઓની સભાએ આ વાતને ભાવભરી રીતે વધાવી લીધી સ્વાતિ-નક્ષત્રના જલબિંદુઓથી છીપના ઉદરમાં શુદ્ધ મોતી બને છે. અને આગમોદ્ધારકશ્રીની વાણીથી સૂરતના ઉદરમાં મધ્ય-ભાગમાં તામ્રપત્ર આગમમંદિર બને છે.

રાજકીય દૃષ્ટિએ આ દિવસો કટોકટીના હતા. વિશ્વમાં યુદ્ધની મહાજ્વાલાઓ લબકારા લેતી હતી. એ મહા-જ્વાલાઓએ અનેકને ભરડામાં લીધા હતા. એ યુદ્ધને બીજું વિશ્વયુદ્ધ કહેવામાં આવતું હતું. જીવન જરૂરીઆતની ચીજો મોંઘી અને અલભ્ય બની હતી. છતાં પુણ્યપુરૂષ પૂજ્ય આગમોદ્ધારકશ્રીના પુણ્યપ્રતાપે એ બાહ્ય વિઘ્ન વિઘ્ન ન કરી શકયા.

---

હે વીતરાગ ! તમારી શ્રુતિઓ-આગમનાં વચનો શ્રદ્ધાથી ગમ્ય-જાણવા યોગ્ય છે અને નયવાદો બુદ્ધિમાન પુરુષોથી જાણી શકાય તેવા છે, પરંતુ તમારી મૂર્તિ તો બાળકને પણ સારી રીતે બોધ કરનારી છે.

## પ્રારંભ અને પૂર્ણાહુતિ

એક સુપ્રભાતે મંગળમય વાતાવરણમાં ભૂમિખનન કાર્ય થયું પછી ભૂમિશોધન અને શિલાસ્થાપનવિધિઓ થઈ. શિલ્પીઓ, કારીગરો, શતાધિક શ્રમજીવીઓ, આ તામ્રપત્ર આગમમંદિરના નવ નિર્માણ કામમાં તન–મનથી લાગી ગયા.

બસો સીત્તોર દિવસમાં પીસ્તાલીશ આગમોથી યુક્ત પીસ્તાલીશ ગવાક્ષમંડિત પીસ્તાલીશ સોપાનથી સુશોભિત, પીસ્તાલીશ અંગુલપ્રમાણ મૂળનાયક દેવાધિદેવશ્રી મહાવીર ભગવંતથી અધિષ્ઠિત બીજા અનેક ધવલ અને શ્યામ પ્રતિમા સમૂહથી રાજીત દેવવિમાન જેવું આ મંદિર જોઈ ભલભલા આશ્ચર્ય વિભોર બની ગયા.

હજુ કાલે તો આપણે મંદિર બનાવવાની વાતો સાંભળતા હતા. આજે તો ત્રણ મંજીલ ઉંચું દેવભુવન જેવું સાક્ષાત્ મંદિર જોઈ રહ્યા છીએ. આ ચમત્કાર નહિ તો શું ?

## બાજીપુરામાં પ્રતિષ્ઠા

બાજીપુરા સુરતથી પાંત્રીશ માઇલ દૂર પૂર્વમાં આવેલું નાનકડું પણ રળિયામણું ગામ છે. શ્રી સંઘે નાનકડું

---

જેમ મનુષ્યમાં પૂર્વભવના સંસ્કાર હોતે છતે નહિ જાણેલા ગુણો ઉપર પણ પ્રેમ થાય છે, તેમ પૂર્વભવના સંસ્કારથી અરિહંત મહારાજના માર્ગમાં બોધની પ્રાપ્તિ થાય છે.

મંદિર બાંધ્યું. શ્રી સંઘની પૂજ્ય આગમોદ્ધારકશ્રીના વરદ-હસ્તે પ્રતિષ્ઠા કરાવવાની શુભભાવના હતી.

પૂજ્ય આગમોદ્ધારકશ્રી દિવસે દિવસે વૃદ્ધાવસ્થાના કારણે ક્ષીણજંઘાબળી થતા હતા. શરીરમાં અસાતાવેદનીય કર્મ પોતાનું કામ ચાલુ જ રાખતું હતું. એટલે પ્રતિષ્ઠા પ્રસંગે જઈ શકાશે કે કેમ! એ પ્રશ્ન હતો.

બાજીપુરાના સંઘે અને આજુબાજુના સંઘોએ મળી વિનંતિ કરી શ્રી સંઘના પુણ્યોદયે પ્રતિષ્ઠા પ્રસંગ ઉપર આવવા પૂજ્ય આગમોદ્ધારકશ્રી દ્વારા હકારસૂચક 'ક્ષેત્ર-સ્પર્શના' શબ્દ વાપરવામાં આવ્યો હતો.

સૂરતથી વિહાર કરી બારડોલી પધાર્યા. ચાલવા માટે શરીર ના પાડતું હતું. છતાં મનોબળી મહાત્માએ એક એક ગાઉનો વિહાર આદર્યો.

અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવનાર, બહુશ્રુત, આગમોદ્ધારક પવિત્ર પુણ્ય-પુરૂષના હાથે અમારા ગામના જિનમંદિરની પ્રતિષ્ઠા થશે. એ કારણથી સંઘમાં અનુપમ આનંદ હતો. વિઘ્નોની શંકાઓ હતી. તે પુણ્ય-પુરૂષના પગલે ટળી ગઈ. આ નાનકડા ગામે પ્રતિષ્ઠાનો રંગ અનેરો જામ્યો. આ પ્રભાવ બહુશ્રુત પૂ૦ આગમોદ્ધારકશ્રીનો હતો.

---

ઉદારબુદ્ધિવાળો રોગ આદિથી પૂર્ણ એવા શરીરમાંથી યમ, નિયમ વિગેરે સાર ગ્રહણ કરે. અર્થાત્ અસારકાયાથી સાર-યમાદિને ગ્રહણ કર.

ત્યાંથી વિહાર કરી બુહારી વિગેરે થઈ ચાતુર્માસ સૂરત પધાર્યા.

## અપ્રતિમ પ્રતિષ્ઠા

સૂરતનું આગમમંદિર દિવ્યવિમાન જેવું શોભતું હતું. તીર્થંકર ભગવંતોની પ્રતિષ્ઠાનો સમય આવી ચૂક્યો.

પરમપૂજ્ય પતિતપાવન શરણાગતવત્સલ આચાર્ય પુરંદર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની ગરીમાભરી ધર્મછાયામાં તામ્રપત્ર આગમમંદિરનો પ્રતિષ્ઠામહોત્સવ ઉજવવામાં આવ્યો.

આ મહોત્સવે પાલીતાણાના શિલોત્કીર્ણ આગમમંદિરના મહોત્સવની સ્મૃતિ તાજી કરાવી હતી. સૂરતના શ્રેષ્ઠીવર્યોએ સારા પ્રમાણમાં ધનનો સદ્‌વ્યય કરી અપૂર્વ લાહો લીધો હતો.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીથી થોડા સમયપૂર્વે વખારીયા કુટુંબમાં ધર્મની ભાવના પ્રગટાવનાર શ્રાદ્ધવર્ય ઠાકોરભાઈ દયાચંદ મલજીની પ્રેરણાથી જિનધર્મ પામેલા, મિત્ર, ક્ષત્રિય-કુલભૂષણ શ્રી જેકીશનદાસ લલ્લુભાઈ વખારીયા તથા જયંતિલાલ ગણપતરામ અને જેકીશનદાસ રણછોડદાસના સુપુત્રો કાંતિભાઈ અમૃતભાઇ ફુલચંદભાઈ આદિ વખારીયા

---

હે જિનેશ્વર ! જો જગતમાં તમારો મત ન હોત તો આ સંસારમાં અમે કઈ અવસ્થાને પામત ? કારણ કે બીજાઓથી—અન્યમતોથી મોહરૂપી કૂવો તરવાને માટે કોઈ પણ વખત શું શક્ય થવાય છે ?

કુટુંબે આ તામ્રપત્ર આગમમંદિરમાં ધનનો સુંદર સદ્વ્યય આત્મકલ્યાણ અર્થે કર્યો હતો.

સુરતના ઈતિહાસમાં વીર સંવત્ ૨૪૭૪નું વર્ષ અને મહા સુદ ત્રીજનો દિવસ સુવર્ણાક્ષરે લખાઈ ગયા છે. એ દિનની વર્ષગાંઠ ઉજવાય છે. અને પ્રતિવર્ષે પૂજ્યશ્રીના પ્રખર અનુરાગી કસ્તુચંદ ઝવેરચંદ ચોકસીના સુપુત્ર મોતીચંદભાઈ તથા પુત્રવધુ જસવંતીબેન તરફથી બૃહદ્ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવે છે.

સાંપ્રત સમયે સૂરતના સુમધ્યભાગે, ગૂર્જર દેશની શાન વધારતું, જિનશાસનની જયપતાકા ફરકાવતું, પૂજ્ય આગમોદ્ધારકશ્રીની અદ્વિતીય જ્ઞાનશક્તિના અડિખમ નયનરમ્ય સ્મારક સમું, અલૌકિક તામ્રપત્ર આગમમંદિર ગૌરવગાથાનું નિર્મલ દિવ્ય સંગીત રેલાવી રહ્યું છે.

## સ્થિરતા

શાસ્ત્રોમાં વાંચવામાં આવે છે કે 'ક્ષીણ જંઘાબળ થાય ત્યારે અર્થાત્ વિહારની શક્તિ નષ્ટ થાય ત્યારે સાધુ ભગવંતો સ્થિરવાસ કરી શકે છે' પરન્તુ સ્થિરવાસમાં સ્થાનીક સંઘની શ્રદ્ધા, ભક્તિ અને લાગણીનો વિચાર કરવો જોઈએ, ઉદ્વેગ અને અભાવ જણાય તો એ સ્થળે ન રહેવું જોઈએ.

---

આત્માને દેદીપ્યમાન કરવાને માટે જિનેશ્વર મહારાજથી બીજો કોઈ સમર્થ નથી.

બહુશ્રુત પૂજ્ય આગમોદ્ધારકશ્રી ઉપર સૂરતીઓની શ્રદ્ધા, ભક્તિ અને લાગણીનું પૂછવું જ શું ! સૂરત શહેરના કેટલાક પુણ્યવંત શ્રાવકો પોતાના તન મન ધન એમના ચરણે ધરી દેવામાં પોતાનું અહોભાગ્ય માનતા હતા. અરે ! થોડા સમય પહેલા જ પૂજ્યશ્રીના પ્રતાપે જિનધર્મ પામેલા ક્ષત્રીયકૂલ-ભૂષણ જેકીશનદાસ વખારીયા વિગેરે પણ પોતાના ધર્મદાતા ગુરૂદેવના ચરણે સર્વસ્વ ન્યોછાવર કરી દે તેવી પુણ્યવતી ભાવના ધરાવતી વ્યક્તિઓ હતી.

તામ્રપત્ર આગમમંદિરની ઐતિહાસિક પ્રતિષ્ઠા પછી સૂરત સંઘના અત્યંત આગ્રહના કારણે જંઘાબલ—શરીરબલ પણ દિવસે દિવસે ક્ષીણ થતું હોવાના કારણે તેમજ ક્ષેત્ર-સ્પર્શના સૂરતની બલવાન હોવાના કારણે પૂજ્યશ્રીએ સૂરતમાં સ્થિરવાસ કર્યો.

*

જે પોતે પ્રકાશવાળો છે તે જ બીજાને પ્રકાશ કરવાને લાયક થાય છે.

## પ્રકરણ ૨૧

## મહાપ્રયાણ

### કાળની ગતિ

કાળની ગતિ વણથંભી આગળ વધે જાય છે કોઈનીયે રાહ જોવા એ થંભી હોય એ બન્યું નથી. હા. સૂર્ય અને ચંદ્ર સ્વવિમાને ભગવંત મહાવીર સ્વામીની દેશના સાંભળવા આવેલા, તેથી થોડો સમય અંધકાર દૂર ઠેલાયો. પણ કાળની ગતિ વણથંભી આગળ વહેતી જ રહી છે.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીજીના શરીરે પણ હવે કાળની અસર જણાવા લાગી હતી. (શરીર નબળું બને જતું હતું, રોગોના પ્રતિકારની શક્તિ શરીરે ગુમાવી હતી, એટલે સામાન્ય દર્દ પણ હઠીલું બની બેસતું હતું. વળી એક દર્દ બીજા જોડીયા દર્દને આમંત્રણ આપી તેડી લાવતું હતું.)

---

જો દેવો મોહવાળા રાગવાળા અને દ્વેષવાળા હોય તો શું પંડિત-પુરુષો તેઓની સેવા કરે ? અર્થાત્ પંડિત-પુરુષો સેવા ન કરે.

પૂજ્યશ્રી જ્ઞાનના સાગર હતા. આગમના ઉદ્ધારક હતા. બહુશ્રુત તરીકે સુવિખ્યાત હતા, ગુણના ભંડાર હતા. સાધુ ભગવંતોમાં આદર્શ હતા. વિશાલ મુનિગણના ગણનાયક હતા. એમને ખ્યાલ આવી ગયો કે આ કાયા વધુ કામ આપે તેમ નથી એનો જેટલો લાભ લેવાય તેટલો લઇ લેવો.

## કાર્યો અધૂરા રહ્યાં નથી

જગતના જીવો પણ મહાયાત્રાએ જાય છે જ. પણ તેઓ તેમની પાછળ સત્તર કામો અધૂરા મૂકતા જાય છે. તેમના આશાના મીનારા ચણાયા વિનાના અધૂરા રહી જાય છે. જતાં જતાં અધૂરા અરમાનોનું દુઃખ એના દિલને વલોરી નાખતું હોય છે. એ બધામાં જિજીવિષા અત્યંત સતાવતી હોય છે.

આ પૂ૦ મહાત્મા આગમોદ્ધારકશ્રીના કોઇ કાર્યો અધૂરા રહ્યા હોય તેવું બન્યું નથી. આગમમંદિર જેવા મહાકાર્યો કે પાઠશાળા જેવી નાની સંસ્થાના નાના કાર્યો હાથમાં લે ને પૂરા જ કરતા આ વિશિષ્ટ સ્વભાવગત ગુણના લીધે કોઈ કાર્ય અધૂરું રહ્યું નથી.

આશાના મીનારા ચણવાનો કે મોટા અરમાનો સેવવાનો પૂજ્યશ્રીને પ્રશ્ન જ નહતો. આશા તો બીચારી દાસી

---

હે દેવ ! તે તે નામો વડે બીજાઓ સંપૂર્ણ સ્વરૂપવાળા એવા તમને જ અંગીકાર કરવાવાળા છે.

બની ગઈ હતી. જીવન અને મરણ આ મહાત્માને મન સરખા હતા. શરીરનો પડછાયો કદી કોઈને દુઃખ આપતો નથી તેમ આ મહાત્માને મરણ એ જીવનના પડછાયા જેવું દિશતું હતું. તેથી એ દુઃખ ક્યાંથી આપે !

## મહાવ્યાધિ

વાયુનો વ્યાધિ વ્યથા ઊભી કરવામાં કમીના રાખતો ન હતો. પરંતુ આ મહાત્મા એની સામે બરોબર ઝઝૂમતા જે મહાત્મા જીવનભર શાસનની સુરક્ષા ખાતર અનેકોની સામે ઝઝૂમ્યા હતા. તે આવા ભૌતિક કર્મ-જન્ય વ્યાધિ સામે ઝઝૂમતા ખચકાય ?

બીજા કાર્યોથી નિવૃત્તિ લીધી. પણ જ્ઞાન અને ધ્યાનથી નિવૃત્તિ નથી લીધી. અરે ! જ્ઞાનધ્યાનમાં તો વધુ જાગૃત અને તત્પર બન્યા, જુના ગ્રંથોનો સ્વાધ્યાય અને નવા ગ્રંથોની રચના હજુએ અવિરત ચાલુ હતી.

## આરાધના અને ભાવના

બીમારીના બીછાને પણ આરાધના સુંદર કરતા, એવી વ્યાધિમય દશામાં પણ આ મહાપુરૂષવરે 'આરાધના માર્ગ' ગ્રંથ બનાવ્યો છે. જીવનની ચરમદશામાં પણ આરાધનાની ઉત્તમ લક્ષથી વિચલિત થયા નથી.

---

સર્વ દેવોથી પૂજાયેલા, ને ઈષ્ટ સ્વરૂપવાળા–વીતરાગ સ્વરૂપવાળા તો દેવ જિનેશ્વર જ છે.

પૂજ્યશ્રીના મુખેથી ઘણીવાર **"धन्यास्ते सनत्कुमाराद्याः"** વાક્ય સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક મુખેથી સરી પડતું 'ધન્ય છે મહામુનિ સનત્કુમારાદિને' જેઓની પાસે મહારોગોને મટાડવાની અચિંત્ય શક્તિ હતી છતાં પોતાના શરીરમાં રહેલા સોળ સોળ મહારોગો મટાડતા નથી. એવા નિર્વેદ સભર ભાવોથી પૂજ્ય આગમોદ્ધારકશ્રી ભયંકર વેદનાઓ સહન કરતા હતા.

**'नो जगतस्त्वम्'** અને **'नो ते जगत्'** 'તું જગતનો નથી.' અને 'જગત્ તારૂં નથી.' આવા મહાવાક્યના સ્મરણ દ્વારા મન વૈરાગ્યભીનું રાખતા, જતાં જતાં કોઇ શિષ્યાદિ કે કોઇ સંસ્થા ઉપર મોહ ન આવી જાય, તેની અપૂર્વ જાગૃતિ હતી.

તો પણ એક વાતનું દુઃખ સતાવતું હતું. આ સંયમની આરાધનાના પ્રતાપે દેવલોક મલ્યો તો આ મારા ચારિત્ર-ધર્મનું શું ? શું હું ચારિત્ર ગુમાવી બેસીશ ? વર્ષોની મહેનતથી જાળવી રાખેલી આ વિરતિની આરાધના ચાલી જશે. ? 'હે ભગવન્ ! મુક્તિ મળે ત્યાં જવાય તો સારૂં. મને દેવલોકની ઇચ્છા નથી.' આવા આવા ઉદ્ગારો પણ કદી કદી નિકળતા હતા. કેવી લગની લાગેલી હશે ચારિત્રની ! કેવી ઇચ્છાઓ પ્રબળ હશે ચારિત્રની !

---

## મૌનમાં મુનિરાયા

વીર સંવત્ ૨૪૭૬ નો આરંભ થયો. શરીર દિન દિન ક્ષીણ થવા લાગ્યું. કર્મો પણ ક્ષીણ થતા ચાલ્યા આત્મા ઉજ્વલ બનતો ગયો. મનોબળ મજબૂત થતું ગયું. રોગની તાકાત ઉભરાવા લાગી, સમતા પરાકાષ્ઠાએ પહોંચી.

વૈશાખ સુદ છઠ નો દિવસ આવ્યો. પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું શરીર વ્યથાથી વ્યથિત બનતું ગયું. અન્તરાત્મા જાગૃતિમાં આવી ગયો.

કોઇએ પૂછ્યું સાહેબજી ! કેમ છે ?

પૂજ્યશ્રીએ ઉત્તર આપ્યો. પાંચમની છઠ નથી થવાની શિષ્યો આમાં તત્ત્વ પામી શક્યા નહિ. માત્ર અર્થ પામ્યા કે માનવીએ જે દિવસે જવાનું હોય છે. તેજ દિવસે જાય છે. એમાં ફેરફાર થતો નથી. આયુષ્યની તિથિમાં વધઘટ કરી શકાતી નથી. પૂજ્યશ્રીએ તો એ પછી મૌનવ્રત સ્વીકાર્યું

સેવારત્ન શિષ્યો સુશ્રૂષામાં ખડે પગે તૈયાર રહેતા. એમાં ભાવી પટ્ટધર આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરિજી પણ હાજર હતા. બાહ્ય શારીરિત સુશ્રૂષામાં મુખ્ય પૂ૦ મુનિવર શ્રી ગુણસાગરજી મહારાજ તથા પૂ૦ મુનિવરશ્રી

---

હે નાથ ! જગતના ઉદ્ધારને માટે જ તમોએ પૂર્વભવમાં જિન નામકર્મ ઉપાર્જન કર્યું છે.

અરૂણોદયસાગરજી હતા. આમની સેવા માટેની લાગણી અને જાગૃતિ વધુ હતી. જો કે પૂ૦ આગમોદ્ધારકશ્રીને આત્મિક સુશ્રૂષાની જરૂર જ કયાં હતી? પોતે જ પોતાના ભાવવૈદ્ય હતા.

## અર્ધપદ્માસને અણસણ

પૂ૦ આગમોદ્ધારકશ્રીએ વૈશાખ સુદ છઠથી અર્ધ-પદ્માસને બેસવાનો આરંભ કર્યો. પ્રતિલેખન, પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ પૂરતો અપવાદ હતો, તેટલા સમય પૂરતું અર્ધપદ્માસન ન રહેતું. પરંતુ રાત્રીએ સંથારાશયનનો ત્યાગ કર્યો. સંપૂર્ણ રાત્રી અર્ધ-પદ્માસને જ બેસી આત્મ-ચિંતવન કરતા.

આહાર, ઔષધ, ઉપધિનો અન્તઃકરણથી ત્યાગ કર્યો. ઔષધિ મુખ પાસે ધરવામાં આવતી પણ ગ્રહણ કરતા ન હતા. ઈશારાથી ના કહી દેતા. જીભ બરોબર હતી. વાચાશક્તિ સ્પષ્ટ હતી. ચૈતન્ય સ્મૃતિયુક્ત હતું. છતાં પૂજ્યશ્રીએ સંપૂર્ણ મૌનનો સ્વીકાર કર્યો હતો. મૌન અને ધ્યાન આ બેજ વિષયો પૂજ્યશ્રીએ સંપૂર્ણ મૌનનો સ્વીકાર

---

કર્મ એટલે શુભાશુભ કર્મ તે પણ એકલું પાંગલું છે, દલ એટલે ઉપાદાનાદિ કારણ તે પણ એકલું પાગલું છે. અને સંસારમાં રહેલા જીવો પણ એકલા પાંગલા છે. આ સંયોગનો પ્રભાવ છે કે જે બધાં ફળને આપનારાં થાય છે.

કર્યો હતો. મૌન અને ધ્યાન આ બેજ વિષયો પૂજ્યશ્રીના જીવનમાં રહ્યા. પૂજ્યશ્રીની આ અવસ્થા જોઈ જોનારને કાંઈ કાંઇ થઈ જતું, પરંતુ એઓશ્રીને કાંઈ લાગતું નહિ. એમના મુખ ઉપર તો આ પ્રસંગે ફક્ત સાધનાનું હાસ્ય ફરકતું રહેતું હતું.

વૈશાખી પૂનમ ગઈ. કૃષ્ણા એકમ, બીજ, ત્રીજ અને ચોથ ગયા, પંચમી આવી પહોંચી. આ આત્મારામમાં રમી રહેલા મહાત્માની મનોદશા શુક્લ શુક્લતર થતી ચાલી. ધ્યાનાગ્નિમાં કર્મો ભસ્મસાત્ થવા લાગ્યા,

પેલા એક શિષ્યને યાદ આવ્યું, મહારાજશ્રી કહેતા હતા કે પાંચમની છઠ્ઠ નથી થવાની, તો શું આજે જ મહારાજશ્રી નહિં જતા રહે ને ? બીજા મુનિઓને પણ એણે વાત કરી. બધા ચમક્યા, શું આજે જ પૂજ્યશ્રી વિદાય લઇ લેશે ?

## દીપક ઓલવાઇ જાય છે

નવકારશીનો સમય ગયો, પોરસી અને સાર્ધ પોરસીનો સમય પણ વ્યતીત થઈ ગયો. પુરિમડ્ઢનો સમય જતો રહ્યો. પચ્ચખ્ખાણમાં ગમે તે સમય થાય પણ આ ધ્યાની મહાત્માએ ચતુર્વિધ આહારનો સર્વથા ત્યાગ કર્યો હતો. તેથી પચ્ચખ્ખાણના સમયની એમને જરૂર ન હતી.

---

જેમ અંધકારનો સમૂહ સૂર્યથી નાશ પામે છે તેમ હે જિનેશ્વર ભગવાન્! તમારા શાસનથી બીજા પ્રવાદો નાશ પામે છે.

દિવસનો ત્રીજો પ્રહર આવી ધીરે ધીરે ચાલ્યો ગયો. બપોરના સાડાત્રણનો સમય થયો. પૂજ્યશ્રી અર્ધ-પદ્માસને અને નિમિલિત નયને બેઠા હતા. નવકારના અંકની ગણના કરતો વૃદ્ધ અગુષ્ઠક આંગળીઓના વેઢા ઉપર ફરી રહ્યો હતો, અને શરીરવિદારક પ્રકુપિત વાતનો હલ્લો હૃદય ઉપર થયો.

શરીર–નિષ્ણાતો સેવામાં હાજર હતા. ધનવંતરી વૈદ્યો પણ આવ્યા હતા. પરંતુ પૂજ્યશ્રી પૌદ્ગલિક બાહ્ય કે આંતર ઉપચાર લેતા ન હતા. બધાને થયું એ ગયા, એ ગયા, પણ અમૃત ચોઘડીયાને ઘટિકદ્વયની વાર હતી. જોનારા મુનિઓ, ઉપાસકો, શરીર–નિષ્ણાતો એકી નજરે પૂજશ્રીને ભક્તિભાવે નિહાળી રહ્યા હતા. પૂજ્યશ્રી તો આ બધા શરીરના પ્રકુપિત હલ્લા વખતે ખૂબજ સ્વસ્થ હતા.

અમૃત ચોઘડીયું આવી પહોંચ્યું. પૂ૦ આગમો-દ્ધારકશ્રીના અષ્ટોત્તરશતાધિક શિષ્યોમાંથી છત્રીશ શિષ્યો હાજર હતા. તે બધા પૂજ્યશ્રીને પરિક્રમા ક્રમે વીંટળાઈ ગયા હતા. શ્રાવકસંઘના આગેવાનો હાજર હતા. સાધ્વી સંઘ અને શ્રાવિકા સંઘ ઉપસ્થિત હતો.

---

હે અરિહંત પ્રભુ ! આ સંસારસમુદ્રમાં અમારા પ્રત્યે તારવું ને ડુબાડવું એ બે વિરુદ્ધ કાર્યો કેમ કરો છો ? પરંતુ આ સાચી જ વાત છે કે પાત્રને યોગ્ય ફળ મળે છે. અર્થાત્ આરાધક તરે છે ને વિરાધક ડૂબે છે.

પૂજ્યશ્રીએ નયનો ખોલ્યા, બે હાથ જોડી મૌનપણે બધાની ક્ષમાપના કરી ઉપસ્થિત પુણ્યવાનો ઉપર હાસ્યભરી સૌમ્ય નજર કરી. જોનારાઓમાંથી કેટલાકને ખ્યાલ આવ્યો કે પૂજ્યશ્રી અંતિમ મહાયાત્રાની રજા મેળવી રહ્યા છે. પુનઃ નયનો બંધ કરી. ધ્યાનારૂઢ થયા અને અંગુષ્ઠક આંગળીઓના વેઢા ઉપર ફરતો થયો.

અમૃત ઘટીકા ક્ષણો ચાલવા લાગી. એક ઘટીકા પૂર્ણ થઈ, પૂજ્યશ્રી સ્વયમેવ શ્રી નમસ્કાર મહામંત્ર ગણતા હતા. બીજા મુનિઓ પણ 'અરિહંતે શરણં પવજ્જામિ' સંભળાવતા હતા. હૃદય ઉપર પ્રકુપિત મહાવાતનો હૂમલો થયો. પૂજ્યશ્રીની ગરદન બે અંગુલ ઢળી પડી. શરીર–નિષ્ણાતોએ નાડીકા તપાસી જાહેર કર્યું કે દીપક ઓલવાઈ ગયો છે.

## ધ્રસક કરતો ધ્રાસકો પડયો

શિષ્યોના હૃદય ઉપર વીજળી પડયો જેવા ધ્રસક કરતો ધ્રાસકો પડ્યો અનાથ–બાળકની જેમ ચોધાર આંસુએ રડવા લાગ્યા. શ્રાવક–વર્ગ બાળકની જેમ પોક મૂકી રડવા લાગ્યો. કોમળ હૃદયથી ભક્તિવંતી સાધ્વીઓ અને શ્રાવિ-

---

અપક્ષપાત–રાગ નહિ છતાં પણ પ્રાણીઓને સંસારસમુદ્રમાથી તાર્યા છે અને દ્વેષ નહિ છતાં સંસારમાં તમારા નિમિત્તથી પડ્યા છે. માટે હે પ્રભુ! આ તમારા શાસનનો અચિંત્ય પ્રભાવ અવશ્ય જાણવા જેવો છે કે સારી રીતે જે આરાધના કરે છે તે તરે છે ને વિરાધના કરે છે તે ડૂબે છે.




ધ્યાનસ્થ—ગુરુદેવ




આગમોદ્ધારક ગુરૂ મંદિર સુરત

કાઓ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. એ રૂદન સાંભળ્યું જતું ન હતું. એમનું હૈયાફાટ રૂદન પાષાણહૃદયોને પણ રડાવી દેતું.

બધાએ એક દિવસ જવાનું છે તે બધા જાણે છે. પણ મહાપુરૂષ જતાં ભાવિકોને ઘણું ઘણું લાગી આવે છે. ઉદ્ધારક વ્યક્તિ ગયાનો આઘાત જ્ઞાનીઓને પણ જીરવવો કઠણ પડે છે. શું શાસનના શિરતાજ ગણધર શ્રી ગૌતમસ્વામીજી પરમાત્મા મહાવીરદેવના નિર્વાણથી બાળકની જેમ રડ્યા ન હતા? તો પછી આ શિષ્યસમૂહ કેમ રડી ન ઊઠે?

આજે તો જાણે શેરીઓ રડે છે. રાજમાર્ગ રડે છે. સુરત રડે છે. ઉપાશ્રયની ભીંત રડે છે. પશુઓ રડે છે. પંખીઓ રડે છે. જાણે બધું જ રડે છે. એવું ગમગીનીભર્યું વાતારવણ બની ગયું.

ગામેગામ આ સમાચારો નભોવાણી અને શીઘ્રવેગી સાધનો દ્વારા રવાના થયા, જ્યાં જ્યાં આ સમાચારો મળતા ત્યાં આઘાત અને શોકનું વાતાવરણ છવાતું ગયું. શ્રાવક–વર્ગ તો ટ્રેન વિગેરે સાધનો દ્વારા અંતિમદર્શને સુરતના આંગણે ઉભરાવા લાગ્યો.

---

સત્કાર્ય અને અસત્યકાર્ય પ્રયત્ન વગર થતાં નથી. તો પછી સત્કાર્યવાદ ને અસત્કાર્યવાદ તે લોકો શા માટે બોલે છે? ખરેખર જૈનદર્શન સિવાય બીજા દર્શનીઓને વચનમાં જુદું છે ને કરણીમાં [કાર્યમાં] જુદું છે.

સૂરતની શેરીએ શેરીએ શેકનું વાતાવરણુ જોઈ સૂર્ય પણુ ગમગીન બની ગયો. પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નિર્વાણુ સમાચારે એ દુઃખી દુઃખી થઈ ગયો. આ કારમો આઘાત સહન ન કરી શકવાથી એ અસ્તાચલ તરફ રવાના થઈ ગયો.

## અંતિમ–યાત્રા

વૈશાખ કૃષ્ણા છઠના દિવસે દ્વિતીયપ્રહરની આદિમાં અંતિમયાત્રા નિકળવાની હતી. નગરના સારા સારા સ્થપતિઓને સાંજે બોલાવવામાં આવ્યા. એમને જણાવવામાં આવ્યું કે આજની રાત્રી દરમ્યાન આ મહાત્માને યોગ્ય એક નાના મંદિર સરખી, વિશાળ અને શોભામય 'મહાશિબિકા' બનાવવાની છે.

સ્થપતિઓ તો તરતજ ભક્તિથી કાર્યરત બની ગયા, સવારે જુવો તો સાત હાથ પ્રમાણ ઉંચી દેવકુલિકાની સ્મૃતિ કરાવે તેવી, કલામય 'મહાશિબિકા' તૈયાર. જોનારને લાગતું કે ઇંદ્રમહારાજની આજ્ઞાથી વૈશ્રમણદેવે પૂજ્યશ્રીની ભક્તિ ખાતર આ 'મહાશિલિકા' મોકલી આપી છે.

આજના પ્રથમપ્રહર સુધીમાં હજારો જનો અને જૈનેતર દર્શનાર્થીઓ અંતિમદર્શને આવી ગયા. અન્ય નગરો

---

નિક્ષેપા અને પ્રમાણોમાં વિધિને છોડીને હે નાથ! કાઈથી એક પગલું પણુ ચાલવાને માટે સમર્થ થવાતું નથી.

અને ગામોથી અંતિમયાત્રામાં ભાગ લેવા સહસ્રાધિક ભાગ્યવંતો પધાર્યા હતા.

દ્વિતીય પ્રહરના પ્રારંભમાં અંતિમયાત્રાનો આરંભ થયો, હજારો માનવમેદની ઉમટેલી હતી, 'જય જય નંદા' 'જય જય ભદ્દા'ની ધ્વનિપૂર્વક મહાશિબિકા ઉપાડવામાં આવી વાદ્યવૃંદો શોકના સૂરો છેડતા હતા. સુરતના રાજમાર્ગો ઉપર થઇ અંતિમયાત્રા અગ્નિસંસ્કાર સ્થળે આવી.

આ મહાત્માશ્રીના મહાપુણ્યે નગરની વચ્ચે આગમ-મંદિરથી એંકાશી હાથ દૂર અગ્નિસંસ્કાર માટેની ભૂમિ હતી પણ નગરની વચ્ચે કોઇ માનવને અગ્નિસંસ્કાર આપી શકાતો નથી. એવો રાજકીય નિયમ છે. છતાં આ મહાત્મા માનવ નહિં પણ મહામાનવ હતા. તેથી એ નિયમ ગૌણ બન્યો અને રાજ્યના વડા અધિકારીએ આગમમંદિર પાસેની ભૂમિનું નિરીક્ષણ કર્યું. આજુબાજુમાં રહેનારા જનેતરોને પણ પૂછવામાં આવ્યું કે આ મહાત્માશ્રીના સ્થૂલદેહને આ સ્થળે અગ્નિસંસ્કાર કરવામાં આવે તો તમને વાંધો નથી ને ? જૈનેતરભાઇઓએ ખૂબ જ આનંદ-

---

બીજાઓ નિક્ષેપા અને પ્રમાણુમાંથી ગમે તે એકનો લોપ કરનારા હોય છે તેથી હે નાથ ! જૈનદર્શન સિવાય બીજાઓ યથોક્તકારી નથી. અર્થાત્ વસ્તુની વ્યાખ્યાને યથોક્ત રીતે-સ્પષ્ટ રીતે ઘટાવી શકતા નથી.

પૂર્વક વ્યક્ત કર્યું કે આ મહાત્મા જૈનોના છે તેમ અમારા પણ છે અમને કોઈ વાંધો નથી. આ પછી રાજ્યના વડાઅધિકારીએ આગમોદ્ધારક સંસ્થાની માલિકીની જગ્યામાં અગ્નિસંસ્કાર કરવા માટે વિશિષ્ટ અધિકાર સાથે આજ્ઞાપત્ર લખી આપ્યું. તેથી નગરની મધ્યમાં દાહક્રિયા થઈ.

## ધર્મપુત્રના હાથે અગ્નિદાહ

શહેરના રાજમાર્ગોએ ફરી અંતિમયાત્રા અગ્નિસંસ્કાર સ્થળે આવી. આ સ્થળે જ અગ્નિસંસ્કારનો ચઢાવો બોલવામાં આવ્યો. ક્ષત્રીયકુલભૂષણ જૈનરત્ન શ્રી જયંતિભાઈ વખારીયાએ ચઢાવો લીધો.

એ ભાગ્યવંત કહેતા હતા—પૂજ્યશ્રીની દ્વારાજ અમે ધર્મ પામ્યા છીએ, પૂજ્યશ્રીનો સત્સમાગમ અમને ન થયો હોત અને અમને ધર્મદાન ન આપવામાં આવ્યું હોત તો અમે ક્યાંય મિથ્યાત્વમાં-અજ્ઞાનમાં અટવાઈ ગયા હોત. બીજાઓની જેમ અમને વારસાગત ધર્મ મલ્યો નથી. પણ આ મહાત્માશ્રીએ જ અમને ધર્મ આપ્યો છે તેથી એ અમારા ધર્મપિતા છે. હું એમનો ધર્મપુત્ર છું. આ લાભ કેમ જતો કરૂં.

શુદ્ધ ચંદનકાષ્ઠ સમૂહ ગોઠવવામાં આવ્યો. ઉપર આ 'મહાશિબિકા' ગોઠવવામાં આવી. ઉત્તરાષાઢા નક્ષત્રમાં

ભાગ્યમાં તો બધા પોતપોતાના સ્વભાવને અનુસરનારા છે.

પૂજ્યશ્રી આગમોદ્ધારકશ્રીના ભૌતિક સ્થૂલદેહને શ્રી જયંતિલાલભાઇ વખારીયાએ આંસુ ટપકતે નયને, ખિન્નવદને અગ્નિસંસ્કાર કર્યો.

ચંદનચયની મહાજવાલાઓએ આ મહાત્માના ભૌતિક સ્થલશરીરની ભસ્મ બનાવી દીધી, ઉદાસનયને સૌ વિખરાયા.

ઉપાશ્રયમાં પૂ૦ આગમોદ્ધારકશ્રીજીના પટ્ટધર આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજની પુણ્યનિશ્રામાં દેવવંદન કરવામાં આવ્યા, ત્યારબાદ ગુણાનુવાદો કરી સૌ વિખરાયા.

અગ્નિદાહ સ્થળે જનારાઓ સ્નાન કરી ઉપાશ્રયે આવ્યા, તેમને મંગળીક સંભળાવવામાં આવ્યું.

## ગુરૂમંદિર

પૂ૦ આગમોદ્ધારકશ્રીના ભૌતિક સ્થૂલદેહને જે સ્થળે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. ત્યાં પૂજ્યશ્રીની કાયમી સ્મૃતિ રહે તેવા ભાવથી સુંદર ગુરૂમંદિર બાંધવામાં આવ્યું. આજે એ ગુરૂમંદિર પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિ કરાવે છે. અને કહે છે કે–'આવા આગમોદ્ધારકશ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ પછી કોઈ થયા નથી અને હવે પછી ક્યારે થશે તે જ્ઞાની જાણે.'

પૂજ્ય આગમોદ્ધારકશ્રી ગયા પણ સ્થાયી અધ્યાત્મભરી સુવાસ મૂકતા ગયા.

વંદન હો એ બહુશ્રુત મહાત્માના ચરણારવિંદે.

# आगममन्दिरचतुर्विंशतिका ।

### आगमोद्धारकप्रणीता !

भो भव्या! निपुणेन शुद्धमनसा स्थानं समालोक्य मा-
ऽऽख्यान्तु प्राप्य समुद्धुरां पदततिं स्यां लोकवित्ता श्रियै ।
यस्मिन्नेतदुवाच शास्त्रविततिः श्रुत्वा वचस्तादृशं
भव्यैः शाश्वतसिद्धिदाननिपुणो दिष्टस्त्वयं 'शैलराट्' ॥१॥

स्थानं नैव परं त्रिलोकवलये कैवल्यबोधान्वितै-
र्दृष्टं सेवयतो 'युगादिजिनपो' वारात् परार्धात् पराः ।
अत्रागत्य दिदेश भव्यततये मोक्षाध्वसेवानिभां
सेवामस्य यतोऽगुरिद्धहिततोऽनन्ताः पदं शाश्वतम् ॥२॥

क्षेत्रप्रभावमसमं 'गिरिराज'सत्कं
श्री'पुण्डरीकगणधारिण'माप्य जातम् ।
भव्यो दधाति हृदये सततं यदत्र
लेभे स मुक्तिपदवीं 'गिरिराट्'प्रभावात् ॥३॥

चित्रं जैनेन्द्रधर्मे स्वबलकृतशिवे 'पुण्डरीको' गणेशः
कोटयुन्मानान् मुनीशाञ्छिवपदमनयत् सार्धमेवात्मना यत् ।
स्थित्वाऽत्रोच्चैः प्रभावाद् 'गिरि'महिमबलाच्छ्री 'युगादीश'दिष्टा
मन्ये लाभं विदित्वा मनसि गणधरोऽस्थाद् गुरुभ्यः पृथक्त्वे ॥४॥

कालेऽनुक्षणमुत्तमार्थनिधने बद्धादरस्तत्र किं
स्यात् ते भावि पदं श्रियै इति वचः शास्त्रावलेर्नो मतम् ।
आत्मार्थोद्यतधीमतां शिवपदं तीर्थं तृतीयेऽभव-
द्वारेऽसङ्ख्यतमा गताः शिवपुरं जीवास्तथा नो पुरा ॥५॥

शैलेय्यः प्रतिमाः पुरा न सुलभा वक्रस्वभावे नृपे
स्वच्छो ग्रावचयोऽधुनाऽतिविशदो देशान्तरे प्राप्यते ।
तन्मां ग्रावसमुच्चये सुविधिनोत्कीर्यात्र चेत् स्थापये-
दातीर्थं भविनां मनोरथततिं सन्मार्गगां पूरये ॥६॥

वैद्योपदिष्टमतिमिष्टमिवातुरोऽदः
श्रुत्वा वचः परपदाप्तिसमुद्यतोऽयम् ।
सङ्घोऽत्र शास्त्रविततेः स्थिरतां चिकीर्षु-
श्चक्रे सदागमयुतं 'जिनमन्दिरं' द्राक् ॥७॥

परो लक्षाञ्छ्लोकान् विशदलिपिनोत्कीर्य विशदे
शिलोच्छाये शुभ्रे शिवसुखलभोऽत्रागमततेः ।
न्यधत्ताशेषाणां हिततति कृते तं सुविशदे
कृते चैत्येऽशीत्या शतयुतजिनार्चालिविमले ॥८॥

क्रियात् पवित्रं निजजीवमाशु भव्यो जनस्त्वित्थमुदारबुद्ध्या ।
जिनेशिनामेव पुरस्तदीयाऽऽगमावलीमत्रगतां न्यधत्त ॥९॥

दिव्यानि चैत्यानि पुराण्यशीत्या शतेन युक्तानि जिनेशबिम्बैः ।
तद्बाणवेदप्रमितानि कृत्वा चतुर्मुखानि व्यदधात् तथाऽत्र ॥१०॥

विधिद्वयं श्रीजिनराजिभावे स्यात् केवला विंशतिरिद्धरूपा ।
युता चतुर्भिश्च चतुर्भिराढ्यं युग्मं समन्तात् शुचिविंशतेरिह ॥११॥

तिर्यग्लोके जिनपजननं तन्महार्थं सुरेशाः
स्वर्गादीयुर्निजहितकरं कर्तुमर्हद्विभूनाम् ।
जन्मस्नात्रं शिरसि 'विबुधाद्रे'श्च ते पञ्च शैलाः
मत्वाऽत्राधाद् विबुधसहितः'पञ्च मेरून्' सुसङ्घः ॥ १२ ॥

न शाश्वतेष्वेषु जिनालयेषु हित्वाऽर्हतां तुर्यमवाप्यतेऽन्यत् ।
नामेति मध्येऽत्र विशालचैत्ये 'चतुर्मुखी शाश्वततनामधेया' ॥१३॥

जगत्यां जीवाद्याः सततभविनो भावनिचया
अतोऽर्थः शास्त्राणां विबुधततिभिर्नित्य उदितः ।
दिशन्तस्तान् भावान् निखिलविदुषाऽऽवेद्य जिनपा
मताः शास्त्राणां ते निरूपणचणा अर्थनिचये ॥ १४ ॥

सूत्राणां ग्रथनं तु तद्वचनतश्चक्रुर्गणेशाः समं
तत्तीर्थं निखिलाङ्गितारणसहं श्रीद्वादशाङ्गात्मकम् ।
तत्पट्टान् गणधारिणां समजिनव्रातस्य सन्मन्दिरे
ह्यासन्ने विदधौ विधानकुशलः सङ्घो गणेशाङ्किते ॥१५॥ युग्मम्

तीर्थमेतदिह पुस्तकावलिं धारयन्नितरथाऽस्ति नैव तत् ।
पुस्तकानि च चकार 'देवयुक् सद्गणी' प्रमितिधाम सर्वदा ॥१६॥

एवं पट्टा गणधरनिलये बाणयुग्माङ्कितास्तान्
काले क्षेत्रे सुकृतपरिमिते यानि सर्वत्र लोके ।
पूज्यान्य 'र्हं' त्प्रमुखनवपदीयुक्तसत्सिद्धचक्रा-
न्युद्दिश्याथो परित उपरतो ह्येनसः सङ्घ आघात् ॥ १७ ॥

'मेर्वा'दयो यद्वदमी जगत्यां शश्वद्भवाः शास्त्रकृता सुगीताः ।
'सिद्धाद्रि'रेषोऽपि तथैव मानं परं न नित्यं न ततस्तथोक्तः ॥१८॥

यावत् 'तीर्थं' भविकजनतामोक्षसिद्ध्यै सहायं
'तीर्थं' ह्येतद् बुधजनमतं शुद्ध 'शत्रुञ्जयाख्यम्'
मत्वा सङ्घो विमलपदवीप्राप्तिहेतोः सदाऽत्र
भक्तौ प्रह्वो सुविदिततमं ध्यातवांश्चैत्ययुग्मम् ॥ १९ ॥

अधित्यकायां जिनचैत्ययोर्न सुखावहा स्यात् कृतिरुग्रमूल्या ।
पयोदकाले श्रमणादिसङ्घो नेयादितीमे विहिते अधस्तात् ॥२०॥

चत्वारिंशत् सहस्री तदपरनिलया यात्रिकाणां क्षणेऽस्मिन्
द्रष्टुं चैत्योत्सवं तज् 'जिनपतिनिचयार्चावलेरञ्जने'ऽत्र ।
चैत्येषु स्फुर्तितेषु द्रविणचयकृते 'ध्वासितुं जैनमूर्तीः'
प्राप्ता नो तत्र कोऽपि मृतिमुपगतवानुत्सवाहान् नितान्तम् ॥२१॥

शिलोच्चये 'शरवेदसङ्ख्या आचारमुख्याः' सुविशुद्धरूपाः ।
उत्कीरिताः सन्ति जिनागमास्ते 'सूर्ये पुरे' 'ताम्रपटेषु' नान्ये॥२२॥

'भाण्डागारेषु' विज्ञैरनुपममतिभिस्त्वागमानां सुपेटाः
स्थाने स्थाने जिनेशोदिततितिममलां रक्षितुं न्यस्तपूर्वाः ।
त्रैधं तद् रक्षितुं श्रीजिनपतिवचनान्मादृतं सङ्घमुख्यै-
र्मत्वैतत् सर्वलोकाः प्रतिपदमनिशं संस्तुवन्त्यागमालिम् ॥२३॥

फलं यत्नाल्लभ्यं बुधततिगदितं वाक्यमेतद् विचिन्त्य
'त्रिधा' धत्ते यत्नो जिनपतिगदितां रक्षितुं 'शास्त्रवीथिम्' ।
भविष्यन्त्यां सङ्घो जिनवरकथितां शास्त्रवीथिं पवित्रां
न किं रक्ष्यां मत्वा सततमवधृतिं शास्त्रधृत्यै विधाता ॥२४॥

४ ० ० २
वेदखयुग्मकरप्रमितेऽब्दे 'सूर्यपुर'स्थितसुश्रमणार्यैः ।
भूरिधनैर्निरमायि किलैष चारुमहोत्सव उज्ज्वलबोधैः ॥*२५॥

---

×'અંજનશલાકા' વી૦ સં૦ ૨૪૬૯, વિ. ૧૯૯૯ના મહા વદ બીજને સોમવારે (તા. ૨૨-૨-૧૯૪૩) પાલીતાણામાં કરાઇ હતી અને 'પ્રતિષ્ઠા' મહા વદ પાંચમને ગુરુવારે (તા. ૨૫-૨-૧૯૪૩) કરાઇ હતી.

*છંદો-ઉપજાતિ-પદ્યાંક-૯,૧૦,૧૧,૧૩,૧૮,૨૦,૨૨, ચંદ્રલેખા-૧૭. દોધક-૨૫. મંદાક્રાન્તા-૧૨. ૧૯; રથોદ્ધતા-૧૬, વસન્તતિલકા-૩, ૭. શાર્દૂલવિક્રીડિત-૧,૨,૫,૧,૧૫. શિખરિણી-૮, ૧૪, શોભા-૨૪. સ્રગ્ધરા-૪,૨૧,૨૩.

पूज्य-गच्छाधिपति-आचार्य-श्रीमाणिक्यसागरसूरीश्वरप्रणीता

# श्रीवर्धमानजिनागममन्दिर-प्रशस्तिः

श्रीसिद्धभूभृत्तलहट्टिकास्थितं समुन्नतं देवविमानसन्निभम् ।
विलोक्य जैनागममन्दिरं वरं प्रयाति को भव्यजनो मुदं नहि ? ।।१।।

सच्चतुःशिखरि चैत्यखार्णव-मानवदेवकुलिकाविभूषितम् ।
राजते गगनचुम्बि बन्धुरं यत्र शाश्वतजिनाह्वमन्दिरम् ।।२।।

सिद्धचक्रगवरमण्डलाखिल-तीर्थकृद्गणधरादिमूर्तियुग् ।
सिद्धचक्रगणभृद्गृहं तथा तद् जिनागमगृहं न कः स्तुते ? ।।युग्मम्

विशाले श्रीतपागच्छे कल्पद्रुमोपमे वरे ।
श्रेष्ठसाधुगणा शाखा समस्ति सागराभिधा ।।४।।

तत्राऽभवन् जिनेन्द्रस्य शासनस्य प्रभावकाः।
मुनीश्वरा 'जयवीर'-सागरा ज्ञानसागरा ।।५।।जह्वेरेति प्रसिद्धाः

आसंस्तेषां शिष्यरत्नाः श्रुतसंयमशालिनः ।
आगमोद्धारकाः सूरी-श्वरा आनन्दसागराः ।।६।।

यैर्मुनीनां वाचनादि-सौकर्यार्थं स्वयं समे ।
संशोध्य रम्यपत्रेषु प्रकाशिता जिनागमाः ।।७।।

सिद्धान्तवाचनाः सप्त पुरेषु पत्तनादिषु ।
श्रुतार्थिभ्यो मुनिभ्यो ये प्रायच्छन् ज्ञानवृद्धये ।।८।।

उत्कीर्यन्ते शिलासु चे-दागमांश्चिरस्थायिनः ।
भवेयुरिति सङ्कल्पः सूरीणामेकदाऽभवत् ॥ ९ ॥

४ ९ ९ १
युगनिध्यङ्कचन्द्रब्दे वैक्रमे शुभवासरे ।
सूरीणां तीर्थयात्राया उपदेशाद् वराशयौ ॥ १० ॥

इभ्यौ श्रीपोपटभाई-चूनीलालेति सञ्ज्ञकौ ।
दानवीरौ धर्मिश्रेष्ठौ भूरिश्रमणश्रावकम् ॥ ११ ॥

सौराष्ट्र तीर्थयात्रायाः सङ्घं रीषट्कपालकम् ।
निरकासयतां जाम-नगराद् जिनगेहयुक् । त्रिभिर्विशेषकम् ॥१२॥

तत्र सङ्घे सूरिवर्या विहरन्तः पुरात्पुरम् ।
तीर्थं शत्रुञ्जयं नन्तुं पादलिप्तपुरेऽगमन् ॥ १३ ॥

सङ्घेन सह सिद्धाद्रिं रम्यचैत्यालिराजितम् ।
आरुह्य सूरयो नाभि-नन्दनं जिनमस्तुवन् ॥ १४ ॥

ततः सूरिवराः सिद्ध-गिरिप्रभावमद्भुतम् ।
पुनः पुनः संस्मरन्तो गिरिराजादवातरन् ॥ १५ ॥

तत्रागमान् शिलारूढान् निर्मातुं गुरवोऽदिशन् ।
तथा तदागमन्यास-कृते मन्दिरनिर्मितिम् ॥ १६ ॥

श्रुत्वोपदेशं सूरीणां तत्कृते सङ्घशेखराः ।
पोपटभाई जह्वेर-मोहनभाईमुख्यकाः ॥ १७ ॥

वर्धमानजिनागम-मन्दिराख्यां सुश्रावकाः ।
संस्थामस्थापयन् तत्र पृथक्पृथक्पुरस्थिताः ॥ १८ ॥

आरासरीयशिलासु धवलासु दृढासु च ।
शरवेदान् ततः संस्था सिद्धान्तानुदकीरयत् ॥ १९ ॥

उत्कीर्णागमशिलाभिः सहागमप्रणायिनाम् ।
प्रतिमाः स्युस्तदा भव्य-मिति पूज्यैर्विचारितम् ॥ २० ॥

ज्ञात्वा विचारं सूरीणां संस्था च निरमापयत् ।
भव्याकृतीस्तथा माने-पेता मूर्तीः परःशताः ॥ २१ ॥

शिलारूढागमानां च प्रतिमानां जिनेशिनाम् ।
संस्थापनाय मन्दिरं संस्थयाऽथ विचारितम् ॥ २२ ॥

आसीत् सूर्यपुरे श्राद्धः फूलचन्द्रेतिसञ्ज्ञकः ।
उदारस्तस्य च्छगन-भाईत्याख्यो वरः सुतः ॥ २३ ॥

जहूवेरी शान्तिचन्द्रोऽस्ति तत्सूनुर्गुरुभक्तिमान् ।
सहस्रै रूप्यकैस्तस्य बाणलोचनसंमितैः ॥ २४ ॥

क्रीता च तलहट्टिका-समीपस्था वसुन्धरा ।
संस्थयाऽऽगममन्दिर-निर्माणार्थं नृपान्तिकात् ॥ २५ ॥

४ ९ ९ १
वैक्रमीये नदीशाङ्क-नन्देन्दुवत्सरे तिथौ ।
दशम्यां राधशुक्लस्य समहं विधिपूर्वकम् ॥ २६ ॥

उमाभाईसुपुत्रेण पन्नालालेति श्रेष्ठिना ।
संस्था जिनागमसद्म-खातं तत्र व्यधापयत् ॥२७॥ युग्मम् ॥

उत्कीर्णागमशिलानां स्थापनार्थं क्रमेण च ।
संस्था निरमापयत् तत्र भव्यमागममन्दिरम् ॥२८॥

आगमौकसि निष्पन्ने प्रतिष्ठार्थं च मण्डपे ।
संस्थापिताः पीठिकायां जिनेशप्रतिमाः ततः ॥२९॥

९ ९ ९ १

तासां च नवनिध्यङ्क-चन्द्राब्दे वैक्रमे विधौ ।
माघासितद्वितीयायां मुहूर्ते समहोत्सवम् ॥३०॥

शुभाञ्जनशलाकार्हन्मूर्तीनां विधिना कृता ।
माणिक्याब्धियुतैः सूरी-श्वरैरानन्दसागरैः ॥३१॥

ततश्च नवनिध्यङ्कचन्द्राब्दे वैक्रमे कृता ।
माघस्य कृष्णपञ्चम्यां प्रतिष्ठागममन्दिरे ॥३२॥

समुत्कीर्णागमाः शिला आगमालयभित्तिषु ।
मुहूर्त्ते योजिताः सम्यग् रत्नानीव गणेशितुः ॥३३॥

तच्चैत्योद्घाटनं राज-नगरस्थेन निर्मितम् ।
धर्मिमाणिकलालेन मनःसुखेभ्यसूनुना ॥३४॥

आरब्धो माघशुक्लैका-दशीदिनाद् महोत्सवः ।
जिनागमालये रम्ये कुम्भस्थापनपूर्वकः ॥३५॥

नवग्रहार्चनमहा–पूजाङ्गरचनादिकः ।
द्वादशान् दिवसान् यावत् प्रावर्त्तत प्रमोदतः ॥३६॥ युग्मम्

प्रत्यहं तत्र स्वधर्मि–वात्सल्यमभवत् तथा ।
प्रभावनादीनि धर्म–कृत्यानि च विशेषतः ॥३७॥

दिवसेऽन्त्ये महास्नात्र–मष्टोत्तरशताह्वयम् ।
जेमयित्वा जनान् सर्वान् ग्रामश्च निर्धूमीकृतः ॥३८॥

प्रतिष्ठावसरे तत्र भूयांसो मुनयो वराः ।
तं महं द्रष्टुमायाताः श्रावकाश्च सहस्रशः ॥३९॥

विलोक्य मुदिताः सर्वे प्रशंसन्तो महोत्सवम् ।
अदृष्टपूर्व इत्येष स्वस्वस्थानमयुर्जनाः ॥४०॥

इत्युत्सवो महानेष मनुष्यमरणोज्झितः ।
निर्विघ्नं पूर्णतां प्रापत् पादलिप्तपुरे वरे ॥४१॥

आचार्यानन्दसागर–सूरिपट्टधरो मुदा ।
प्रशस्तिमेतामलिखत् सूरिर्माणिक्यसागरः ॥४२॥

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्रीवर्धमानजैनताम्रपत्रागममंदिर-

प्रशस्तिः

जिनेन्द्रा यदीयात् प्रभावात्समस्ता,
यतः शाश्वतत्वं जिनेशागमानाम् ।
स्वतः सिद्धभावास्ततः सङ्घसार्था,
नितान्तं नतिं कुर्वते शुद्धभक्त्या ॥ १ ॥

जनानन्द्याकाङ्क्षा भवति विपुला साऽऽगमतते-
स्ततस्तां देवेशाः स्फुटतरमुदाऽर्हन्ति सततम् ।
समस्तार्थोद्योतां सुरनरनिकायप्रकटिकां,
जगत्यां धर्मोऽयं जयतु सततं ह्यागममयः ॥ २ ॥

श्रीवीरजिनेश्वरस्य २४७४ तमे श्रीविक्रमार्कस्य २००४ हायने माघशुक्लतृतीयायां श्रीसिद्धक्षेत्रीयागममन्दिरानुकृतिमति श्रीसुरत-गोपीपराभूषणे श्रीआगमोद्धारकाख्यसंस्थया कारिते श्रीवर्धमानजैनताम्रपत्रागममन्दिरे विंशत्यधिकशतेन जिनबिम्बानां पञ्चचत्वारिंशता ताम्रपत्रीयागमानां च शोभिते प्रतिष्ठा कारिता श्रीमत्तपोगच्छीयागमोद्धारकानन्दसागरसूरिणां श्रेयसे स्तात्तीर्थम् ॥

श्रीसिद्धक्षेत्रीयश्रीवर्धमानजैनागममन्दिरान्तर्गतशिलोत्कीर्णपञ्चचत्वारिंशदागमानुसृत्यात्र सुरतबन्दरे श्रीआगमोद्धारकनाम्न्या संस्थया श्रीवर्धमानजैनताम्रपत्रागममन्दिरं कारयित्वा ताम्रपत्रेषूत्कीर्य स्थापितास्ते ॥ आगमोद्धारकाचार्यानन्दसागरसूरीश्वरोपदेशाद् द्वे अपि आगममन्दिरे एते जाते श्रीसिद्धक्षेत्रीयं श्रीवर्धमानजैनागममन्दिरं १९९९वैक्रमीये प्रतिष्ठितं, इदं तु २००४ ॥

---

आचार्य-श्रीआनन्दसागरसूरिप्रणीतं

# तिथ्युपनिषद् ।

अर्हं श्रीसिद्धचक्रस्य, बीजं सर्वेष्टसिद्धिदम् ।
प्रणम्योपनिषत्तिथ्याः, क्रियते सत्यसिद्धये ॥१॥

अथातस्तिथिजिज्ञासा । १

युगद्वाषष्टित्रिंशद्भागमानारूढा । २

चन्द्रकलावृद्धिहानिलक्ष्या । ३

एकषष्टिद्वाषष्ट्यंशदिनमानोत्तरे । ४

एकषष्ट्या दिनैर्द्वाषष्टिः । ५

चतुर्दश्यादयः पौषधोपवासाऽभक्तार्थहेतवोऽगार्यनगारिणाम् । ६

अनियम इतरासु । ७

कल्याणकादियुता अपि । ८

तदनुयायिन्याराधना । ९

विरतितपोमयी सा । १०

सूर्योदयारम्भा दिनव्याप्ता । ११

प्रत्याख्यानवेलायामितिदिवसादिव्यवहारस्येति अद्य वासरे इति प्रत्याख्यानं

यत्तस्मिन् दिने इत्यस्य
चोक्तेः । १२
चतुर्दश्यादिषु पूर्ण-
पैाषधोच्चारात् । १३
क्षीणादिव्यपदेशोऽनुदया-
स्पर्शे षष्ट्यंशेऽपि । १४
एकांशे सूर्योदययुते
प्रतिपदादिः सञ्ज्ञा दिनस्य।१५
न भोगसमाप्तीभ्यां
मूलगुणव्याबाधासां-
ङ्कर्य प्रसक्तेः । १६
पर्वतिथेरक्षयेऽपि-
क्षयापत्तेः क्रिया पूर्वाह्ण-
मध्याह्ना–पराह्ण–प्रादोष–
निशीथादिव्याप्तिनियमे
आज्ञाभङ्गाद्युक्तेः । १७
न मिश्रो द्वाभ्यां वा व्यपदेशः
परक्षयोदयान्ततिथिपालनात्
चतुर्दश्युदयेऽपि द्वितीया-
षाढ्युक्तेश्च । १८
क्षयवृद्ध्योः पूर्वोत्तरयोः
सञ्ज्ञा विधिनियमाभ्याम् । १९

---

मासे सितेतराष्टमीचतुर्दशी-
पूर्णिमामावास्याः तिथि-
पर्वाणि । १
नियते पैाषधोपवासः । २
द्वितीयापञ्चम्येकादश्यो
ज्ञानदर्शने । ३
जिनकल्याणकानि दर्शने । ४
न पर्वतिथिक्षयसाङ्कर्यं
'त्रयोदशीचतुर्दश्योरि'ति-
'त्रयोदशीतृतीयात्रय न'-
मिति 'चतुर्दशीपूर्णिमाऽमयोः
षष्ठ' मिति युग्मात् तृतीयातोऽ-
ष्टममिति (त्यस्य) चोक्तेः । ५
कल्याणकाह्नामाचतुर्भ्यः
प्रायस्तपोभावादनेकभावाच्च । ६
पर्वतिथ्युद्देशकाऽऽराधना
तत्क्षये न नियमवती । ७
अन्याऽनियमवती । ८
प्रायश्चित्तन्यूनाधिक्य-
विरोधात् । ९
पाक्षिकादिप्रायश्चितम् । १०

एकषष्ट्यांशाभावान्नोत्तरे
वृद्धिः । ११
पर्वतिथिपौषधनियमो-
क्तिबाधः । १२
क्षये युगान्त्याषाढयुक्तेः क्षये
पूर्वातिथिरित्युक्तेः त्रयोदशीति
व्यपदेशस्याप्यसम्भवोक्तेः
'न हु पुव्वतव्विद्धे'त्युक्तेः
परावर्त्ताभिधानात् चतुष्पर्व्या-
पादनाच्च पूर्वाऽपर्व-
तिथिक्षयः । १३
अष्टमीचतुर्दशीषु सर्वचैत्य-
साध्ववन्दने प्रायश्चित्तम् । १४
चतुर्दश्यादिषु पौषधनियमोऽ-
गारिणाम् । १५
क्षये पूर्वतिथेः । १६
त्रयोदशीतृतीयास्वीकारे
आयत्यां चतुर्दशी-
स्वीकारात् प्रत्याख्याना-
वरणाप्रत्याख्यानानन्ता-
नुबन्धिपातः । १७
पूर्णिमापञ्चमीक्षये न
चतुर्दश्यादिपर्वतिथि-
लोपः । १८

---

क्षयस्यास्वीकारे वृद्धेरपि । १
दिनैकषष्टिद्वाषष्ट्यंशमा-
नोत्तरे तिथिः । २
चतुष्पञ्चाशदादिपञ्च-
षष्ट्यन्तघटिका लौकिके । ३
अनियताद्यन्ता । ४
उदयस्पृशसूर्योदयाद्यन्ताऽऽ-
राध्या । ५
क्षय आद्या । ६
परे वृद्धिरपि । ७
विधिनियमौ क्षयवृद्धयोः
पूर्वोत्तरयोः सञ्ज्ञापूर्विकाऽऽ-
राधनेति । ८
पूर्वसञ्ज्ञानाशान्त्यौ-
दयिकी त्वाख्यानात् । ९
ऐतिह्यमपि । १०
उदयवत्या निर्देशोऽन्यत्र
क्षयवृद्धिप्रसङ्गात् । ११
पूर्वाह्णव्यापित्वादिना

निर्देशेऽहोरात्रिकपौषध-
तपोब्रह्माऽभिग्रहादिबाधः । १२
आज्ञाभङ्गादयश्च ततः । १३
अष्टम्यादि उद्देशवत्या-
राधना । १४
नाखण्डा क्षयवृद्धयोः । १५
नोत्तरे मासोद्देश्यका । १६
कल्याणकादीनि पूर्वो-
त्तरयोरुक्तिः पर्वाबाधया । १७
चन्द्रकर्मणोः कर्मसूर्य-
योर्दिनमानविश्लेषे
तिथिदिनहानिवृद्धिः । १८
लौकिकाश्रयणेतिह्मम् । १९
सूर्योदयवती प्रत्याख्यानवे-
लागता वा तिथिरित्यस्य
न तावत् कालमाराध्येति
न तत्प्रभृत्याराध्येति पर–
तिथिसूर्योदयमर्यादयाऽऽराध्ये-
त्यर्थः आद्ये प्रत्याख्याना-
गतविषयताव्याघातः द्वितीये
अष्टम्याद्युद्देश्यकनियम–
पालनेऽपि मूलगुणाद्धाप्रत्या-
ख्यानभङ्गादि पौषध-
पालनाय तृतीयविकल्पः । २०
अन्ये उदयवतीषु सप्तम्या
दिष्वष्टम्यादितिथेः सञ्ज्ञाया
अभावे तदाराधनाया
अपि । २१
किञ्च परसूर्योदयं विना
पूर्वतिथेरेव व्यपदेशो
युक्तः । २२
सप्तम्यादिष्वष्टम्यादि-
तिथिधृतिर्नैव युक्ता 'क्षये
पूर्वे'ति प्रघोषात् समग्राया
अष्टम्यादित्वव्यपदेशो
युक्तः । २३
लौकिकलोकोत्तरान्यतर-
पञ्चाङ्गमाश्रयणेऽपि
विधानादौ संस्कारस्या-
वश्यकता । २४
तिथ्युद्देशेन विधानोक्तेः । २५
पञ्चाङ्गे उद्दिष्टतिथेर्वृद्धिहानी
यतः । २६
सूर्योदयाभावतद्द्वयव्याप्ती ।

अभाववस्तु तत्र । २८
विधानं तु सकलतिथि-
विषयकम् । २९
उत्तरे नियता अष्टम्याद्याः
प्रतिमासम् । ३०
ज्ञानपञ्चम्याद्या वार्षिक्यः । ३१
आद्यपर्वतिथेः क्षयवृद्धौ
भोगसमाप्तिमत्यां तदाख्या-
राधने । ३२
द्वितीयस्याः पूर्वतरा । ३३
लौकिका अपि तत्तदाख्या-
पूर्वकमाराधका जन्माष्ट-
म्यादिषु । ३४

---

उदयस्पृष्टाऽपरसूर्योदयान्तं
व्यपदेष्टव्यास्तिथयः । १
प्रातः प्रत्याख्यानवेलाया-
मारम्भस्तासाम् । २
उदयानुसारेण दिवस-
व्यवहाराः । ३
एकषष्टेर्भावात् । ४
आषाढीतः पञ्चाशदुक्तेः । ५
षष्ठीसूर्योदये संवत्सरोक्तेः । ६
तास्तिथयः सूर्योदय-
माप्नुवन्तः (न्त्यः) । ७
इतरस्यां क्रियमाणायाम्
अयुक्तेः । ८
इति अद्यवासरे तस्मिन्
दिने चोक्तेः । ९
अन्यथा मिथ्याव्यपदेशः । १०
प्रतितिथि तद्भावापत्तेः । ११
समाप्तावपि साङ्कर्यम्-
अक्षीणपर्वणोऽपि
तदपाताच्च । १२
भोगाधिकसम्पूर्णताग्रहवतां
प्रतिबन्दी । १३
पर्वतिथिक्षयवृद्ध्योर्वि-
पर्ययः 'त्रयोदशीचतु-
र्दश्यो'रिति 'त्रयोदशी-
व्यपदेशाभाव' इति
'चतुर्दश्येवे'ति 'औदयिक्ये-
वे'ति त्रयोदशीवर्धन-
मित्यस्य चोक्तेः पट्टक-
पत्रादिवचनात् । १४

लोकेऽपि जन्माष्टमीविजया-
सफलादीनाम् । १५
आराधना तिथ्यनुगा
नान्यथा । १६
सर्वदाऽनियमेन । १७
तिथिष्वन्यथा । १८
क्षयादौ पूर्वादीनामारा-
ध्यतिथिसञ्ज्ञा । १९
युगेऽन्ते आषाढयुक्तेः । २०
द्वाषष्टिर्द्वाषष्टिपर्वतिथय
एवम् । २१
केवलतपोऽन्तरा कल्याणका-
द्यान्यपि । २२
वारे समाप्तिव्यपदेशात् । २३
सङ्क्रान्तिवत् नानाप्तिः । २४
अन्त्यांशवस्तुवादिता । २५
ग्रन्थादौ समाप्तिसूचनं
नाखिलस्य । २६
युग्मक्षयसामान्ये सोक्तिः
पाशरूपा । २७

# गुरुवर्याष्टकम् ।

प्रणेता – श्रीमाणिक्यसागरसूरीश्वरः

प्रभावक ! श्री जिनशासनस्य प्रज्ञानिधे ! संयमशालिमुख्य ! ।
जिनागमोद्धारक ! सूरिवर्य ! श्रीसागरानन्दगुरो ! सुपूज्य ! ॥१॥
खगेषु हंसः कुसुमेषु पद्मं शक्रः सुरेषु द्रुषु कल्पवृक्षः ।
यथा तथा साम्प्रतकालवर्ति-संवेगिषु त्वं गुरुराज ! मुख्यः ॥२॥
(युग्मम्)

अनन्यसाधारणबुद्धिमत्त्व–मुख्यान् गुणान् वीक्ष्य मुदं दधानः ।
गुरो ! महान् सूर्यपुरीयसङ्घ-स्त्वां भूषितं सूरिपदेन चक्रे ॥३॥
संशोध्य टीकादियुतं समस्तं जिनागमं शास्त्ररहस्यवेदिन् ! ।
स्वाध्यायसौकर्यकृते मुनीनां प्रकाशितः सूरिवर ! त्वयाऽहो ॥४॥
वीराय वाचंयमवृन्दवन्द्य–पादारविन्दाय जितेन्द्रियाय ।
रताय मोक्षाध्वनि संयमादौ तुभ्यं नमः सूरिपुरस्सराय ॥५॥
जिनागमस्योद्धृति वाचने च श्रीमालवे चैत्यसमुद्धृतिश्च ।
इत्यादिकार्याणि महत्त्ववन्ति त्वत्तः प्रवृत्तानि गुरो ! बहूनि ॥६॥
तवोपदेशेन गुरो ! सलाना–राज्याधिपो भूपदिलीपसिंहः ।
सर्वाष्टमीपर्युषणादिनेषु व्यस्तारयत् स्वाखिलपुर्यहिंसाम् ॥७॥

निर्ग्रन्थमाणिक्य ! गुरो ! गुणाढ्य !
त्वयि प्रतिज्ञा दृढता च धैर्यम् !
व्याख्यानशैली च तथाऽद्वितीया
क्वान्यत्र दृग्गोचरमेति पूज्य ! ॥८॥

# गुरुदेवाष्टकम् ।

प्रणेता—श्रीमाणिक्यसागरसूरीश्वरः

आगमोद्धारक ! श्रीमन् ! दिलीपनृपबोधक ! ।
मुनिचर्यासमासक्त ! आचार्यानन्दसागर ! ॥१॥

गुरो ! त्वं सर्वशास्त्रज्ञ-स्त्वं वादिगजकेसरी ।
श्री जैनशासनाम्भोधि-चन्द्रमास्त्वं चिरं जय ॥२॥

मन्यन्ते गुरुवर्य ! त्वां बुधा बुद्धया बृहस्पतिम् ।
गाम्भीर्येण पयोराशिं धैर्येण मन्दराचलम् ॥३॥

गुरो ! सूत्ररहस्यज्ञ ! त्वया सिद्धान्तवाचनाम् ।
दत्त्वा श्रमणवृन्दाय महत्युपकृतिः कृता ॥४॥

अप्रमत्त! सदाऽऽसक्त-शास्त्रसंशोधनादिके ।
गुरुराज! नमस्तुभ्यं मुनिवृन्दनमस्कृत ! ॥५॥

प्रावर्तन्त गुरो ! त्वत्तः परार्थार्पितजीवन ! ।
नकाः संस्थाः समित्याद्या आगमादिप्रकाशिकाः ॥६॥

गुरो ! तवोपदेशेन दया पर्युषणादिषु ।
दिलीपसिंहराजेन स्वपुरेषु प्रवर्तिता ॥७॥

गुरो ! दृढप्रतिज्ञत्वं निःस्पृहत्वं च यत् त्वयि ।
तथा जिनागमज्ञानं नान्यत्र क्वापि दृश्यते ॥८॥

आगमोद्धारक-आचार्यदेव १००८

# श्री आनन्दसागरसूरीश्वरस्तुत्यष्टकम् ।

श्रीजैनशासननभोमिहिरायमाणं
सज्ज्ञानसंयमशमादिगुणाम्बुराशिम् ।
आप्तागमोद्धृतिकरं कृतभूपबोध-
मानन्दसागरगुरुं प्रणमामि सूरिम् ॥१॥

आसीज्जनुः कपडवंजपुरे यदीयं
नाम्ना च यस्य यमुना जननी सुशीला ।
श्रीमग्नलाल इति यज्जनकः प्रशान्त
आनन्दसागरगुरुं प्रणमामि सूरिम् ॥२॥

७ ४ ९ १
यो वैक्रमे मुनियुगाङ्कमृगाङ्क (१९४७) वर्षे
जह्वेरसागर-मुनीश्वरपादपद्मे ।
आदत्त चारु चरणं शिववर्त्म धीर
आनन्दसागरगुरुं प्रणमामि सूरिम् ॥३॥

प्राचीनपुस्तकसमुद्धरणाय देव-
चन्द्रादिनामकलितः प्रथितः सुकोशः ।
यस्योपदेशमधिगम्य जनिं प्रपन्न
आनन्दसागरगुरुं तमहं प्रवन्दे ॥४॥

प्राव्रज्जनिं सदुपदेशमवाप्य यस्य
श्री आगमोदयसमित्यभिधा सुसंस्था ।
सिद्धान्तवाचनप्रकाशनकारिका श्री
आनन्दसागरगुरुं तमहं प्रवन्दे ॥५॥

निर्युक्ति-भाष्य-वरवृत्तियुतानि सम्यग्
यः प्रापयत्प्रवचनानि विशोध्य यत्नात् ।
भव्योपकाररसिकं श्रुतभक्तिभाज-
मानन्दसागरगुरुं तमहं प्रवन्दे ॥६॥

यो वाचनां समुददान्मुनिमण्डलाय
ज्ञानं प्रचारयितुमाप्तजिनागमानाम् ।
सम्यग् जिनागमरहस्यविदां वरेण्य-
मानन्दसागरगुरुं तमहं प्रवन्दे ॥७॥

एवं कृताऽन्यशुभशासनकृत्यजात-
विख्यातशारदशशिप्रभशुभ्रकीर्तिम् ।
आचार्यमौलिमुकुटं मुनिवृन्दवन्द्य-
मानन्दसागरगुरुं प्रणमामि सूरिम् ॥८॥

# आगमोद्धारक-स्तवः ।

प्रणेता—प्राध्यापको हीरालालः

( कापडियेत्युपाह्वः श्रीयुतरसिकदासात्मजः )

जातः कर्पटवाणिज्ये यो वंशे धर्मसंस्कृते ।
अग्रजोऽनुसृतो येन दीक्षावर्त्मनि यौवने ॥१॥
शास्त्राभ्यासः कृतोऽनल्पः स्वयं गुरौ दिवंगते ।
सूर्यपुरेऽत्र यस्याभूत् 'सूरि' पदमहोत्सवः ॥२॥
अददाद् वाचना नैका आगमानां च योऽग्रणीः ।
देशनासु सभा गूढ-प्रश्नोत्तरैररञ्जयत् ॥३॥
निरभिमानिनो यस्य शासनेऽनुपमा रतिः ।
संस्था अस्थापयन्नाना-शास्त्रबोधाय यो यमी ॥४॥
शिलासु ताम्रपत्रेषु चालेखयद् य आगमान् ।
आगमोद्धारकाभिख्या[1] यस्य दिगन्तविस्तृता ॥५॥
जैनगीतादिकान् ग्रन्थान् यो जग्रन्थ गिरात्रिके ।
शाब्दिकस्तार्किकः शास्त्र-संशोधनक्रियोद्यतः ॥६॥
स्थविरत्वेऽपि यस्यासीत् स्मृतिशक्तिर्विकस्वरा ।
समाधिमरणाकाङ्क्षी धीरो व्याधिभरे सुधीः ॥७॥
त्यक्त्वा मोहं शरीरेऽपि निर्वाणमधुनाऽगमत् ।
सार्वशासनहीरं तं स्तुवे आनन्दसागरम् ॥८॥ —कुलकम्

(१) अभिख्या = बिरुदम् ।

योऽदत्तागमवाचना सुशमिनां येनोद्धृता आगमा
यश्चारोहितवान् श्रुतान् वरशिला सत्ताम्रपत्रांस्तथा ।
ग्रन्था येन परःशताः विरचिता यस्याऽमलः संयमः
श्रीआनन्दपयोनिधिर्विजयते पूज्यः स सूरीश्वरः ॥१॥

योऽदादागमवाचना प्रशमिनां येनोद्धृता आगमा
ज्ञानं यस्य समग्रशास्त्रविषयं चारित्रमत्युज्वलम् ।
यो राजप्रतिबोधकृद् मुनिवरः सद्धर्मदेष्टा सदा
श्री आनन्दपयोनिधिर्विजयते नित्यं स सूरीश्वरः ॥२॥

दत्ता येन शमेशिना मुनिगणायाप्तागमानां श्रुतिः
सच्छास्त्रोद्धृतिकर्मठः स्थितिकृते शैलेषु ताम्रेषु च ।
सिद्धाद्रौ सुरते च चैत्ययुगलेऽध्यारोहयच्चागमान्
सिद्ध्यै स्तान्नृपबोधनो मुनिपतिः सूरीश आनन्दयुक् ॥३॥

आगमोद्धारकर्त्तारं शैलाणेशप्रबोधकम्।
ध्यानस्थं स्वर्गतं नौमि सूरिमानन्दसागरम् ॥४॥

योदादागमवाचना शमभृतां सिद्धान्तसत्तत्त्ववित्
सच्छास्त्रोद्धृतिकर्मठः स्थितिकृते शैलेषु ताम्रेषु च ।
सिद्धाद्रौ सुरते च चैत्ययुगलेऽध्यारोहयच्चागमान्
आनन्दाब्धिगुरुं स्तुवे सुविहितं प्रान्ते समाधिस्थितम् ॥५॥

विद्वद्वृन्दमनोज्ञकाव्यततिभिर्यः स्तूयते सर्वदा
भूपेन्द्रप्रतिबोधको गुरुमतिः सिद्धान्तपारङ्गमी ।
व्याख्याने च विचक्षणः शुभगुणैर्विख्यातकीर्तिः सुधी-
रानन्दाब्धिमुनीश्वरं गणपतिं वन्दे महाज्ञानिनम् ॥६॥

पूज्य आगमोद्धारक-आचार्यप्रवर-श्री आनन्दसागरसूरीश्वर-

# गुण-स्तुतिः

प्रवर्त्तमानतीर्थेशं वन्दित्वा ज्ञातनन्दनम् ।
स्तवीमि सूरिराजं सद्-गुरुमानन्दसागरम् ॥१॥

देशे मनोहारिणि गूर्जराख्ये श्रीविक्रमाद् भूगुणनन्दचन्द्रे (१९३१) ।
वर्षे पुरं कप्पडवञ्जसञ्ज्ञं व्यधात् पवित्रं निजजन्मना यः ॥२॥

मुन्यब्धिनिध्यब्जसमे (१९४७) गणीनां जह्वेरवारांनिधिसद्गुरूणाम् ।
पादारविन्दे ललनादिसङ्गं हित्वा व्रतं यः स्व्यकरोद् युवत्वे ॥३॥

यं वत्सरे, वेदहयाङ्कचन्द्रे (१९७४) सूर्ये पुरे सूरिपदेन पूज्यम् ।
व्यभूषयत् सङ्घकृतोत्सवेन गुणोदधिः श्रीकमलाख्यसूरिः ॥४॥

वाचंयमानां च परःशतानां श्रुतार्थिनां पत्तनमुख्यपुर्षु ।
षाण्मासिकीः सप्त जिनागमानां यो वाचना अर्पितवान् श्रुतज्ञः ॥५॥

निर्युक्तिभाष्यादियुतं कृतान्त-माचारमुख्यं गणभृत्प्रणीतम् ।
यः शोधयित्वा स्वयमेव सम्यक् प्राकाशयत् शासनबद्धरागः ॥६॥

सूर्यात् पुरात् सिद्धगिरेः सुसङ्घं यन्निश्रया जीवनचन्द्र इभ्यः ।
चकर्ष षट्सप्तनिधीन्दुवर्षे (१९७६)
रीषट्कपालं बहुसाधुभाद्यम् ॥७॥

यदाज्ञया पोपटलालश्रेष्ठी श्रीजामपूर्वान् नगरात् सुपुण्यः ।
अकर्षयत् सिद्धगिरेः सुसङ्घं षड्रीयुतं वेदनवाङ्कगोऽब्दे (१९९४) ॥८॥

सुदीर्घकालस्थितये श्रुतस्य शुभोपदेशं समवाप्य यस्य ।
मनोरमे देवविमानतुल्ये जाते शुभे आगममन्दिरे द्वे ॥९॥

शत्रुञ्जयाद्रेस्तलहट्टिकायां शिलासमुत्कीर्णकृतान्तमेकम् ।
द्वैतीयिकं सुन्दरताम्रपत्रो-त्कीर्णागमं सूरतबन्दिरे च ॥१०॥

अन्यान्यपीत्थं सुकृतानि जैन-बिम्बप्रतिष्ठाप्रमुखानि सूरिः ।
विधाय षट्शून्यनभोऽक्षिवर्षे (२००६)
ध्यानस्थितः सूर्यपुरेऽगमद्धाम ॥११॥

इति स्तुतः संयमादि-गुण माणिक्यसागरः ।
सदा जयतु सूरीश आचार्याऽऽनन्दसागरः ॥१२॥

---

पू० आगमोद्धारक-आचार्यप्रवरश्री आनन्दसागरसूरीश्वर-

## गुण-स्तुतिः ।

प्रवर्त्तमानतीर्थेशं वन्दित्वा ज्ञातनन्दनम् ।
स्तवीमि सूरिराजं सद्-गुरुमानन्दसागरम् ॥१॥

देशे मनोहारिणि गूर्जराख्ये, श्रीविक्रमाद् भूगुणनन्दचन्द्रे १९३१ ।
वर्षे पुरं कप्पडवञ्जसञ्ज्ञं, व्यधात् पवित्रं निजजन्मना यः ॥२॥

नेमावणिग्वंशभवोऽभवत् पिता, श्रीमग्नलालेत्यभिधो यदीयः ।
माता सुशीला यमुनाभिधाना, भ्राता सुधीः श्रीमणिलालनामा ॥३॥

संसारनैर्गुण्यविदौ यदीयौ, वृद्धः पिता, ज्येष्ठसहोदरश्च ।
प्रपन्नवन्तौ विनयाभिधान-गुरोः पदाब्जे चरणं जिनोक्तम् ॥४॥

मुन्यब्धिनिध्यब्जसमे(१९४७)गणीनां, जहूवेरत्नारांनिधिसद्गुरूणाम् ।
पादारविन्दे ललनादिसङ्गं, हित्वा व्रतं यः स्व्यकरोद् युवत्वे ॥५॥

यः शब्दतर्कागमशास्त्रवेत्ता, विशुद्धपञ्चाचरणैः पवित्रः ।
आपञ्चमाङ्गं विधिनोढयोगः, सद्देशनाकारिषु चाग्रगण्यः ॥६॥

धैर्येण गाङ्गेयगिरिः सुधांशुः, सौम्येन गीर्वाणगुरुः सुबुद्ध्या ।
परार्थकारित्वगुणेन मेघः, सिन्धुश्च गम्भीरतयाऽभवद् यः ॥७॥

यः तत्त्वप्रश्नोत्तर-जैनगीते, सिद्धप्रभानामकशब्दशास्त्रम् ।
न्यायावतारे द्वयविंशिकायां वृत्तिं तथाऽन्या व्यदधात् कृतीश्च ॥८॥

यं वत्सरे वेदहयाङ्कचन्द्रे, (१९७४) सूर्ये पुरे सूरिपदेन पूज्यम् ।
व्यभूषयत् सङ्घकृतोत्सवेन, गुणोदधिः श्रीकमलाख्यसूरिः ॥९॥

याचंयमानां च परःशतानां, श्रुतार्थिनां पत्तनमुख्यपुर्षु ।
षाण्मासिकीः सप्त जिनागमानां यो वाचना अर्पितवान् श्रुतज्ञः ॥१०॥

तत्रादिमा संवति वैक्रमीये, भूम्यश्वनन्देन्दुमिते (१९७१) वितीर्णा ।
सुचारुजैनेन्द्रगृहेऽणहिल्ल-पुरे प्रतीते श्रुतवाचनैका ॥११॥

तुङ्गे तथा कप्पडवञ्जसञ्ज्ञे, स्वजन्मना पूततमे द्वितीया ।
अहम्मदावादपुरे तृतीया, सद्वाचना जैनपुरीतिवित्ते ॥१२॥

जिनालयैरागममन्दिराद्य—र्विभूषिते सूर्यपुरे प्रसिद्धे ।
दत्ते चतुर्थी किल पञ्चमी च, मनोहरे आगमवाचने द्वे ॥१३॥

षष्ठी च शत्रुञ्जयतीर्थभूमौ, श्रीपादलिप्ताभिधरम्यपुर्याम् ।
दत्तान्तिमा मालवदेशरत्ने, ख्याते पुरे श्रीरतलामसञ्ज्ञे ॥१४॥

अन्यान्यसङ्घाटकसन्मुनीनां, सिद्धान्तबोधस्य विवर्धनाय ।
एवं वितीर्य श्रुतवाचनाली—मनुग्रहं यो व्यदधन् महान्तम् ॥१५॥

निर्युक्तिभाष्यादियुतं कृतान्त-माचारमुख्यं गणभृत्प्रणीतम् ।
यः शोधयित्वा स्वयमेव सम्यक्, प्राकाशयत् शासनबद्धरागः ॥१६॥

सूर्यात् पुरात् सिद्धगिरेः सुसङ्घं, यन्निश्रया जीवनचन्द्र इभ्यः ।
१९७१
चकर्ष षट्सप्तिनिधीन्दुवर्षे, रीषट्कपालं बहुसाधुश्राद्धाम् ॥१७॥

यदाज्ञया पोपटलालश्रेष्ठी, श्रीजामपूर्वान् नगरात् सुपुण्यः ।
अकर्षयत् सिद्धगिरेः सुसङ्घं षड्रीयुतं वेदनवाङ्कगोऽब्दे (१९९४)
॥१८॥

न्यवारयन् मालवदेशसैला-नेशं दिलीपं नृपतिं प्रबोध्य ।
अजादिहिंसां तदधीनदेशे, घस्रेषु यः पर्युषणादिकेषु ॥१९॥

सुदीर्घकालस्थितये श्रुतस्य, शुभोपदेशं समवाप्य यस्य ।
मनोरमे देवविमानतुल्ये, जाते शुभे आगममन्दिरे द्वे ॥२०॥

शत्रुञ्जयाद्रेस्तलहट्टिकायां, शिलासमुत्कीर्णकृतान्तमेकम् ।
द्वैतीयिकं सुन्दरताम्रपत्रो-त्कीर्णागमं सूरतबन्दिरे च ॥२१॥

भोपावराख्यं जिनशान्तिनाथ-विभ्राजितं विश्रुतसुप्रभावम् ।
यस्योपदेशादगमत् प्रसिद्धिं, तीर्थं शुभं मालवमण्डलस्थम् ॥२२॥

अन्यान्यपीत्थं सुकृतानि जैन-बिम्बप्रतिष्ठाप्रमुखानि सूरिः ।
विधाय षट्शून्यनभोऽक्षिवर्षे (२००६),
ध्यानस्थितः सूर्यपुरेऽगमद् द्याम् ॥२३॥

इत्थं स्तुतः श्रुतधरः शुचिसंयमादि-
माणिक्यसिन्धुरनगारगणाऽऽनताङ्घ्रिः ।
झवेरसागरगणीश्वरपट्टदीप,
आनन्दसागरगुरुर्जयतात् स सूरिः ॥२४॥

## પરિશિષ્ટ-૧

# પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજીના ચાતુર્માસો અને વિશિષ્ટ પ્રસંગોની રૂપરેખા

વિ. સં. ૧૯૪૭ માં સૌરાષ્ટ્રના લીંબડી ગામે પૂજ્યવર્ય શ્રી ઝવેરસાગરજી મહારાજશ્રીના વરદહસ્તે દીક્ષા અને ત્યાં જ ચાતુર્માસ.

વિ. સં. ૧૯૪૮ પૂજ્ય ગુરુદેવનો કાળધર્મ અને અમદાવાદમાં ચાતુર્માસ

વિ. સં. ૧૯૪૯ ઉદયપુર (મેવાડ)માં ચાતુર્માસ શ્રી આલમચંદજી પાસે વિદ્યાભ્યાસ, શેષકાળમાં ગ્રામ્યપ્રદેશમાં વિહાર.

વિ. સં. ૧૯૫૦ પાલીમાં ચાતુર્માસ અને ઠાણાંગસૂત્રનું સભામાં વાંચન, સ્થાનકવાસી બડેખાંઓનો પરાભવ, બીનમૂર્તિપૂજકોના હૂમલાથી મૂર્તિપૂજકોનો બચાવ.

વિ. સં. ૧૯૫૧ સોજત (રાજસ્થાન)માં ચાતુર્માસ, અપૂર્વ ધર્મજાગૃતિ અને ધર્મના બીજો સુદઢ કર્યા.

વિ. સં. ૧૯૫૨ પેટલાદમાં મુનિરાજ જીવવિજયજી મહારાજ, (સંસાર-પક્ષે પિતાજી)ની સેવા અને કાળધર્મ, સંવત્સરી મહાપર્વની શાસ્ત્રીયપરંપરાના આધારે સંઘસહિત કરેલી આરાધના, તપસ્વીઓને શેઠ મનસુખભાઇ ભગુભાઈ તરફથી સુવર્ણવેઢની પ્રભાવના.

વિ. સં. ૧૯૫૩ છાણી ગામે ચાતુર્માસ, ન્યાયશાસ્ત્રોનું અધ્યયન, સૈદ્ધાંતિક અધ્યયન.

વિ. સં. ૧૯૫૪ પાર્શ્વચંદ્રગચ્છ અને જૈનેતર આચાર્યો સાથે શાસ્ત્રાર્થ, કલોલમાં સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રાર્થ, વિજયોલ્લાસ પૂર્વક ખંભાતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૫૫ સાણંદમાં ચાતુર્માસ અને પ્રભાવના.

વિ. સં. ૧૯૫૬ અમદાવાદમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૫૭ પુનઃ અમદાવાદમાં ચાતુર્માસ, દેશનાઓનો પ્રચાર, લોકોની વ્યાખ્યાનમાં ઠઠ, ધર્મમાર્ગે ઘણાઓનું પ્રયાણ.

વિ. સં. ૧૯૫૮ અમદાવાદ ચાતુર્માસ, પાટણનો ગોઝારો દુષ્કાળ, પૂજ્યશ્રીના ઉપદેશથી 'દુષ્કાળ રાહતનિધિ' માં અપૂર્વ ધનવર્ષા.

વિ. સં. ૧૯૫૯ ભાવનગરમાં ચાતુર્માસ, અનેક આત્માઓને દેશવિરતિ આદિમાં જોડવા.

વિ. સં. ૧૯૬૦ અમદાવાદમાં યોગોદ્વહનની ક્રિયાઓ સાથે શાસ્ત્રીયવિધિ પૂર્વક ગણીપદ અને પન્યાસપદની પ્રાપ્તિ, અહીંજ ચાતુર્માસ અને સાહિત્યસેવા અગર શ્રુત-ભક્તિનો વિશિષ્ટ પ્રારંભ.

વિ. સં. ૧૯૬૧ પેથાપુરમાં પ્રાંતિક પરિષદમાં ઓજસ્વી પ્રવચન અને કપડવંજમાં ચાતુર્માસ, વ્યાખ્યાન દ્વારા અનેક આત્માઓમાં જાગેલી ચારિત્રની ભાવનાઓ.

વિ. સં. ૧૯૬૨ ભાવનગરમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૩ સુરતમાં અપૂર્વ ચાતુર્માસ, ધર્મદેશનામાં અપૂર્વ જાગૃતિ, ભક્તિ અને ભાવના પૂર ઉમટ્યા, તેના પરિણામરૂપે.

વિ. સં. ૧૯૬૪ સુરતમાં ભવ્ય-શહેર યાત્રા જિનમંદિરોમાં ચતુર્વિધસંઘ સાથે યાત્રા, શેઠશ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડની

સ્થાપના, શિખરજી પર્વતની પવિત્રતા માટે ઝુંબેશ, સંપૂર્ણ શિખરજી પહાડનું ખરીદવું, મુંબઈ લાલબાગમાં ચિરસ્મરણીય ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૫ મુંબઈથી ઝવેરી અભેચંદ સ્વરૂપચંદ તરફથી અંતરીક્ષજી તીર્થનો છ'રી પાલતો સંઘ, અંતરીક્ષજીમાં દિગંબરીઓના દંગલ સામે વિજય, ન્યાયાલયે પૂજ્યશ્રીની નિર્દોષતાને જાહેર કરી. યુરોપીય ન્યાયાધીશ પણ પૂજ્યશ્રીના ભક્ત બન્યા. યેવલા (મહારાષ્ટ્ર)માં ચાતુર્માસ અને ઉપધાન.

વિ. સં. ૧૯૬૬ સુરતમાં ચાતુર્માસ, ઉપધાનતપની આરાધના અપૂર્વ જાગૃતિ.

વિ. સં. ૧૯૬૭ સુરતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૮ સુરતમાં 'જૈન તત્વબોધ પાઠશાળા'ની સ્થાપના ખંભાતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૯ છાણીમાં ચાતુર્માસ, વ્યાખ્યાનદ્વારા અનેક આત્માઓના પરિણામો સંયમમાર્ગે થયા.

વિ. સં. ૧૯૭૦ પાટણમાં ચાતુર્માસ, દુષ્કાળ રાહતમાં ઉપદેશથી દાનવીરોનું અઢળક ધનદાન.

વિ. સં. ૧૯૭૧. શ્રી ભીલડીયાજી તીર્થનો છ'રી પાળતો સંઘ, ત્યાંથી ભોયણીજી તીર્થની સ્પર્શના અહીં આગમોના મુદ્રણકાજે મહા સુદ–૧૦ મે સમિતિની સ્થાપના, આગમસેવાનો આરંભ, પૂર્વ આગમવાચનાઓની સ્મૃતિ કરાવે તેવી આગમવાચના પ્રથમ (નં. ૧) પાટણમાં તથા ચાતુર્માસ.

વિ. સં. ૧૯૭૨ કપડવંજમાં આગમવાચના નં. ૨. અમદાવાદમાં ચાતુર્માસ અને આગમવાચના નં. ૩.

વિ. સં. ૧૯૭૩ અમદાવાદમાં 'શ્રી રાજનગર જૈન ધાર્મિક હરિફાઈ પરીક્ષા' નામક સંસ્થાની સ્થાપના. સુરતમાં બે (નં. ૪-૫) આગમવાચનાઓ અને ચાતુર્માસ.

વિ. સં. ૧૯૭૪ અનેક વર્ષોથી ચાલ્યા આવતા સુરત સંઘના કુસંપોના બીજોનું ઉચ્છેદન સંઘની પૂર્ણ ઐકયતા. અપૂર્વ ઉત્સવ સાથે આચાર્યપદ પ્રદાન. મુંબઈમાં ચાતુર્માસ, અને ઉપદેશદ્વારા દુષ્કાળ રાહત નિધિને છલકતો બનાવવો.

વિં. સં. ૧૯૭૫ આચાર્યપદે આરૂઢ થયા પછીનું સુરતમાં પ્રથમ ચાતુર્માસ, શ્રી જૈનાનંદ પુસ્તકાલયની સ્થાપના. ઉપધાનતપ. ચાર મુનિવરોને ગણીપદ પ્રદાન.

વિ. સં. ૧૯૭૬ પૂજ્યશ્રીના ઉપદેશથી મહા વદ-૮ જીવનચંદ નવલચંદ ઝવેરીનો પૂજ્યશ્રીની નિશ્રામાં સુરતથી સિદ્ધગિરિનો છ'રી પાળતો સંઘ, પાલીતાણામાં ચાતુર્માસ અને આગમવાચના નં. ૬ તથા ઉપધાન.

વિ. સં. ૧૯૭૭ રતલામમાં સાતમી આગમવાચના. નં. ૭ માલવદેશમાં વિહરણ શૈલાનાનરેશને પ્રતિબોધ, શૈલાનામાં ચાતુર્માસ, રાજ્યમાં અમારિપડહની ઘોષણા.

વિ. સં. ૧૯૭૮ રતલામમાં ચાતુર્માસ જિનમંદિર વિગેરે ધાર્મિક સંસ્થાઓનો વહીવટ સુંદર ચાલે તે માટે 'શેઠ ઋષભદેવજી કેશરીમલજી'ની સ્થાપના, ઉપધાનતપની આરાધના.

વિ. સં. ૧૯૭૯ ભોપાવર તીર્થનો ઉદ્ધાર માંડવગઢ તીર્થનુ સ્ટેટ સાથે સમાધાન પંચેડ તથા સેમલીયા નગરના ઠાકોરને પ્રતિબોધ ત્રિસ્તુતિક સાથે શાસ્ત્રાર્થ અને વિજય. રતલામમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૮૦ બંગદેશ તરફ વિહાર, કલકત્તામાં ચાતુર્માસ, ઉપાશ્રય જ્ઞાનમંદિર, હિંદી સાહિત્ય પ્રકાશન આદિ કાર્યો માટે ઉપદેશ દ્વારા મોટું ફંડ.

વિ. સં. ૧૯૮૧ પવિત્ર કલ્યાણક ભૂમિઓની સ્પર્શના, અજિમગંજમાં ચાતુર્માસ; અપૂર્વ શાસનપ્રભાવના, બાબુઓમાં ધર્મજાગૃતિ. જૈન હિંદી સાહિત્યના લાભાર્થે ફંડ.

વિ. સં. ૧૯૮૨ સાદડીમાં ચાતુર્માસ, પોરવાડસંઘનું સમાધાન, શેષકાળમાં દિગંબરો અને તેરાપંથીઓ સાથે શાસ્ત્રાર્થ અને વિજય. ઉપધાન તપની આરાધના.

વિ. સં. ૧૯૮૩ દિગંબરોના ઉત્પાત વચ્ચે શ્રી કેશરીયાજી તીર્થમાં ધ્વજદંડ આરોપણ પ્રતિષ્ઠા. ઉદેપુરમાં ચાતુર્માસ, ધર્મજાગૃતિ કાજે 'શ્રી જૈનામૃતસમિતિ' નામક સંસ્થાની સ્થાપના.

વિ. સં. ૧૯૮૪ શ્રી તારંગાજી તીર્થમાં ઉદ્યાનની અંદર આવેલ દેવકુલિકામાં મહાવદ ૫ ના શ્રી અજિતનાથ ભગવંતની પાદુકાની પ્રતિષ્ઠા અમદાવાદમાં ચાતુર્માસ, શેઠ માણેકલાલ મનસુખભાઇ તરફથી અપૂર્વ રીતે ઓળીની આરાધના, પીસ્તાલીસ આગમોના મહાતપની આરાધના, શ્રાવકોમાં ધર્મભાવના અને વિરતિભાવના જાગૃત અને સ્થિર થાય તે માટે 'દેશવિરતિ ધર્મ આરાધક સમાજ' નામક સંસ્થાની સ્થાપના,

વિ. સં. ૧૯૮૫ પૂજ્યશ્રીના વરદહસ્તે ઉદ્યાપન મહોત્સવ તેમજ યોગોદ્વહન કરાવવા પૂર્વક મુનિરાજ શ્રી માણિક્યસાગરજી મહારાજને ગણીપદ, પન્યાસપદ તથા ભોયણી તીર્થમાં ઉપાધ્યાયપદ અર્પણ, શત્રુંજય તીર્થની યાત્રા રક્ષા કાજે લાખો રૂપિયાનું ફંડ, શત્રુંજય પર્વતની તળેટીમાં નવપદની ઓળીનું

સામુહિક વિશાળ આરાધન, જામનગરમાં ચાતુર્માસ, અનેક તપોનું આરાધન.

**વિ. સં. ૧૯૮૬** પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક આત્માઓએ સુરતમાં સામુહિક રીતે કરેલું નવપદનું મહાઆરાધન. 'શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાનું' સ્થાયી વિશાળ ફંડ 'શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધારક ફંડ' નામક સંસ્થાની સ્થાપના, નવપદ આરાધક સમાજ, ધી યંગમેન જૈન સોસાયટી, અને દેશવિરતિ ધર્મ આરાધક સમાજ, આ ત્રણે સંસ્થાનું વિશાળ સંમેલન. ખંભાતમાં ચાતુર્માસ.

**વિ. સં. ૧૯૮૭** અમદાવાદમાં પૂજ્યશ્રીના ઉપદેશ અને માર્ગદર્શનથી મોટા પાયા ઉપર 'જૈન સાહિત્ય પ્રદર્શન.' અમદાવાદમાં ચાતુર્માસ.

**વિ. સં. ૧૯૮૮** મુંબઈમાં ચાતુર્માસ અને ધર્મના પ્રચાર અને જ્ઞાન અર્થે 'સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ' નામક સંસ્થાની સ્થાપના. પુણ્યાત્માઓને કરાવેલ તપની આરાધના.

**વિ. સં. ૧૯૮૯** સુરતમાં ચાતુર્માસ અને શાસ્ત્રીયપરંપરા મુજબ સંવત્સરીની સકલ સંઘને કરાવેલી આરાધના. આરાધક આત્માઓને કરાવેલ ઉપધાન તપની આરાધના.

**વિ. સં. ૧૯૯૦** અમદાવાદમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મુનિ-સંમેલનને અપૂર્વ કાર્યવાહી દ્વારા સફલીકરણ, વડોદરા રાજ્ય દ્વારા 'બાળ સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક' નામક અન્યાયી કાયદાનો જડબેસલાક પ્રતિકાર. મહેસાણામાં ચાતુર્માસ. બાઉને કરેલ આગમધરની પ્રશંસા.

**વિ. સં. ૧૯૯૧** જામનગરમાં શેઠ પોપટલાલ ધારશીભાઇએ કરાવેલ ભવ્ય ઉદ્યાપન મહોત્સવ. અને દેશવિરતિ આરાધક સમાજનું

અધિવેશન. પાલીતાણામાં ચાતુર્માસ અને આરાધકોને કરાવેલ ઉપધાન તપની આરાધના.

વિ. સં. ૧૯૯૨ પાલીતાણામાં વૈશાખ સુદ ૪ ના દિને ઉપાધ્યાય શ્રી માણિક્યસાગરજી ગણી આદિ ચાર સુયોગ્ય મુનિવરોને આચાર્ય-પદ અર્પણ, તે જ દિને આચાર્યપદે આરૂઢ થએલા આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીની સ્વપટ્ટે સ્થાપના. જામનગરમાં શ્રી લક્ષ્મી આશ્રમ અને શ્રી જૈનાનંદ જ્ઞાનમંદિરની સ્થાપના. જામ-નગરમાં ચાતુર્માસ અને શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી પર્વનું શ્રીસંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૧૯૯૩ જામનગરમાં 'દેવબાગ' ઉપાશ્રયનું નિર્માણ. શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદભાઈએ કરાવેલ ભવ્ય ઉદ્યાપન અને ચાતુર્માસ. આયંબીલ શાળા અને ભોજનશાળાની સ્થાપના, શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી પર્વનું શ્રીસંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૧૯૯૪ પૂજ્યશ્રીના ઉપદેશથી સંઘવી પોપટલાલ ધારશીભાઈ તથા ચુનીલાલ લક્ષ્મીચંદભાઈએ શ્રી શત્રુંજય તથા ગીરનારજી વિગેરે તીર્થોનો છ'રી પાળતો સંઘ, શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર તળેટીમાં 'શ્રી વર્ધમાન જૈન આગમમંદિરનો આરંભ, થયેલ અને ખાતમુહૂર્તપ્રસંગે પ્રથમ રૂા. ૨૫,૦૦૦ આપી સુરત નિવાસી છગનભાઈ ફુલચંદના સુપુત્ર શાંતિચંદે ૧૭,૦૦૦ નું દેરાસર તથા ૧૦,૦૦૦ નું આગમ નોંધાવેલ અને સંગેમર-મરની શિલાઓમાં આગમોને કંડારવાનો પ્રારંભ. પાલીતાણામાં ચાતુર્માસ, અને ઉપધાન તપનું કરાવેલું ભવ્ય આરાધન.

વિ. સં. ૧૯૯૫ પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રાદ્ધવર્ય શ્રી મોહનલાલ છોટાલાલે અમદાવાદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવેલું ભવ્ય અને સ્મરણીય ઉદ્યાપન, અમદાવાદમાં ચાતુર્માસ, પાલીતાણામાં આવેલ શ્રમ-ણસંઘ પુસ્તકસંગ્રહ' નામક જ્ઞાનપરબની સ્થાપના.

વિ. સં. ૧૯૯૬ અમદાવાદમાં ગણી ક્ષમાસાગરજી મ. ને પન્યાસપદ અર્પણ, પાલીતાણામાં ચાતુર્માસ અને ઉપધાન તપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૭ પાણીતાણામાં પં. ક્ષમાસાગરજી ગણીને ઉપાધ્યાયપદ ચંદ્રસાગરજી મ. ને ગણી અને પન્યાસપદ અર્પણ, સિદ્ધચક્ર ગણધર મંદિરનો પ્રારંભ, પાલીતાણામાં ચાતુર્માસ અને ઉપધાન-તપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૮ પાલીતાણામાં ચાતુર્માસ અને આગમમંદિરના કાર્યમાં તેમજ આગમોના કાર્યમાં વધુ વેગ, તેમજ ઉપધાનતપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૯ પાલીતાણામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા ઉત્સવ દ્વિસહસ્રાધિક જિનબિંબોની મહા વદ ૨ ના અંજન-શલાકા, શ્રી વર્ધમાન જૈન આગમમંદિર અને શ્રી સિદ્ધચક્ર ગણધરમંદિરમાં જિનબિંબો અને ગણધરબિંબોની મહા વદ ૫ ના મંગળમય પ્રતિષ્ઠા, કપડવંજમાં નવપદ ઓળીનું સામુદાયિક આરાધન, દેશવિરતિ ધર્મ આરાધક સમાજનું પૂજ્યશ્રીની નિશ્રામાં સંમેલન. કપડવંજમાં ચાતુર્માસ. મુનિ હેમસાગરજીને ગણી અને પન્યાસપદ અર્પણ.

વિ. સં. ૨૦૦૦ સુરતમાં સામુહિક શહેર જિનમંદિરયાત્રા, મુંબઈમાં ચાતુર્માસ. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જૈનધર્મવિઘાતક તોફાની ઠરાવોનો મહાપ્રતિકાર પુણ્યાત્માઓમાં ધર્મજાગૃતિ.

વિ. સં. ૨૦૦૧ સુરતમાં ચાતુર્માસ અને ધર્મજાગૃતિ.

વિ. સં. ૨૦૦૨ સુરતમાં શ્રી આનંદસાગરસૂરીશ્વરજી પાઠશાળાની સ્થાપના. શ્રીવર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિરના કાર્ય માટે 'શ્રી આગમોદ્ધારક સંસ્થા' નામક સંસ્થાની સ્થાપના. બાજીપુરા ગામમાં પ્રતિષ્ઠા અને સુરતમાં ચાતુર્માસ.

વિ. સં. ૨૦૦૩ શ્રીવર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરનો પ્રારંભ. સુરતમાં ચાતુર્માસ. હિંદ–પાકીસ્તાનના ભાગલા વખતે આપત્તિમાં આવી પડેલા શ્રાવકોના ઉત્થાન માટે ફંડ.

વિ. સં. ૨૦૦૪ શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરમાં ૧૨૦ તીર્થંકર પ્રતિમાઓની મહા સુદ ૩ ના પ્રતિષ્ઠા. સુરતમાં ચાતુર્માસ શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી મહાપર્વનું શ્રી સંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૨૦૦૫ ક્ષીણજંઘાબળના કારણે સુરતમાં સ્થિરતા ચાતુર્માસ. અને જ્ઞાનધ્યાનમાં વિશેષ જાગરૂકતા શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થાની સ્થાપના.

વિં. સં. ૨૦૦૬ સુરતમાં આરાધના 'આરાધના માર્ગ' નામક ગ્રન્થની-અંતિમગ્રંથની અપૂર્વ રચના. વૈશાખ શુક્લા પંચમીની રાત્રિથી અર્ધપદ્માસન મુદ્રાએ સંપૂર્ણ મૌન સહ કાયોત્સર્ગનો પ્રારંભ. વૈશાખ વદ પંચમી, શનિવાર તૃતીયપ્રહરની ચાર ઘડી પછી અમૃત ચોઘડીએ પંચોતેર વર્ષની વયે ઓગણુસાઠ–વર્ષનો દીક્ષા પર્યાય પાલી પોતાના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ આદિ ચતુર્વિધસંઘના મુખેથી શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કાળધર્મ

*

## ચાતુર્માસની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૯૪૭ | લીંબડી | (૬) | ૧૯૫૨ | પેટલાદ |
| (૨) | ૧૯૪૯ | ઉદેપુર | (૭) | ૧૯૫૩ | છાણી |
| (૩) | ૧૯૮૩ | ઉદેપુર | (૮) | ૧૯૬૯ | છાણી |
| (૪) | ૧૯૫૦ | પાલી | (૯) | ૧૯૫૪ | ખંભાત |
| (૫) | ૧૯૫૧ | સોજત | (૧૦) | ૧૯૬૮ | ખંભાત |

| | | |
|---|---|---|
| (૧૧) | ૧૯૮૬ | ખંભાત |
| (૧૨) | ૧૯૫૫ | સાણંદ |
| (૧૩) | ૧૯૫૯ | ભાવનગર |
| (૧૪) | ૧૯૬૨ | ભાવનગર |
| (૧૫) | ૧૯૬૫ | ચેવલા |
| (૧૬) | ૧૯૭૭ | શૈલાણા |
| (૧૭) | ૧૯૭૮ | રતલામ |
| (૧૮) | ૧૯૭૯ | રતલામ |
| (૧૯) | ૧૯૮૦ | કલકત્તા |
| (૨૦) | ૧૯૮૧ | અજીમગંજ |
| (૨૧) | ૧૯૮૨ | સાદડી |
| (૨૨) | ૧૯૮૫ | જામનગર |
| (૨૩) | ૧૯૯૨ | જામનગર |
| (૨૪) | ૧૯૯૩ | જામનગર |
| (૨૫) | ૧૯૬૧ | કપડવંજ |
| (૨૬) | ૧૯૯૯ | કપડવંજ |
| (૨૭) | ૧૯૭૦ | પાટણ |
| (૨૮) | ૧૯૭૧ | પાટણ |
| (૨૯) | ૧૯૪૮ | અમદાવાદ |
| (૩૦) | ૧૯૫૬ | અમદાવાદ |
| (૩૧) | ૧૯૫૭ | અમદાવાદ |
| (૩૨) | ૧૯૫૮ | અમદાવાદ |
| (૩૩) | ૧૯૬૦ | અમદાવાદ |
| (૩૪) | ૧૯૭૨ | અમદાવાદ |
| (૩૫) | ૧૯૮૪ | અમદાવાદ |
| (૩૬) | ૧૯૮૭ | અમદાવાદ |
| (૩૭) | ૧૯૯૫ | અમદાવાદ |
| (૩૮) | ૧૯૯૦ | મહેસાણા |
| (૩૯) | ૧૯૬૪ | મુંબઈ |
| (૪૦) | ૧૯૭૪ | મુંબઈ |
| (૪૧) | ૧૯૮૮ | મુંબઈ |
| (૪૨) | ૨૦૦૦ | મુંબઈ |
| (૪૩) | ૧૯૭૬ | પાલીતાણા |
| (૪૪) | ૧૯૯૧ | પાલીતાણા |
| (૪૫) | ૧૯૯૪ | પાલીતાણા |
| (૪૬) | ૧૯૯૬ | પાલીતાણા |
| (૪૭) | ૧૯૯૭ | પાલીતાણા |
| (૪૮) | ૧૯૯૮ | પાલીતાણા |
| (૪૯) | ૧૯૬૩ | સુરત |
| (૫૦) | ૧૯૬૬ | સુરત |
| (૫૧) | ૧૯૬૭ | સુરત |
| (૫૨) | ૧૯૭૩ | સુરત |
| (૫૩) | ૧૯૭૫ | સુરત |
| (૫૪) | ૧૯૮૯ | સુરત |
| (૫૫) | ૨૦૦૧ | સુરત |
| (૫૬) | ૨૦૦૨ | સુરત |
| (૫૭) | ૨૦૦૩ | સુરત |
| (૫૮) | ૨૦૦૪ | સુરત |
| (૫૯) | ૨૦૦૫ | સુરત |

✱

## પરિશિષ્ટ-૨

णमो तित्थस्स

अनन्ततीर्थङ्करगणधरादिसमलङ्कृताय परमपावनाय सकल-
तीर्थसार्वभौमाय तीर्थाधिराजाय श्रीसिद्धगिरिभगवते नमो नमः

श्रीसिद्धाचलतीर्थ तळेटीमां संस्थापित थएल
ભવ્ય શ્રીવર્ધમાનજૈનઆગમમંદિરની

# અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

નિમિત્તે

# श्रीसंघ निमन्त्रणपत्रिका

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च ऋषभस्वामिनं स्तुमः ॥१॥

भव्याः भक्तिभरान्तराः शुचिगिरो धर्मोल्लसद्दीप्तय-
स्त्रैलोक्याङ्गिनिकायपावनकरं सेवध्वमेतं गिरिम् ।
कोटीपञ्चकसंवृताय ददिवान् श्रीपुण्डरीकाय यः
कैवल्यान्वितमोक्षमादिजिनयुग् शश्वच्छ्रियां धारकः ॥२॥

शश्वत्सौख्यनिधानदाननिपुणं शक्रादिसङ्घार्चितं
श्रीमद् गौतममुख्यमुख्यमुनिपैर्द्दब्धाऽर्पितं मुक्तये ।
श्रीसङ्घाय सदा सदागमवरं ज्ञानादिरत्नाकर-
मालोक्यागममन्दिरे शुचिधियः सन्तु प्रसन्नाः सदा ॥३॥

अर्हन्तो भगवन्त इद्धगुणदाः सिद्धाः सदाचारिण
आचार्या वरपाठकाः श्रुतधरा मोक्षोद्यताः साधवः ।
दृग्ज्ञानाचरणैस्तपोभिरुदिता सेव्येयमाप्तोदिता
शश्वत्सौख्यकरी पदावलिरिह श्रीसिद्धचक्राश्रिता ॥४॥

जिणबिंबपइट्ठं जे करंति तह कारवेंति भत्तीए ।
अणुमन्नति पइदिणं सव्वे सुहभाइणो हुंति ॥५॥

दव्वं तमेव मन्ने जिणबिंबपइट्ठणाइकज्जेसु ।
जं लग्गई तं सहलं दुग्गइजणणं हवइ सेसं ॥६॥

योऽदादागमवाचना प्रशमिनां येनोद्धृता आगमा
ज्ञानं यस्य समग्रशास्त्रविषयं चारित्रमत्युज्ज्वलम् ।
यो राजप्रतिबोधकृद् मुनिवरः सद्धर्मदेष्टा सदा
श्रीआनन्दपयोनिधिर्विजयते नित्यं स सूरीश्वरः ॥७॥

સ્વસ્તિ શ્રી પરમપાવન મંગળકારી સર્વ તીર્થંકર ભગવંતોને તથા પરમતરણતારણ જૈનાગમને નમસ્કાર કરીને શ્રી જિનચૈત્યઉપાશ્રયાદિ ધર્મસ્થાનોથી વિભૂષિત મહાશુભસ્થાને ..................................દેવગુરૂભક્તિકારક નમસ્કાર-

મહામંત્રસ્મારક સર્વજ્ઞશાસન ઉપાસક શ્રમણોપાસક શ્રીમાન્ શ્રેષ્ઠિવર્ય વિગેરે સંઘસમસ્ત યોગ્ય શ્રી પાલીતાણા નગરથી લી. **શ્રી વર્ધમાન જૈન આગમમંદિર** સંસ્થાના સબહુમાનપૂર્વક પ્રણામ વાંચશોજી.

**અહિં** તીર્થાધિરાજ **શ્રી** સિદ્ધાચલજીની શીતળછાયા તથા દેવગુરૂધર્મના પ્રભાવે આનંદ–મંગળ વર્તે છે. તેમ આપશ્રી સંઘના પણ આનંદમંગળ સમાચાર ઇચ્છીએ છીએ, વિશેષ વિજ્ઞપ્તિ સાથે જણાવવાનું કે અમારા પરમ પુણ્યોદયે પરમપૂજ્ય આરાધ્યપાદ, આગમવાચનાદાતા, જૈનાગમપારદૃશ્વા, સકલાગમ-ગ્રંથાદિ અનેકગ્રંથસંદર્ભસંશોધક, સિદ્ધપ્રભાવ્યાકરણ આદિ અનેકગ્રંથરચયિતા, શ્રી જૈનશાસનસંરક્ષણૈકબદ્ધલક્ષ્યા, આગમોદય-સમિત્યાદિ અનેકસંસ્થાસંસ્થાપક, શૈલાનાનરેશપ્રતિબોધક આગમોદ્ધારક, પ્રાતઃસ્મરણીય, આચાર્યદેવ શ્રીમદ્ આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની અપૂર્વ આગમભક્તિ અને તીર્થભક્તિ કોઇથી અજાણી નથી. શાસનપ્રભાવનામય ઉપદેશા-મૃતથી ભાવિત થએલ સુશ્રાવકવર્ગે કાંકરે કાંકરે અનંતા સિદ્ધિગતિ પામેલ, પરમ પૂનિત **શ્રી સિદ્ધાચળ તીર્થાધિરાજની તળેટીમાં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થા** સ્થાપન કરી છે. અને તેમાં તેઓશ્રીના ઉપદેશથીજ અભુતપૂર્વ જ્ઞાન–દર્શન–ચારિત્રના પ્રતિકરૂપે '**શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર**' '**શ્રી શ્રમણસંઘ પુસ્તક સંગ્રહ**' બાંધવામાં આવ્યા છે.

પરમ તારક પરમપૂજ્ય આચાર્યદેવ '**हा अणाहा कहं हुंता न हुंतो जो जिणागमो**' જો જિનેશ્વર ભગવંતનું આગમ ન હોત તો હા! અમારા જેવા અનાથોનું શું થાત?' એ પદને નિરંતર સ્મરણ કરતા સકળ આગમને આરસની શિલામાં કોતરાવી પરમપાવન જૈનાગમોને ચિરકાળસંરક્ષિત કરવાપૂર્વક શ્રી જૈના-

ગમની અવિચ્છિન્નતા ઇચ્છતા હતા. તે ભાવના સં. ૧૯૯૩ના જામનગરના ચાતુર્માસમાં અંકુરિત થઈ અને છેવટે શ્રી ચતુર્વિધ-સંઘ સાથે યાત્રાર્થે અત્રે પધાર્યા, સં. ૧૯૯૪ ના વૈશાખ વદ ૧૦ મે શ્રી ગિરિરાજની તળેટીમાં તેઓશ્રીની ભાવનાના અંકુરારૂપે ખાતમુહૂર્ત થયું. તે પરમતારક પરમપૂજ્ય આચાર્યદેવની આગમપરિણતદેશનાથી બહુજ ટુંક સમયમાં સકલ જૈનાગમો આરસની શિલામાં કોતરાવનાર, તેમજ મુખ્યમંદિર, ચારદિશાનાં ચાર દેરાસરો, ભમતીની ચાલીસ દેરીઓ, અરિહંતાદિની પ્રતિમાઓ તથા મંડલસહિત શ્રી સિદ્ધચક્રમંદિર, સગણધર તીર્થંકર મૂર્તિપટ્ટો તૈયાર કરાવનારનાં પુનિત નામો નોંધાઈ ગયા અને બહુ જ થોડા સમયમાં મંદિરો, દેરીઓ, સિદ્ધચક્ર ગણધર-મંદિરાદિ સર્વ ભવ્ય રીતે તૈયાર થયા છે.

આ તૈયાર થએલા ભવ્ય મંદિરોમાં મુખ્ય મંદિરમાં શાશ્વત ચાર તીર્થંકર પરમાત્માના ચૌમુખ બિંબો તેમજ તથા શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિરમાં અરિહંત આદિ પંચ પરમેષ્ઠિની મૂર્તિઓ તથા ગણધર મૂર્તિવાળા પટ્ટોમાં ઋષભદેવાદિ ચોવીશ તીર્થંકરો તથા આગમોને પુસ્તકારોહણ કરનાર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીના આચાર્યોનો પટ્ટ જેમાં શ્રી સુધર્માસ્વામિજીની પ્રતિમા સ્થાપન કરવાની છે. તે જિનબિંબો વિગેરેની શાસ્ત્રોકત વિધિ-વિધાનથી ભવ્ય મહોત્સવપૂર્વક અંજનશલાકા કરાવવાનો અને પ્રતિષ્ઠા કરાવવાનો અમોએ નિર્ણય કર્યો છે.

## મહામહોત્સવના મંગલકારી મહામુહૂર્તો

મહા સુદ ૧૦ રવિવાર ૧૪–૨–૪૩ જળયાત્રાનો વરઘોડો.

મહા સુદ ૧૧ સોમવાર ૧૫–૨–૪૩ મંડપ સ્થાપન, મંડપમાં પ્રભુ પધરામણી, કુંભસ્થાપના, દીપસ્થાપના, જવારારોપણાદિ.

મહા સુદ ૧૨ મંગલવાર ૧૬–૨–૪૩ નંદાવર્ત, નવગ્રહ, દશદિક્પાલ, અષ્ટમંગળ, અધિષ્ઠાયક દેવપૂજન.

મહા સુદ ૧૩ (પ્રથમ) બુધ ૧૭–૨–૪૩ શાસનાધિષ્ઠાયક વિદ્યાદેવી, તથા ઈંદ્રાદ્યાહ્વાન સિદ્ધચક્ર મંદિરમાં સિદ્ધચક્ર પૂજન વિંશતિસ્થાનક પૂજન.

મહા સુદ ૧૩ (બીજી) ગુરૂ ૧૮–૨–૪૩ ચ્યવન કલ્યાણક મહોત્સવ વરઘોડો.

મહા સુદ ૧૪ શુક્ર ૧૯–૨–૪૩ જન્મ કલ્યાણક દિક્કુમારિકા મહોત્સવ ઈંદ્રોએ મેરૂગિરિ ઉપર કરેલ જન્મોત્સવાદિ

મહા સુદ ૧૫ શનિ ૨૦–૨–૪૩ પ્રભુજીનું નામ સ્થાપન, ચોરીમંડપ, પાણિગ્રહણ, રાજ્યાભિષેક, અઢાર અભિષેક, ધ્વજાદંડપૂજન, કળશપૂજન, દીક્ષાકલ્યાણકનો વરઘોડો, વાર્ષિક દાન, દીક્ષા મહોત્સવ.

મહા વદ ૧ રવિ ૨૧–૨–૪૩ શાંતિવિધાન દીક્ષાગ્રહણ કર્યા બાદની અવશિષ્ટ ક્રિયાઓ, અધિવાસના વિગેરે વિગેરે.

મહા વદ ૨ સોમ ૨૨–૨–૪૩ કેવલજ્ઞાન કલ્યાણક તથા શુભલગ્ને અંજનશલાકા, આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરિજીના વરદ હસ્તે થશે. કેવલજ્ઞાનનો વરઘોડો. સમવસરણ મોક્ષકલ્યાણક, બૃહદભિષેક.

મહા વદ ૩ મંગળ ૨૩–૨–૪૩ અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ.

મહા વદ ૪ બુધ ૨૪–૨–૪૩ ચૈત્યાભિષેક.

મહા વદ ૫ ગુરૂ ૨૫–૨–૪૩ પ્રભુજીને ગાદી પર બીરાજમાન કરવા તથા ભવ્ય બૃહત્ શાંતિસ્નાત્ર.

મહા વદ ૬ શુક્ર ૨૬–૨–૪૩ દ્વારોદ્‌ઘાટન, સત્તરભેદીપૂજા વિગેરે.

હવે અમારી આપ પૂજ્ય શ્રીસંઘ પ્રત્યે સવિનય નમ્ર વિજ્ઞપ્તિ છે કે આ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ આદિ

માંગલિક પ્રસંગે પધારી મહોત્સવમાં લાભ લેવા સાથે અમારા આનંદમાં અને શાસનશોભામાં વૃદ્ધિ કરશોજી.

અહિં પધારવાથી સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના કારણભૂત પરમપાવન તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિના દર્શનપૂજનનો લાભ મળવા સાથે અત્રે બીરાજતા તથા અત્રે મહોત્સવમાં પધારનારા પૂજ્ય આચાર્ય મહારાજાઓ તથા ઉપાધ્યાયજી મહારાજાઓ પન્યાસજી મહારાજાઓ તથા મુનિમહારાજાઓ તથા સાધ્વીજી મહારાજાઓના દર્શન ભક્તિનો લાભ મળશે તો અવશ્ય આ પ્રસંગે પધારવા અમારી સાદર વિનંતિ છે.

| | |
|---|---|
| વીર સંવત્<br>૨૪૬૯<br>વિક્રમ સંવત્<br>૧૯૯૯<br>પોષ સુદ-૧૧<br>રવિવાર<br>તા. ૧૭-૧-૪૩<br>શ્રી આગમ-<br>મંદિર સંસ્થા<br>સિદ્ધક્ષેત્ર<br>પાલીતાણા. | લી... શ્રી સંઘચરણોપાસક. શ્રી વર્ધમાન જૈનઆગમ મંદિરના ટ્રસ્ટીઓ.<br>સંઘવી. નગરશેઠ પોપટલાલ ધારશીભાઇ (પ્રમુખ)<br>સંઘવી. શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદભાઈ જામનગર.<br>દોશી. અમૃતલાલ કાલીદાસ વીરજીભાઇ જામનગર.<br>ઝવેરી શેઠ જમનાદાસ મોનજીભાઈ જામનગર.<br>શેઠ લાલજીભાઈ હરજીભાઇ જામનગર.<br>હા. મગનભાઈ રમણિકલાલ.<br>શેઠ માણેકલાલ ચુનીલાલ જે પી અમદાવાદ.<br>ઝવેરી શાંતિચંદ છગનભાઈ સુરત.<br>સંઘવી શેઠ નગીનદાસ કરમચંદ પાટણ.<br>શેઠ ગીરધરલાલ છોટાલાલ અમદાવાદ.<br>શેઠ ઝવેરચંદ પન્નાજી બુહારીના સવિનય બહુમાનપૂર્વક પ્રણામ વાંચશોજી. |

*

## પરિશિષ્ટ-૩

### णमो तित्थस्स

आसन्नोपकारिसाम्प्रतीयशासनाधिपतिश्रमण-भगवच्छ्री वर्द्धमानस्वामिने नमः।

### શ્રી સૂર્યપુર ગોપીપુરામધ્યે શ્રીવર્દ્ધમાન
### જૈન તામ્રપત્રાગમમંદિરની
### પ્રતિષ્ઠા મહોત્સવ
### નિમિત્તે

# श्रीसंघ-निमन्त्रणपत्रिका

यो मेरुं समचालयज्जनिमहे क्रीडाक्षणेऽहेठयद्,
वैतालं विदुषं तु पाठनपटुं न्यक्षं समासूत्रयत् ।
आश्चर्योदधिमग्नमिद्धममरीभावं निनायोरगं,
यस्तीर्थं प्रणिनाय मोक्षसुखदं वीरः श्रिये वः सदा ॥१॥

आदौ देवाचले यो हरिततिभिरभिस्नापि (क्षालि) तो जन्मकाले
देवैः कृप्तश्च वंशो नरपतिपदवीं प्रार्थितां लोकवृन्दैः ।
चक्रे देवाधिपादिर्जनपदनयनं योऽकरोल्लौकसाम्ने
वृत्तो जैनेन्द्रभावे शिवपदमगमत्स श्रियेऽस्त्वादिदेवः ॥ २ ॥

आदेयनामधर आर्हतवृन्दपूज्यस्तीर्थानि यस्य च बहुनि जगज्जनेषु ।
नागेन्द्रराजरचितप्रवरप्रभावः सोऽस्तु श्रिये भवभृतां भुवि पार्श्वनाथः ॥

जिनागमानां जितरागमाना स्तुत्योर्द्धमानां स्तुतिराप्तमाना ।
जीयाद्यथा सिद्धगिरौ च सूर्य-पुरे शीलाताम्रपटे जिनौकसी ॥

अर्हन्तः सुरनाथपूजितपदाः सिद्धाश्च सिद्धिं गताः
आचार्या जिनशासनोन्नतिपराः पाठोद्यता वाचकाः ।
अङ्गानां निपुणाश्च संयमधृतो पूज्या मुनीनां गणाः
तत्सर्वं विदितं भवेद्धृदि यदि स्यादागमानां मतिः ॥

रम्यैषा गुर्जरत्रा जिनपतिभवनैः साधुभिः सज्जनाच्यैः,
श्राद्धैस्तीर्थादिभक्तैः शुभतरकरुणैः पात्रपोषैकदक्षैः ।
यावत्सा क्रोडभागे धरति गुणगणाधारवेलाकुलं तु
तापी तापापहारप्रगुणमहपदं पत्तनं सूर्यनाम ॥

दत्ता येन शमेशिना मुनिगणायाऽऽप्तागमानां श्रुतिः,
सिद्धाद्रौ सुरते च चैत्ययुगलेऽध्यारोहयच्चागमान् ।
सच्छास्त्रोद्धृतिकर्मठः स्थितिकृते शैलेषु ताम्रेषु च ।
सिद्ध्यै स्तान्नृपबोधनो मुनिपतिः सूरीश आनन्दयुक् ॥

સ્વસ્તિ શ્રી પરમપાવન મંગળકારી સુરાસુરેન્દ્રપૂજિત સર્વ તીર્થંકર ભગવંતોને તથા પરમ સારભૂત જૈનાગમને નમસ્કાર કરીને, શ્રી જિનચૈત્યઉપાશ્રયાદિ અનેકધર્મસ્થાનવિભૂષિત મહાશુભસ્થાને ........................દેવગુરૂભક્તિકારક નમસ્કારમહામંત્રસ્મારક, સર્વજ્ઞશાસનરસિક શ્રમણોપાસક શ્રીમાન્ શ્રેષ્ઠિવર્ય ................ વિગેરે સંઘસમસ્ત યોગ્ય,

શ્રી સૂયપૂર ( સુરત બંદર ) થી લિ... શ્રી આગમોદ્ધારક-સંસ્થાના સબહુમાન પ્રણામ વાંચશોજી.

અત્ર શ્રી દેવગુરુધર્મના પસાયથી આનંદમંગળ પ્રવર્તે છે, આપ શ્રી સંઘના પણ તેમજ સમાચાર ચાહીએ છીએ.

વિ૦ વિનંતિપૂર્વક જણાવવાનું કે હમારા શ્રી સંઘના પરમ પુણ્યોદયે પ૦ પૂ૦ આરાધ્યપાદ ગણધર-શ્રુતસ્થવિરગુમ્ફિત આગમસિદ્ધાન્તાદિ અનેક અમુદ્રિતગ્રંથસંશોધક, શ્રી જૈનશાસન-સામ્રાજ્યસંરક્ષણૈકબદ્ધલક્ષ્ય, શ્રી તીર્થાધિરાજ સિદ્ધક્ષેત્રે શ્રી વર્ધમાન જૈનાગમમંદિર સંસ્થાપક, આગમોદય-સમિતિ, દે૦ લા૦ પુ૦ ફંડ ઈત્યાદિ અનેક સુધર્મસંસ્થા સંસ્થાપક, પ્રથમશિલોત્કીર્ણ-તામ્રપત્રારૂઢ આગમ પ્રારંભક, વર્તમાન શ્રુતના જ્ઞાતા, આગમદિવા-કર, આગમોદ્ધારક, પ્રાતઃ સ્મરણીય આચાર્યદેવેશ શ્રીમદ્ આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજની અપૂર્વ આગમ સાહિત્ય સેવા અને વીતરાગ પ્રવચન તીર્થભક્તિ જૈન-જૈનેતરમાં સુપ્રસિદ્ધ છે. જેમના અમૃતમય ઉપદેશસીંચનથી સકલ સંઘ નિરંતર પલ્લ-વિત થતો જ જાય છે. શ્રી સંઘ ઉપર તે પૂજ્યશ્રીનો નિરૂપમ ઉપકાર છે. તેઓશ્રીના ઉપદેશથી અને હમારા ઉપરના ઉપકારની સ્મૃતિરૂપ શ્રી આગમોદ્ધારક-સંસ્થા સ્થપાઈ છે. અને શ્રીસંઘના આર્થિક વિગેરે અનેક અણચિંતવ્યા સહકારથી ઘણા જ અલ્પ સમયમાં એક ગગનચુંબી-ત્રણ માળવાળું જ્ઞાન, દર્શન, અને ચારિત્રના પ્રતિકરૂપે શ્રી વર્ધમાન-જૈન તામ્રપત્ર આગમમંદિર બાંધવામા આવ્યું છે. જેમાં એક ભવ્ય ભૂમિગર્ભભાગ, વચમાં વિશાળ મૂળમંદિર અને તેની ઉપર એક માળ છે.

ભૂમિગર્ભમાં મૂળનાયકજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સહસ્રફણાવાળી શ્યામ પ્રતિમાજી બીરાજમાન થશે. ત્યાં જ રંગમંડપમાં બે બાજુ સિદ્ધચક્રના મંડળો આરસપાષાણના બીરા-

જમાન કરવામાં આવશે. મૂળગભારામાં ચરમતીર્થપતિ શ્રી મહાવીરપ્રભુની ભવ્યાકૃતિમૂર્તિ બીરાજમાન કરવામાં આવશે. શિખા માળ ઉપર મૂળનાયકજી શ્રી આદીશ્વર ભગવાનની મૂર્તિ બીરાજમાન થશે. રંગમંડપોમાં સમવસરણો તથા ગોખલામાં ભગવાનના બિંબો બીરાજમાન કરવામાં આવશે. ભીંતો ઉપર તામ્રપત્ર પીસ્તાલીશે આગમો સુંદર ચેનલમાં ફીટ કરેલા ચોંટાડાશે. સંવત્ ૧૯૯૯ ની સાલમાં અનંત તીર્થંકર ગણધરો આદિથી પરમપવિત્ર થયેલ સિદ્ધક્ષેત્રમાં અંજનશલાકા થયેલ તેમાંના ૧૨૦ જિનબિંબો અમે લાવીને જુદા મકાનમાં બીરાજમાન કરેલ છે. તે જિનબિંબોની શાસ્ત્રોક્ત વિધિવિધાનથી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ કરવાનો નિર્ણય કર્યો છે.

**:– મહા મહોત્સવના મંગળકારી મહામુહૂર્તો :–**

પોષ વદ ૧૦ બુધવાર તા. ૪–૨–૪૮ પ્રભાતે કુંભસ્થાપના. તથા પ્રભુજીનો પ્રવેશ તથા દીપસ્થાપન, જવારાસ્થાપના.

પોષ વદ ૧૧ ગુરુવાર તા. ૫–૨–૪૮ જળજાત્રા વિધિ.

પોષ વદ ૧૨ શુક્રવાર તા. ૬–૨–૪૮ નવ્વાણું પ્રકારી પૂજા.

પોષ વદ ૧૨ (બીજી) શનિવાર તા. ૭–૨–૪૮ ગ્રહપૂજન, દશદિગ્પાળપૂજન, અષ્ટમંગળપૂજન, તથા નંદ્યાવર્તપૂજન.

પોષ વદ ૧૩ રવિવાર તા. ૮–૨–૪૮ અઢાર અભિષેક.

પોષ વદ ૧૪ સોમવાર તા. ૯–૨–૪૮ પંચકલ્યાણક પૂજા.

પોષ વદ ૧૫ મંગળવાર તા. ૧૦–૨–૪૮ પીસ્તાલીસ-આગમની પૂજા.

મહા સુદ ૧ બુધવાર તા. ૧૧–૨–૪૮ ધ્વજાદંડપૂજન, કળશ-પૂજન, તથા યક્ષ–યક્ષીણીપૂજન.

મહા સુદ ૨ ગુરુવાર તા. ૧૨–૨–૪૮ વરઘોડો ચૈત્યપ્રતિષ્ઠા તથા પીઠપૂજન.

મહા સુદ ૩ શુક્રવાર તા. ૧૩-૨-૪૮ પ્રતિષ્ઠા-ગાદીપર પ્રભુજીને બીરાજમાન કરવામાં આવશે, તથા બૃહદ્સ્નાત્ર, રાત્રે વૃષ્ટિ તથા વિસર્જન.

મહા સુદ ૪ શનિવાર તા. ૧૪-૨-૪૮ ઉદ્ઘાટન.

હવે હમારી આપ પૂજ્ય શ્રીસંઘ પ્રત્યે સવિનય નમ્ર વિજ્ઞપ્તિ કે-આ પરમ પવિત્ર પ્રતિષ્ઠા મહોત્સવ આદિમાં માંગલિક પ્રસંગે પધારી લાભ લેવા સાથે હમારા શ્રી સંઘના આનંદમાં અને શાસનની શોભાના કાર્યોમાં વૃદ્ધિ કરશોજી.

અત્રે પધારવાથી સમ્યગદર્શનાદિ રત્નત્રયીના કારણભૂત સ્થાવરતીર્થરૂપ જિનમંદિરના દર્શન અને જંગમતીર્થરૂપ આચાર્ય ભગવંતો અને અન્ય મુનિવરો, પૂ૦ શ્રી સાધ્વી મહારાજાદિના દર્શનભક્તિનો લાભ થશે, માટે આવા મહાપુણ્યોદયે કોઈક વખત પ્રાપ્ત થતા પ્રસંગે પધારવા સાદર વિનંતિ છે.

| | |
|---|---|
| વીર સંવત્ | લિ...સંઘચરણકમલોપાસક. |
| ૨૪૭૪ | મોતીચંદ ગુલાબચંદ ઝવેરી. |
| વિક્રમ સંવત્ | જેકીશનદાસ લલ્લુભાઈ વખારીયા. |
| ૨૦૦૪ | રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાલા. |
| પોષ સુદ ૯ | અમરચંદ મૂળચંદ ઝવેરી. |
| શનિવાર | ઠાકોરભાઈ દયાચંદ મલજી |
| તા. ૧૭-૧-૪૮ | ઝવેરચંદ પન્નાજી બુહારીવાલા. |
| શ્રી આગમો- | મોતીચંદ કસ્તુરચંદ ચોકસી. |
| દ્ધારક સંસ્થા | પાનાચંદ સાકેરચંદ મદ્રાસી. |
| ગોપીપુરા | શાંતિચંદ છગનભાઈ ઝવેરીના સવિનય |
| સુરત. | બહુમાનપૂર્વક પ્રણામ વાંચશોજી. |

*

# आगमोद्धारक-रचितकृतिसंदोहः

(૧) અચિત્તાહારદ્વાત્રિંશિકા
(૨) અધિગમ-સમ્યક્ત્વૈકાદશી
(૩) અધ્યક્ષોપયોગિતા-ષોડશિકા
(૪) અનંતાર્થાષ્ટિક
(૫) અનાનુગામિકાવધિવિચાર
(૬) અનુકરણ સંચય યાને સદ્દનુકરણ
(૭) અનુક્રમ-પંચદશિકા
(૮) અનેકાંતવાદવિચાર
(૯) અપૂર્વચતુર્વિંશિકા યાને જિનવરસ્તુતિ
(૧૦) અભવ્યનવક યાને ભવ્યાભવ્યપ્રશ્ન
(૧૧) અમૃતસાગર-ચરિત્ર
(૧૨) અમૃતસાગર-તીર્થયાત્રા
(૧૩) અમૃતસાગર-સ્તવ
(૧૪) અમૃતસાગર-સ્તુતિ
(૧૫) અર્હચ્છતક
(૧૬) અષ્ટકબિંદુ
(૧૭) અંગપુરુષ-પંચવિંશતિકા
(૧૮) આગમમંદિર-ચતુર્વિંશતિકા
(૧૯) આગમમહિમા
(૨૦) આગમમહિમાસ્તવ
(૨૧) આગમસમિતિસ્થાપના સ્તવ
(૨૨) આગમસુગમતાસ્તવ
(૨૩) આગમાધિકાર ષટ્ત્રિંશિકા
(૨૪) આગમાર્થપ્રાધાન્યસ્તવ
(૨૫) આચેલક્ય
(૨૬) અભિગ્રહિકાનાભોગ-મિથ્યાત્વ યાને મિથ્યાત્વવિચાર
(૨૭) આપ્તસ્તુતિવૃત્તિ (અપૂર્ણ)
(૨૮) આરાધનામાર્ગ
(૨૯) આર્યત્રિભેદીવિચાર યાને આર્યાનાર્યવિચાર
(૩૦) આર્યરક્ષિત યાને અનુયોગ-પૃથક્ત્વ
(૩૧) ઇડરનગ-શાન્તિનાથસ્તવ
(૩૨) ઇર્યા-દ્વાપંચાશિકા
(૩૩) ઇર્યાપથપરિશિષ્ટ
(૩૪) ઇર્યાપથિકાનિર્ણય
(૩૫) ઉત્સર્પણાર્થવિચાર
(૩૬) ઉત્સૂત્રભાષણફલ યાને ઉત્સૂત્રભાષણવિમર્શ
(૩૭) ઉદ્યમ-પંચદશિકા
(૩૮) ઉદ્યાપનવિચાર
(૩૯) ઉપદેશ
(૪૦) ઉપકાર-દ્વાદશિકા યાને ઉપકારવિચાર
(૪૧) ઉપદેશ-નવશતિ યાને યતિધર્મોપદેશ
(૪૨) કર્મગ્રંથસૂત્રાણિ
(૪૩) કર્મફળ વિચાર

(૪૪) કલ્પસૂત્રવિવેચન (સામાનિક સુધી)
(૪૫) કેવલીભુક્તિ (અપૂર્ણ)
(૪૬) કેશરીયાજીવર્ણન
(૪૭) (ધૂલેવામંડન) કેશરીયાજી-વર્ણન
(૪૮) કેશરીયાજીસ્તુતિ-પંચદશિકા
(૪૯) ક્રિયાદ્વાત્રિંશિકા
(૫૦) ક્રિયાસ્થાનવર્ણન
(૫૧) ક્ષમા-વિંશતિકા
(૫૨) ક્ષાયિકભવ-સંખ્યાવિચાર
(૫૩) ક્ષાયોપશમિકભાવવિચાર યાને ક્ષાયોપશમિકભાવ
(૫૪) ગણધરસાર્ધશતકદર્પણ
(૫૫) ગર્ભાપહારસિદ્ધિષોડશિકા
(૫૬) ગર્ભકૃત્યવિચાર
(૫૭) ગુણગ્રહણશતક
(૫૮) ગુરૂમાહાત્મ્ય
(૫૯) ચાન્દ્રાનકી ષોડશિકા
(૬૦) ચૈત્યદ્રવ્યોત્સર્પણ (અપૂર્ણ)
(૬૧) જમાલિમત ખંડન
(૬૨) જયસોમ સિક્ખા (અપૂર્ણ)
(૬૩) જિનમહિમા
(૬૪) જિનસ્તુતિ
(૬૫) જિનસ્તુતિ
(૬૬) જિનસ્તુતિ
(૬૭) જીવસિદ્ધિ યાને પાપભીતિ
(૬૮) જૈન-ગીતા
(૬૯) જૈનપુસ્તકભાંડાગારસ્તવ
(૭૦) જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા
(૭૧) જૈનેન્દ્રસ્તુતિ
(૭૨) જ્ઞાતપર્યુષણા
(૭૩) જ્ઞાનપદ્યાવલી
(૭૪) જ્ઞાન પંચવિંશતિકા
(૭૫) જ્ઞાનભેદ-ષોડશિકા
(૭૬) તત્ત્વાર્થપરિશિષ્ટ
(૭૭) તાત્વિક-પ્રશ્નોત્તરાણિ
(૭૮) તારંગાજિતનાથસ્તવ
(૭૯) તિથિદર્પણ
(૮૦) તિથિપટ્ટક
(૮૧) તીર્થમાળા (અપૂર્ણ)
(૮૨) ત્રયીતત્ત્વદ્વાદશિકા
(૮૩) ત્રિપદી-પંચષષ્ટિકા
(૮૪) દયાવિમર્શ
(૮૫) દાનાદિધર્મવિચાર યાને દાનધર્મ
(૮૬) દિગંબર-મતનિરાશ
(૮૭ દુષ્પ્રતિકારવિચાર
(૮૮) દુઃખવર્જન-ષોડશિકા યાને ભિક્ષા-ષોડશિકા
(૮૯) દૃષ્ટાંતતત્ત્વ ચતુર્વિંશતિકા યાને સમ્યકૃત્વજ્ઞાતાનિ
(૯૦) દેવદ્રવ્યવિચાર યાને દેવદ્રવ્ય-દ્વાત્રિંશિકા

(૯૧) દેવસ્તુતિર્નિર્ણય યાને દેવતાસ્તુતિનિર્ણય
(૯૨) દ્રવ્યબોધ–ત્રયોદશી
(૯૩) દષ્ટિસંમોહવિચાર
(૯૪) દૂષજયદ્વાદશિકા
(૯૫) ધનાર્જન–ષોડશિકા
(૯૬) ધર્મતત્વવિચાર
(૯૭) ધર્મદેશના (અપૂર્ણ)
(૯૮) ધર્માસ્તિકાયાદિવિચાર
(૯૯) ધર્મોપદેશ
(૧૦૦) નક્ષત્રભોગાદિ
(૧૦૧) નગ્નાટશિક્ષા–શતક
(૧૦૨) નયવિચાર
(૧૦૩) નયવિચાર–દ્વાત્રિંશિકા
(૧૦૪) નય-ષોડશિકા
(૧૦૫) નયાનુયોગાષ્ટક
(૧૦૬) નરતત્વ વ્યાખ્યાન (અપૂર્ણ)
(૧૦૭) નિક્ષેપશતક
(૧૦૮) નિર્જરાદિ
(૧૦૯) નિર્યાણ યાને નિર્યાણવિચાર
(૧૧૦) નિષદ્યૈકાદશિકા યાને નિષદ્યાવિચાર
(૧૧૧) નિસર્ગદશી
(૧૧૨) ન્યાયપદ્ધતિ
(૧૧૩) ન્યાયાવતારદીપિકા
(૧૧૪) પદ્મનાભસ્તવ
(૧૧૫) પરમાણુ–પંચવિંશતિકા
(૧૧૬) પર્યુષણા–ચત્વારિંશિકા યાને પર્યુષણારૂપમ્
(૧૧૭) પર્યુષણા–પરાવૃત્તિ
(૧૧૮) પર્યુષણા–પ્રભા (અપૂર્ણ)
(૧૧૯) પર્વતિથિ–પ્રકરણ
(૧૨૦) પર્વતિથિ–સૂત્રાણિ
(૧૨૧) પર્વતિથિ–સૂત્રાણિ
(૧૨૨) પર્વવિધાન
(૧૨૩) પર્યદિકલ્પવાંચન યાને પર્યુત્કલ્પવાંચન
(૧૨૪) પંચસૂત્રતર્કાવતાર
(૧૨૫) પંચસૂત્રવાર્તિક
(૧૨૬) પંચસૂત્રી
(૧૨૭) પંચાસરાપાર્શ્વનાથસ્તવ
(૧૨૮) પુરૂષાર્થ–જિજ્ઞાસા
(૧૨૯) પોસીનાપાર્શ્વનાથસ્તવ
(૧૩૦) પૌષધકર્તવ્યતાનિર્ણય યાને પૌષધપરામર્શ
(૧૩૧) પ્રકીર્ણક–પદ્યાવલી
(૧૩૨) પ્રજ્ઞપ્તપદ–દ્વાત્રિંશિકા
(૧૩૩) પ્રતિદિવસ–પ્રતિનિયતાર્થવિચારણાદિ યાને પૌષધ-વિમર્શ
(૧૩૪) પ્રતિમાપૂજા–દ્વાત્રિંશિકા
(૧૩૫) પ્રતિમા–શતક ટિપ્પણ (અપૂર્ણ)
(૧૩૬) પ્રમાણપ્રમેયવિચાર

(૧૩૭) ફલપ્રાપ્તિરીતિ
(૧૩૮) બુદ્ધિગુણસમુચ્ચયો
(૧૩૯) મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ
(૧૪૦) મહાનિશીથ લઘુ અવચૂરિ (અપૂર્ણ)
(૧૪૧) મહાવ્રતવિચાર
(૧૪૨) મંગળ–પ્રકરણ
(૧૪૩) મંગળ–વિચાર
(૧૪૪) મંગળાદિવિચાર
(૧૪૫) માસકલ્પસિદ્ધિ
(૧૪૬) મૂર્તિમિમાંસા
(૧૪૭) મૂર્તિસ્થાપના
(૧૪૮) મોક્ષ–પંચવિંશતિકા
(૧૪૯) મૌનષટ્ત્રિંશિકા
(૧૫૦) યજ્ઞે હિંસાવિચાર
(૧૫૧) યથાભદ્રક–ધર્મસિદ્ધિ
(૧૫૨) રાત્રિભોજનપરિહાર
(૧૫૩) રાગો ચૈત્યગમન
(૧૫૪) લઘુતમ નામકોષ
(૧૫૫) લઘુસિદ્ધ પ્રભાવ્યાકરણ
(૧૫૬) લુંપક કૌટિલ્ય
(૧૫૭) લોકવાર્તા સમુચ્ચય
(૧૫૮) લોકાચાર
(૧૫૯) લોકોત્તરતત્વ–દ્વાત્રિંશિકા
(૧૬૦) લોપકપાટિશિક્ષા
(૧૬૧) વર્તમાનતીર્થસ્તવ
(૧૬૨) વર્ષાપનિકા
(૧૬૩) વિધિવિચાર
(૧૬૪) વિવાહચર્યા યાને વિવાહ–વિચાર
(૧૬૫) વિંશવિંશિકા દીપિકા ભા ૧ (પ્રસ્તાવનાવિંશિકા
(૧૬૬) વિંશવિશિકા દીપીકા ભા. ૨
(૧૬૭) વિંશવિંશિકા દીપીકા ભા. ૩
(૧૬૮) વિતરાગત્વવિરોધ–સમાધાન
(૧૬૯) વીરદેશના
(૧૭૦) વીરવિવાહવિચાર
(૧૭૧) વેસમાહપ્પ
(૧૭૨) વ્યવહારપંચક
(૧૭૩) વ્યવહારસિદ્ધ–ષટ્ત્રિંશિકા
(૧૭૪) વ્યવહારાવ્યવહારરાશિ યાને વ્યવહારરાશિ
(૧૭૫) શમસ્વરૂપ-પંચાશિકા યાને શમનિર્ણય
(૧૭૬) શરણ–ચતુષ્ક
(૧૭૭) શાસ્ત્રવાર્તાપરિશિષ્ટ
(૧૭૮) શિક્ષાક્રમ
(૧૭૯) શિષ્ટક્રિયા યાને શિષ્ટ વિચાર
(૧૮૦) શિષ્યનિષ્ફેટિકાસ્વરૂપ યાને શિષ્યનિષ્ફેટકા
(૧૮૧) શિષ્ય–શતકાદિ યાને શ્રુતસ્તુતિ
(૧૮૨) શ્રમણધર્મસહસ્રી

(૧૮૩) શ્રમણ-શ્રાદ્ધદિનચર્યા (અપૂર્ણ)
(૧૮૪) શ્રમણો ભગવાન્ મહાવીરઃ
(૧૮૫) શ્રાવક-ષટ્કૃત્યવર્ણન
(૧૮૬) શ્રુતશીલ-ચતુર્ભંગી
૧૮૭) ષોડશકાલોક (બે ષોડશક સુધી)
(૧૮૮) સચૂલ ધર્માષ્ટક યાને ચારિત્રધર્માષ્ટક
(૧૮૯) સત્સંગવર્ણન
(૧૯૦) સદ્ધર્માષ્ટક
(૧૯૧) સમવસરણ યંત્રક
(૧૯૨) સમી પાર્શ્વનાથસ્તવ
(૧૯૩) સમ્યક્ત્વભેદ તત્ત્વાષ્ટ-ત્રિંશિકા યાને સમ્યક્ત્વભેદ-વિચાર
(૧૯૪) સમ્યક્ત્વભેદ નિર્ણય યાને સમ્યક્ત્વભેદા
(૧૯૫) સમ્યક્ત્વ-ષોડશિકા
(૧૯૬) સલ્લક્ષણાનિ
(૧૯૭) સંઘાચાર
(૧૯૮) સંહનનાનિ
(૧૯૯) સામયિકેર્યાસ્થાનનિર્ણય
(૨૦૦) સાંવત્સરિકનિર્ણય
(૨૦૧) સિદ્ધગિરિમહિમા
(૨૦૨) સિદ્ધગિરિરાજાષ્ટક
(૨૦૩) સિદ્ધગિરિસ્તવ
(૨૦૪) સિદ્ધપ્રભાવ્યાકરણ
(૨૦૫) સિદ્ધપ્રાભૃતવ્યાખ્યા (અપૂર્ણ)
(૨૦૬) સિદ્ધષટ્ત્રિંશિકા
(૨૦૭) સિયવાઓ (અપૂર્ણ)
(૨૦૮) સુખદુઃખવેદન
(૨૦૯) સૂતકનિર્ણય-પંચવિંશતિકા
(૨૧૦) સૂર્યોદય સિદ્ધાંત યાને સૂર્યોદયવિચાર
(૨૧૧) સૌખ્ય-ષોડશિકા
(૨૧૨) સ્તવનાદિ ગુર્જરાદિ પદ્ય સાહિત્ય
(૨૧૩) સ્ત્રીપૂજાનિર્ણય
(૨૧૪) સ્થાપનાચાંદ્વાત્રિંશિકા યાને પ્રતિમાપૂજા
(૨૧૫) સ્થાપનાવિચાર યાને પ્રતિમાષ્ટક
(૨૧૬) સ્થાપનાસિદ્ધિ યાને ગુરુસ્થાપનાવિધિ
(૨૧૭) સ્થાપનાસિદ્ધિ-ષષ્ટિકા યાને પ્રતિમા પૂજાસિદ્ધિ
(૨૧૮) સ્થાપનાસિદ્ધિ-ષોડશિકા
(૨૧૯) સ્યાદ્વાદદ્વાત્રિંશિકા
(૨૨૦) હરિભદ્રસૂરિ સમયદીપિકા
(૨૨૧) હિંસકત્વાહિંસકત્વે યાને અહિંસાવિચાર

# आगमोद्धारक–कृतिसन्दोह :

## (મુદ્રિત)

(૧) તાત્ત્વિક–વિમર્શ : ।
(૨) પર્યુ઼ત્કલ્પ–વાચનમ્ ।
(૩) અધિગમ–સમ્યક્ત્વમ્ ।
(૪) પર્યુષણાપરાવૃત્તિ: ।
(૫) અવ્યવહારરાશિ: ।
(૬) સંહનનમ્ ।
(૭) ક્ષાયોપશમિકભાવ: ।
(૮) અર્હચ્છતકમ્ ।
(૯) ઉદ્યમ–પંચદશિકા ।
(૧૦) ક્રિયા–દ્વાત્રિંશિકા ।
(૧૧) અનુક્રમ–પંચદશિકા ।
(૧૨) ક્ષમા–વિંશતિકા ।
(૧૩) અહિંસાવિચાર: ।
(૧૪) આચેલક્યમ્ ।
(૧૫) ઉપકારવિચાર: ।
(૧૬) મિથ્યાત્વવિચાર: ।
(૧૭) ઉત્સૂત્રભાષણવિમર્શ : ।
(૧૮) જ્ઞાન–પંચવિંશતિકા ।
(૧૯) ઈર્યાપથિકા–નિર્ણય ।
(૨૦) સામાયિકેર્યાસ્થાન–નિર્ણય ।
(૨૧) ઈર્યાપથપરિશિષ્ટમ્ ।
(૨૨) શ્રુતશીલ–ચતુર્ભંગી ।
(૨૩) ચૈત્યદ્રવ્યોત્સર્પણમ્ ।
(૨૪) દેવાયભંજકશિક્ષા ।
(૨૫) ઉત્સર્પશબ્દાર્થવિચાર: ।
(૨૬) દેવનિર્યાણમાર્ગ ।
(૨૭) અચિત્તાહારદ્વાત્રિંશિકા ।
(૨૮) પૌષધપરામર્શ: ।
(૨૯) પૌષધપરામર્શ: ।
(૩૦) શ્રમણો ભગવાન્ મહાવીર: ।
(૩૧) શ્રીવીરવિવાહવિચાર: ।
(૩૨) સલ્લક્ષણાનિ ।
(૩૩) પર્યુષણાપ્રભા ।
(૩૪) ઈર્યા–દ્વાપંચાશિકા ।
(૩૫) જયસોમ–સિકખા ।
(૩૬) દુષ્પ્રતિકારવિચાર: ।
(૩૭) શ્રમણધર્મસહસ્રી ।
(૩૮) સિદ્ધગિરિસ્તવ: ।
(૩૯) મંગલાદિવિચાર: ।
(૪૦) નયવિચાર: ।
(૪૧) નય–ષોડશિકા ।
(૪૨) નિક્ષેપ–શતકમ્ ।
(૪૩) લોકોત્તરતત્ત્વદ્વાત્રિંશિકા
(૪૪) વ્યવહારસિદ્ધિષટ્ત્રિંશિકા ।
(૪૫) કર્મફલ–વિચાર: ।
(૪૬) પરમાણુ–પંચવિંશતિકા ।
(૪૭) ભવ્યાભવ્યપ્રશ્ન: ।

(૪૮) અષ્ટક–બિંદુઃ ।
(૪૯) સ્યાદ્વાદ–દ્વાત્રિંશિકા ।
(૫૦) અનંતાર્થાષ્ટકમ્ ।
(૫૧) પર્વવિધાનમ્ ।
(૫૨) સૂર્યોદયસિદ્ધાન્તઃ ।
(૫૩) સાંવત્સરિકનિર્ણયઃ ।
(૫૪) પર્યુષણારૂપમ્ ।
(૫૫) જ્ઞાતપર્યુષણા ।
(૫૬) શ્રુતસ્તુતિઃ ।
(૫૭) જ્ઞાનભેદ–ષોડશિકા ।
(૫૮) અનાનુગામુકાવધિઃ ।
(૫૯) પ્રજ્ઞપ્તપદ–દ્વાત્રિંશિકા ।
(૬૦) અનુયોગપૃથક્ત્વમ્ ।
(૬૧) નિષદ્યાવિચારઃ ।
(૬૨) સમ્યક્ત્વ–ષોડશિકા ।
(૬૩) સમ્યક્ત્વભેદવિચારઃ ।
(૬૪) સમ્યક્ત્વભેદાઃ ।
(૬૫) સમ્યક્ત્વજ્ઞાતાનિ ।
(૬૬) ક્ષાયિકભવસંખ્યાવિચારઃ ।
(૬૭) શ્રમનિર્ણયઃ ।
(૬૮) પ્રતિમાપૂજા–દ્વાત્રિંશિકા ।
(૬૯) પ્રતિમાપૂજા ।
(૭૦) પ્રતિમાપૂજાસિદ્ધિ ।
(૭૧) પ્રતિમાષ્ટકમ્ ।
(૭૨) જિનવરસ્તુતિઃ ।
(૭૩) દેવદ્રવ્ય–દ્વાત્રિંશિકા ।
(૭૪) રાત્રિચૈત્યગમનમ્ ।
(૭૫) દેવતાસ્તુતિનિર્ણયઃ ।
(૭૬) ગુરૂસ્થાપનાસિદ્ધિઃ ।
(૭૭) દાનધર્મઃ ।
(૭૮) યથાભદ્રકધર્મસિદ્ધિઃ ।
(૭૯) ધર્મોપદેશઃ ।
(૮૦) સમૂલચારિત્રધર્માષ્ટકમ્ ।
(૮૧) મૌન–ષટ્ત્રિંશિકા ।
(૮૨) ભિક્ષા–ષોડશકમ્ ।
(૮૩) માસકલ્પસિદ્ધિઃ ।
(૮૪) વેસમાહપ્પં ।
(૮૫) શિષ્યનિષ્ફેટિકા ।
(૮૬) ક્રિયાસ્થાનવર્ણનમ્ ।
(૮૭) સદનુકરણમ્ ।
(૮૮) શરણ–ચતુષ્કમ્ ।
(૮૯) મોક્ષ–પંચવિંશતિકા ।
(૯૦) આર્યાનાર્યવિચારઃ ।
(૯૧) વ્યવહાર–પંચકમ્ ।
(૯૨) લોકાચારઃ ।
(૯૩) ગુણગ્રહણ–શતકમ્ ।
(૯૪) ગર્હાકૃત્યમ્ ।
(૯૫) ધનાર્જનષોડશિકા ।
(૯૬) સૂતકનિર્ણય-પંચવિંશતિકા
(૯૭) વર્ધાપનાનિ ।
(૯૮) સત્સંગવર્ણનમ્ ।
(૯૯) શિષ્ટવિચારઃ ।

(૧૦૦) વિવાદવિચારઃ ।
(૧૦૧) પાપભીતિઃ ।
(૧૦૨) રાત્રિભોજનપરિહારઃ ।
(૧૦૩) પંચાસર–પાર્શ્વનાથસ્તવઃ ।
(૧૦૪) જિનસ્તુતિઃ ।
(૧૦૫) જિનસ્તુતિઃ ।
(૧૦૬) ઇડરનગ–શાન્તિનાથસ્તવઃ ।
(૧૦૭) પંચસૂત્રવાર્તિકમ્ ।
(૧૦૮) જૈન—ગીતા ।
(૧૦૯) આગમ–મહિમા ।
(૧૧૦) મુનિવસનસિદ્ધિઃ ।
(૧૧૧) શ્રમણદિનચર્યા ।
(૧૧૨) જિનમહિમા ।
(૧૧૩) કર્મસામ્રાજ્યમ્ ।
(૧૧૪) ગર્ભાપહારસિદ્ધિ–ષોડશિકા ।
(૧૧૫) નગ્નાટશિક્ષા–શતકમ્ ।
(૧૧૬) ત્રિપદી–પંચસપ્તતિકા ।
(૧૧૭) ગણધરસાર્ધશતક–સમાલોચના ।
(૧૧૮) તીર્થપંચાશિકા ।
(૧૧૯) સિદ્ધ–ષટ્ત્રિંશિકા ।
(૧૨૦) સિદ્ધગિરિ–પંચવિંશતિકા ।
(૧૨૧) ગિરનાર–ચતુર્વિંશતિકા ।
(૧૨૨) ગણધરપટ્ટ–દ્વાત્રિંશિકા ।
(૧૨૩) અનેકાન્તવાદવિચારઃ ।
(૧૨૪) અમૃતસાગર–ગુણવર્ણનમ્ ।
(૧૨૫) અમૃતસાગર–કૃતતીર્થ-યાત્રા ।
૧૨૬ અમૃતસાગર–સ્તુત્યાષ્ટકમ્ ।
૧૨૭ અમૃતસાગર–સ્તવઃ ।
૧૨૮ પંચસૂત્રતર્કાવતારઃ ।
૧૨૯ પંચસૂત્રી ।
૧૩૦ પુરુષાર્થ–જિજ્ઞાસા
૧૩૧ કર્માર્થઃ (કર્મગ્રન્થસૂત્રાણિ) ।
૧૩૨ પર્વવિધ્યાનુષ્ઠાનમ્ ।
૧૩૩ તિથ્યુપનિષદ્ ।
૧૩૪ વાદ–વિવરણમ્ ।
૧૩૫ તિથિદર્પણમ્ ।
૧૩૬ યુગમાસતિથ્યાદિવિચારઃ ।
૧૩૭ પર્વતિથિઃ ।
૧૩૮ તાત્વિક–પ્રશ્નોત્તરાણિ ।
૧૩૯ ન્યાયાવતાર–ટીકા ।
૧૪૦ લોક-વિંશિકા ખંડ ૧–૨ ।
૧૪૧ અધિકાર–વિંશિકાની ટીકા ।
૧૪૨ આગમાધિકાર–ષટ્ત્રિંશિકા ।
૧૪૩ આગમસ્તવઃ ।
૧૪૪ આગમમંદિર-ચતુર્વિંશતિકા ।
૧૪૫ અંગપુરુષ–પંચવિંશતિકા ।
૧૪૬ દૂષજય-દ્વાદશિકા ।
૧૪૭ આગમમહિમસ્તવઃ ।
૧૪૮ આગમસુગમતાસ્તવઃ ।
૧૪૯ આગમસમિતિ સ્થાપના-સ્તવઃ ।
૧૫૦ આગમાર્થપ્રાધાન્યસ્તવઃ ।
૧૫૧ જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા ।

૧૫૨ દ્રવ્યબોધત્રયોદશી ।
૧૫૩ સૌખ્ય-ષોડશિકા ।
૧૫૪ ધર્માસ્તિકાયાદિવિચારઃ ।
૧૫૫ જમાલિમતખંડનમ્ ।
૧૫૬ ધર્મતત્વવિચારઃ ।
૧૫૭ સિદ્ધચક્રમંદિર-દ્વાત્રિંશિકા ।
૧૫૮ શ્રીજૈનપુસ્તકભાણ્ડાગાર-
સ્તવઃ ।
૧૫૯ દૃષ્ટિસંમોહવિચારઃ ।
૧૬૦ વિધિવિચારઃ ।
૧૬૧ લોપકપાટીશિક્ષા ।
૧૬૨ નયાનુયોગાષ્ટકમ્ ।
૧૬૩ ચાન્દ્રનિકી-ષોડશિકા ।
૧૬૪ આરાધનામાર્ગ ।
૧૬૫ સ્થાપનાસિદ્ધિ ।
૧૬૬ મૂર્તિસ્થાપનમ્ ।

## શ્રી આગમોદ્ધારકશ્રી-સંપાદિત ગ્રંથો

## પ્રતાકારે

૧ આચારાંગ ચૂર્ણિ.
૨ આચારાંગ સૂત્ર ભા-૧
૩ આચારાંગ સૂત્ર ભા-૨
૪ આચારાંગ સૂત્ર ભા-૧
નવી આવૃત્તિ
૫ આચારાંગ સૂત્ર ભા-૨
નવી આવૃત્તિ
૬ સૂત્રકૃતાંગ ચૂર્ણિ
૭ સૂત્રકૃતાંગ સૂત્ર
૮ સ્થાનાંગ સૂત્ર ભા-૧
૯ સ્થાનાંગ સૂત્ર ભા-૨
૧૦ સમવાયાંગ સૂત્ર
૧૧ ભગવતી સૂત્ર ભા-૧
૧૨ ભગવતી સૂત્ર ભા-૨
૧૩ ભગવતી સૂત્ર ભા-૩
૧૪ ભગવતી સૂત્ર ભા-૧
નવી આવૃત્તિ દ્વિ૦-આ૦
૧૫ ભગવતી સૂત્ર ભા-૧
નવી આવૃત્તિ દ્વિ૦-આ૦
૧૬ ભગવતી સૂત્ર ભા-૩
નવી આવૃત્તિ દ્વિ૦-આ૦
૧૭ ભગવતી સૂત્ર દાનશેખરસૂરિ
૧૮ જ્ઞાતાધર્મકથા
૧૯ ઉપાસકદશાંગ
૨૦ અંતકૃદ્દશા-નૂત્તરોપપાતિક-
દશાંગ વિપાક
૨૧ પ્રશ્નવ્યાકરણ
૨૨ અંગાકારાદિ વિષયાનુક્રમ
૨૩ ઉપાંગ-પ્રકીર્ણક વિષયાનુક્રમ
૨૪ ઔપપાતિક સૂત્ર

૨૫ રાજપ્રશ્નીય સૂત્ર
૨૬ જીવાભિગમોપાંગ સૂત્ર
૨૭ પ્રજ્ઞાપનોપાંગ સૂત્ર ભા-૧
૨૮ પ્રજ્ઞાપનોપાંગ સૂત્ર ભા-૨
૨૯ પ્રજ્ઞાપનોપાંગ સૂત્ર
૩૦ સૂર્યપ્રજ્ઞપ્તિ
૩૧ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ભા-૧
૩૨ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ભા-૨
૩૩ તંદુલવૈયાલિક ચતુઃશરણ
૩૪ ચતુશરણાદિ પ્રકીર્ણક દશાંક
૩૫ ગચ્છાચાર પ્રકીર્ણક
૩૬ કલ્પસૂત્ર બારસા
૩૭ કલ્પસૂત્ર વૃત્તિ
૩૮ કલ્પસૂત્ર વૃત્તિ
૩૯ કલ્પસૂત્ર વૃત્તિ
૪૦ કલ્પકૌમુદી
૪૧ કલ્પ સમર્થન
૪૨ આવશ્યક ચૂર્ણિ ભા. ૧
૪૩ આવશ્યક ચૂર્ણિ ભા. ૨
૪૪ આવશ્યક સૂત્ર ભા. ૧
૪૫ આવશ્યક સૂત્ર ભા. ૨
૪૬ આવશ્યક સૂત્ર ભા. ૩
૪૭ આવશ્યક સૂત્ર ભા. ૪
૪૮ આવશ્યક સૂત્ર ભા. ૧ મલયગિરિજી
૪૯ આવશ્યક સૂત્ર ભા. ૨ મલયગિરિજી
૫૦ આવશ્યક સૂત્ર ભા. ૩ મલયગિરિજી
૫૧ ષડાવશ્યક સૂત્રાણિ
૫૨ પાક્ષિક સૂત્ર
૫૩ વિશેષાવશ્યક ભા. ૧
૫૪ વિશેષાવશ્યક ભા. ૨
૫૫ વિશેષાવશ્યક ગાથાનામકારાદિ
૫૬ ઓઘનિર્યુક્તિ
૫૭ દશવૈકાલિક ચૂર્ણિ
૫૮ દશવૈકાલિક સૂત્ર
૫૯ પિંડ નિર્યુક્તિ
૬૦ ઉત્તરાધ્યયનાનિ ચૂર્ણિ
૬૧ ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૧ શાંતિસૂરિ
૬૨ ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૨ શાંતિસૂરિ
૬૩ ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૩ શાંતિસૂરિ
૬૪ નંદીસૂત્ર ચૂર્ણિ ટીકા, વિ ગા.
૬૫ નંદીસૂત્ર
૬૬ નંદ્યાદિગાથાદ્યકારાદિ
૬૭ અનુયોગદ્વારાણિ ચૂર્ણિ ટીકા
૬૮ અનુયોગદ્વાર સૂત્ર ભા. ૧
૬૯ અનુયોગદ્વાર સૂત્ર ભા. ૨.
૭૦ અનુયોગદ્વાર સૂત્ર
૭૧ આગમિય સુક્તાવલ્યાદિ
૭૨ અધ્યાત્મમતપરીક્ષા

૭૩ અધ્યાત્મકલ્પદ્રુમ
૭૪ આચાર પ્રદીપ
૭૫ ઇર્યાપથિકી આદિ
૭૬ ઉત્પાદાદિસિદ્ધિ
૭૭ ઉપદેશમાલા
૭૮ ઉપદેશમાલા
૭૯ ઉપમિતિભવ પ્રપંચ કથા ભા. ૧
૮૦ ઉપમિતિભવ પ્રપંચ કથા ભા. ૨
૮૧ ઋષિભાષિતસૂત્રાણિ
૮૨ કથાકોષ
૮૩ કર્મગ્રંથ ભા. ૧.
૮૪ કર્મગ્રંથ ભા. ૨.
૮૫ કર્મપ્રકૃતિ
૮૬ કૃષ્ણ ચરિત્ર
૮૭ ગુણસ્થાનકક્રમારોહ
૮૮ છંદોનુશાસન
૮૯ જલ્પકલ્પલતા.
૯૦ જીવસમાસ પ્રકરણ
૯૧ જ્યોતિષ્કરંડક પ્રકીર્ણક
૯૨ તત્ત્વ તરંગિણી
૯૩ તત્ત્વાર્થ સૂત્ર
૯૪ તત્ત્વાર્થ સૂત્ર
૯૫ તિથિહાનિવૃદ્ધિવિચાર
૯૬ ત્રિષષ્ટીયદેશનાદિસંગ્રહ
૯૭ ત્રૈવિદ્યગોષ્ઠી
૯૮ દેવવંદનભાષ્ય
૯૯ ધર્મકલ્પદ્રુમ
૧૦૦ ધર્મબિન્દુ
૧૦૧ ધર્મપરીક્ષા કથા
૧૦૨ ધર્મસંગ્રહ ભા. ૧
૧૦૩ ધર્મસંગ્રહ ભા. ૨
૧૦૪ નવપદ પ્રકરણ
૧૦૫ નવપદ પ્રકરણ
૧૦૬ નમસ્કાર માહાત્મ્ય
૧૦૭ નવસ્મરણાનિ ગૌતમરાસ ક્ષામણાકુલકમ્
૧૦૮ પંચવસ્તુકગ્રંથ
૧૦૯ પંચસંગ્રહ
૧૧૦ પંચાશકાકારાદિક્રમ
૧૧૧ પંચાશકાકારાદિ મૂલ
૧૧૨ પંચાશક
૧૧૩ પંચાશક
૧૧૪ પયરણસંદોહ
૧૧૫ પરિણામમાલા
૧૧૬ પરિણામમાલા
૧૧૭ પર્યુષણાદશશતક
૧૧૮ પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન
૧૧૯ પ્રકરણ સમુચ્ચય
૧૨૦ પ્રત્યાખ્યાનાદિ
૧૨૧ પ્રવચનપરીક્ષા ભા. ૧
૧૨૨ પ્રવચનપરીક્ષા ભા. ૨
૧૨૩ પ્રવચનસારોદ્ધાર ભા. ૧
૧૨૪ પ્રવચનસારોદ્ધાર ભા. ૨
૧૨૫ પ્રવ્રજ્યાવિધાનકુલક

૧૨૬ પ્રશમરતિ પ્રકરણ
૧૨૭ સેનપ્રશ્ન
૧૨૮ બુદ્ધિસાગર
૧૨૯ ભવભાવના ભા. ૧
૧૩૦ ભવભાવના ભા. ૨
૧૩૧ ભવભાવના છાયા
૧૩૨ મધ્યમસિદ્ધપ્રભા વ્યાકરણ
૧૩૩ મલયાસુંદરી ચરિત્ર
૧૩૪ મહાવીરચરિયમ્
૧૩૫ યતિદિનચર્યા
૧૩૬ યશોવિજયજીકૃતગ્રંથમાલા
૧૩૭ યુક્તિપ્રબોધ
૧૩૮ લલિતવિસ્તરા
૧૩૯ લલિતવિસ્તરા
૧૪૦ લોકપ્રકાશ ભા-૧
૧૪૧ લોકપ્રકાશ ભા-૨
૧૪૨ લોકપ્રકાશ ભા-૩
૧૪૩ લોકપ્રકાશ ભા-૪
૧૪૪ વંદારુવૃત્તિ
૧૪૫ વંદારુવૃત્તિ
૧૪૬ વિચારામૃતસાર સંગ્રહ
૧૪૭ વિચારામૃતસાર સંગ્રહ
૧૪૮ વીતરાગ સ્તોત્ર
૧૪૯ શાસ્ત્રવાર્તાસમુચ્ચય
૧૫૦ શ્રાદ્ધદિનકૃત્ય ભા-૧
૧૫૧ શ્રાદ્ધદિનકૃત્ય ભા-૨
૧૫૨ શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર
૧૫૩ શ્રીપાલચરિત્ર પ્રાકૃત
૧૫૪ શ્રીપાલચરિત્ર સંસ્કૃત
૧૫૫ શ્રાવકધર્મદેશના
૧૫૬ શ્રેણિકચરિત્ર
૧૫૭ ષટ્પુરુષચરિત્ર
૧૫૮ ષોડશકપ્રકરણ
૧૫૯ સંસર્ગગુણદોષપ્રકાશ
૧૬૦ સંસ્કૃત પ્રાચીન પ્રકરણાદિ.
૧૬૧ સમ્યક્ત્વપરીક્ષા ઉપદેશશતક
૧૬૨ સવાસો આદિ સ્તવનો
૧૬૩ સાધર્મિકવાત્સલ્યપ્રકાશ
૧૬૪ સામાચારી પ્રકરણ
૧૬૫ સિદ્ધપ્રભાવ્યાકરણ
૧૬૬ સિદ્ધસેનદિવાકરકૃતગ્રંથમાલા
૧૬૭ સુક્તમુક્તાવલી
૧૬૮ સુબોધા સામાચારી
૧૬૯ સ્તોત્ર રત્નાકર ભા-૧
૧૭૦ સ્થૂલભદ્ર ચરિત્ર
૧૭૧ સ્યાદ્વાદભાષા
૧૭૨ સ્યાદ્વાદ
૧૭૩ હિંસાષ્ટકાદિ

# શ્રી જૈન આગમોદય-સમિતિની સ્થાપના

## પાટણ વિ૦ સં૦ ૧૯૭૧ ભાદ્રપદ સુદી ૧૦-૧૧ શનિ-રવિ

આ અત્યુત્તમ અને ઉપયોગી સંસ્થાની સ્થાપના તો **શ્રી ભોયણી તીર્થે પંન્યાસજી શ્રી આનંદસાગરજી, પં૦ મેઘવિજયજી. પં૦ મણિવિજયજી** વિગેરે અનેક મુનિરાજની સંમતિથી તેમની સમક્ષ ગયા માહ સુદી ૧૦ મે કરવામાં આવેલી હતી, પરંતુ તેની કમીટી વિગેરેની ચાલુ જમાના પ્રમાણેની વ્યવસ્થા અનેક કારણોથી તરતમાં બની શકી નહોતી તે ભાદ્રપદ સુદી ૧૦-૧૧ એ બે દિવસોએ શ્રી પાટણ મુકામે મળીને કરવામાં આવી છે.

વિ૦ સં૦ ૧૯૭૧ માહ સુદ ૧૦ થી સદરહુ સમિતિના કાર્યની શરૂઆત કરવામાં આવેલી છે. સમિતિના મુખ્ય બે કાર્ય નીચે જણાવેલા મુકરર કરવામાં આવેલા છે.

૧. જૈનાગમો પંચાંગી સમેત મુનિરાજ પાસે શુદ્ધ કરાવીને શ્રેષ્ઠ કાગળો ઉપર સારા ટાઈપથી છપાવવાની ગોઠવણ કરવી.

૨. અનેક મુનિરાજ જૈનાગમની વાચના આગમના બોધવાળા વિદ્વાન મુનિરાજ પાસે લઈ શકે તેવી યોજના કરવી.

ઉપર જણાવેલા બંને કાર્ય પૈકી પ્રથમ કાર્યપરત્વે પંન્યાસજી આનંદસાગરજીની દેખરેખ નીચે આગમોની ટીકા સમેત શુદ્ધ પ્રેસકોપી કરાવવાનું શરૂ કરવામાં આવતાં તેને છપાવવા સારૂ નિર્ણયસાગર પ્રેસમાં બંદોબસ્ત કરીને તેને માટે ખાસ ઓર્ડરથી શ્રેષ્ઠ કાગળો મંગાવીને તે પર છપાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

હાલમાં સમિતિ તરફથી **શ્રી આવશ્યકસૂત્ર** હારિભદ્રીય ટીકા સમેત અને **શ્રી આચારાંગસૂત્ર** શીલાંકાચાર્યકૃત ટીકાસમેત છપાય છે, અને શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડ તરફથી **શ્રી**

**અનુયોગદ્વારસૂત્ર** અને **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર** ટીકા સમેત છપાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ચારે સૂત્રોના કેટલાક ફારમો છપાઈ ગયા છે. તદુપરાંત **શ્રી ઉવવાઇસૂત્રની** પ્રેસકોપી તૈયાર થઈ ગઈ છે. **શ્રી પિંડનિર્યુક્તિની** તૈયાર થાય છે. અને બીજા સૂત્રોને માટે પણ તજવીજ શરૂ છે.

આ કાર્યને અંગે આર્થિક સહાય મેળવવાનું પણ **શેઠ વેણીચંદ સુરચંદના** પ્રયાસથી ચાલુ કરવામાં આવેલ છે, અને તેમાં પણ સારી રકમ ભરાયેલી છે આગળ પ્રયત્ન શરૂ છે.

બીજા કાર્યને અંગે શ્રી પાટણ સ્થાન મુકરર કરી ગયા વૈશાખ વદી ૬ થી વાચનાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. **પન્યાસ આનંદસાગરજી** વાચના આપે છે અને તેનો લાભ ૩૦ મુનિરાજ અને ૧૦ સાધ્વીઓ લે છે. બે ટંક બે બે કલાક વાચના ચાલે છે. સવારમાં **શ્રી દશવૈકાલિક** હારિભદ્રીય ટીકાની વાચના ચાલતી હતી તે પૂર્ણ થએલ છે. તેથી બપોરે ચાલતી **સૂત્રકૃતાંગસૂત્રની** વાચના બંને ટંક ચાલે છે. તે ચતુર્માસ આખરે પૂર્ણ થવા સંભવ છે.

વિ૦ સં૦ ૧૯૭૧ ભાદ્રપદ સુદી ૧૦–૧૧ એ બે દિવસે મળેલી મીટીંગમાં આ સમિતિની રીતસરની વ્યસ્વથા માટે એક જનરલ કમીટી નીમવામાં આવી છે. સેક્રેટરીઓ નીમવામાં આવ્યા છે અને સમિતિને લગતા ધારાધોરણ પસાર કરવામાં આવ્યા છે તેની તમામ હકીકત સદરહુ સમિતિ તરફથી છપાઇને પ્રસિદ્ધ થનાર છે.

કાર્ય અતિ ઉત્તમ છે દરેક રીતે સહાય આપવા લાયક છે. પૂર્વકાળે વર્તતી આગમવાચનાની ઉત્તમશૈલીનું ભાન થાય છે, તે સાથે આગમોની અશુદ્ધપ્રતોને શુદ્ધ કરવાનો અને એક પ્રત શુદ્ધ થયા પછી તેની જેટલી નકલ છપાવવામાં આવે તેના લેનાર બધાને તે લાભ મળવાનો આ શુભ પ્રસંગ છે, ઉત્તમ જીવોએ બંને કાર્યના સંબંધમાં

તન-મન-ધનથી લાભ લેવા લાયક છે. અમારી તે કાર્યપરત્વે અંતઃકરણથી સહાનુભૂતિ છે.

× ×

શ્રી પાલીતાણામાં આ શુભ દિવસે પૂજ્ય આચાર્ય શ્રી આનંદસાગર સૂરિજીના સ્વામિત્વ નીચે આગમવાચનાની શરૂઆત થઈ છે. હાલમાં શરૂઆતમાં શ્રી ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિની વાચના શરૂ કરવામાં આવી છે. આ બે સૂત્રો પૂર્ણ થયા પછી ચોમાસામાં શ્રી ભગવતીસૂત્રની વાચના થશે. જે લગભગ ચોમાસાના અંત સુધી ચાલશે. આ વાચના સવાર-સાંજ બે વખત લગભગ પાંચ કલાક ચાલે છે. આચાર્ય શ્રી સૂત્ર વાંચે છે. અને વાચનામાં ભાગ લેનારાઓ અંદર અંદર તેનું મનન કરી જાય છે. આ વાચનાનો દેખાવ ખાસ જોવા લાયક-આકર્ષણીય છે. વાચનામાં ભાગ લેવા માટે પં૦ મણિવિજયજી વિગેરે ઘણા ગુણી મુનિ-મહારાજાઓ પાલીતાણામાં ચોમાસું રહેવાના છે. પાલીતાણામાં ચોમાસામાં આ વખતે મુનિમહારાજાઓ તથા સાધ્વીજીઓની સારી સંખ્યા થશે તેમ અમારું માનવું છે. આ શુભ પ્રસંગનો લાભ લેવા, વાચ-નામાં ભાગ લેવા અને સુપાત્રદાનનો લ્હાવો લેવા શ્રીમંત જૈનબંધુઓ સારી સંખ્યામાં પાલીતાણે ચાતુર્માસ કરવા આવશે અને આ વાચનાનો લાભ ઘણો લેવાશે એમ અમને લાગે છે.

હાલમાં શ્રી સિદ્ધાચળ તીર્થે અનેક સાધુ સાધ્વીઓ ચતુર્માસ રહેલા છે. શ્રીમાન્ આનંદસાગરસૂરિજી તે સર્વને શ્રી ભગવતીજી અને પ્રજ્ઞાપના આ બંને મહાન સૂત્રોની વાચનાનો અપ્રતિમ લાભ દરરોજ ચાર કલાક આપે છે. સુજ્ઞ મુનિમહારાજા અને કેટલીક સુજ્ઞ સાધ્વીઓ તેનો અવિ-ચ્છિન્ન લાભ લે છે. શ્રાવક-શ્રાવિકાઓ પણ જેઓ આ અપૂર્વ વાચનાનો અને મુનિદાન વિગેરેનો લાભ લેવા ત્યા ચાતુર્માસ રહેલા છે. તેઓ વાચના સાંભળવા બેસે સૂત્રો શ્રવણ કરવાનો જ શ્રાવકવર્ગનો અધિકાર હોવાથી કોઈપણ શ્રાવક-શ્રાવિકા તે સૂત્રોની પ્રતો હાથમાં રાખીને વાંચતા નથી. પરંતુ એકચિત્તે શ્રવણ કરે છે. તેમાં પણ ઓછો લાભ મળતો નથી.

અમે પણ અપૂર્વ લાભ થોડા થોડા દિવસો ત્યાં રહીને તેવી રીતે મેળવ્યા છે. અમને તો આ ચોથા આરાની અથવા પાંચમા આરાના પ્રથમના ભાગની વાનગી જણાય છે. આવો પ્રસંગ સો વર્ષમાં થયેલો સાંભળ્યો નથી અને અમારી દૃષ્ટિએ પણ પડતો નથી. અમે ચતુર્વિધ સંઘને એ અપૂર્વ લાભ લેવા સવિનય પ્રાર્થના કરીએ છીએ.

અમને મળેલા સમાચાર પ્રમાણે પાલીતાણામાં આ પર્વના દિવસો બહુ જ આનંદથી, શાસનની શોભામાં બહુ જ વૃદ્ધિ થાય તેવી રીતે, અનેક જાતની તપસ્યાઓ–પ્રભાવનાઓ સહિત પસાર થયેલા છે. આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ આ ચોમાસાની વાચના પાલીતાણે રાખેલ હોવાથી ઘણા મુનિ મહારાજા અને સાધ્વીજીઓથી આ ક્ષેત્ર નિવાસિત થયેલ છે. વાચનાનું કાર્ય બહુ સુંદર ચાલે છે. વાચનામાં ભગવતીજી અને પન્નવણાજી હાલમાં વંચાય છે. વાચનાનો દેખાવ આકર્ષક, આલ્હાદ ઉપજાવે તેવો, પૂર્વના સમયની સ્મૃતિ કરાવે તેવો છે. અનેક મુનિ મહાત્માઓ એકઠા થઈ ચર્ચા કરે છે. આવી રીતે સાધુ સમુદાયના પ્રસંગથી પર્યુષણ ઉપર શ્રાવક બંધુઓની હાજરી સારી સંખ્યામાં પાલીતાણા ક્ષેત્રમાં થયેલ હતી. ચોમાસું કરવા ઘણાં ગૃહસ્થો આવેલ છે અને પર્યુષણ કરવા પણ ઘણા ગૃહસ્થો આવ્યા હતા. આ શુભ પ્રસંગે પાલીતાણે સોના રૂપાનો રથ આવતા તેના પ્રવેશમહોત્સવમાં ઘોડિયા પારણા તથા સુપનના ઘી વિગેરેમાં બહુ સારી ઉપજ થઈ હતી. શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના ધર્મપત્ની રૂક્ષ્મણીબેન તરફથી કલ્પધરને દિવસે વ્યાખ્યાનમાં રૂપિયાની પ્રભાવના થઈ હતી. અને રૂા. ૧૦૦૧ શ્રી કલ્પસૂત્ર બાબુસાહેબ જીવણલાલજીએ વહોરાવ્યું હતું. તે ઉપરાંત બીજી ઘણી પ્રભાવનાઓ થઈ હતી. તપસ્યા પણ બહુ થઈ હતી. એક ૨૦સાધ્વીજીએ બે માસના ઉપવાસ કર્યા હતા. તદુપરાંત ૧ પાંત્રીશવાળા, એક માસી, ૧૦૫ પંદર અને તે ઉપરના તથા ૧૭૧ અઠાઈ અને તે ઉપરવાળાઓ, તે પ્રમાણે તપસ્યાઓ થઈ હતી. શેઠ પોપટલાલ ધારશીભાઈ જામનગરવાળા કે જેઓ ચોમાસું કરવા રહેલ છે. અને બહુ ઉદારતાથી

ધનવ્યય કરે છે. તેમના તરફથી પારણાને દિવસે સર્વ સાધર્મિકબંધુઓને પારણા કરાવવામાં આવ્યા હતા. અને તપસ્વીઓની યથોચિત ભક્તિ કરવામાં આવી હતી. ધનપ્રાપ્તિનો આ સદ્વ્યય છે. સમયાનુકૂલ ધનવ્યય કરવાની ઇચ્છા દેખાડનાર બંધુઓ પાલીતાણા ક્ષેત્રમાં થએલી ઉદારતા તથા થયેલ ધનવ્યયનાં વૃત્તાંત સાંભળી ચકિત થઈ જાય તેમ છે. સર્વ રસ્તે ધનવ્યય ઉત્તમ છે. ઇચ્છાનુસાર ઉત્તમમાર્ગે ધનવ્યય કરનાર સર્વદા પ્રશંસાપાત્ર થાય છે. ધનવ્યય કરવાનો ઉપદેશ કરનાર પણ પોતાની પાસેનું ધન નહિં ખર્ચ- નાર, મમત્વનો–મૂર્ચ્છાનો ત્યાગ નહિ કરનાર કરતાં ધનવ્યય કરી પ્રાપ્ત સંપત્તિનો લ્હાવો લેનાર ઘણો શ્રેષ્ઠ તથા પ્રશંસાને પાત્ર છે. જેમ ઇચ્છાની વૃદ્ધિ થાય તેવી રીતે સમયાનુસાર ધનવ્યય કરવા દરેક બંધુને અમે સૂચના કરીએ છીએ.

વિક્રમ સંવત્ ૧૯૭૬

## પૂ૦ આગમોદ્ધારકશ્રીદ્વારા વર્ગીકૃત

# આગમિક ૫૩ વિષયો

આગમોની મહત્તા જોયા જાણ્યા પછી એનો વિશિષ્ટ અભ્યાસ કરવા આજે કેટલાયે વિદ્વાનો લલચાય છે. જેમને મન આગમો અને એના આધારે રચાયેલી પ્રૌઢકૃતિઓ એ સર્વસ્વ છે તેઓ આગમોનું અન્યાન્યદૃષ્ટિકોણથી અવલોકન કરે એ સ્વાભાવિક છે. પૂજ્યશ્રીએ આગમિક સાહિત્યને અંગે નીચે મુજબ ત્રેપન બાબતો વિચારી છે-તારવી છે. એટલું જ નહિ પણ તેને અંગે રીતસર લખાણ તૈયાર કર્યું છે. આ ત્રેપન બાબતો નીચે મુજબ છે.

૧ વિષયોનો વિસ્તારથી અનુક્રમ
૨ અધિકારોનો (વિષયોનો) સંક્ષેપથી અનુક્રમ
૩ વિશેષ ઉપયોગી
૪ વિશિષ્ટતાઓ
૫ સાક્ષીભૂત અવતરણોનો અકારાદિક્રમ
૬ વાદો
૭ લક્ષણ અને દૂષણ
૮ વિશેષ નામ
૯ ઇતિહાસ
૧૦ ભૂગોળ
૧૧ જ્યોતિષ
૧૨ તે તે ગ્રન્થકારના સમયના પ્રચલિત મતો
૧૩ વ્યાકરણ
૧૪ છંદોવિચાર
૧૫ અલંકાર
૧૬ ન્યાયો
૧૭ સાક્ષીભૂત ગ્રન્થો
૧૮ ઉપોદ્‌ઘાત અને પ્રશસ્તિઓ
૧૯ આચાર્યોનાં નામો
૨૦ પ્રાચીન મતો
૨૧ મતોનું સમાધાન
૨૨ સૂક્તાવલી (પદ્યાત્મક)
૨૩ રાજકીય
૨૪ પ્રજ્ઞાપ્ય
૨૫ લોકોક્તિ
૨૬ વ્યાખ્યાંતર (અન્ય વ્યાખ્યાનો)
૨૭ ખંડનપક્ષ
૨૮ પાઠાંતર
૨૯ પ્રસ્તાવના (અતિદેશ)

૩૦ સૂત્રાદિનો અકારાદિક્રમ
૩૧ શંકાઓ અને તેનું સમાધાન (પ્રશ્નો અને ઉત્તરો)
૩૨ કઠિન અર્થ (શબ્દાદિના)
૩૩ સુભાષિત વાક્યો (ગદ્યાત્મક)
૩૪ નિક્ષેપોનો સંગ્રહ
૩૫ વાયુ અને વૃષ્ટિ
૩૬ સમાન (અર્થવાચક) શબ્દોના (અર્થાત્ પર્યાયોના) અર્થ
૩૭ ગચ્છો અને પટ્ટાવલી
૩૮ દૃષ્ટાંત
૩૯ સંપ્રદાય
૪૦ વૈદ્યક
૪૧ નય
૪૨ સ્થાપના (સંસ્થાનાદિની)
૪૩ વિધિ
૪૪ એકાર્થિક શબ્દો
૪૫ અલ્પબહુત્વ
૪૬ અનુમાન
૪૭ સંકલના
૪૮ પ્રત્યેક બુદ્ધોનાં નામ
૪૯ વિસંવાદ
૫૦ સંગ્રહ શ્લોક
૫૧ સ્થલનિર્દેશ
૫૨ સામુદ્રિક
૫૩ નિસીહના ભાસની ગાથાઓનો આદ્યપદ તેમજ એના અધિકારોનો અનુક્રમ

આ ઉપરાંત વ્યાખ્યાતાએ આગમકોશની રચના કરી છે. આગમોમાં વપરાયેલા શબ્દો અને ટીકાકારોએ એના કરેલા અર્થો અહીં અપાયા છે. આ વિષયને લગતા 'અલ્પપરિચિત સિદ્ધાંતિક શબ્દકોશ' ગ્રંથના ત્રણ ભાગ છપાઈ ગયા છે. અને ચોથા ભાગનું છાપકામ ચાલુ છે.

❀

## આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે કરેલી

# આગમિક સંપાદિત કૃતિઓ

| અંગાનિ | સંવત્ | | સંવત્ |
|---|---|---|---|
| આચારાંગ ચૂર્ણિ | ૧૯૯૮ | પ્રજ્ઞાપના સટીક (મલય૦) | ૧૯૭૪ |
| આચારાંગ સટીક | ૧૯૭૨ | પ્રજ્ઞાપના સટીક (હારિ૦) | ૨૦૦૩ |
| સૂત્રકૃતાંગ ચૂર્ણિ | ૧૯૯૮ | સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક | ૧૯૭૬ |
| સૂત્રકૃતાંગ સટીક | ૧૯૭૩ | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સટીક | ૧૯૭૬ |
| સ્થાનાંગ સટીક | ૧૯૭૫ | ઉપાંગપ્રકીર્ણક વિષયાનુક્રમાદિ | ૨૦૦૫ |
| સમવાયાંગ સટીક | ૧૯૭૪ | **છેદ** | |
| ભગવતી સટીક (અભય૦) | ૧૯૭૪ | | |
| ભગવતી ટીકા (દાનશેખર) | ૧૯૯૨ | કલ્પસૂત્ર (બારસા) | ૧૯૭૦ |
| જ્ઞાતાધર્મકથા | ૧૯૭૫ | કલ્પસૂત્ર સુખબોધિકા | ૧૯૬૭ |
| ઉપાસક સટીક | ૧૯૭૬ | કલ્પકૌમુદી | ૧૯૯૨ |
| અંતગડ-અનુત્તર-વિપાક સટીક | ૧૯૭૬ | કલ્પસૂત્ર સુખબોધિકા | ૧૯૯૫ |
| પ્રશ્નવ્યાકરણ સટીક | ૧૯૭૫ | કલ્પસમર્થન | ૧૯૯૪ |
| અંગ અકારાદિ | ૧૯૯૩ | | |

| ઉપાંગાનિ | | પયન્ના | |
|---|---|---|---|
| | | તંદુલવૈચારિક સટીક<br>ચતુઃશરણ સાવચૂરિક | ૧૯૭૮ |
| ઔપપાતિક સટીક | ૧૯૭૨ | ચતુઃશરણાદિ મરણ-<br>સમાધ્યન્ત પ્રકીર્ણદશક | ૧૯૮૩ |
| રાજપ્રશ્નીય સટીક | ૧૯૮૧ | | |
| જીવાજીવાભિગમ સટીક | ૧૯૭૫ | ગચ્છાચાર પ્રકીર્ણ સટીક | ૧૯૮૦ |

| મૂલસૂત્રાણિ | સંવત | | સંવત |
|---|---|---|---|
| આવશ્યક સટીક (હારિ) | ૧૯૭૨ | ઉત્તરાધ્યયન સટીક | ૧૯૭૨ |
| આવશ્યક સટીક (મલય૦) | ૧૯૮૪ | નંદીસૂત્ર ચૂર્ણિ | ૧૯૮૪ |
| આવશ્યક ચૂર્ણિ | ૧૯૮૪ | નંદીસૂત્ર વૃત્તિ (હારિ) | ૧૯૮૪ |
| ષડાવશ્યક સૂત્રાણિ | ૧૯૯૨ | નંદીસૂત્ર સટીક | ૧૯૮૦ |
| પાક્ષિક સૂત્ર | ૧૯૬૭ | અનુયોગદ્વારચૂર્ણિ | ૧૯૮૪ |
| વિશેષાવશ્યક (કે.આ) | ૧૯૯૩ | અનુયોગદ્વારવૃત્તિ(હારિ૦) | ૧૯૮૪ |
| ઓઘનિર્યુક્તિ સટીક | ૧૯૭૫ | અનુયોગદ્વાર સટીક | ૧૯૭૨ |
| દશવૈકાલિક ચૂર્ણિ | ૧૯૮૯ | નંદ્યાદ્યકારાદિ | ૧૯૮૪ |
| દશવૈકાલિક સટીક | ૧૯૭૪ | આગમીય સુક્તાવલ્યાદિ | ૨૦૦૫ |
| પિંડનિર્યુક્તિ સટીક | ૧૯૭૪ | | |
| ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ૧૯૮૯ | | |

**આગમરત્ન મંજૂષા** (૪૫ આગમો મૂળનિર્યુક્તિ સાથે) ૧૯૯૯

# પૂજ્યશ્રીની અપૂર્વભાવના

પૂ૦ ધ્યાનસ્થ ગુરૂદેવશ્રીની ભાવના આગમોમાં આવતી પૂ૦ મહાપુરૂષોની વાર્તાઓને આરસમાં ભાવવાહી ચિત્રો ચીતરાવીને ભવ્ય અને કલાયુક્ત સચિત્ર આગમમંદિર બંધાવવાની ભાવનાથી આગમોમાંથી વાર્તાઓની નોંધ સુરતમાં શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના–ઉપાશ્રયે) કરાવતા હતા. પણ તે નોંધ અધૂરી રહી અને પૂ૦ આગમોદ્ધારક આચાર્ય-દેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ તેજ ઉપાશ્રયમાં ૧૫ દિવસ અર્ધપદ્માસને મૌનપણું અંગીકાર કરીને વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ વદ ૫ શનિવારે અમૃત ચોઘડીયે ક. ૪ મી. ૩૨ ના નિર્વાણ પામ્યા.

તે થયેલ નોંધ ઉપરથી પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજના અનન્ય–પટ્ટધર પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં તૈયાર થએલ ૪૨ ભવ્ય ચિત્રો પાલીતાણા આગમમંદિર નજીક બંધાએલ 'સ્વાધ્યાય હોલ' માં પધરાવવામાં આવેલ છે. તેને અંગે આમાં આપેલ આગમોદ્ધારક કૃત આગમચિત્રરત્નાવલીની પ્રશસ્તિ વાંચો.

## આગમોદ્ધારકકૃત આગમ–ચિત્રરત્નાવલી

## ( પ્રશસ્તિ )

પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે ચિત્રમય આગમમંદિર બનાવવાના આશયથી સં. ૨૦૦૫ માં પોતાની છેલ્લી અવસ્થામાં પૂ૦ મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ પાસે આગમોમાં ઉલ્લેખિત વાર્તાઓની નોંધ કરાવતા ૬૪ ચિત્રોની નોંધ થયા બાદ અજ્ઞાત્ કારણસર તે અધૂરી રહી.

(આ નોંધ ઉત્તરાધ્યયન સૂત્ર અવચૂરિ દે–લા–પુ–ફંડ માં છપાએલ છે) આ નોંધમાંથી યોગ્ય સુધારા વધારા સાથે તેઓશ્રીના અનન્ય–

પટ્ટધર ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં તૈયાર કરી સં૦ ૨૦૨૬ ના મહા વદ-૫ ને ગુરૂવારે મૂકવામાં આવ્યા છે.

પાલીતાણા તા. ૨૬-૨-૭૦

—સંયોજક-નિર્દેશક—

પૂ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીના
લઘુશિષ્ય પુણ્યોદયસાગર

## આગમોદ્ધારકકૃત આગમ-ચિત્રરત્નાવલી

### ( ચિત્ર-પરિચય )

(૧) (૧ લો ભવ) નયસાર મુખી જંગલમાં લાકડા કપાવરાવે છે.

ભોજન સમયે અતિથિને શોધતાં તેની નજરમાં બે સાધુ આવ્યા. સાધુઓને ગોચરી વહોરાવે છે. રસ્તો બતાવવા જાય છે. સાધુનો ઉપદેશ સમ્યક્ત્વપ્રાપ્તિ, દેવલોકગમન, (ભવ બીજો) (શ્રી આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૨) ધનાસાર્થવાહ ઢંઢેરો પીટાવે છે. સાર્થની સાથે ધર્મઘોષસૂરિ સપરિવાર જાય છે. ચોમાસું આવવાથી જંગલમાં સાર્થ રોકાઈ જાય છે.

સાધુઓના આહાર, ધનાસાર્થવાહની વિચારણા, સવારે ઘી વહોરાવે છે.

ભવ ૮ માં વૈદ્યનો પુત્ર ચાર મિત્રો સાથે રોગીષ્ઠ મુનિને જુએ છે.

પાંચેની અચ્યુત દેવલોકમાં ઉત્પત્તિ. (શ્રીઆવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ.)

(૩) વજ્રસેન રાજા (તીર્થંકર) ને ત્યાં પાંચે મિત્રોનો જન્મ, તેમના નામ-વજ્રનાભ-બાહુ-સુબાહુ-પીઠ-મહાપીઠ. તીર્થંકર પિતા પાસે

પાંચની દીક્ષા, વજ્રનાભ આચાર્ય, વૈયાવચ્ચ કરતા બાહુ–સુબાહુની પ્રશંસા કરવાથી પીઠ–મહાપીઠને થએલી ઈર્ષ્યા, વજ્રનાભની વિંશતિસ્થાનક તપની આરાધના, તીર્થંકર નામકર્મનું નિકાચિત કરવું.

નાભિરાજાને ત્યાં મરૂદેવીમાતાની કુક્ષીમાં સર્વાર્થસિદ્ધવિમાનથી પ્રભુના જીવનું ચ્યવન, ચૌદ સ્વપ્ન, ૫૬ દિક્કુમારીકાઓદ્વારા જન્મમહોત્સવ સૌધર્મેન્દ્ર પ્રભુને મેરૂ પર્વત ઉપર લઈ જાય છે. પ્રભુનો જન્માભિષેક. (આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૪) ઈક્ષ્વાકુ વંશની સ્થાપના, પ્રભુના વંશની સ્થાપના અર્થે શેરડી લઇને ઇંદ્રનું આગમન, ઈંદ્રે કરેલો પ્રભુનો રાજ્યાભિષેક, યુગલિકો પ્રભુના ચરણમાં જલ રેડે છે.

પ્રભુદ્વારા ચાર કુલની સ્થાપના, પ્રભુદ્વારા કુંભકાર શિલ્પાદિ કળાઓની ઉત્પત્તિ, પ્રભુનું સાંવત્સરિક દાન તથા દીક્ષા, કચ્છ મહાકચ્છ વિગેરેનું તાપસ થઇ જવું અને નમિ–વિનમિનું જોવું.

(૫) ઋષભદેવ પ્રભુ હસ્તિનાગપુરમાં ગોચરી અર્થે ફરી રહ્યા છે.

શ્રેયાંસકુમાર ઈક્ષુરસથી પ્રભુને પારણું કરાવે છે.

તક્ષશિલા નગરીની બહાર રાત્રિ નિર્ગમન કરે છે,

સવાર થતાં પ્રભુ વિહાર કરી જાય છે.

ઉત્સાહથી ચતુરંગી સેના સાથે પ્રભુને વંદન કરવા આવેલા બાહુબલી પ્રભુને ન જોતાં ઉદાસ બને છે. આખરે ધૂળમાં પડેલાં પગલાંને વંદન કરે છે. પગલાંની આશાતના ન થાય તે માટે ધર્મચક્ર. નમિ-વિનમિ રક્ષા કરે છે.

(૬) મરૂદેવી માતા, ભરત રાજા.

પ્રયાગ (અલ્હાબાદ)માં કેવલજ્ઞાન થયા બાદ સમવસરણમાં બીરાજમાન, શ્રી ઋષભદેવ પ્રભુ, સમવસરણ.

(૭) અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તિ સિંહનિષદ્યા નામનો જિનપ્રાસાદ બંધાવે છે. મરિચિ ત્રિદંડી, કપીલ રાજકુમારને 'અહીં પણ ધર્મ છે, અને ત્યાં પણ છે.' આવું ઉત્સૂત્રમિશ્ર કથન કરે છે.

(આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૮) વિશ્વભૂતિકુમાર મુઠ્ઠી મારી ઝાડના ફળો પાડી નાખે છે.

વિશ્વભૂતિ અણુગારનું મથુરામાં ગાયના ધક્કાથી પડી જવું.

ગુસ્સાથી ગાયને ઉંચકી આકાશમાં ફેરવવી. નિયાણું કરવું

ત્રિપૃષ્ઠ વાસુદેવ ચક્રરત્નથી અશ્વગ્રીવનો વધ કરે છે.

પશ્ચિમમહાવિદેહમાં મુકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ.

નંદન મુનિના ભવમાં '૧૧૮૦૬૪૫' માસખમણ કર્યાં. તીર્થંકર નામકર્મ. નિકાચિત કર્યું. પ્રાણત દેવલોકમાં ઉત્પત્તિ. (ભવ ૨૫–૨૬).

(આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૯) દેવાનંદા બ્રાહ્મણી, ચૌદ સ્વપ્ન જોવાં. નમુત્થુણં (શક્રસ્તવ) દ્વારા પ્રભુની સ્તુતિ કરતાં ઈંદ્ર, વિચારમગ્ન ઈંદ્ર, ઈંદ્રનો હરિણૈગમેષી દેવને આદેશ, હરિણૈગમેષી દેવનું દેવાનંદા પાસે આગમન, ગર્ભસ્થપ્રભુ લઈને દેવનું ગમન, ત્રિશલા રાણી (માતા) પાસે આગમન.

(આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૦) ત્રિસલા માતા ચૌદ સ્વપ્ન જુએ છે.

(આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૧) ઈંદ્ર પાંચ રૂપ કરીને પ્રભુને મેરૂપર્વત ઉપર લઈ જાય છે. પ્રભુનો જન્માભિષેક.

(આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૨) આમલકી ક્રીડા. સર્પનું રૂપ લઈને આવેલ દેવને વર્ધમાનકુમાર પકડીને ફેંકી દે છે. પોતાના ખભે બેઠેલા પ્રભુને ગભરાવવા માટે તાડ જેવડા થએલ દેવને વર્ધમાનકુમાર એક મુઠ્ઠી મારે છે.

ભણુવા બેસાડેલ પ્રભુ સમક્ષ બ્રાહ્મણુના વેષમાં ઈંદ્ર આવે છે. અને પંડિતના મનની શંકાઓ દૂર કરે છે. (જૈનેન્દ્રવ્યાકરણ). પ્રભુનું વર્ષીદાન, પ્રભુની દીક્ષાનો વરઘોડો, પ્રભુની દીક્ષા.

(આવશ્યક સૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૩) પહેલો ઉપસર્ગ–ગોવાળીઓ પ્રભુને મારવા દોડે છે. શૂલપાણિના મંદિરમાં શૂલપાણિના ઉપસર્ગ બાદ પ્રભુને નિદ્રા આવે છે. તે દરમ્યાન પ્રભુને દશ સ્વપ્ન આવે છે.

મલ્લિનાથ પ્રભુને ચૈત્ય પાસે કાઉસગ્ગમાં રહેલાં પ્રભુની સેવા કરવાનું ઈશાનેન્દ્ર શ્રાવકને જણાવે છે.

ગોશાલા ઉપર વૈશાયન તાપસ તેજો લેશ્યા મૂકે છે. પ્રભુ શીતલેશ્યા મૂકી તેનું નિવારણ કરે છે. આનંદ નામનો અવધિજ્ઞાની શ્રાવક પ્રભુને વંદન કરે છે. (વાણિજ્યગ્રામમાં.) (આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૪) સંગમદેવે વીરપ્રભુને એકરાતમાં કરેલાં વીસ ઉપસર્ગો

(આવશ્યકસૂત્ર હારિભદ્રીય વૃત્તિ)

(૧૫) અભિગ્રહ પૂર્ણ ન થવાથી ૧૭૬ મા ઉપવાસિત પ્રભુનો અભિગ્રહ ચંદનબાલા દ્વારા પૂર્ણ થાય છે. ઋજુવાલિકા નદીને કાંઠે પ્રભુને કેવલજ્ઞાન, ગણધર સ્થાપના. (આવશ્યકસૂત્ર હારિભદ્રીયવૃત્તિ)

(૧૬) ઘેટાને સારૂં ખાવાનું અપાતું જોઈ વાછરડું ગાયને ફરીયાદ કરે છે. કસાઈ ઘેટાની કતલ કરે છે.

બીમાર રાજાને કેરી ન ખાવાની સલાહ. રાજાની આજ્ઞાથી બધા ઝાડો કાપી નાંખવામાં આવે છે. રાજાનું કેરી ખાવાથી મૃત્યુ......
ઉત્તરાધ્યયનસૂત્ર......

(૧૭) નમિરાજાને દાહજ્વર, માંદગીમાં ચંદન ઘસતી રાણીના હાથમાંના કંકણુના અવાજથી પીડિત રાજા.

કરકંડુ રાજા પુષ્ટ બળદને જુએ છે. કરકંડુ રાજાને તેજ બળદ વૃદ્ધાવસ્થામાં નિર્બળ અને બીજાથી પીડાતો જોઇ વૈરાગ્ય પ્રાપ્તિ. દીક્ષા અંગીકાર.

નગ્ગતિ રાજા ફરવા જતાં એક ફળ તોડે છે. પાછળના બધા કંઈને કંઇક તોડે છે. પાછા ફરતાં રાજા તે પાંદડા વગરનું જોઇ વૈરાગ્યની પ્રાપ્તિ, દીક્ષા અંગીકાર.

દ્વિમુખરાજા ઇંદ્રધ્વજ શોભારહિત જોઈને વૈરાગ્ય પ્રાપ્તિ, દીક્ષા અંગીકાર. (ઉત્તરાધ્યયનસૂત્ર)

(૧૮) કપિલ બ્રાહ્મણનો વિદ્યાભ્યાસ, શેઠના ઘેર ભોજન કરવું. શેઠની દાસી પ્રત્યે અનુરાગ, દાસીની પ્રેરણાથી બે માસા સુવર્ણની રાજા પાસે યાચના કરવા જાય છે. રાત્રિના માર્ગમાં નગરરક્ષકો એને પકડે છે. દરબારમાં રાજા સમક્ષ હાજર કરવામાં આવે છે. ઉદ્યાનમાં વિચારણા કરતાં વૈરાગ્યપ્રાપ્તિ અને દીક્ષાસ્વીકાર, ડાકુઓને પ્રતિબોધ, નિર્વાણપ્રાપ્તિ. (ઉત્તરાધ્યયનસૂત્ર પાઇયટીકા વાદીવેતાલશાંતિસૂરિકૃત)

(૧૯) આર્દ્રદેશનો રાજા શ્રેણીકરાજાને ભેટણું મોકલે છે.

મંત્રી અભયકુમાર આર્દ્રકુમારને ભેટણામાં જિનપ્રતિમા મોકલાવે છે.

ભેટણું લઈ આર્દ્રદેશ તરફ પાછા ફરે છે. રાજાના દરબારમાં શ્રેણિકરાજાએ મોકલાવેલ ભેટો મૂકે છે. એકાંતમાં આર્દ્રકુમાર પેટી ખોલે છે. આર્દ્રકુમાર દેશ છોડી ભાગી છૂટે છે.

(સૂયગડાંગસૂત્ર શીલાંકાચાર્યકૃતટીકા)

(૨૦) આર્દ્રમુનિ, આર્દ્રમુનિને શ્રીમતી થાંભલો સમજી બાઝી પડે છે. બાર વર્ષ સંસારમાં રહેલા આર્દ્રકુમાર, પતિ દીક્ષા લેશે એમ જાણી શ્રીમતી સુતર કાંતે છે. પુત્ર આર્દ્રકુમારને આંટીથી બાંધે છે. કુલ બાર આંટા થાય છે. ફરીથી દીક્ષા–અંગીકાર.

(સૂયગડાંગસૂત્ર શીલાંકાચાર્યકૃતટીકા)

(૨૧) આર્દ્રકમુનિ ગોશાલા સાથે ચર્ચા કરે છે. બૌદ્ધો સાથે ચર્ચા બ્રાહ્મણો સાથે ચર્ચા. હસ્તી તાપસો સાથે ચર્ચા, ૫૦૦ ચોરોને પ્રતિબોધ ૫૦૦ ચોર, હસ્તી તાપસો તથા હસ્તી. વિગેરે વીરપરમાત્મા પાસે.

(સૂયગડાંગસૂત્ર આર્દ્રકઅધ્યયન)

(૨૨) સ્કંદક તાપસને પ્રશ્ન પૂછતા મુનિ પિંગલક, સ્કંદક તાપસ સ્થવિરો પાસે, શંકાનું સમાધાન કરવા વીર પ્રભુ પાસે આવતા સ્કંદકને સામે લેવા ગએલ ગૌતમસ્વામી, પ્રભુને પોતાની શંકા પૂછતા સ્કંદક તાપસ સ્કંદક મુનિની તપશ્ચર્યા પ્રતિમાવહન વિગેરે, દેવલોકગમન.

(ભગવતીસૂત્ર, શ૦ ૧ ઉ૦ ૧. અભયદેવીયાવૃત્તિ.)

(૨૩) ગૃહસ્થ અવસ્થા તામલી નામનો ગૃહસ્થ, તાપસ અવસ્થામાં તામલી તાપસ. તામલિ તાપસ (ધ્યાનસ્થ) આગળ અસુરકુમાર દેવ દેવીઓ નૃત્ય કરે છે. નિયાણું કરવા જણાવે છે. ફૂલની શય્યા, સૂતેલ દેવ, તાપસની ઈશાનેન્દ્ર તરીકે ઉત્પત્તિ, અસુરકુમાર દેવો તાપસના નિર્જીવ શરીરને ધસડીને ઈશાનેન્દ્રના વિમાન પાસે લઈ જાય છે. શરીરને ધસડતા દેવો. ઈશાન દેવલોકના વિમાન.

( ભગવતીસૂત્ર, અભયદેવીયાવૃત્તિ )

(૨૪) રાજસભામાં ઈશાનેન્દ્ર બેઠેલા છે. સમવસરણમાં ઈશાનેન્દ્ર આવે છે. બીજા ગઢમાં વિમાન. સમવસરણમાં હાથ જોડીને ઉભેલા ઈશાનેન્દ્ર બે ભૂજામાંથી નીકળતા દેવ–દેવી સમવસરણમાં વીર પ્રભુને પ્રશ્ન પૂછતા ગૌતમસ્વામી (ભગવતીસૂત્ર શ૦ ૩. ઉ૦ ૧.)

(૨૫) ઈશાનેન્દ્ર સન્મુખ ઇશાન દેવલોકના દેવો આ બાબતની જાણ કરે છે રાજ્યસભા ઈશાનેન્દ્ર–દેવો. ઈશાનેન્દ્ર ક્રોધિત, બલી ચંચા નગરી લાલ તપ્ત રેતીના અંગારા, ક્રોધિત ઈશાનેન્દ્ર, બલી ચંચા નગરીને ત્રાસ, ત્રાસિત અસુરકુમાર દેવો ઇશાનેન્દ્રની ક્ષમા માગે છે મહાવિદેહમાં મોક્ષ મોક્ષ. અવસ્થા (ભગવતીસૂત્ર શ૦ ૩. ઉ૦ ૨.)

(૨૬) (ચમરોત્પાત) પ્રભુને પ્રશ્ન પૂછતા ગૌતમસ્વામી.

અનશન સ્વીકારેલ પૂરણ તાપસ. (ચમરેન્દ્રનો પૂર્વભવ)

તાપસની ચમરેન્દ્ર તરીકે ઉત્પત્તિ અવધિજ્ઞાનથી ચમરેન્દ્ર પોતાની ઉપર સૌધર્મેન્દ્રને બેઠેલા જુએ છે. પોતાના સામાનિકદેવોને બોલાવી સૌધર્મેન્દ્ર વિષે પૂછે છે. (ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૩. ઉ૦ ૨.)

(૨૭) ઇંદ્રસભા દેવ ઉભા છે. ક્રોધાયમાન ચમરેન્દ્ર (આકાશમાં) ઉડેલો ચમરેન્દ્ર, ઉંચે જઈ રહેલ ચમરેન્દ્ર, પ્રભુનું શરણુ સ્વીકારતો ચમરેન્દ્ર. (ભગવતીસૂત્ર. શ૦ ૨. ઉ૦ ૩.)

(૨૮) પગ અફાળતો ચમરેન્દ્ર (આકાશમાં) અવાજ કરતો ચમરેન્દ્ર વાણુવ્યંતરદેવોને ત્રાસ આપતો ચમરેન્દ્ર. ભાગતા દેવો. (વિમાન વગરના) જ્યોતિષી દેવોને ત્રાસ આપતો ચમરેન્દ્ર. ભાગતા દેવો (વિમાનવાળા) સૌધર્મકલ્પ (ભગવતી સૂત્ર. શ૦ ૨. ઉ૦ ૩.)

(૨૯) સુધર્માવતંસક વિમાન (સૌધર્મ દેવલોકનું મુખ્ય વિમાન.) સુધર્મસભા, ચમરેન્દ્ર એક પગ તેની ઉપર અને એક પગ કમળની વેદી પર મૂકે છે. ચમરેન્દ્ર ભયભીત થઈ ઊંધે માથે ભાગે છે. સૌધર્મેન્દ્ર હાથમાં ચમરેન્દ્ર સામે છોડવા માટે વજ્ર ગ્રહણુ કરે છે. ઈન્દ્ર વજ્ર છોડે છે. (ભગવતીસૂત્ર. (અભયદેવીયાવૃત્તિ) શ૦ ૩. ઉ૦ ૨.)

(૩૦) પ્રભુના ચરણુ પાસે ચમરેન્દ્ર. આકાશથી આવી રહેલ સૌધર્મેન્દ્ર. સૌધર્મેન્દ્ર વિચાર કરે છે. ચમરેન્દ્ર કેવી રીતે આવ્યો ?

વજ્રને પકડવા સૌધર્મેન્દ્ર તરત પાછળ દોડે છે. પ્રભુના ચરણુથી ચાર આંગળ દૂર વજ્ર તે પકડે છે. પ્રભુના બે પગની વચમાં ચમરેન્દ્ર. (ભગવતીસૂત્ર. શ૦ ૩. ઉ૦ ૨)

(૩૧) ભગવાનની સૌધર્મેન્દ્ર પ્રદક્ષિણા કરે છે. પ્રભુ પાસે પોતાના અપરાધની સૌધર્મેન્દ્ર ક્ષમા માગે છે. સૌધર્મેન્દ્ર આકાશમાં પાછા જતાં, ભગવાનના પગમાં ચમરેન્દ્ર. (ભગવતીસૂત્ર. શ૦ ૩. ઉ૦ ૨.)

(૩૨) બાળકો પાણીમાં કાગળની નાવ તરાવે છે, આ જોઈ અઈમુત્તા મુનિ (૬$\frac{3}{4}$ વર્ષે દીક્ષિત) પણ પોતાનું પાતરું તરાવવા મૂકે છે. સાધુઓ વીરપ્રભુની સમક્ષ વાત જણાવે છે. પ્રભુ તે ચરમશરીરી છે. માટે તેની સેવા કરવા જણાવે છે.

(ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૫. ઉ૦ ૪)

(૩૩) કૂણિકરાજા (અજાતશત્રુ) રાણી પદ્માવતી, દિવ્યહાર કુંડલ ધારણ કરેલા સેચનક હસ્તિ ઉપર બેઠેલા હલ્લ-વિહલ્લને જુએ છે.

ચેડા મહારાજા પોતાના દૌહિત્રો હલ્લ-વિહલ્લ તથા નવ મલ્લિ નવ લચ્છી રાજાઓ સાથે વૈશાલીની રાજસભામાં બેઠેલા છે.

કૂણિકની અઠ્ઠમતપની આરાધનાથી પ્રસન્ન થએલ તેના બે મિત્ર ચમેરેન્દ્ર અને સૌધર્મેન્દ્ર. કૂણિકને ચેડા મહારાજાની લડાઈમાં વરૂણ શ્રાવક (વૈશાલી વતી) લડવા જાય છે. તે ઘાયલ થતાં અંતિમ સંલેખના સ્વીકારે છે. (ભગવતીસૂત્ર. શ૦ ૭. ઉ૦ ૭.)

(૩૪) ક્ષત્રિયકુંડ ગ્રામ તરફ વિહાર કરતાં વીરપરમાત્મા. પ્રભુની વાણીથી વૈરાગ્ય પામેલ જમાલીકુમાર માતાપિતા પાસે દીક્ષાની અનુમતિ માગે છે. જમાલીકુમારનો દીક્ષાનો વરઘોડો, જમાલી મુનિ ૫૦૦ શિષ્યો સાથે વિહાર કરવાની પ્રભુ પાસે રજા માગે છે. પ્રભુ મૌન રહે છે. ગ્લાન જમાલી શિષ્યને-સંથારો થઈ ગયો ? તેમ પૂછે છે. અનાલોચિત પાપકર્મ, ઉત્સૂત્રભાષી જમાલીનું દેવલોક ગમન.

(ભગવતીસૂત્ર. શ૦ ૯. ઉ૦ ૩૩. અભયદેવીયાવૃત્તિ)

(૩૫) હસ્તિનાગપુર નામનું નગર છે. ત્યાં શિવ નામના રાજા છે. તેની રાણી ધારણી છે. યુવરાજનું નામ શિવભદ્રકુમાર છે. અને સહસ્રામ્રવન નામનું ઉદ્યાન છે. (ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૧૧. ઉ૦ ૪.)

(૩૬) રાજ્યાભિષેક માટે નગરી શણગારાય છે. રાજા મંત્રી વિગેરેને કુમારના રાજ્યાભિષેકની તૈયારી કરવાને આદેશ કરે છે.

મધ્યરાત્રિએ શિવરાજા રાજ્ય છોડી ગંગા કિનારે વસતા વાનપ્રસ્થ તાપસ થવાનો નિર્ણય કરે છે.

(ભગવતીસૂત્ર અભયદેવીયા વૃત્તિ) શ૦ ૧૧. ઉ૦ ૯.)

(૩૭) પુરોહિત વિગેરે કળશથી યુવરાજનો અભિષેક કરે છે. રાજદરબાર, યુવરાજ રાજસિંહાસન પર બેસે છે. રાજા બાજુમાં બેસે છે. ભોજન સમારંભ, રાજા મંત્રી વિગેરે ભોજન માટે આમંત્રે છે. ગંગાકિનારે શિવરાજા તાપસ અવસ્થામાં જીવન વિતાવે છે. શિવરાજર્ષિને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે દ્વારા તેને સાત દ્વીપ–સમુદ્ર દેખાય છે. (ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૧૧. ઉ૦ ૯)

શિવરાજર્ષિ પોતાની નગરીમાં આવે છે. અને સાત જ દ્વીપ–સમુદ્રો છે. બાકીના નાશ પામ્યા છે આવી વિપરીત પ્રરૂપણા કરે છે. વિચરતા મહાવીર–પરમાત્મા નગરીના સહસ્રાગ્રવનમાં સમવસરે છે. રસ્તામાં લોકો સાત દ્વીપ-સમુદ્રો છે. એવી વાતો કરે છે. તે ગૌતમસ્વામી સાંભળે છે. કેટલા દ્વીપ–સમુદ્રો છે? એ પ્રશ્ન ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે. અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. આવા પ્રભુના જવાબની વાતો કરતાં નગરજનો, આ વાતો સાંભળી શંકિત થએલ શિવરાજર્ષિ પ્રભુ પાસે જવા સામાન લેવા મઠમાં પ્રવેશ કરે છે.

(ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૧૧. ઉ૦ ૯.)

(૩૯) નગરની વચમાં પ્રભુ પાસે જતાં શિવરાજર્ષિ (તાપસ) દેવછંદામાં પ્રભુ પાસે ઉપદેશ શ્રવણ કરતાં શિવરાજર્ષિ (તાપસ) શિવરાજર્ષિ સ્વયં લોચ કરે છે. સ્થવિરો પાસે શિવરાજર્ષિ અભ્યાસ કરે છે.

(ભગવતીસૂત્ર અભયદેવીયાવૃત્તિ શ૦ ૧૧. ઉ૦ ૯.)

(૪૦) શિવરાજર્ષિનું મોક્ષગમન દ્વીપ–સમુદ્રો.

(ભગવતી સૂત્ર અભયદેવીયા વૃત્તિ શ૦ ૧૧. ઉ૦ ૯)

(૪૧) કૌશાંબી નગરીના ચંદ્રાવતરણુ ચૈત્યમાં સમવસરેલા વીર-પરમાત્માને વંદન કરવા ઉદાયન મહારાજા ચતુરંગી સેના સાથે જાય છે.

(૪૨) શ્રમણુ ભગવાન્ મહાવીરને જયંતી શ્રાવિકા (ચેડા મહારાજની ભત્રીજી) પ્રશ્ન પૂછે છે. જયંતી શ્રાવિકા દીક્ષા અંગીકાર કરે છે. કેવળ-જ્ઞાન પામી મોક્ષે જાય છે.

(૪૨) ભગવાન્ પાસે પાંચ જણુ દીક્ષા અંગીકાર કરે છે.

ઋષિ તપસ્યા કરે છે. ઋષિને રાજા વંદન કરે છે. ઋષિ નાચે છે.

દેવો ત્રણુ ચિતા રચે છે.

❀

(અ) પૂજ્યશ્રીની પતિતપાવનનિશ્રામાં સૂત્રના પઠનપાઠનની શાસ્ત્રીય-યોગ્યતાની પ્રાપ્તિ માટે કરાવેલા ઉપધાન-તપો.

| ગામ | સંવત | ગામ | સંવત |
|---|---|---|---|
| ૧. ચેવલા | ૧૯૬૫ | ૮. મુંબઇ | ૧૯૮૮ |
| ૨. સુરત | ૧૯૬૬ | ૯. સુરત | ૧૯૮૯ |
| ૩. સુરત | ૧૯૭૫ | ૧૦. પાલીતાણા | ૧૯૯૧ |
| ૪. સિદ્ધગિરિજી | ૧૯૭૬ | ૧૧. પાલીતાણા | ૧૯૯૪ |
| ૫. રતલામ | ૧૯૭૮ | ૧૨. પાલીતાણા | ૧૯૯૬ |
| ૬. રતલામ | ૧૯૭૯ | ૧૩. પાલીતાણા | ૧૯૯૭ |
| ૭. સાદડી | ૧૯૮૨ | ૧૪. પાલીતાણા | ૧૯૯૮ |

(આ) પૂજ્યશ્રીના ઉપદેશથી વિશિષ્ટ સંસ્થાઓ, જ્ઞાન-મંદિરો, ઉપાશ્રય આદિની સ્થાપનાઓ.

વિ૦ સં૦ ૧૯૬૪ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સુરત

વિ૦ સં૦ ૧૯૬૮ શ્રી જૈનતત્વ બોધ પાઠશાળાની સ્થાપના સુરત

| | | |
|---|---|---|
| વિ૦ સં૦ ૧૯૭૫ | શ્રી જૈનાનંદ પુસ્તકાલય | સુરત |
| વિ૦ સં૦ ૧૯૭૧ | શ્રી આગમોદય સમિતિ | ભોયણી |
| વિ૦ સં૦ ૧૯૭૭ | શ્રી ઋષભદેવ કેશરીમલજીની પેઢી | રતલામ |
| વિ૦ સં૦ ૧૯૮૦ | શ્રી જૈન તપગચ્છ ઉપાશ્રય | કલકત્તા |
| વિ૦ સં૦ ૧૯૮૦ | શ્રી વિનય મણી જીવન જ્ઞાનમંદિર | કલકત્તા |
| વિ૦ સં૦ ૧૯૮૧ | શ્રી હિંદી જૈન સાહિત્ય પ્રચારક ફંડ | અજિમગંજ |
| વિ૦ સં૦ ૧૯૮૩ | શ્રી જૈનામૃતસમિતિ | ઉદયપુર |
| વિ૦ સં૦ ૧૯૮૪ | શ્રી નવપદ આરાધક સમાજ | અમદાવાદ |
| વિ૦ સં૦ ૧૯૮૫ | શ્રી વર્ધમાન તપ આયંબિલ ભવન | જામનગર |
| વિ૦ સં૦ ૧૯૮૬ | શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ | સુરત |
| વિ૦ સં૦ ૧૯૮૮ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ | મુંબાઈ |

## પરિશિષ્ટ-૪

**णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स**

# સુરત આગમ-મંદિર

શ્રીઆગમ-મંદિર તથા ગુરુ-મંદિરમાં ચીતરેલા તથા કોતરેલા પટોની માહિતી માટે જૈનો તથા જૈનેતરો ઉત્સુક રહે છે. તેથી તે પટોનું વર્ણન આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય ધ્યાનસ્થ ગુરુદેવશ્રી **આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ** પોતાનું આખું જીવન જૈનશાસનની સેવામાં વીતાવ્યું હતું અને પોતે પોતાની અથાગ મહેનતથી શુદ્ધ કરેલાં જિનાગમોને **મુદ્રણ કરાવીને, આરસ ઉપર** કોતરાવીને અને **તામ્રપત્ર ઉપર** ઉપસેલા અક્ષરોથી આરૂઢ કરીને ત્રણ પ્રકારે તેનો ઉદ્ધાર કર્યો છે, તેમાંના ત્રીજા ઉદ્ધારનું કાર્ય ભાગ્યયોગે **સુરતને સાંપડયું.**

તે તામ્રપત્ર ઉપર આરૂઢ કરેલા આગમો સુરતમાં એક દહેરાસર બંધાવી તેની દીવાલો ઉપર લગાડવાનું નક્કી થયું. આથી તે માટે તથા અન્ય ધાર્મિક વહીવટો માટે ગુરુદેવશ્રીના ઉપદેશથી એક પેઢી સ્થાપવાનું નક્કી થયું અને શ્રીચતુર્વિધ સંઘે સંવત્ ૨૦૦૨ ના વૈશાખ સુદ ૧૧ ને શનિવારના દિવસે **શ્રીઆગમોદ્ધારકસંસ્થાની** સ્થાપના

કરી અને તે સંસ્થાદ્વારા **સુરતમાં શ્રીવર્ધમાન જૈન તામ્રપત્ર આગમ-મંદિર** બાંધવામાં આવ્યું.

**ખાતમુહૂર્ત, પ્રતિષ્ઠા :-**

આ આગમ-મંદિર (દહેરાસરજી) બાંધવા માટે **સુરતના** સુપ્રસિદ્ધ રાવબહાદુર શેઠ **નગીનચંદ ઝવેરચંદ ઝવેરીના** સુપુત્ર શેઠ **સોભાગચંદના** સુપત્ની **રતનબહેને** આસરે રૂા. ૩૦,૦૦૦) અંકે ત્રીસ હજારની જમીન ભેટ આપી. અને તેના ઉપર આ દહેરાસર બાંધવા માટે સં. ૨૦૦૩ ના ફાગણ વદ ૬ ને દિવસે **ખાતમુહૂર્ત** કરાવી કામ શરૂ કર્યું. અને નવ માસ જેટલા ટુંક સમયમાં જ આ દહેરાસરનું બાંધકામ પુરૂં કરી સંવત્ ૨૦૦૪ ના મહા સુદ ૩ ને શુક્રવારે પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના** વરદહસ્તે આ મંદિરની **પ્રતિષ્ઠા** કરવામાં આવી. આ દહેરાસર બાંધવામાં તથા પાછળથી દીવાલોમાં સોનું વિગેરે પુરાવી ડેકોરેશન વિગેરે કરવામાં, તેમજ તામ્રપત્ર ઉપર આગમો તૈયાર કરાવવા વગેરેમાં કુલે લગભગ રૂા. ૫૦૦,૦૦૦ નો, અંકે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ દહેરાસરમાં મુખ્ય દહેરાસર; ભોંયરૂં તથા મજલો છે. આ ત્રણે જગોએ ત્રણ ત્રણ ગભારાઓ તેમજ ત્રણ રંગમંડપો છે. તેમજ ફરતાં જાળિયાં છે. તેની ઉપર ક્રમે તીર્થંકરોની માતાને આપેલાં ચૌદ **સ્વપ્નો, અષ્ટમંગળો** અને **અષ્ટપ્રાતિહાર્યો** પત્થરમાં કોતરાવવામાં આવ્યા છે.

## મુખ્ય-દહેરાસર

મુખ્ય દહેરાસરમાં મૂળનાયક ચરમતીર્થાધિપતિ શ્રમણ ભગવાન્ **મહાવીરસ્વામીજી** તથા બીજા અરિહંત ભગવંતો મળી કુલ ૬૩ **પ્રતિમાજી** મહારાજ બિરાજમાન કરવામાં આવ્યાં છે.

મૂળનાયકજી મહારાજ **મહાવીરસ્વામી** હોવાથી આ રંગમંડપમાં **મહાવીરસ્વામીના** જીવનનાં ત્રણ તૈલચિત્રો અને પાંચ પાષાણના પટો છે. તે નીચે પ્રમાણે—

**ચિત્ર પહેલું : ચંડકૌશિક-પ્રતિબોધ :-**

રંગમંડપમાં દહેરાસરજીના મુખ્ય પ્રવેશદ્વારની ઉપર **ચંડકૌશિક-પ્રતિબોધનું** દૃશ્ય આલેખવામાં આવ્યું છે. આ ચિત્રમાં શ્રમણ ભગવાન **મહાવીરસ્વામીને ચંડકૌશિકે** કરેલા એક ઉપસર્ગનો દેખાવ છે. તેમાં ભગવાન્ **મહાવીર** કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભેલા છે અને ચંડકૌશિક નાગ પ્રભુ ઉપર દૃષ્ટિજ્વાલા મૂકે છે. પછી ડંખ દે છે. પણ ભગવાનને તેની અસર થતી નથી, ઊલટું દૂધ જેવું શ્વેત રૂધિર નીકળે છે. તે જોઈ ચંડકૌશિક વિચારમાં પડે છે. ત્યારે ભગવાન્ કહે છે કે "હે ચંડકૌશિક ! બુઝ બુઝ." આ વચનથી એ પ્રતિબોધ પામે છે. પછી શમતામાં આવે છે અને આરાધના કરે, છે તે જણાવનાર આ દૃશ્ય છે.

**ચિત્ર બીજું : ચંદનબાળા-દાન :-**

ઉત્તર તરફના પ્રવેશદ્વારની ઉપર આલેખાયેલા આ ચિત્રમાં **ચંદનબાળાના દાનનો** અધિકાર છે. ભગવાન્ **મહાવીરસ્વામીએ** કૌશાંબી નગરીમાં અભિગ્રહ ધારણ કર્યો છે. અને પાંચ માસ ને પચ્ચીસ દિવસ વીત્યા બાદ તે અભિગ્રહ પૂર્ણ જોતાં ચંદનબાળાના હાથે અડદના બાકુલા વહોરે છે. પછી ત્યાં પંચ દિવ્ય પ્રગટ થાય છે. તે જણાવનાર આ દૃશ્ય છે.

**ચિત્ર ત્રીજું : કીલક-કર્ષણ :-**

દક્ષિણ તરફના પ્રવેશદ્વારની ઉપર આલેખાયેલા આ ચિત્રમાં ભગવાન્ **મહાવીરના** કાનમાંથી **કીલક-કર્ષણનો** અધિકાર છે. ભગવાન્ **મહાવીર** વનમાં કાઉસ્સગ્ગધ્યાને રહ્યા છે. ત્યાં ગોવાળ બળદો મૂકીને જાય છે. બળદો પોતાની મેળે વનમાં ચરવા જાય છે. તેથી બળદ ન જોતાં ગોવાળ કાનમાં **કીલક** (ખીલા) નાખે છે. ગોચરીએ આવેલા ભગવાનને શલ્યવાળા

જોવાથી ખરક વૈદની પ્રેરણાથી **સિદ્ધાર્થ શેઠ** અને તે વૈદ્ય જંગલમાં આવે છે. તેઓ કાનમાંથી ખીલા કાઢે છે. તે વર્ણન બતાવનાર આ દશ્ય છે.

## પાંચ કલ્યાણકોનાં પટો

### પટ પહેલો : ચ્યવન-કલ્યાણક :-

ઉત્તર તરફની દીવાલમાં **ચ્યવન-કલ્યાણક**નો પટ પત્થરમાં કોતરવામાં આવેલો છે. (૧) **ચ્યવન-કલ્યાણક :-** દેવલોકથી અસાડ સુદ ૬ ની રાત્રિએ ચ્યવીને **શ્રમણ ભગવાન્ મહાવીર** બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતર્યા તેથી તીર્થંકરની માતાને આવતાં ચૌદ સ્વપ્નો દેવાનંદા બ્રાહ્મણી જુવે છે. (૨) **ગર્ભસંહરણ :-** તીર્થંકરો રાજકુલ વિગેરે ઉત્તમકુલોમાં જ અવતરે છે. પણ ભગવાન્ **મહાવીર** મહારાજે મરીચિના ભવમાં કુળમદ કર્યો તેથી તેઓ બ્રાહ્મણના કુલમાં અવતર્યા. આથી ઈન્દ્રે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ભગવાનને ગ્રહણ કરીને ક્ષત્રિયકુંડ ગામમાં ઉત્તમ ક્ષત્રિય **સિદ્ધાર્થ** રાજાની રાણી ત્રિશલાદેવીની કુક્ષિમાં પધરાવવાને માટે હરિણૈગમેષી દેવને ફરમાન કર્યું તેથી ભાદરવા વદ ૧૩ ને દિવસે એટલે ૮૨ દિવસે પાયદળ લશ્કરનો અધિપતિ હરિણૈગમેષી દેવ આવીને ભગવાનને દેવાનંદાની કુક્ષિમાંથી સંહરીને (ગ્રહણ કરીને) ત્રિશલાદેવીની કુક્ષિમાં સ્થાપન કરે છે. (૩) **ક્ષત્રિયકુંડ :-** આથી ગર્ભસંહરણ થતાં દેવાનંદા ૧૪ સ્વપ્નોને હરાતાં જુવે છે ને ત્રિશલારાણી શ્રેષ્ઠ ૧૪ સ્વપ્નોને જુવે છે એમ ત્રણ દશ્યો જણાવનાર આ પટ છે.

### પટ બીજો : જન્મ-કલ્યાણક :-

ગર્ભગૃહના પ્રવેશદ્વારની ઉત્તર તરફની દીવાલ ઉપર **જન્મ-કલ્યાણક**નો પટ પત્થરમાં કોતરવામાં આવેલો છે. (૧) **જન્મ-કલ્યાણક :-** ત્રિશલા માતાની કુક્ષિથી ચૈત્ર સુદ ૧૩ ના દિવસે શ્રમણ ભગવાન્ **મહાવીર**નો જન્મ થાય છે. ભગવાન્ માતાની સોડમાં છે.

ભગવાનને જન્માભિષેક કરવા માટે **સૌધર્મેન્દ્ર** આવે છે અને ત્રિશલા-માતા વિગેરેને અવસ્વાપિની નિદ્રા આપે છે. (૨) ભગવાનને પાંચ રૂપ કરી ઇન્દ્ર **મેરૂશિખર** ઉપર લઈ જાય છે. (૩) **જન્માભિષેક :–** મેરુગિરિ ઉપર **પાંડુકવનમાં અતિપાંડુકંબલા** નામની શિલા ઉપર પ્રભુને ઉત્સંગમાં લઈને સિંહાસનમાં **સૌધર્મ** ઇન્દ્ર બેઠા અને ૬૩ ઇન્દ્રો વગેરે અનુક્રમે ૨૫૦ અભિષેક કરે છે. પછી ઇશાન ઇન્દ્રના ઉત્સંગમાં પ્રભુને બેસાડી **સૌધર્મ** ઇન્દ્ર ચાર વૃષભનાં રૂપ કરીને ભગવાનને અભિષેક કરે છે. એ પ્રમાણેનાં આ પટમાં દશ્યો છે.

## પટ ત્રીજો : દીક્ષા-કલ્યાણક :–

ગર્ભગૃહના પ્રવેશદ્વારની વચલી દીવાલ ઉપર **દીક્ષા-કલ્યાણક**નો પટ પત્થરમાં કોતરવામાં આવેલો છે. (૧) **વર્ષીદાન:**–શ્રમણ ભગવાન્ **મહાવીર** ત્રીસ વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરે છે. તે પહેલાં એટલે એક વર્ષ પહેલાં સંવત્સરી દાન દેવા માંડે છે. તે દાનમાં જીવો મન-માગ્યું દાન મેળવે છે. અને પોતાની ભવ્યપણાની છાપ નક્કી કરે છે. (૨) **દીક્ષાનો વરઘોડો:**–ભગવાન્ દીક્ષા અંગીકાર કરવા જાય છે તેનો આ વરઘોડો છે. તે વખતે તેમની શિબિકા ઇન્દ્રાદિ દેવો વિગેરે ઉપાડે છે. (૩) **દીક્ષા-કલ્યાણક:**–ભગવાન્ **ક્ષત્રિયકુંડ** નગરની બહાર **જ્ઞાનખંડવન** ઉદ્યાનમાં **અશોક** વૃક્ષ નીચે છઠ્ઠ કરી પંચ–મુષ્ટિ લોચ કરી કારતક વદ ૧૦ ને દિવસે **દીક્ષા** અંગીકાર કરે છે. લોચના વાળ ઇન્દ્ર **મહારાજ** ઝીલે છે અને દેવદૂષ્ય ભગવાનના ખભે સ્થાપન કરે છે. એમ ત્રણ દશ્યો આ પટમાં છે.

## પટ ચોથો : કેવળજ્ઞાન-કલ્યાણક :–

ગર્ભગૃહના પ્રવેશદ્વારની દક્ષિણ તરફની દીવાલ ઉપર **કેવળજ્ઞાન-કલ્યાણક**નો પટ પત્થરમાં કોતરવામાં આવેલો છે. (૧) **કેવળજ્ઞાન-કલ્યાણક :**–તેમાં જૃંભિક ગામની બહાર **ઋજુવાલુકા** નદીને તીરે વ્યા-

વૃત્તના ચૈત્યની નજીકમાં **શ્યામાક** નામના ગાથાપતિના ક્ષેત્રમાં **સાલવૃક્ષની** નીચે **ગોદોહિકા** આસને છઠ્ઠના તપમાં આતાપના લેતા પ્રભુને **વૈશાખ** સુદ ૧૦ ને દિવસે **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું. અને **અષ્ટ** પ્રાતિહાર્યથી વિભૂષિત થયા. (સમવસરણમાં ક્ષણભર દેશના દીધી તે નિષ્ફલ થઈ.) (૨) **તીર્થસ્થાપના :–** બીજે દિવસે એટલે વૈશાખ સુદ ૧૧ ને દિવસે નજીકમાં રહેલા **મહસેનવને** પધાર્યા અને ત્યાં સમવસરણની રચના દેવોએ કરી, તેમાં ભગવાન્ બિરાજમાન થયા. ૪૪૦૦ બ્રાહ્મણોથી પરિવરેલા ગૌતમ વિગેરે ગોત્રવાળા **ઇન્દ્રભૂતિ** આદિ અગિયાર બ્રાહ્મણ પંડિતોએ પ્રભુવડે પોતાના સંશયોનું નિવારણ થવાથી તે બધાએ દીક્ષા અંગીકાર કરી. તેમાં ઇન્દ્રભૂતિ વિગેરે અગિયારે ભગવાનના મુખથી ત્રિપદી સાંભળી અને ચૌદ પૂર્વ અને બાર અંગની રચના કરી. પ્રભુએ તેમના મસ્તકે દિવ્યચૂર્ણ નાખ્યું અને તેઓને ગણધરપદે સ્થાપ્યા. આમ ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. અર્થાત્ **તીર્થની સ્થાપના** થઈ. આ રીતે એ દશ્યો આ પટમાં છે.

## પટ પાંચમો : નિર્વાણ–કલ્યાણક :–

રંગમંડપની દક્ષિણ તરફની દીવાલ ઉપર **નિર્વાણ–કલ્યાણકનો** પટ પત્થરમાં કોતરવામાં આવ્યો છે. (૧) **અંતિમ–દેશના :–** અપાપાનગરીમાં શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજ અંતિમ ચાતુર્માસ રહ્યા. આયુષ્ય પૂર્ણ થયા પૂર્વના ૧૬ પહોર સુધી પ્રભુએ લાગલગાટ દેશના આપી. અને છેવટે હસ્તિપાલ રાજાની લેખક-શાળામાં **અંતિમ–દેશના** આપી. ત્યાં નવ મલ્લકિ અને નવ લેચ્છકિ એમ ૧૮ ગણરાજાઓ એકઠા થયા છે. (૨) **નિર્વાણ–કલ્યાણક :–** આસો વદ ૦))ની પાછલી રાત્રિએ સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં **સ્વાતિનક્ષત્ર** સાથે **ચંદ્રનો** યોગ આવતાં અષ્ટ પ્રાતિહાર્યથી શોભતા **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજ **નિર્વાણ**-પદને પામ્યા (મોક્ષે ગયા.) (૩) **ગૌતમસ્વામી–કેવળજ્ઞાન :–** ભગવાન્ **મહાવીરસ્વામી** પોતાના નિર્વાણ સમયની નજીક **ગૌતમસ્વામીને**

દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલે છે. તેઓ પ્રતિબોધ કરી પાછા ફરતાં ભગવાનનું નિર્વાણ સાંભળી વિલાપ કરતા વૈરાગ્યમાં આવી કેવળજ્ઞાન પામ્યા. આથી દેવતાએ **ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન** મહોત્સવ કર્યો. આ રીતે આ પટમાં ત્રણ દશ્યો છે.

આ રંગમંડપમાં બે **સમવસરણની** રચના કરવામાં આવી છે. સમવસરણમાં રૂપું, સોનું અને રત્નનો ક્રમે ગઢ હોય, તેથી અહીં તે તે રંગના **આરસના** ગઢો બનાવવામાં આવ્યા છે. વળી તે ગઢમાં વાહનો, તિર્યંચો અને બાર પર્ષદા ક્રમે હોય, માટે અહીં તૈલચિત્રોથી તે રીતે બતાવવામાં આવ્યું છે. આ રીતે ભગવાનના સમવસરણની રચનાની સમાનતા આ **સમવસરણમાં** જાળવી છે.

દહેરાસરજીના પ્રવેશદ્વારની દક્ષિણ બાજુએથી શરૂ **થતી** દીવાલો ઉપરથી તામ્રપત્રના **આચારાંગ વિગેરે અંગોની** શરૂઆત થાય છે. તે રીતે ફરતી દીવાલો ને તે પછી મંડપના વચલા છ થાંભલાઓ. એમ આ મંડપમાં **તામ્રપત્ર આગમનાં અગિયાર અંગોનો** સમાવેશ કરવામાં આવ્યો છે.

## દાદર

માળ ઉપર અને ભોંયરામાં જવા માટે દહેરાસરની બે બાજુના ચોકિયાલામાં દાદરો બનાવવામાં આવ્યા છે. તે દાદરોના પ્રવેશદ્વારોની ઉપર ક્રમે ઉત્તર તરફ આજ **સુરતના શ્રીવર્ધમાન જૈનતામ્ર આગમમંદિરનો** અને દક્ષિણ તરફ **શ્રીસિદ્ધાચલજીની** તલેટીમાંના આ જ ગુરુમહારાજના ઉપદેશથી બંધાવાયેલા **શ્રીવર્ધમાન જૈન આગમમંદિર તથા શ્રીસિદ્ધચક્ર–ગણધર મંદિરનો** પટ કોતરાવવામાં આવ્યો છે.

## ભોંયરુ

ભોંયરામાં ત્રેવીસમાં તીર્થંકર **સહસ્રફણા પાર્શ્વનાથ** પ્રભુ તથા અન્ય ભગવંતો મળી કુલ **૨૭ પ્રતિમાજી** મહારાજ સ્થાપન કરવામાં

આવ્યા છે. તે ઉપરાંત બે આચાર્ય, બે ઉપાધ્યાય અને બે સાધુ ભગવંતો મળી ૬ ગુરુ **પ્રતિમાઓ** સ્થાપન કરવામાં આવી છે.

આ રંગમંડપમાં **બે સિદ્ધચક્રજી**ના મંડળની કમળરૂપે રચના કરવામાં આવી છે. તેમાં **પંચ પરમેષ્ઠી**ની સ્વ સ્વ વર્ણ પ્રમાણેની પ્રતિમાઓ છે. ઘણે ભાગે નીલવર્ણના પ્રતિમા જોવામાં આવતા નથી, પણ અત્રે આ મંડળમાં **ઉપાધ્યાયજીની પ્રતિમાઓ** નીલવર્ણની છે. આચાર્ય વિગેરેની મુદ્રાઓ પણ તેમને તેમને અનુરૂપે છે.

ગર્ભદ્વારની દીવાલ ઉપર બે તૈલચિત્રો છે તથા એક પત્થરમાં પટ કોતરવામાં આવ્યો છે.

**ચિત્ર પહેલું : ધરણેન્દ્ર-ભાવ :-**

ગર્ભદ્વારની ઉત્તર તરફની ઉપર **ધરણેન્દ્ર-ભાવ** નામનું તૈલચિત્ર છે. આમાં ભગવાન્ **પાર્શ્વનાથજી** વારાણસી નગરીમાં રાજકુમાર અવસ્થામાં હતા તે વખતે પંચાગ્નિ તપ કરનાર કમઠ નામનો તાપસ નગરની બહાર આવ્યો હતો. અને પંચાગ્નિ તપ કરતો હતો. ત્યાં **પાર્શ્વનાથ** ભગવાન્ આવ્યા અને તેને જીવદયા સિવાયનું સઘળું અજ્ઞાન કષ્ટ છે એમ સમજાવ્યું છતાં તે માનતો નથી. આથી અગ્નિમાં મુકેલાં લાકડામાં એક સર્પને અવધિજ્ઞાનથી બળતો જોઈને પોતાના સેવક પાસે તે લાકડું કઢાવ્યું અને તેને ફડાવતાં તેમાથી એક બળતો સર્પ નીકળ્યો. તે સર્પને સેવકના મુખથી **નવકારમંત્ર** સાંભળાવાયો. આથી તે સર્પ મરીને **ધરણ** નામનો **નાગેન્દ્ર** દેવ થયો. તે વાતને જણાવનાર આ દશ્ય છે.

**પટ : શ્રીપાર્શ્વનાથ કાયોત્સર્ગ :-**

ગર્ભગૃહના પ્રવેશદ્વાર ઉપર **પાર્શ્વનાથ કાયોત્સર્ગ** નામનો પટ પત્થરમાં કોતરવામાં આવેલો છે. તેમાં ભગવાન્ **પાર્શ્વનાથજી** દીક્ષા અંગીકાર કર્યા પછી એક દિવસ વિચરતા વિચરતા તાપસના આશ્રમ

પાસે કૂવા નજીક વડના ઝાડ નીચે રાત્રિએ કાઉસ્સગ્ગમાં ઊભા છે. ત્યાં કમઠ તાપસ તપ તપીને મેઘકુમારમાં મેઘમાલી દેવ થયેલો છે તે વિભંગ-જ્ઞાનથી ભગવાન્ પરના વેરને સંભારીને ભગવાન્ પાર્શ્વનાથજીને ઉપસર્ગ કરવા આવ્યો. ક્રોધથી ઉપસર્ગો કરતાં ભગવાનને ડૂબાડી દેવાને ઇરાદે મુશળધાર વરસાદ વરસાવે છે. ભગવાનની નાસિકા સુધી પાણી આવે છે, પણ ભગવાન્ અચલ રહે છે પોતાના ધ્યાનમાં મગ્ન રહે છે. તે વખતે જે સર્પનો જીવ ધરણેન્દ્ર થયો છે તે અવધિજ્ઞાનથી પોતાના પરમ ઉપકારીને ઉપસર્ગ થતો જોઇને પ્રભુ પાસે પોતાની ઇંદ્રાણી પદ્માવતી સાથે આવે છે. અને ભગવાનને સુવર્ણ કમળ ઉપર અદ્ધર રાખી, પોતાની કાયા વડે પડખાં ઢાંકી, પ્રભુના મસ્તક ઉપર સાત ફણારૂપ છત્ર કરે છે. (અને મેઘમાલીને હાંકી કાઢે છે. પછી મેઘમાલી ભગવાનની ભક્તિ કરી સમ્યક્ત્વ પામે છે.) અને ધરણેન્દ્ર નાટ્ય બતાવે છે. તે જણાવનાર આ દૃશ્ય છે.

ચિત્ર **બીજું : કલિકુંડતીર્થ** :–

ગર્ભદ્વારની દક્ષિણ તરફની દીવાલ ઉપર **કલિકુંડતીર્થનું** તૈલચિત્ર છે. એ ચિત્રમાં ભગવાન્ **પાર્શ્વનાથજી** વિહાર કરતા કરતા કાદંબરી અટવીમાં કલિપર્વતની નીચે કુંડ સરોવરના તીર પર **પ્રતિમાએ** (કાઉસ્સગ્ગે) રહ્યા છે. ત્યાં આગળ **મહિધર** નામનો હાથી આવ્યો. પ્રભુને જોઇને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. 'પશુ હોવાથી હું શું કરી શકું ? શેનું આરાધન કરું ? પરંતુ સૂંઢથી કંઇક પ્રભુની પૂજા તો કરું,' એમ વિચારી સરોવરમાં સ્નાન કરીને તેમાંથી કમળો લઇ પ્રભુ પાસે આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા કરી, પ્રભુના ચરણને પદ્મોથી પૂજી, મનથી સ્તુતિ કરી, શિરથી નમન કરી આત્માને ધન્ય માનતો પોતાના યથાસ્થાને ગયો. પછી અહીં રાજાએ ચૈત્ય બનાવી પ્રભુની પ્રતિમા સ્થાપન કરી. તે હાથી પ્રભુમાં મગ્ન હોવાથી મરણ પામીને મહર્દ્ધિક વ્યંતર દેવ થયો. કલિપર્વત અને તેની નજીક કુંડ સરોવર હોવાથી આ સ્થાનનું નામ **કલિકુંડતીર્થ** સ્થાપ્યું. તે બતાવનાર આ દૃશ્ય છે,

## તામ્રપત્રોનાં ઉપાંગાદિ આગમો:-

રંગમંડપમાં આવવાના ઉત્તર તરફના દ્વારની જમણી બાજુએ ૧૩૭ નંબરના તામ્રપત્રની શરૂઆત છે. અર્થાત્ ભોંયરામાં ઉપાંગો અને તે પછીનાં બધાં આગમો છે. તે ક્રમે દીવાલો ઉપર ફરતાં ફરતાં ઉત્કૃષ્ટશ્રુતમંદિરના દ્વાર સુધી આવે છે ને તે પછીથી ઉત્કૃષ્ટશ્રુતમંદિરમાં જાય છે, પછી બહાર નીકળીને છેવટે ઉત્તર તરફના દ્વારની ડાબી બાજુએ ૩૩૪ નંબર સુધીનાં તમામ તામ્રપત્ર આગમો પૂરાં થાય છે. આ રીતે **૪૫ આગમો ૧ થી ૩૩૪ તામ્રપત્રોમાં** સંપૂર્ણ થાય છે. આ આગમોમાં નં. ૧૩૯મા તામ્રપત્રમાં ૧૧ અંગો સંપૂર્ણ થતાં હોવાથી આગમોને પુસ્તકારોહણ કરનાર **દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ સુધીની પ્રશસ્તિ** તેમાં આપવામાં આવી છે, ને નંબર ૩૩૪ પછીના નાના તામ્રપત્ર ઉપર આગમોના સંશોધક આગમોદ્ધારક સુધીની **પટ્ટાવલી**, તેમજ **આગમોનાં નામો તેનો શિલાનો અંત્ય નંબર, સૂત્રસંખ્યા,** ને **ગાથાની સંખ્યા** આપી તામ્રપત્ર આગમો સંપૂર્ણ કરવામાં આવ્યાં છે. આ નાના તામ્રપત્રની બે નકલ ફરી બન્ને બાજુના દ્વારની ઉપર એક એક સ્થાપન કરવામાં આવી છે.

## ઉત્કૃષ્ટ-શ્રુત-મંદિર

છેદ સૂત્ર ભણવા માટે પર્યાય અને યોગ્યતા બન્ને જોવાની શાસ્ત્રની આજ્ઞા છે. આથી તે **ઉત્કૃષ્ટશ્રુત** કહેવાય. ઉત્કૃષ્ટશ્રુત જે છેદસૂત્રો તે આ મંદિરમાં સ્થાપન કરેલાં છે, તેથી આ મંદિરનું નામ **ઉત્કૃષ્ટ-શ્રુતમંદિર છે.**

**આગમ-રત્નમંજૂષા :-**

આ મંદિરની મધ્યમાં કૃમિયમ કરેલા સુશોભિત સમવસરણ ઉપર કાચની સુંદર મંજૂષામાં મોટા ટાઈપમાં, લેજર પેપર ઉપર આગમોદ્ધારકે શુદ્ધ કરી છપાવેલ, શિલાના અને તામ્રપત્રના આગમના

આધારભૂત, **આચારાંગ** વિગેરેની નિર્યુક્તિએ સહિત **૪૫ આગમોની આગમ-રત્નમંજૂષા** ગોઠવવામાં આવી છે.

## આગમ-પુરુષ (દ્વાદશાંગ):-

જૈનાગમોમાં ૧૨ અંગ મુખ્ય છે. તેને ગણિપિટક કહેવાય છે. જેમ પુરુષને અંગો હોય છે તેમ પ્રવચન એટલે દ્વાદશાંગી- તેને બાર અંગો છે. તેથી પ્રવચનને પુરુષરૂપે ગણી તેના બાર વિભાગોમાં ૧૨ અંગોને સ્થાન અપાયું છે. ચૂર્ણિકાર શ્રીમાન્ જિનદાસગણીજી મહારાજ પ્રથમનાં બે અંગોને બે ચરણોના સ્થાને જણાવી યાવત્ બારમા અંગને મસ્તકના સ્થાને **નંદીચૂર્ણિમાં** સંબોધે છે. આ રીતે **આગમ-પુરુષની** કલ્પના છે. આ વાત જણાવનારી તેમાંની **ગાથા** આ ચિત્રની મધ્યમાં અર્ધ વર્તુલાકારે આપવામાં આવી છે, પૂર્વાચાર્યોએ **૧૨ અંગ** સાથે **૧૨ ઉપાંગનો** સાધેલો સમન્વય અંગના અંકોના ગોળાકારમાં આપેલો રંગ જણાવે છે. બારમા અંગમાંથી **છેદસૂત્રો** નીકળેલાં છે, તેથી મસ્તકને ફરતાં ભામંડળ રૂપે ૬ છેદસૂત્રોને સ્થાપન કરવામાં આવ્યાં છે. આ ભામંડળ ચક્રની માફક ફરતું છે, જૈનજીવનના પાયારૂપ **મૂળસૂત્રો** હોવાથી તેને મૂળ તરીકે ચરણથી નીચે સ્થાપન કર્યાં છે. **બે વ્યાખ્યા-ગ્રન્થો** પીઠિકારૂપ હોવાથી તેને નીચે સ્થાપન કર્યાં છે. **૧૦ પ્રકીર્ણકોને** અનુરૂપ જ તેની યોજના કરી છે. આ **આગમ-પુરુષ (દ્વાદશાંગ)**માં આવેલાં તમામ નામો **સુવર્ણ અક્ષરનાં** છે, આગમપુરૂષને-દ્વાદશાંગને-પ્રવચનપુરુષને જણાવનાર **શાસ્ત્રના પાઠો** તેની બન્ને બાજુની દીવાલોમાં આપવામાં આવ્યાં છે.

## આગમ-પુરુષનાં અંગ-ઉપાંગોની સમજૂતી

पादयुगं जंघोरू गातदुवगं च दो य बाहूता ।
गीवा सिरं च पुरिसो बारस अंगो सुतविसिट्ठो ॥

(नंदीचूर्णि पृ० ४७)

| પુરુષનાં અંગો | દ્વાદશ અંગો | દ્વાદશ ઉપાંગો |
|---|---|---|
| જમણા પગને સ્થાને | આચારાંગ, તેમાંથી | ઔપપાતિક |
| ડાબા ,, ,, | સૂત્રકૃતાંગ. ,, | રાજપ્રશ્નીય |
| જમણી જંઘાના ,, | સ્થાનાંગ. ,, | જીવાજીવાભિગમ |
| ડાબી ,, ,, | સમવાયાંગ, ,, | પ્રજ્ઞાપના |
| જમણી સાથલના ,, | ભગવતી, ,, | સૂર્યપ્રજ્ઞપ્તિ |
| ડાબી, ,, ,, | જ્ઞાતાધર્મકથા ,, | ચંદ્રપ્રજ્ઞપ્તિ |
| નાભિના ,, | ઉપાસકદશાંગ, ,, | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ |
| છાતીના ,. | અન્તકૃતદ્દશાંગ. ,, | નિરયાવલિયા |
| જમણા હાથના ,, | અનુત્તરોપપાતિક-દશાંગ. ,, | કપ્પવડિંસયા |
| ડાબા ,, ,, | પ્રશ્નવ્યાકરણાંગ; ,, | પુપ્ફિયા |
| ગળાના ,, | વિપાકશ્રુતાંગ, ,, | પુપ્ફચૂલિયાં |
| મસ્તકના ,, | દૃષ્ટિવાદાંગ, ,, | વણ્હિદસા |

**છેદસૂત્રો**

મસ્તકના સ્થાને દૃષ્ટિવાદ, તેમાંથી

૧–નિશીથ
૨–બૃહત્કલ્પ
૩–વ્યવહાર
૪–દશાશ્રુતસ્કંધ
૫–જીતકલ્પ
૬–મહાનિશીથ

# અરિહંત મહારાજના તારકપણાની ઉપમાઓ

## મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક, મહાસાર્થવાહ

(શ્રી ઉપાશકદશાંગ, અ૦ ૭)

ગણધર ભગવંતે રચેલા દ્વાદશાંગ–ગણિપિટકમાંના સાતમા ઉપાસક-દશાંગના સદ્દાલપુત્ર નામના સાતમા અધ્યયનમાં અરિહંત મહારાજને

મહામાહણ વિગેરે શબ્દોથી સંબોધવામાં આવ્યા છે. તે ઉપમાઓને અહીં તૈલચિત્રથી ચીતરી મૂર્ત સ્વરૂપ અપાયું છે.

**મહાગોપ :-**

આગમપુરુષની જમણી બાજુની દીવાલ ઉપર આલેખેલું પહેલું તૈલચિત્ર **મહાગોપનું** છે. તેમાં અરિહંત મહારાજને સાર્થક એવા **મહાગોપથી** સંબોધવામાં આવ્યા છે. જેમ ગોવાળિયો સર્પ અને જંગલી પ્રાણીઓથી ગાયો વિગેરેનું જંગલમાં રક્ષણ કરે છે. ઘણા પાણી અને ઘણા ઘાસવાળા વનોએ લઈ જાય છે. તેમ સંસારરૂપી અરણ્યમાં મિથ્યાત્વ અને અજ્ઞાનથી મુંઝવનારા માર્ગમાં પૃથ્વીકાય વિગેરે છ કાયના અર્થાત્ ચારે ગતિના જીવો જન્મ, જરા, મરણથી નાશ પામે છે, વિનાશ પામે છે અને લુંટાય છે. આથી અરિહંત ભગવાન્ ધર્મરૂપ દંડ ગ્રહણ કરીને અનુકંપાથી તેનું રક્ષણ કરતા તેને જ્ઞાન, દર્શન ને ચારિત્રવાળા મોક્ષમાર્ગમાં પહોંચાડે છે. આથી તેઓ **મહાગોપ** કહેવાય છે. તે બતાવનાર આ દશ્ય છે. ( આવ૦ નિ૦ ૧૧૫, ૧૧૬, ૧૧૭ ).

**મહામાહણ :-**

આગમપુરુષની જમણી બાજુએ દીવાલ ઉપર આલેખેલું બીજું આ **મહામાહણપણાનું** તૈલચિત્ર છે. તેમાં અરિહંત ભગવંતને 'મહામાહણ'થી સંબોધ્યા છે. 'હણવું' એટલે હિંસા કરવી અને 'મા' એટલે નહિ, 'માહણ' શબ્દનો અર્થ હિંસા ન કરવી એવો થાય. આથી જે હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા કરે તે 'માહણ' કહેવાય. પરંતુ અરિહંત મહારાજ પોતે મન, વચન ને કાયાથી હણવા, હણાવવા ને હણનારની અનુમોદનાથી નિવર્તેલા છે. એટલું જ નહિ પણ તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી સ્થાવર અને બેઈન્દ્રિય આદિ દરેક જાતના જીવોની હિંસા વિગેરેના આરંભ કરવાવાળા તમામ જીવોને જણાવે છે કે કોઈ પણ જીવ મન, વચન ને કાયાથી હિંસા ન કરો, બીજા પાસે ન કરાવો, ને હિંસા

કરનારા બીજાની અનુમોદના ન કરો. વળી તેઓ તેવા પ્રકારના સંપૂર્ણ જ્ઞાનાદિવાળા છે. આથી તેઓ **માહુમાહણ** છે. તે જણાવનાર આ દૃશ્ય છે. (ઉપા૦ સૂ૦ ૪૦).

## મહાનિર્યામક :–

આગમ–પુરુષની ડાબી બાજુએ દીવાલ ઉપર આલેખેલું પહેલું આ **મહાનિર્યામક**નું તૈલચિત્ર છે. તેમાં અરિહંત મહારાજને 'મહા-નિર્યામક'ની ઉપમા આપવામાં આવી છે. જેમ **કાલિકા** જેવા પ્રતિકૂલ વાયરાથી રહિત અને **ગર્જભ** જેવા અનુકૂલ વાયરાના યોગે રસ્તાનો જાણકાર ને હોશિયાર નિર્યામક (વહાણવટી) સમુદ્રમાંથી છિદ્ર વગરના વહાણ (નાવ) વડે મુસાફરને ઈચ્છિત નગરે પહોંચાડે છે. તેમ મિથ્યાત્વ-રૂપ **કાલિકા** વાયરાથી **સંસાર**રૂપી સમુદ્રમાં બૂડતાને અત્યંત અનુકૂળ સમ્યક્ત્વરૂપી **ગર્જભ** વાયરાના યોગે મોક્ષરૂપી નગરના અમૂઢ જ્ઞાનવાળા (યથાવસ્થિત–જ્ઞાનવાળા) અરિહંત મહારાજ ભવ્યજીવરૂપી મુસાફરને વિરતિરૂપ નાવ વડે સંસાર–સમુદ્રમાંથી પાર ઉતારી સિદ્ધિરૂપ મહાનગરે પહોંચાડે છે. આથી અરિહંત મહારાજ **મહાનિર્યામક** કહેવાય છે. તે દેખાડનાર આ દૃશ્ય છે. ( *આવ૦ નિ૦ ૬૧૪, ૬૧૫* ).

## મહાસાર્થવાહ :–

આગમ–પુરુષની ડાબી બાજુએ દીવાલ ઉપર આલેખેલું બીજું આ તૈલચિત્ર **મહાસાર્થવાહ**નું છે. તેમાં અરિહંત મહારાજને 'મહાસાર્થવાહ'ની ઉપમા આપવામાં આવી છે. જેમ સાર્થવાહ ઉદ્ઘોષણા કરાવે છે કે–'જેને ઇચ્છિત નગરે જવું હોય તે મારા સાર્થમાં આવો મારો સાર્થ સીધો કે વાંકો એ બંને પ્રકારના માર્ગવાળી અટવીમાં વાઘ, સિંહ વિગેરેના પંજામાં તમોને ફસાવા નહિ દે, મુંઝાવનારા વૃક્ષોની છાયામાં મુંઝાવવા નહિ દે, નિર્દોષ સ્થાનમાં તમને રાખશે, માર્ગમાં *લુંટનારાથી બચાવશે, દાવાનલથી પણ બચાવશે, તમારા મનને* લલચા-

વનાર કિંપાક–ફ્લોથી પણ તમને બચાવશે, પિશાચોના ઉપદ્રવથી તમોને સાવચેત કરશે, તમોને નિર્દોષ પાણી પુરું પાડશે. પણ તમારે ઉદ્યમપૂર્વક સાવચેતીથી રહેવું આવી રીતે મારા સાર્થમાં હું તમારુ રક્ષણ કરીશ જેને આવવું હોય તે આવજો.' આ પ્રમાણે સાર્થને લઇ જનારો 'સાર્થવાહ' કહેવાય છે.

તેમ અરિહંત મહારાજ ભવ્યજીવોને ધર્મોપદેશરૂપે ઉદ્દ્ઘોષણા કરે છે કે–'હે ભવ્યપ્રાણીઓ! જો તમારે મોક્ષનગરે જવું હોય તો મારા સાર્થમાં આવો. આ સાર્થ આ સંસારરૂપી અટવીમાં સર્વવિરતિ ને દેશવિરતિરૂપ સીધા ને વાંકા એ બે બંને પ્રકારના માર્ગમાં રાગદ્વેષરૂપ સિંહના પંજામાં ફસાવા નહિ દે. તમોને મૂંઝવનારા મનોહર સ્ત્રીરૂપી વૃક્ષની છાયાવાળા સ્થાનમાં મૂંઝાવવા નહિ દે, પણ સડેલા પડેલા અને હેરાન નહિ કરનારા સ્થાનમાં તમોને વિસામો કરાવશે માર્ગમાં લૂંટનારા પાંખંડીઓથી તમારું રક્ષણ કરશે. માર્ગમાં સાધુઓ તમારું સહાય્યીપણું કરશે. અને સંસારરૂપ જંગલમાં દાવાગ્નિ સરખા કષાયોથી તમારો બચાવ કરશે. કિંપાકફળની જેમ તમારું નાશ કરનારા વિષયોનો ઉપભોગ કરશો નહિ. પરીષહરૂપી પિશાચો તમારા મગજનો કાબૂ ખોવડાવશે પણ તમે તમારા મગજનો કાબૂ ન ખોશો. માર્ગમાં તમે સાવચેત રહેજો ને બે પહોર સ્વાધ્યાય કરજો, હે ભવ્યપ્રાણીઓ! હું તમોને મારા સાર્થમાં ધર્મરૂપ વહાણ આપીશ અને ધર્મરૂપ ભાથું આપીશ. તેમજ ઇષ્ટ એવા મોક્ષનગરે પહોંચાડીશ' આવા ઉદ્દ્ઘોષણા કરી ભવ્યપ્રાણીઓને મોક્ષનગરે પહોંચાડ્યા. આથી તેઓ **મહાસાર્થવાહ** કહેવાય છે. તે જણાવનાર આ દશ્ય છે. (આવ૦ નિ૦ ૧૦૫–૧૧૧)

## ઉપલો માળ

મજલા ઉપર મૂળનાયક ભગવાન્ પ્રથમ તીર્થંકર **શ્રીઋષભદેવ ભગવાન્** તથા બીજા અરિહંત ભગવંતોની મળી કુલ ૩૦ **પ્રતિમાજી** સ્થાપના કરવામાં આવ્યાં છે. અત્રે **આદીશ્વર** ભગવાન્ હોવાથી તેમના

જીવનનાં ચાર તૈલચિત્રો ને બે પત્થરમાં કોતરેલા પટો છે તેમાં રંગ-મંડપની દિવાલો ઉપર ચાર તૈલચિત્રો છે, અને એક પત્થરમાં કોતરેલો પટ છે તથા એક મંડપના દ્વાર ઉપર પત્થરમાં કોતરેલો પટ છે.

**પટ પહેલો : મરુદેવામોક્ષ :–**

રંગમંડપના પ્રવેશદ્વાર ઉપર બહાર દીવાલમાં પત્થરમાં શ્રી **મરુદેવા-મોક્ષ** નામનો પટ કોતરવામાં આવ્યો છે. ભગવાને દીક્ષા અંગીકાર કરી તેથી પુત્રના મોહથી રડતાં મરુદેવામાતાને આંખે પડલ આવી ગયાં છે, અને રોજ ભગવાનના સમાચાર પૂછે છે. આવામાં ભરત મહારાજને આયુધશાલામાં ચક્રરત્ન ઉત્પન્ન થાય છે. તેજ વખતે વિનીતા નગરીના પુરિમતાલ નામના પરાના **શકટમુખ** ઉદ્યાનમાં ભગવાન્ **શ્રીઋષભદેવને કેવલજ્ઞાન** ઉત્પન્ન થાય છે, તેની વધામણી લઈને ઉદ્યાન-પાલક આવે છે. આથી મરુદેવામાતાને ભરત મહારાજા કહે છે કે–પધારો, પુત્રની ઋદ્ધિ બતાવું. દાદીમાને હાથી પર અંબાડીમાં બેસાડી સવારીમાં લઈને ભરત મહારાજા આવે છે. વાજિંત્રનાદ સાંભળતાં દાદીમાને હાથ લાંબો કરી ઋદ્ધિ બતાવે છે. એથી માતાને હર્ષનાં આંસુ આવવાથી પડલ વિખરાઈ ગયાં. ઋદ્ધિ જોઈને એકત્વ ભાવનામાં આવ્યાં અને તે ભાવનાને ભાવતાં હાથીની ઉપર જ કેવળજ્ઞાન પામી તે જ વખતે **મોક્ષે** ગયાં. તે બતાવનાર આ દૃશ્ય છે.

**ચિત્ર પહેલું : શ્રીસિદ્ધાચલ–મહિમા :–**

રંગમંડપમાં ઉત્તર તરફની દીવાલમાં વર્તુલ આકારે **શ્રીસિદ્ધા-ચલ–મહિમા** નામનું તૈલચિત્ર છે. ભગવાન્ **શ્રીઋષભદેવજી** પોતાના ગણધર **પુંડરીકસ્વામી** તથા અન્યમુનિરાજો સાથે **સિદ્ધાચલ** ઉપર સમવસર્યા છે. ત્યાંથી વિહાર કરતાં પુંડરીકસ્વામીગણધરને સ્વમુખે જણાવે છે કે–આ **તીર્થના પ્રભાવે** તમને અને તમારા પરિવારને કેવળજ્ઞાન અને મોક્ષ થશે, અને તીર્થનો મહિમા વધશે. આથી તમારે

અત્રે સ્થિરતા કરવી. ભગવાન્ **શ્રીઋષભદેવ**ના આ આદેશને પુંડરીક-ગણધર ઝીલે છે અને સ્થિરતા કરે છે. પુંડરીક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે કેવળજ્ઞાન પામી ચૈત્ર સુદ ૧૫ ના દિવસે મોક્ષે જાય છે અને **સિદ્ધાચળનો મહિમા** વધે છે. તે બતાવનાર આ દશ્ય છે. ( ત્રિષષ્ટિ૦ પર્વ ૧ )

**ચિત્ર બીજું : રાજ્યાભિષેક :–**

ગભારાના પ્રવેશદ્વારની ઉત્તર તરફની દીવાલ **રાજ્યાભિષેક**નું તૈલચિત્ર આલેખવામાં આવ્યું છે. (૧) તેમાં યુગલિયાઓએ પરસ્પર તકરારો થવાથી કંઈક વ્યવસ્થા થવી જરૂરી ગણી. તેથી તે લોકો ભગવાન્ **શ્રીઋષભદેવજી**ના પિતા **નાભિ–કુલકર** પાસે જઈ રાજાની માગણી કરે છે અને **નાભિ–કુલકર** "**ઋષભ** તમારો રાજા થાવ" એમ જણાવે છે. (૨) ઇન્દ્ર મહારાજ ભગવાનનો રાજકાભિષેકનો સમય જાણી આવીને ભગવાનનો રાજ્યાભિષેક કરે છે. ત્યારે પાણી લેવા ગયેલા યુગલિયાઓ કમળના પાંદડાંમાં પાણી લઈને આવતાં ભગવાનને શણગારેલા જોઈ, વિનયથી ભગવાનના પગના અંગુઠા ઉપર જલનો અભિષેક કરે છે. આવો યુગલિયાનો વિનય જોઈ ઇન્દ્ર મહારાજે ત્યાં **વિનીતા** નગરી બનાવી. આ રીતે આ ચિત્રમાં બે દશ્યો છે.

**પટ બીજો : ઋષભદેવ–નિર્વાણ–કલ્યાણક :–**

ગભારાની પ્રવેશદ્વારની ઉપર **શ્રીઋષભદેવ–નિર્વાણ–કલ્યાણક**નો પટ કોતરવામાં આવ્યો છે. (૧) **નિર્વાણ–કલ્યાણક: ઋષભદેવ** ભગવાન્ પોતાનો નિર્વાણ સમય જાણી અષ્ટાપદ પર્વત પર સમવસર્યા ત્યાં અન્ય મુનિવરોથી પરિવરેલા ભગવાન્ નિર્વાણ પામ્યા. (૨) **અષ્ટાપદતીર્થ**:– ત્યાર પછી ઇન્દ્ર મવારાજ **ભરત** મહારાજ વિગેરેએ ત્રણ ચિતાઓ કરી, તેમાં ક્રમે ભગવાન. ઇક્ષ્વાકુ કુલમાં જન્મેલા મુનિવરો અને અન્ય મુનિઓના દેહોનો અગ્નિસંસ્કાર કર્યો, ભગવાનના અગ્નિ-

સંસ્કારના સ્થાને ચૈત્ય કરી તેમાં **૨૪ તીર્થંકરોની** દેહના પ્રમાણવાળી અને તેમના જ વર્ણવાળી પ્રતિમાઓ સ્થાપી. અને બીજા બે સ્થાને **સ્તૂપ** કર્યાં. તેમજ મંદિરના રક્ષણ માટે ફરતાં આ આઠ આઠ જ પગથિયાં કર્યાં. **સગર**-ચક્રીના પુત્રોએ **ખાઇ** ખોદી તેમાં **લવણ-સમુદ્રનું** પાણી વાળ્યું. એમ આ પટમાં બે દશ્યો કોતરેલાં છે.

## ચિત્ર ત્રીજુ : બાહુબલિ-પ્રતિબોધ :-

ગભારાની પ્રવેશદ્વારની દક્ષિણ તરફની દીવાલ ઉપર **બાહુબલિ-પ્રતિબોધ** નામનું તૈલચિત્ર છે. (૧) **ઋષભદેવ** ભગવાને **બ્રાહ્મી** અને **સુંદરી** સાધ્વીઓને કહ્યું કે **બાહુબલિને** અત્યારે મોહનીય-કર્મના અંશરૂપ માનથી કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી. પણ હમણાં તમારા બન્નેના વચનથી માનને છોડી દેશે. આથી તમે ઉપદેશના માટે જાઓ, કારણકે હાલમાં ઉપદેશનો સમય પ્રવર્તે છે. આથી બન્ને સાધ્વીઓ જે સ્થાને **બાહુબલિજી** કાઉસ્સગ્ગમાં ઊભા છે ત્યાં જાય છે. (૨) ભગવાન્ **શ્રી ઋષભદેવના** પુત્રો **ભરત** ને **બાહુબલિનું** યુદ્ધ થયું હતું. તેમાં હારતાં **ભરતે બાહુબલિ** ઉપર ચક્ર મૂક્યું. આ અનીતિથી **બાહુબલીએ ભરતને** મારવા મુષ્ટિ ઉપાડી પણ વડીલબંધુ પિતાતુલ્ય ગણાય તેથી મરાય નહિ તેમ વિચાર્યું. પણ ઉપાડેલી મુષ્ટિ ખાલી ન જાય તેથી તે મુષ્ટિ પોતાના મસ્તક ઉપર મૂકી લોચ કરી **દીક્ષા** લીધી. ભગવાન્ શ્રી **ઋષભદેવ** પાસે એમના અઠ્ઠાણું નાના ભાઈઓએ એમની પહેલાં દીક્ષા લીધેલી હતી. પૂર્વે વ્રત લેનાર અને જ્ઞાનવાન્ તે ભાઈઓમાં મારું લઘુપણું થાય માટે કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુની પર્ષદામાં જઈશ. આથી કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહ્યા. આ રીતે વર્ષ થયું અને ચારે બાજુએ વેલડી વીંટાઈ, પણ તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું નહિ. ત્યારે **બ્રાહ્મી** અને **સુંદરી** સાધ્વીઓ ત્યાં આવી. અને વંદન કરીને કહેવા લાગી-હે જ્યેષ્ઠાર્ય ! ભગવાન્ એવા આપણા પિતાજી અમારા મુખે તમને તમને કહેવડાવે છે કે 'હસ્તીના સ્કંધ ઉપર આરૂઢ થયેલા પુરુષને

કેવલજ્ઞાન થતું નથી.' પછી તે બંને સાધ્વીઓ ચાલી ગઈ. તે સાંભળતાં **બાહુબલિ** વિચાર કરી કાઉસ્સગ્ગ પારી ભગવાન્ પાસે સમવસરણમાં જવા પગ ઉપાડે છે કે તુરત તમને **કેવલજ્ઞાન ઉત્પન્ન** થાય છે. આ રીતે આ ચિત્રમાં એ દશ્યો છે,

**ચિત્ર ચોથું : ધર્મચક્ર :-**

રંગમંડપમાં દક્ષિણ તરફની દીવાલ ઉપર વર્તુલ આકારે **ધર્મચક્ર** નામનું તૈલચિત્ર છે. **શ્રીઆદીશ્વર** ભગવાન વિહાર કરતા કરતા **બાહુબલિના** દેશમાં **તક્ષશિલાએ** પાછલા પહોરે પધાર્યા ને કાઉસ્સગ્ગ-ધ્યાને રહ્યા. તે વૃત્તાન્ત ઉદ્યાનપાલકે જઇને **બાહુબલિને** નિવેદન કર્યો. પણ સંધ્યાકાળ હોવાથી પ્રભાતે ઠાઠમાઠથી વંદન કરવા જઈશ' તેવો **બાહુબલિએ** વિચાર કર્યો. પ્રભાત થતા આડંબરપૂર્વક તેઓ વંદન કરવા ગયા. પણ ભગવાન્ વિહાર કરી ગયા હતા. આથી **બાહુબલિજીએ** મોટેથી વિલાપ કર્યો આ સ્થાને પડેલાં ધર્મમૂર્તિ ભગવાનનાં પગલાંને કોઇ ઓળંગે નહિ તેથી તેમના આ ચરણારવિંદની ઉપર સર્વ રત્નમય આઠ યોજનના વિસ્તારવાળા. ચાર યોજન ઊંચા અને હજાર આરાવાળા (त्रिषष्टि० प०१, स०३) **ધર્મચક્રની** સ્થાપના કરી ( आव० चू० भा० १, पृ. १८१ ). વિહાર કરતા ભગવાનને અને ઊંચે **ધર્મચક્રને** આ ચિત્ર દેખાડે છે.

રંગમંડપમાં એ સમવસરણની મુખ્ય દહેરાસરના સમવસરણના અનુસારે રચના કરવામાં આવી છે.

મૂળમંદિરમાં **મહાવીર** મહારાજ વિગેરે ૬૩, ભોંયરામાં સહસ્રફણા **પાર્શ્વનાથ** વિગેરે ૨૭ અને મજલા ઉપર **આદીશ્વર** ભગવંન્ વિગેરે ૩૦ એમ ૧૨૦ પ્રતિમાજી, તિર્ચ્છાલોકના શાશ્વતા ચૈત્યમાં ૧૨૦ ની સંખ્યા હોવાથી તેને અનુલક્ષીને આ મંદિરમાં ૧૨૦ પ્રતિમાજી મહારાજ બિરાજમાન કરવામાં આવ્યા છે.

## ઘંટ

શ્રીવર્ધમાન જૈનતામ્રપત્ર આગમ-મંદિર સુરતના નામથી અંકિત અને આગમના પીસ્તાલીશપણાને જણાવનાર પીસ્તાલીશ આંકોથી શૃંગારિત આ આગમ-મંદિરમાં ઘણી બૃહત્ કાયાવાલા બે અને બે મધ્યમ કાયાના એમ ચાર ઘંટો છે. તેમાંના બે બૃહત્ મુખ્ય મંદિરમાં છે ને બીજો એક ભોંયરામાં ને એક ઉપલે માળે છે.

## સોનાનો શણગાર

ત્રણે માળના ત્રણે ગભારાઓમાં અને ત્રણે માળના ગોખલાઓમાં મનોહર ડીઝાઈન કરીને અને તેમાં સોનાના વરખનું કામ કરીને આખું મંદિર જાણે સોનાનું ન હોય તેવું મનોરંજન મંદિર બનાવવામાં આવ્યું છે. વળી મૂળગભારામાં લાકડાની સુંદર કારીગરીવાળી છત્રી બનાવી છે. તેમાં પણ સોનાના વરખનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**શ્રીઆગમોદ્ધારક-સાહિત્યસેવામંદિર :–**

શ્રીઆગમ-મંદિરના ફરતા કમ્પાઉન્ડમાં દક્ષિણ તરફ એક ખંડમાં શ્રી **આગમોદ્ધારક-સાહિત્યસેવામંદિર** બનાવવામાં આવ્યું છે. તેમાં સન્મુખ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી ૧૦૦૮ **આનંદસાગર-સૂરીશ્વરજી**નું ઓઈલપેઈંટનું મોટું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. અને તેની આજુબાજુ તેમના ઉપદેશથી બંધાયેલ સુરતના શ્રી વર્ધમાન તામ્રપત્ર આગમ-મંદિરનો તથા સિદ્ધક્ષેત્રીય શ્રી વર્ધમાન જૈન આગમ-મંદિરનો એમ બે ફોટા મૂકવામાં આવ્યાં છે. તેઓશ્રીએ સંપાદિત કરેલા અને તેમના રચેલા મુદ્રિત ગ્રંથો દ્વારની બંને બાજુના સુંદર કબાટમાં અને ઉપલા કબાટમાં ગોઠવવામાં આવ્યા છે. તેમજ તેમની રચેલી સંસ્કૃત પ્રાકૃત કૃતિઓ તે બે કબાટના નીચલા ભાગમાં ગોઠવવામાં આવી છે.

# શ્રીઆગમોદ્ધારક-ગુરુમંદિર

આ મંદિર આગમોદ્ધારક આચાર્ય **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી**ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સુરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રીઆગમોદ્ધારકસંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો. તે જ આ જગ્યા ઉપર **શ્રીઆગમોદ્ધારક ગુરુમંદિર** બાંધી વિ. સં. ૨૦૦૭ના મહા સુદ ૩ ને શુક્રવારના દિવસે પ. પૂ. આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી**ની પ્રતિમાજીની પ્રતિષ્ઠા તેમના પટ્ટધર આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી**ના વરદ હસ્તે કરાવવામાં આવી છે.

આ ગુરુમંદિર બાંધવામાં કુલ ખર્ચ લગભગ અઠ્યાસી હજાર રૂપિયાનો થયો છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર **ધ્યાનસ્થ ગુરુદેવનું** તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** નિર્વાણ પહેલાં પંદર દિવસ આગળથી કાઉસ્સગ્ગમુદ્રાએ ધ્યાનમાં રહેલા તેનું છે. તેઓ તે દરમિયાન અઢેલતા પણ ન હતા અને સૂતા પણ ન હતા. જે સ્થિતિમાં ધ્યાનમાં રહ્યા હતા તેનુ આબેહૂબ આ તૈલચિત્ર છે.

રંગમંડપના પ્રવેશ દ્વારની બંને બાજુએ ગુરુદેવશ્રીના દીક્ષાથી માંડી અંત સુધીનાં ચતુર્માસની અને જીવનના મુખ્ય પ્રસંગોની નોંધ આપવામાં આવી છે.

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર શ્રીઆગમોદ્ધારકે આપેલી વાચનાનું દશ્ય છે.

રંગમંડપમાં પશ્ચિમ તરફની બન્ને બાજુની દીવાલો ઉપર આગમોદ્ધારકના રચેલા સંસ્કૃતપ્રાકૃત ગ્રન્થો અને સંકલિત ગ્રન્થોનાં નામો આરસમાં અંકિત કરાવવામાં આવ્યાં છે.

ગભારાના પ્રવેશ દ્વાર ઉપર રાજપ્રતિબોધનું દશ્ય છે. આમાં મધ્યે ગુરુદેવશ્રી, ડાબી બાજુએ શૈલાનાનરેશ છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી પડહનો પટ્ટક છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બન્ને બાજુએ ચાર દશ્યો છે. પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનાં સદ્ઉપદેશથી સ્થપાયેલ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ સચિત્ર 'બારસાસૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે. તે એક *અદ્ભુત વસ્તુ શ્રી આગમોદ્ધારક–ગુરૂમંદિરમાં* દર્શન કરવા લાયક બનેલ છે.

રંગમંડપના ઘુમટમાં ગુરુદેવશ્રીના દેહની જેવી સ્મશાનયાત્રા નીકળેલી હતી, તેવી આબેહૂબ તેમાં આલેખવામાં આવી છે.

## પરિશિષ્ટ-૫

## વિક્રમ સંવત્ ૨૦૦૬ ના વૈશાખ વદ-૫ ના સ્વર્ગવાસ

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક આચાર્યદેવેશના સ્વર્ગવાસ નિમિત્તે સેંકડો-તારો, સંદેશાઓ, શોક-સભાઓ, તે સભામાં કરેલા ઠરાવો, અને હાર્દિક લાગણીભર્યા પત્રો, તેમજ દૈનિક-સાપ્તાહિક-માસિક પેપરોમાં આવેલા સમચારો અનેકાનેક મળ્યા છે. તેની નોંધ આપવી અત્રે અશક્ય છે. છતાં વાંચકોની અતિ તીવ્ર-માંગણીને આધીન થઈને થોડાક અહેવાલો અપાય છે.

### આગમોદ્ધારક-જૈનાચાર્ય-શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી

શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ ના રોજ કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીનો જન્મ ૧૯૩૧ માં કપડવંજમાં થયો હતો. સોળ વર્ષની નાની ઉંમરે સં. ૧૯૪૭ માં તેઓશ્રીએ ઝવેરસાગરજી પાસે દીક્ષા લીધી હતી. સં. ૧૯૬૦ માં તેઓશ્રી પંન્યાસ થયા હતા. અને સં. ૧૯૭૮ માં સુરતના શ્રી સંઘે તેઓશ્રીને આચાર્યપદે સ્થાપિત કર્યા હતા. તેઓશ્રી જૈનશાસ્ત્રના અપૂર્વ અભ્યાસી હતા. ષટ્દર્શનના પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૬૪માં દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ એક લાખ રૂપિયાની રકમથી સ્થાપવામાં આવ્યું હતું. જે ફંડની મદદથી અન્ય વિદ્વાન્-મુનિમહારાજાઓ તથા ગૃહસ્થો પાસે સંશોધન કરાવી અનેક શાસ્ત્રના આકર-ગ્રંથો બહાર પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ આગમોદય-સમિતિની સ્થાપના તેઓશ્રીએ કરી હતી, અને જુદા જુદા શહેરોના ભંડારોમાંથી આગમ-ગ્રંથોની અનેક

પ્રતો મેળવી શુદ્ધ–આગમગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા હતા. જૈન આગમ ગ્રંથો ઉપર તેઓશ્રીનો અપૂર્વ પ્રેમ અને રાગ હતો, આગમિક સાહિત્યનું વાંચન સાર્વત્રિક થાય, જૈન મુનિમહારાજાઓને આગમોના શ્રવણ અને મનનનો લાભ મળે તે માટે તેઓશ્રીએ પાલીતાણા આદિ મુકામે આગમોની સાત વાચના આપી હતી. જે વાચનાનો ગચ્છ કે સંઘાડાના ભેદભાવ વિના મુનિમહારાજાઓએ અને ગૃહસ્થોએ લાભ લીધો હતો. આગમ–વાચનાનો આવો આ પ્રસંગ પૂર્વાચાર્યોના વખતની વલ્લભી અને માથુરી વાચનાની કંઈક ઝાંખી કરાવતો હતો. આગમ–શાસ્ત્રનો કાળક્રમે નાશ ન થાય. તેમાં કોઈ હસ્તક્ષેપ કે ફેરફાર ન કરે તેવા આશયથી તેઓશ્રીએ પાલીતાણા–શત્રુંજય તીર્થની તળેટીમાં મોટે ખર્ચે આગમ–મંદિર બંધાવેલ છે. અને દીવાલો ઉપર આરસની તખ્તીઓમાં સમગ્ર આગમોને કોતરાવેલ છે. જે આગમમંદિર સ્વ૦ આચાર્ય મહારાજનો મહાન્ સ્મરણ–સ્તંભ છે. તે પ્રમાણે સુરત શહેરમાં પણ તામ્રપત્રો ઉપર આગમોને અંકિત કરવામાં આવ્યા છે. આ રીતે આગમોના ઉદ્ધારની આચાર્ય મહારાજશ્રીની અનુપમ સેવા છે. તે માટે આગમોદ્ધારક, આગમ–દીવાકર, શાસન–શિરોમણિ આદિ અલંકારોથી વિભૂષિત થયા છે.

આચાર્ય મહારાજશ્રીનો અમને થોડોક અંગત પરિચય હતો. તેઓ સતત અભ્યાસી હતા. વાંચન સંશોધન પ્રકાશન આદિ કામોમાં તેઓ કાયમ પ્રવૃત્ત રહેતા. સમયનો સદુપયોગ આખા જીવનમાં તેઓશ્રીએ જે કર્યો છે, તેવો ભાગ્યેજ બીજા મુનિઓએ કર્યો હશે. આગમોના ઉદ્ધાર માટે તેઓ એક અવતારી પુરુષ થયા હતા. આખું જીવન આગમોના ઉદ્ધાર માટે વાપર્યું હતું. સંતપુરુષોની જ્ઞાનવિભૂતિ પરોપકાર માટેજ હોય છે. આવા જ્ઞાનવિભૂષિત આચાર્ય મહારાજના અવસાનથી જૈન–સંઘ અને જૈન–સમુદાયને ન પુરાય એવી ખોટ પડેલ છે. તેઓશ્રીના વિદ્વાન્ અને સુજ્ઞશિષ્યવર્યો પરમગુરુ મહારાજ પાસેથી મેળવેલ વારસો સાચવી રાખી તેમાં વૃદ્ધિ કરશે. એવી અમારી અભ્યર્થના છે.

**જીવરાજ ઓધવજી દોશી**

## સ્વ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવેશના સ્વર્ગવાસ નિમિત્તે દિલગીરી દર્શાવવા માટેની ભરાયેલી સભા સંબંધિ ગામોના નામ

| | |
|---|---|
| જૈન સંઘ | ગોધરા |
| જૈન સંઘ | મદ્રાસ |
| જૈન સંઘ | અમદાવાદ |
| જૈન સંઘ | કપડવંજ |
| ગુજરાતી શ્રી જૈન શ્વેતાંબર તપગચ્છ સંઘ કલકત્તા | |
| જૈન સંઘ | ખંભાત |
| જૈન સંઘ | ચોટીલા — |
| દેવચંદ ધરમચંદની પેઢી ડભોઈ | |
| જૈન સંઘ | પાલીતાણા |
| જૈન સંઘ વેજલપુર (ભરૂચ) | |
| જૈન સંઘ | પાલેજ |
| ગોડીજી જૈન સેવા સમાજ સભા<br>ઘોઘારી જૈન સેવા સમાજ,<br>કોટ જૈન સંઘ, શ્રી કપડવંજ યુવક મંડળ<br>વિગેરે એકવીસ મંડળો અને સંસ્થાઓની સભા | મુંબઈ |
| જૈન સંઘ | વેજલપુર |
| જૈન સ્વયંસેવક મંડળ ભરૂચ | |
| નાગજી ભૂદરની પોળ, નગરશેઠનો વંડો, અમદાવાદ | |
| જૈન સંઘ | પાટણ |

તા. ક. હજુ પણ દરેક ગામોમાં પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે શોકની જાહેરાત કરવા સભાઓ ભરાઈ રહી છે. પણ ટાઈમના અભાવે અત્ર નોંધ આપવી અશક્ય છે.

સ્વ૦ આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજી અમદાવાદના જૈનોની અંજલી શેઠ વિમલભાઈ મયાભાઈ, શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ,

શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈ નગરશેઠ વિગેરે ૨૯ આગેવાનો જૈન સદ્ગૃહસ્થોની સહીથી અમદાવાદના જૈન ભાઈઓની એક સભા સં. ૨૦૦૬ ના વૈશાખ વદિ ૧૩ તા. ૧૪-૪-૫૦ ને રવિવારના રોજ સવારના ૯ વાગતાં નગરશેઠના વંડામાં સ્વ૦ આગમોદ્ધારક આ૦ મ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના કાલધર્મ અંગે શોક વ્યક્ત કરવા તથા તેઓશ્રીને અંજલી અર્પવા શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈના પ્રમુખપદે મળી હતી.

સભાનો વિશાલ હોલ આગેવાન સદ્ગૃહસ્થો તેમજ ભાવિક-જૈન-બંધુઓથી ભરાઈ ગયો હતો. શરૂઆતમાં પ્રભુ પ્રાર્થના ગવાયા બાદ શેઠ પ્રેમચંદ હઠીસિંગે સભા બોલાવવાની જાહેર વિજ્ઞપ્તિ-પત્રિકા વાંચી સાંભળાવી હતી. અને પ્રમુખસ્થાનની જાહેરાત કરી હતી. ત્યારબાદ પ્રમુખશ્રીનું વક્તવ્ય શ્રીયુત ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધીએ વાંચી સંભળાવતાં આજના પ્રસંગની ગંભીરતા ધ્યાનમાં રાખી તેને શાંતિપૂર્વક પાર પાડવા વિનંતિ કરી હતી. અંતમાં તેઓએ સ્વ૦ સૂરિજી મહારાજને અંજલી આપતાં જણાવ્યું કે પરમપૂજ્ય-આગમોદ્ધારક-આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજીનું નામ જૈન તેમજ જૈનેતર વર્ગમાં ખુબ જાણીતું છે. તેઓએ પોતાના જીવનમાં બજાવેલી જૈન-ધર્મ અને જૈન-સાહિત્યની સેવા અનુપમ છે. તેઓશ્રીનું જીવન સદા કાર્યપરાયણ અને અત્યુત્તમ હતું. હંમેશાં પુણ્યાનુબંધીપુણ્ય બંધાય તે રીતે તેઓ ઉપદેશ કરતા હતા. જૈન-શાસનના કટોકટીના અનેક પ્રસંગોએ તેઓશ્રીએ દાખવેલી હિંમત, મક્કમતા, અને આપેલી દોરવણીને આપણે કદી વિસરી શકવાના નથી. આવા એક સમર્થ આચાર્યદેવના અવસાનથી આપણને બહુ મોટી ખોટ પડી છે.

*ત્યારબાદ શ્રીયુત ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધીએ નીચે મુજબનો* ઠરાવ રજુ કર્યો 'પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજના સુરત મુકામે સંવત્ ૨૦૦૬ના વૈશાખ વદિ ૫ તા. ૬-૫-૫૦ ને શનિવારના રોજ સાંજના ૪-૩૨ વાગતાં થયેલ

કાળધર્મથી અમદાવાદના જૈનોની આ જાહેરસભા ભારે આઘાત અનુભવે છે. પૂજ્ય આચાર્ય મહારાજ તો પોતાની વૃદ્ધ ઉમ્મર અને સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન જૈન-ધર્મ અને જૈન-સાહિત્યની અનેકવિધ સેવા કરીને પોતાનું જીવન ધન્ય અને કૃતકૃત્ય બનાવી ગયા છે. પણ તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈનશાસનને બહુ મોટી ખોટ આવી પડી છે. સ્વર્ગસ્થ-સૂરીશ્વરજી મહારાજના પવિત્ર આત્માને આ સભા પોતાની ભાવભરી અંજલી આપે છે. અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોના વિશાળ સમુદાય અને જૈનસંઘ ઉપર આવી પડેલ આ દુઃખમાં પોતાની સમવેદના અને સહાનુભૂતિ દર્શાવવા સાથે સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના આત્માને ચિરશાંતિની પ્રાર્થના કરે છે.'

ઠરાવ ઉપર મુદ્દાસરનું વિવેચન કરતાં શ્રી ચંદ્રકાન્તભાઇએ પૂ૦ સૂરીશ્વરજીના સાધુ-જીવનને અને તેઓએ કરેલ આગમ વિગેરેના સંશોધનના કાર્યને અંજલી આપીને તેઓશ્રીને એક મહાપુરૂષ તરીકે વર્ણવ્યા હતા.

ત્યારબાદ શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીઆએ વિવેચન કરતા જણાવ્યું કે સૂરિજીના જીવનનું વર્ણન શબ્દો દ્વારા થઈ શકે એમ નથી. તેઓ સમર્થ-યોદ્ધા, સતત પુરૂષાર્થી, નિશ્ચયબળવાળા, અને જ્ઞાનભક્તિથી ભરેલા મહાપુરૂષ હતા, તેઓની મોટી ખોટ આવી પડી છે, પણ જૈનસંઘે માત્ર ખોટની વાત કરવાથી હવે કામ નહિ ચાલે. હવે તો કંઇક નક્કર કામ કરવાનો સમય આવી પહોંચ્યો છે. અને તેથી તેઓશ્રીને પ્રિય એવી પ્રવૃત્તિને વેગ મળે તેવું કાર્ય હાથ ધરવુ જોઇએ, વિગેરે.

ત્યારબાદ શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઇએ બોલતાં ઠરાવને અનુમોદન આપીને સ્વ૦ સૂરિજીએ આગમગ્રંથોની છાપણુ અને તામ્રપત્રોમાં કોતરવાનું જે મહાન્ કાર્ય કર્યું હતું તેને અંજલી આપી હતી.

ત્યારપછી શીઘ્રકવિ ભોગીલાલભાઈએ સંગીતમય વાણીમાં સ્વ૦ સૂરિજીને એક વીરપુરૂષ તરીકે વર્ણવ્યા હતા અને મુનિસંમેલન વખતે તેઓશ્રીએ ઉઠાવેલ પરિશ્રમને ભાવભરી અંજલી આપી હતી.

ત્યારબાદ શેઠ કેશવલાલ મોહનલાલ ગોરજીએ સૂરિજી મહારાજની ટુંકી જીવન ઝરમર વર્ણવતાં તેમના અનેક ગુણોની પ્રશંસા કરી હતી. અને તેઓશ્રીના સરળતા આદિ ગુણોનો પોતાને જે અનુભવ થયો હતો તે વર્ણવી બતાવ્યો હતો.

પછી શ્રીયુત મુળચંદભાઈ આશારામ વૈરાટીએ વિવેચન કરતા સ્વ૦ સૂરિજીને એક મહાન્ આચાર્ય તરીકે ઓળખાવી તેમની અપૂર્વ આગમ-સેવા માટે અંજલી આપી હતી. અમે તેમને સાચી અંજલી આપવા નિમિત્તે જ્ઞાનનો વિકાસ થાય એવા પ્રયત્નો હાથ ધરવા જૈન-સંઘને વિનંતિ કરી હતી.

ત્યારબાદ શેઠ અમૃતલાલ જેશીંગભાઈએ વિવેચન કરતાં જણાવ્યું કે આપણે ત્યાં મહાપુરૂષો ઓછા થતા જાય છે. એ ભારે કમનસીબી છે. આપણે મહાપુરૂષોના માત્ર યશોગાન કરીએ એટલું બસ નથી. અત્યારે તો પક્ષાપક્ષને ભૂલીને એક થવાની તમારે જરૂર છે, અને આ માટે આગેવાનીભર્યું પગલું ભરવાની જવાબદારી અમદાવાદના જૈનસંઘની છે અમદાવાદનો જૈનસંઘ આગેવાની લે તો બીજા ગામના જૈનસંઘો જરૂર સાથ આપે, આમ કરીએ તોજ આપણે જૈનસમાજને આગળ વધારી શકીએ વિગેરે.

છેવટે રતિલાલ દીપચંદ દેસાઈએ સૂરિજીને અંજલી આપતાં જણાવ્યું કે આજના પ્રસંગે એ સૂરિજી મહારાજના કાળધર્મથી આપણા અંતરમાં જાગેલ રૂદનને વ્યક્ત કરવાનો ગંભીર પ્રસંગ છે. કારણ કે સૂરિજીના કાળધર્મથી જ્ઞાનધન ઓછું થઈ ગયું છે. સૂરિજીની આગમ-સેવા ઈતિહાસમાં અમર બની રહેશે. અને ભવિષ્યની પ્રજા તેઓશ્રીને

દેવર્દ્ધિગણિ **ક્ષમાશ્રમણની** જેમ યાદ કર્યા કરશે. તેઓની અપૂર્વ જ્ઞાનભક્તિની શાખ તેઓએ ઉભા કરેલા આગમમંદિરો ચિરકાલ પર્યંત આપ્યા કરશે. સૂરિજી તો દીર્ઘ આયુષ્ય, લાંબો દીક્ષા પર્યાય. અને સતત આગમ–સેવા કરીને આગમના સાચા અધિકારી બનીને ચાલ્યા ગયા, પણ આપણે તેથી જ્ઞાનના ક્ષેત્રમાં વધુ દરિદ્ર બન્યા, સમાજના આ જ્ઞાન–દારિદ્રને દૂર કરવાનો પ્રયત્ન એજ સ્વ૦ સૂરિજીને અંજલી આપવાનો સાચો માર્ગ છે. ત્યારપછી અંતમાં પ્રમુખશ્રીએ સૂરિજી મહારાજે અંત-રીક્ષ–તીર્થ અંગે બજાવેલ મહાન્ સેવાનોઉલ્લેખ કરીને સૂરિજી મહારાજને ભાવપૂર્વક વંદના કરી હતી. અને ત્યારપછી બે મીનીટના મૌન બાદ ત્રણ નવકારનું સ્મરણ કરી 'सर्वमङ्गलमाङ्गल्य'ના શ્લોકનું શ્રવણ કરી સભાની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## જાહેર વિજ્ઞપ્તિ

આથી સર્વે જૈન ભાઈઓને ખબર આપવામાં આવે છે કે પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા તે નિમિત્તે શોક દર્શાવવા અમદા-વાદના જૈનોની જાહેરસભા તા. ૧૪–૫–૫૦ રવીવાર સવારના નવ વાગે શેઠ માણેકલાલ મનસુખભાઈના પ્રમુખપણા નીચે નગરશેઠના વંડે રાખવામાં આવી છે અને આ સંબંધનો અહેવાલ ઉપર આપ્યો છે.

### લી... સંઘના સેવકો :-

| | |
|---|---|
| શેઠ કસ્તુરભાઈ, લાલભાઈ, | શેઠ માણેકલાલ મનસુખભાઈ |
| શેઠ વિમળભાઈ મયાભાઈ, | શેઠ સાહેબસીંગ ચીમનભાઈ |
| શેઠ નરોત્તમભાઈ પરસોતમદાસ, | શેઠ બકુભાઈ મણીલાલ |
| શેઠ કાન્તીલાલ ભોગીલાલ નાણાવટી, | શેઠ સારાભાઈ હઠીસીંગ |
| શેઠ નરેશચંદ્ર મનસુખરામ, | શેઠ મોહનલાલ, સાકેરચંદ |
| શેઠ ચંદુલાલ ચુનીલાલ, | શેઠ જીવણલાલ છોટાલાલ ઝવેરી |

| | |
|---|---|
| શેઠ કચરાભાઈ અમરતલાલ, | શેઠ ભગુભાઈ ચુનીલાલ |
| શેઠ ભોગીલાલ છોટાલાલ સુતરીયા, | શેઠ પૂંજાભાઈ દીપચંદ |
| શેઠ પનાલાલ ઉમાભાઈ, | શેઠ સારાભાઈ જેસીંગભાઈ |
| શેઠ મયાભાઈ સાંકલચંદ, | શેઠ કેશવલાલ લલ્લુભાઈ |
| શેઠ ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી વકીલ, | શેઠ મંગળદાસ મનસુખરામ વકીલ |
| શેઠ લાલભાઈ ઉમેદચંદ લઠ્ઠા, | શેઠ ગીરધરલાલ છોટાલાલ |
| શેઠ ચીમનલાલ મંગળદાસ, | શેઠ કાન્તીલાલ ચંદુલાલ |
| શેઠ લાલભાઈ એલ. પરીખ, | શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈ |

પાલીતાણા માંસાધુ-સાધ્વીજીઓએ મળી શ્રી લબ્ધિસાગર મહારાજના નેતૃત્વમાં દેવવંદન કરેલ છે. અને બીજાઓએ સ્વતંત્ર કરેલ છે. એમ જાણ્યું છે.

કદંબગિરિ ખાતે પૂ૦ સૂરિસમ્રાટશ્રીના સાતેય આચાર્ય મહારાજો, તેઓશ્રીનો સમસ્ત મુનિગણ, મુનિશ્રી હંસસાગરજી આદિ ઠાણા ૪, શ્રી ભદ્રસૂરિજીના પં૦ શ્રી ચરણવિજયજી આદિ સાધુઓ, મુનિશ્રી ગુલાબવિજયજી દાદાના મુનિશ્રી મંગળવિજયજી મ૦ આદિ, શ્રી ભક્તિસૂરિજી મ૦ ના પં૦ શ્રી કંચનવિજયજી આદિ મળી સાધુ ઠાણાં સો ઉપરની સંખ્યામાં, સાધ્વીઓ અને વિશાળ માનવમેદની સાથે વૈશાખ વદ ૬ ને દિવસે બપોરે સાડાબારે દેવવંદન કરેલ છે.

પાલીતાણામાં સમસ્ત જૈનોની (પાન-બીડી-લોટ-વિગેરેની પણ) દુકાનો ખબર મળતાં સાથે નગરશેઠના હુકમને માન આપીને હડતાલ તરીકે બંધ રાખવામાં અવેલ છે.

વૈશાખ વદ ૭ ને દિવસે પાલીતાણા સંઘ તરફથી શોકસભા છે. આગમમંદિરમાં વૈશાખ વદ ૬ થી અઠ્ઠાઈ ઓચ્છવ શરૂ થયો છે. મોતી કડીયાની મેડીમાં પણ ઓચ્છવ કરવાનો છે.

# જાહેર શોકસભા

આથી જણાવવામાં આવે છે કે આપણા પરમપૂજ્ય આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમદ્ **આનંદસાગરસૂરીશ્વરજી** સુરત મુકામે કાળધર્મ પામ્યા છે તે નિમિત્તે શોક દર્શાવવા એક જાહેર સભા **શ્રીયુત સંઘપતિ કેશવલાલ અમરચંદ નગરશેઠ** ના પ્રમુખપણા નીચે શ્રી હેમચંદ્રાચાર્ય જૈનસભાના હોલમાં વૈશાખ વદી ૧૪ ને સોમવારે રાત્રીના આઠ વાગે મળશે. તો હાજર રહેવા સર્વે ભાઈઓને વિનંતિ કરવામાં આવે છે.

**પૂજ્યપાદ–આચાર્ય–મહારાજશ્રી ૧૦૮ શ્રીમદ્ માણિક્ય-સાગરસૂરીશ્વરજીની પવિત્ર સેવામાં.**

શ્રી પાટણ હેમચંદ્રાચાર્ય જૈનસભાના આશ્રયે પાટણના સંઘપતિ શ્રીયુત કેશવલાલ અમરચંદ નગરશેઠના પ્રમુખપણા નીચે સભાના હોલમાં વૈશાખ વદ ૧૪ ને સોમવારે રાત્રીના આઠ વાગે પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજીના સુરત મુકામે થયેલા કાળધર્મ નિમિત્તે શોક દર્શાવવા પાટણના જૈનોની એક જાહેર સભા મળી હતી.

સાક્ષરવર્ય શ્રીયુત ભોગીલાલ જયચંદ સાંડેસરા તથા શેઠ ભોગીલાલ હાલાભાઈએ કેટલુંક વિવેચન કર્યા બાદ નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરી યોગ્ય સ્થળે મોકલી આપવાનું ઠરાવી સભા વિસર્જન થઈ હતી.

## ઠરાવ

પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમદ્ આનંદસાગર–સૂરીશ્વરજીના કાળધર્મ પામ્યાના સમાચાર પાટણના જૈન સમુદાયે ભારે દુઃખપૂર્વક સાંભળ્યા છે. તેમના જેવા એક જ્ઞાનવૃદ્ધ, અને વયોવૃદ્ધ આચાર્યના કાળધર્મથી સમસ્ત સાધુસમુદાયને તેમજ જૈન-

સમુદાયને કદીપણ પુરી ન શકાય તેવી ભારે ખોટ પડી છે. આજની આ સભા પોતાની મુંગી દીલગીરી જાહેર કરે છે. અને સ્વર્ગસ્થના આત્માને ચિરશાન્તિ ઇચ્છે છે.

પરમ–પૂજ્ય–શાંત–દાંત–વૈરાગી–છકાય જીવના રક્ષક, પંચ મહાવ્રતના પાલણહાર, સત્તાવીશ ગુણે કરી બીરાજમાન પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ચંદ્રસાગરજી મહારાજ શ્રી તથા પૂ૦ પં૦ મહારાજ શ્રી ધર્મસાગરજી મહારાજ આદિ ઠાણાની સેવામાં, લિ૦... જીવતલાલ પરતાપસીના ૧૦૦૮ વાર વંદણા અવધારશોજી, ગિરિરાજની છત્ર છાયામાં હોઇ થોડી ઘણી પણ શાંતિ રહી છે. અને આરાધના ચાલુ રહી છે. તે આપ જેવા ત્યાગીઓનો પ્રભાવ છે.

આજ રોજે પૂ૦ આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજીના સ્વર્ગવાસના ખબર સાંભળી દુઃખ થયું છે. આજના વખતમાં આગમના જાણકારની ખોટ આખા જૈન સમાજને પડી છે. જડવાદ તરફ ઘસડાતી સમાજને અને શાસનના ઉત્કૃષ્ટ કાર્યોને દોરવણી આપવાને તેઓશ્રીની ઘણી જ જરૂરત હતી. પણ કાળરાજા પાસે આપણો કોઇ ઉપાય નથી. સમાજ માટે કમનસીબીની વાત છે કે આવા આચાર્યદેવની ખોટ પડી છે.

## જાહેર શોકસભા

જૈન-શાસનના અજોડ–ગીતાર્થ, બહુશ્રુત–મહાપુરુષ, જૈનાચાર્ય મહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા કે જેઓશ્રી સમસ્ત જૈન–આગમશાસ્ત્રોના ઉદ્ધારક, અનેક સ્થળે આગમની વાચનાના દાતાર, શ્રી વર્ધમાન જૈન–આગમમંદિર-પાલીતાણા, તેમજ શ્રી તામ્રપત્રાગમ જૈન મંદિર સુરતના સંસ્થાપક, અને જૈન–જૈનેતર જગતમાં છ દર્શનવેત્તા સમર્થ વિદ્વાન્ તરીકે સુપ્રસિદ્ધ હતા. તે પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજા, શ્રી સુરત મુકામે વૈશાખ વદ ૫ ને શનિવારની બપોરે ૪–૩૨ કલાકે પરમ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

તે નિમિત્તે અત્રે મોતીશા શેઠની ધર્મશાળામાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોન્ફરન્સના સુવિખ્યાત માજી પ્રમુખ શ્રીયુત પારેખ છોટાલાલભાઈ ત્રીકમલાલ વકીલના પ્રમુખપણા નીચે આજે વૈશાખ વદ ૮ તા. ૯–૫–૫૦ને ભોમવારની રાત્રે આઠ વાગે જાહેર શોકસભા યોજવામાં આવેલ છે. તે પ્રસંગે સર્વ ભાઈબહેનોને સમયસર પધારવા વિનંતિ છે.

લી... જૈન સંઘ પાલીતાણા

## જાહેર વિનંતિ

શ્રી ભાવનગર–જૈન–શ્વેતાંબર–મૂર્તિપૂજક–તપાસંઘના સર્વે બંધુઓને જણાવવાનું કે આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરિજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ ના રોજ કાળધર્મ પામ્યા તે નિમિત્તે દીલગીરી દર્શાવવા સંઘની મીટીંગ તા. ૯–૫–૫૦ વૈશાખ વદ ૮ ભોમવારે સાંજના પાંચ વાગે મોટા દેરાસર પાસેના ઉપાશ્રયમાં મળશે તેમાં આપ સૌ પધારશો.

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય–મહારાજ અનુયોગાચાર્ય સાહેબ
શ્રી ચંદ્રસાગરજીની સેવામાં.

મુ. સુરત.

જત લખવાનું કે ગઈ કાલે સુરત જૈન સંઘનો તાર આચાર્ય મહારાજ સાહેબ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી કાળધર્મ પામ્યા તેનો તાર મળ્યો તે બીના સાંભળી પાટણનો સંઘ ઘણો જ દીલગીર છે. અત્રે પાખી પળાવી હતી. અને દરેક અપાસરે દેવવાંદવાની સુચના આપી હતી. બધા સાધુ મુનીરાજો ભેગા થઈ સાગરના અપાસરે દેવવાંદ્યા હતા. આજ દિને પાટણના જૈનસંઘ તરફથી સુરતના જૈનસંઘ ઉપર દીલગીરીનો તાર મૂક્યો છે. તેની નોંધ લેશો.

અમદાવાદમાં પૂ. આગમોદ્ધારકના સ્વર્ગવાસ નિમિતે દેવવંદન–વિધિ.

પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ શનિવારે કાળધર્મ પામ્યાના સમાચાર આવતાં આખા શહેરમાં વિજળી વેગે સમાચાર પહોંચી ગયા.

અત્રે નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે પંન્યાસ શ્રી હેમસાગરજી મહારાજને સમાચાર મળતાં શહેરના ઉપાશ્રયોમાં રવિવારે સવારે ૮-૩૦ વાગે દેવવંદન કરવાનું કહેવડાવ્યું હતું. તો ડેલાના ઉપાશ્રયથી પં૦ રવિવિજયજી મ. પં૦ રામવિજયજી મ. પં૦ શાન્તિવિજય મ. પં૦ ભાનુવિજયજી મ. વિ. ઉજમબાઈની ધર્મશાળાએથી પં૦ ચન્દ્રવિજયજી મ. આદિ લુવારની પોળેથી પં. મુક્તિવિજયજી મ. પં૦ મંગલવિજયજી મ. તથા જ્ઞાનમંદિરેથી પં૦ તિલકવિજયજી મ. શામળાની પોળેથી મુનિ ચન્દ્રોદયસાગરજી તથા મુનિ સુરેન્દ્રસાગરજી આદિ તેમજ વિદ્યાશાળા, પગથીયાનો ઉપાશ્રય, આમલીપોળ, સરસપુર; વિગેરેથી મોટા પ્રમાણમાં સાધુમહાત્માઓ તેમજ વિશાળ સાધ્વી-સમુદાય ચતુર્વિધ સંઘસમસ્ત દેવવંદનનો વિધિ કર્યો હતો. ત્યારબાદ પૂ૦ પન્યાસજી શ્રી ચંદ્રવિજય મહારાજે પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ગુણગાન કરતાં જણાવ્યું કે પૂ૦ આચાર્ય મહારાજશ્રીનો વધુ પરિચય નથી; છતાં તેઓશ્રીની જીવન ઝરમર જાણું છું તે કહું છું. પૂર્વે વળા મુકામે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વાચના આપી હતી, તેમ વર્તમાનમાં આગમોદ્ધારક આચાર્યશ્રીએ ચતુર્વિધ સંઘસમસ્તને પાટણ, અમદાવાદ, કપડવંજ, સુરત, રતલામ, પાલીતાણા વિગેરે સ્થાનોમાં વાચનાઓ આપી હતી, તેમજ આગમોનું શુદ્ધ સંશોધન કરી આગમ સાહિત્ય છપાવી જૈન સમાજ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે, તીર્થરક્ષા માટે અંતરીક્ષજીના કેસને હું સાદ્યન્ત જાણું છું. તેમાં સત્ય અને સચોટ જુબાની માટે ન્યાયાધીશને પણ તેમની સત્યતા માટે પ્રશંસા કરવી પડી હતી, જ્ઞાન માટે અવિરત પ્રયત્નો હતા. શાસન માટે અજબ ધગશવાળા એ પુરુષ હતા. તેમના સમુદાયમાં તો ખોટ પડી છે. પણ તપગચ્છ સમાજમાં પણ તેમની ખોટ પુરાવી મુશ્કેલ છે.

મોતીચંદ ગીરધરભાઈ પણ કહેતા હતા કે જ્ઞાન માટે અવિરત મહેનત અને શાસ્ત્રના સચોટ ઉત્તર આપનાર હોય તો તેઓશ્રી એકજ છે.

બાદ મુનિશ્રી ચંદ્રોદયસાગરજી મ. પૂ૦ ગુરૂદેવશ્રીના અંગે બોલતાં જણાવ્યું કે અત્યારે મારૂ હૃદય ભરાઈ ગયું છે. બોલવા તાકાત નથી. છતાં તેઓશ્રીનો પરિચય તો સૂર્યને ઓળખવા જેવો છે. આજે શાસન-ભાણ અસ્ત થયો. તેઓશ્રી અંત પળે પણ શાસન માટે લાગણીવાળા, શાસનનું શું થશે? એ બીના તેઓને રોમેરોમમાં વસેલી હતી. શાસ્ત્રોના સચોટ ઉત્તરો આપતા, કપરા પ્રસંગે શાસન માટે તૈયાર હતા. તીર્થ અને આગમ માટે જીવના છેલ્લા પ્રાણ સુધી તન-મનથી કામ કર્યું છે. આગમ-મંદિરો અને આગમોનું સંશોધન કરી છપાવ્યા, પૂ૦ સૂરિજીની જૈનશાસનમાં મહાન્ ખોટ પડી છે. ત્યારબાદ ડેલાના ઉપાશ્રયવાળા મુનિ રાજેન્દ્રવિજયજી મહારાજે પણ આચાર્યશ્રી જ્ઞાની છતાં ગંભીર અને નિડર મહાન્ પુરૂષ હતા. વિગેરે પ્રાસંગિક વિવેચનો થયાં હતાં.

## સં. ૨૦૦૬ વ૦ વ૦ ૬ રવિ

અનેક સદ્ગુણાલંકૃત પરમગુરૂભક્ત આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજશ્રી તથા પંન્યાસજી શ્રી ચંદ્રસાગરજી સુયોગ્ય શિષ્ય-સમુદાય પરિવાર સહિતની પવિત્ર સેવામાં. **સુરત**

સાદર સવિનય વંદના સાથે લખવાનું કે અમે એ દુઃખદ સમાચાર જાણીને ઘણા દીલગીર થયા છીએ કે પોતાના જીવનમાં જૈન આગમોની વાચનાઓ આપીને, એ આગમોને પ્રકાશમાં મૂકાવીને, એ આગમોને આરસની શિલાઓમાં અને તામ્રપત્રો પર લેખરૂપે કોતરાવીને આગમોને ચિરસ્થાયી બનાવવા શુભ પ્રયત્ન કરનાર અને એ રીતે 'આગમોદ્ધારક' એવું યથાર્થ બિરૂદ મેળવનાર, આગમોનું વિશિષ્ટ જ્ઞાન ધરાવનાર જૈન-પ્રવચનની અનેકપ્રકારે અમૂલ્ય સેવા બજાવનાર-આપનાર માનનીય ગુરૂદેવશ્રી આનન્દસાગરસૂરિજીના સ્વર્ગવાસથી અમને ઘણી દિલગીરી થઈ

છે. ખરેખર આવા સમર્થ-ધુરંધર-આચાર્યશ્રીના સ્વર્ગવાસથી જૈન-સમાજને ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે. આ વર્ષના પ્રારંભથી જૈન સમાજને માથે અનિષ્ટ ગ્રહનો યોગ થયો લાગે છે કે તેનાં તેજસ્વી યુગપ્રધાન જેવાં સૂરિ-રત્નોનો-એક પછી બીજાનો વિયોગ તેને સહન કરવાનો અનિષ્ટ યોગ આવી પડ્યો છે.

સદ્‌ગત સૂરિજી તો પોતે પોતાનું કર્તવ્ય બજાવી કૃતકૃત્ય થઈ ગયા છે એટલે સ્વર્ગારોહણ કરી પરમ શાંતિને અનુભવતા હશે, પરંતુ આપ જેવા તેમના વિદ્વદ્‌રત્ન-શિષ્યોએ સદ્‌ગત-ગુરૂજીની શુભ ભાવના પ્રમાણે તેમનું અપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું, વિષમ સમયમાં જૈન-સમાજરૂપી નૌકાને અનેક ખડકોના આઘાતથી બચાવી સહીસલામત પાર ઉતારવાનું જવાબદારી ભર્યું કાર્ય બજાવવાનું છે. અને એ કાર્ય બજાવી ગુરૂજીની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરશો એવી આશા રહે છે. શાસનદેવ એમાં આપને સહાયતા આપે એવું અંતઃકરણથી ઇચ્છીએ છીએ. સુજ્ઞેષુ કિં બહુના ?

ભવદીય

**લા. ભ. ગાંધી**

## પૂ૦ શ્રી આગમોદ્ધારકના સ્વર્ગવાસ નિમિત્તે આવેલા તાર-સંદેશાઓ

| સંખ્યાંક | નામ | ગામ |
|---|---|---|
| ૧ | વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ | અમદાવાદ |
| ૨ | વિજય ભક્તિસૂરિજી મહારાજ | સમી |
| ૩ | વિજય લબ્ધિસૂરિ મહારાજ | પૂના |
| ૪ | વિજય પ્રેમસૂરિજી મહારાજ | પાલીતાણા |
| ૫ | વિજય દર્શનસૂરિજી મહારાજ | પાલીતાણા |
| ૬ | મુનિશ્રી દર્શનવિજયજી. મ. ત્રિપુટી | ખેડા |

| | | |
|---|---|---|
| ૭ | પં૦ રવિવિજયજી. મ. (ડેલાવાળા) | અમદાવાદ |
| ૮ | ઉ૦ ધર્મવિજયજી મ. | મોરબી |
| ૯ | સાધ્વીજી શ્રી હેમશ્રીજી | જામનગર |
| ૧૦ | કસ્તુરભાઇ લાલભાઇ (આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ) | અમદાવાદ |
| ૧૧ | શ્રી ગોડીજી સંઘ | મુંબઇ |
| ૧૨ | શ્રી જૈન સ્વયંસેવક સંઘ | મુંબઈ |
| ૧૩ | શ્રી શાંતીલાલ મગનલાલ | મુંબઈ |
| ૧૪ | શ્રી મયાભાઈ સાંકલચંદ | અમદાવાદ |
| ૧૫ | શ્રી સંવેગી ઉપાશ્રય (હાજા પટેલની પોળ) | અમદાવાદ |
| ૧૬ | શ્રી જૈન સંઘ | વેજલપુર |
| ૧૭ | શ્રી જૈન યુવક સંઘ | વીરમગામ |
| ૧૮ | શ્રી હીરાભાઈ મુલચંદ બુલાખીદાસ | મુંબઇ |
| ૧૯ | શ્રી સંઘ (ભરૂચ) | વેજલપુર |
| ૨૦ | શ્રી વર્ધમાનસાગર અને સરસપુર સંઘ | અમદાવાદ |
| ૨૧ | શ્રી બાકરોલા અને સંઘ | વેજલપુર |
| ૨૨ | શ્રી નગીનદાસ વાડીલાલ | વેજલપુર |
| ૨૩ | શ્રી જૈન સંઘ | પાલનપુર |
| ૨૪ | શ્રી મુલચંદ બુલાખીદાસ (જૈન સંઘ) | ખંભાત |
| ૨૫ | શ્રી સંઘ અને સેવા સમાજ | વાસદ |
| ૨૬ | શ્રી જેશિંગલાલ પ્રેમચંદ | પાટણ |
| ૨૭ | શ્રી રમણલાલ દલસુખભાઈ | ખંભાત |
| ૨૮ | શ્રી જૈન સંઘ | સીરપુર |
| ૨૯ | શ્રી હીરાબેન કીશોરદાસ | વીસનગર |
| ૩૦ | શ્રી કેશવલાલ અમરચંદ નગરશેઠ | પાટણ |
| ૩૧ | શ્રી ભાખરીયા એન્ડ બ્રધર્સ | મુંબઈ |
| ૩૨ | શ્રી જૈન સંઘ | બારડોલી |

| | | |
|---|---|---|
| ૩૩ | શ્રી જૈન સંઘ | વઢવાણ સીટી |
| ૩૪ | શ્રી માણેકલાલ ચુનીલાલ | મુંબઇ |
| ૩૫ | શ્રી જૈન સંઘ | નંદરબાર |
| ૩૬ | શ્રી નરોત્તમદાસ એ. કપાસી | મુંબઈ |
| ૩૭ | શ્રી વાડીલાલ દોલતરામ | મુંબઇ |
| ૩૮ | શ્રી જૈન સંઘ | કોટ મુંબઈ |
| ૩૯ | શ્રી છોટાલાલ ભીખાભાઈ | મુંબઈ |
| ૪૦ | શ્રી અમૃતલાલ ગલાલચંદ | જામનગર |
| ૪૧ | શ્રી કસ્તુરભાઈ નાનચંદ | જામનગર |
| ૪૨ | શ્રી શાન્તિભુવન | જામનગર |
| ૪૩ | શ્રી જૈન સંઘ | કડી |
| ૪૪ | શ્રી નેમીચંદ નગીનચંદ વકલવાલા પ્રેસીડન્ટ જૈન તેરાપંથી સભા | મુંબઈ |
| ૪૫ | શ્રી ગટુલાલ ઓંકારલાલ અને સંઘ | ધાર |
| ૪૬ | શ્રી ગટુલાલ ઓંકારલાલ | ધાર |
| ૪૭ | શ્રી જૈન સંઘ | વીજાપુર |
| ૪૮ | શ્રી સંઘ (પન્યાસજી મહારાજ પર) | ઇંદોર |
| ૪૯ | શ્રી સંઘ (સુરત સઘ પર) | ઇંદોર |
| ૫૦ | શ્રી લાલભાઈ લઠ્ઠા (નાગજી ભુદરની પોળ) | અમદાવાદ |
| ૫૧ | શ્રી નંદલાલ લોઢા | બદનાવર |
| ૫૨ | શ્રી નંદરામ ચોપડા | બદનાવર |
| ૫૩ | શ્રી જૈન સંઘ | બદનાવર |
| ૫૪ | શ્રી જૈન સંઘ | શીહોર |
| ૫૫ | શ્રી જૈન સંઘ | આગર-માળવા |
| ૫૬ | શ્રી જૈન સંઘ | શૈલાના |
| ૫૭ | શ્રી જૈન સંઘ | મોરબી |
| ૫૮ | શ્રી જૈન સંઘ | દેવાસ |

| | | |
|---|---|---|
| ૫૯ | શ્રી જૈન સંઘ | તલાજા |
| ૬૦ | શ્રી જૈન સંઘ | માણસા |
| ૬૧ | વિજય રામસૂરિજી | ખંભાત |
| ૬૨ | મુનિશ્રી હંસસાગરજી | ઠલીયા |
| ૬૩ | સાધ્વી શ્રી અંજનાશ્રીજી. | ઠલીયા |
| ૬૪ | શ્રી જૈન સંઘ. | ઠલીયા |
| ૬૫ | સાધ્વીશ્રી મનોહરશ્રીજી | ઇન્દોર |
| ૬૬ | શ્રી જૈન સંઘ | ઇન્દોર |
| ૬૭ | ધેબરમલજી | ઇન્દોર |
| ૬૮ | વીરચંદ વસ્તારામ | ઇન્દોર |
| ૬૯ | જમનાદાસ મોનજી | મુંબઇ |
| ૭૦ | ભોગીલાલ લહેરચંદ | મુંબઇ |
| ૭૧ | માણેકલાલ એન્ડ સન્સ | મુંબઇ |
| ૭૨ | જૈન સંઘ | મુંબઇ |
| ૭૩ | નગીનદાસ કરમચંદ | અંધેરી |
| ૭૪ | નરોત્તમદાસ કપાસી | અંધેરી |
| ૭૫ | મનસુખલાલ દુધવાલા | અંધેરી |
| ૭૬ | સાધ્વીશ્રી નેમશ્રીજી | ઘાટકોપર |
| ૭૭ | અમૃતલાલ ઉંઝા ફાર્મસી | મુંબઇ |
| ૭૮ | કેશવલાલ હરજીવન | વીરમગામ |
| ૭૯ | પ્રવર્તક ચંદ્રવિજય | પાનસર તીર્થ |
| ૮૦ | શ્રી જૈન સંઘ | પાટણ |
| ૮૧ | હીરાલાલ લલ્લુભાઈ ચાવાલા | મુંબઇ |
| ૮૨ | પોપટલાલ પ્રેમચંદ | મુંબઇ |
| ૮૩ | શ્રી જૈન સંઘ | ડભોઇ |
| ૮૪ | માણેકલાલ ત્રિકમલાલ | રાધનપુરવાલા |
| ૮૫ | શ્રી જૈન સંઘ | માંગરોલ |

| | | |
|---|---|---|
| ૮૬ | શ્રી જૈન સંઘ | અમદાવાદ |
| ૮૭ | પં૦ શ્રી હેમસાગરજી | અમદાવાદ |
| ૮૮ | સારાભાઈ હઠીસીંગ | અમદાવાદ |
| ૮૯ | પનાલાલ ઉમાભાઈ | અમદાવાદ |
| ૯૦ | શાંતીકુમાર જગાભાઈ | અમદાવાદ |
| ૯૧ | પુંજાભાઈ દીપચંદ | અમદાવાદ |
| ૯૨ | મોહનલાલ છોટાલાલ | અમદાવાદ |
| ૯૩ | કચરાભાઈ હઠીસીંગ | અમદાવાદ |
| ૯૪ | ભગુભાઈ સુતરીયા | અમદાવાદ |
| ૯૫ | કાંતીલાલ ભોગીલાલ નાણાવટી | અમદાવાદ |
| ૯૬ | વકીલ મણીલાલ રતનચંદ | અમદાવાદ |
| ૯૭ | જમનાભાઈ ભગુભાઈ | અમદાવાદ |
| ૯૮ | પદમચંદ સંપતલાલ | અમદાવાદ |
| ૯૯ | કાંતીલાલ ઇશ્વરલાલ | મુંબઈ |
| ૧૦૦ | વાડીલાલ દોલતરામ | મુંબઈ |
| ૧૦૧ | મોહનલાલ ભગવાનદાસ સેક્રેટરી જૈન એસોશીએશન | મુંબઈ |
| ૧૦૨ | ભગવાનલાલ પન્નાલાલ | મુંબઈ |
| ૧૦૩ | મણીલાલ જૈન | મુંબઈ |
| ૧૦૪ | કાંતીલાલ ઇશ્વરલાલ પ્રેસીડંટ જૈન કોન્ફરન્સ | મુંબઈ |
| ૧૦૫ | જમનાદાસ મોનજી | મુંબઈ |
| ૧૦૬ | મગનલાલ લાલજી | મુંબઈ |
| ૧૦૭ | રતીલાલ છબીલદાસ | મુંબઈ |
| ૧૦૮ | શીખરચંદ | મુંબઈ |
| ૧૦૯ | વલ્લભદાસ ત્રીભોવનદાસ આત્માનંદ સભા | ભાવનગર |
| ૧૧૦ | શ્રી જૈન સંઘ | ભાવનગર |
| ૧૧૧ | રતીલાલ જીવણભાઈ | પાલીતાણા |
| ૧૧૨ | લબ્ધિસાગરજી | પાલીતાણા |

| | | |
|---|---|---|
| ૧૧૩ | કુંવરજી વોરા | પાલીતાણા |
| ૧૧૪ | આગમ–મંદિર | પાલીતાણા |
| ૧૧૫ | કુંવરજી માસ્તર | પાલીતાણા |
| ૧૧૬ | મોટી ટોળી | પાલીતાણા |
| ૧૧૭ | શેઠ આણુંદજી કલ્યાણજી | પાલીતાણા |
| ૧૧૮ | લબ્ધિસૂરી જૈન સેવા મંડળ | પાલીતાણા |
| ૧૧૯ | નાની ટોળી | પાલીતાણા |
| ૧૨૦ | સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજી | પાલીતાણા |
| ૧૨૧ | મોહનલાલ ભગવાનજી | જામનગર |
| ૧૨૨ | ચુનીલાલ લખમીચંદ | જામનગર |
| ૧૨૩ | ચુનીલાલ માણેકચંદ | જામનગર |
| ૧૨૪ | જામનગર જૈન સંઘ | જામનગર |
| ૧૨૫ | પ્રેસીડન્ટ ઓ. જે. મંડળ | જામનગર |
| ૧૨૬ | મદ્રાસ સંઘ | મદ્રાસ |
| ૧૨૭ | દમણ જૈન સંઘ | દમણ |
| ૧૨૮ | શ્રી જૈન સંઘ | અમરેલી |
| ૧૨૯ | પ્રભાવતીબેન | અજમેર |
| ૧૩૦ | કોઠીપોળ સંઘ શ્રી યશોવિજયજી | વડોદરા |
| ૧૩૧ | જૈન બાલમંદિર સોસાયટી | ડભોઈ |
| ૧૩૨ | વિજય કુમુદસૂરિજી | કપડવંજ |
| ૧૩૩ | શ્રી જૈન સંઘ | કપડવંજ |
| ૧૩૪ | શ્રી જૈન સંઘ | ગોધરા |
| ૧૩૫ | શ્રી જૈન સંઘ | લુણાવાડા |
| ૧૩૬ | શ્રી જૈન સંઘ | ઈડર |
| ૧૩૭ | શ્રી જૈન સંઘ | મહેસાણા |
| ૧૩૮ | ચંદુલાલ પુંજાભાઈ સંઘવી | કડી |
| ૧૩૯ | મુળચંદ વાડીલાલ–મનસુખલાલ અને મફતલાલ | વીજાપોર |
| ૧૪૦ | શ્રી રંગવિમલસૂરિ | વીજાપોર |

| | | |
|---|---|---|
| ૧૪૧ | રતીલાલ ચુનીલાલ | પાલેજ |
| ૧૪૨ | શ્રી મુલી સંઘ | મુલી |
| ૧૪૩ | જૈન અમલનેર સંઘ | અમલનેર |
| ૧૪૪ | શ્રી જૈન સંઘ | ભુજ |
| ૧૪૫ | શ્રી જૈન સંઘ | ચાણસ્મા |
| ૧૪૬ | દીપચંદ બાંટીઆ સેક્ર આનંદવર્ધક | ઉજ્જૈન |
| ૧૪૭ | શ્રી જૈન પંચ | રાણી |
| ૧૪૮ | વિજય રામચંદ્રસૂરિજી | ખંભાત |
| ૧૪૯ | પ્રેસીડન્ટ તપગચ્છ સંઘ | વીજાપોર |
| ૧૫૦ | શ્રી જૈન સંઘ | ચુડા |
| ૧૫૧ | ચંદુલાલ પોપટલાલ મનસુખલાલ અને હીંમતલાલ | સાયલા |
| ૧૫૨ | શ્રી જૈન તપગચ્છ | સાયલા |
| ૧૫૩ | બોટાદ સંઘ જયંતવિજય | બોટાદ |
| ૧૫૪ | શ્રી જૈન સંઘ | ફ્લોદી |
| ૧૫૫ | શ્રી જૈન સંઘ | પરતાપગઢ |
| ૧૫૬ | રીખવદેવ કેસરીમલ | રતલામ |
| ૧૫૭ | શ્રી જૈન સંઘ | ભવાની |
| ૧૫૮ | શ્રી જૈન સંઘ | ચોટીલા |
| ૧૫૯ | મુનિશ્રી ભુવનવિજયજી | ભાંડકતીર્થ |
| ૧૬૦ | શ્રી હિમાચલસૂરિ | ઘાણેરાવ |

તા. ક.—પૂ૦ શ્રી ના સ્વર્ગવાસના માનમાં મુંબઇ, અમદાવાદ મુકામે શેરબજાર, ચાંદીબજાર, કાપડબજાર, વિગેરે બંધ રહ્યા છે. દરેક ગામના સંઘોએ, પૂ૦ આચાર્યોએ, ઉપાધ્યાયોએ, સાધુઓએ અને સાધ્વીઓએ દિલસોજીના તાર-દેવવંદનાદિ કર્યાં છે. ઘણી જગોએ તો તે નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવની શરૂઆત થઇ ગઇ છે. પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે સૂર્યપુરના તામ્રપત્ર શ્રી વર્ધમાન-જૈનાગમ-મંદિરમાં વૈશાખ-વદ-૫ થી પંચોતેર દિવસ સુધી આંગી રચવામાં આવશે.

# સ્વર્ગસ્થ આગમોદ્ધારકશ્રીને નિવાપાંજલી

સૈંકાઓથી ભૂલી જવાયેલી શ્રમણોની પઠનપાઠનની વાચનાપદ્ધતિનો પુનરૂદ્ધાર કરનાર વાચનાદાતાના સ્વર્ગગમનના સમાચારથી આજે આપણો સમાજ શોકના સાગરમાં ડુબ્યો છે.

સાગરજી એ ટુંકું છતાં મધુરૂં નામ લેતાં જૈન-સમાજમાં નવી ઉષ્માનો સંચાર થાય અને એમના દર્શનથી પાપીમાં પણ પાપીને પાવન બનવાની પ્રેરણા જાગે એવં એ નરરત્નના વિયોગની વેધક વાંસળી વાગતા વિરહ વેદનાથી હૈયું વલોવાઇ જાય છે.

કપડવંજમાં એક વણિક શ્રેષ્ઠિને ઘેર ૧૯૩૧માં અષાડ વદ અમાવાસ્યાના દિવસે આ તેજસ્વી આત્માએ જન્મ લીધો યૌવનના બારણામાં પેસતાંજ ૧૯૪૭માં સોળ વર્ષની ઉંમરે એમણે સમર્થ જ્ઞાની પૂ૦ શ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી. એમના ઓજસ્વી વ્યક્તિત્વ અને વિશાળ અભ્યાસના પ્રતાપે એમણે ૧૯૭૪માં જવાબદારી ભર્યું આચાર્યપદઅલંકૃત કર્યું આમ ઓગણસાઠ વર્ષના લાંબા જીવનમાં સત્ય અને સિદ્ધાન્તને માટે અન્ત સુધી એકલે હાથે ઝઝુમનાર એમના જેવા શાસનરક્ષક નરવીર સેનાપતિની ન પુરાય તેવી ખોટ કોણ પુરી શકે તેમ છે ?

એમની સુમધુર શીતળ-છાયા નીચે હજારો સંતપ્ત હૈયા અપૂર્વ શાંતિ મેળવતાં એમના જ્ઞાનફળથી લાખો ક્ષુધિત-હૈયા પોતાની ભૂખ મટાડતાં એમની પ્રેરણા વડે હજારો માણસો પોતાનું જીવન ધન્ય બનાવતાં અને મિથ્યાત્વના ત્રાસથી ત્રાસ પામેલા અનેક મુક્તિપંથના પ્રવાસીઓ એમની છત્ર-છાયા નીચે વિશ્રામ લેતા આજે સંસારનો એ મહાવડ ઓચિંતો જ પડી જતાં માનવપક્ષીઓ નિરાધાર અને અસહાય બન્યા છે. એમ એમની આંખોમાં જે કૃપા હતી. મુખ પર જે નમ્રતા હતી. વાણીમાં જે અમૃત હતું. હૈયામાં જે વાત્સલ્ય હતું, આકૃતિમાં જે

ગાંભીર્ય હતું. બુદ્ધિમાં જે તીવ્રતેજસ્વિતા હતી. અને એથીએ અધિક તો એમની પાસે ધૈર્યનો જે અખૂટ અને અજોડ ખજાનો હતો તે માનવીને મન્ત્રમુગ્ધ બનાવી દેતો એ મારો અંગત અનુભવ છે, અરે માનવહિતના દ્વેષિઓ પણ એમના સમાગમ પછી માનવહિતના રક્ષક બની જતાં અને એમની પુનિત છાયામાંથી વિશ્વ-વાત્સલ્યની પવિત્ર ભાવના લઈ વિદાય લેતા. એ પ્રભાવ એમની કલ્યાણ-ભાવના અને નિર્મલબુદ્ધિનો હતો. તેથી જ એમનાં નામની ફોરમ પણ આપણાં હૈયામાં શાંતિની સૌરભ પ્રસરાવે છે. જ્ઞાનની મૂકસેવામાં જ પોતાના સંપૂર્ણ જીવનને સમર્પણ કરીને, એમણે અમુલ્ય સેવાભાવી કોઇ અમરકાવ્યની ભવ્ય ગાથા રચી છે. અને એથી જ સંશોધનના ક્ષેત્રોમાં શાસ્ત્રોને ચિરસ્થાઈ બનાવવા માટે વીરાટ પુરૂષાર્થ સંશોધકોમાં આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી આનંદસાગર-સૂરીશ્વરજીનું સ્થાન અને નામ અજોડ અને અપૂર્વ હતું અને છે.

આવા આ મહારથી ગયા અને માનવીને નિર્મળ બનાવતી જ્ઞાન-ગંગા પલવારમાં સુકાઈ ગઈ. સુવિશુદ્ધ પ્રકાશ આપતો ભવ્ય-દીપક અણધાર્યો ઓલવાઈ ગયો. મીઠી સુવાસ આપતું કમળ ઓચિંતું કરમાઇ ગયું, શીતળતા આપતો ચંદ્ર, ક્ષણવારમાં લુપ્ત થઇ ગયો. હા ? એમની એક ગેરહાજરીથી સંસાર કેવો સૂનો લાગે છે આ ઓજસ્વી-ત્યાગમૂર્તિ તેજસ્વી આગમોદ્ધારક, બહાદુર શાસનરક્ષક, અને માનવતાના પ્રતીકસમા એ મહાન્ પુરૂષનું કર્તવ્યપૂર્ણ ભવ્ય જીવન આપણા જીવનમાં મઢીએ.

આપણા કમભાગ્યે આજે એમનો સ્થૂલદેહ જો કે આપણી વચ્ચે નથી પણ તેમના ભવ્યકાર્યોનું અમરઝરણું અવિરતપણે આપણી વચ્ચે વહી રહ્યું છે. એમાં સ્નાન કરી આપણા જીવનને સફળ બનાવીયે. એમાંજ આપણું શ્રેયસ્ અને પ્રેયમ્ છે. ભૂરી ભૂરી નમન હો એ મહાન્ આગમોદ્ધારકને !

**મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મ.**

**(ચિત્રભાનુ)**

# આગમોદ્ધારક-વિરહ

ગુરુ-વિરહ અતિ દોહ્યલો, મુજથી કેમ સુહાયજી?
સૂરતની સૂરત ફેરી, દુઃખ એ નવ ભૂલાયજી. ગુરુ૦ ૧
સૂર્યપુરે કરી સ્થિરતા કારણ શરીર બિમારજી;
પાંચ ચોમાસાં ત્યાં થયાં, સ્થાપ્યું આગમ-મંદિરજી ગુરુ૦ ૨
શરીરે શાંતિ નવ સાંપડી, બે હજાર છ એ નિર્વાણજી;
સર્જ્યાં ગ્રન્થ મહતત્વના, સંઘ-ભાવિક-કલ્યાણજી. ગુરુ૦ ૩
'જૈનગીતા' ભાખી ભાવથી, તનમન ઉલ્લસિત થાયજી;
'સ્વઆરાધન' કરતાં થકા, 'આરાધના માર્ગ' રચાયજી. ગુરુ૦ ૪
શ્રુત વિષે થઈ લીન ને સહ્યા કર્મ-વિપાકજી;
મંત્ર જપી નવકારનો, ભવભીતિ કરી ખાકજી. ગુરુ૦ ૫
સ્વર્વગમન નિકટ દેખતાં, થઇ અર્ધ-પદ્માસન સ્થિરજી;
દિવસ પંદર લગી રહ્યા, 'આનંદ-લબ્ધિ' અપારજી. ગુરુ૦ ૬
સૂરિસમ્રાટ્ 'આનંદસાગરો' સમરે નમસ્કાર એ મંત્રજી;
આતમ-ભાવના ભાવતાં, છોડે કાયા કઠિણજી. ગુરુ૦ ૭
આગમોદ્ધારે કૃપા દાખવી, વરસ ચાલીશ રાખ્યો સાથજી;
શાસ્ત્રોદ્ધાર કીધા ઘણા, શ્રુત-ભક્તિનો ખોલ્યો પાથજી. ગુરુ૦ ૮
'આગમોદ્ધારક'-વિરહ કારમો; સંઘ સકળ ન ખમાયજી;
દેહ ત્યજ્યો સ્થિર સમાધિએ, જીવન-ચિત્ત મુંઝાયજી! ગુરુ૦ ૯

મુંબઈ ૪
વિ૦ સંવત ૨૦૦૬ } જીવણચંદ સાકરચંદ ઝવેરી.

આ કાવ્ય આગમોદ્ધારકપ્રણીત આરાધના માર્ગ ભાગ પહેલામાં છપાયું છે, એમાં કડીઓ બે ૫ અને ૮ પાછળથી વધારી છે.

મુંબઈ તા. ૪-૨-૫૧ જી૦ ઝવેરી.

# આગમોદ્ધારક-વંદનાંજલિ.

( પાસ સંખેસરા-રાહે. ઝુલણા છંદ )

શ્રુતમય આત્મ જે, જ્ઞાનઘન તેજ જે,
છેહ દેઇ ગયો ચતુર્સંઘને;
જીવી પંચોતેર લગી, સાધના ષષ્ઠી કીધી,
ત્યાગ મારગ મહીં જીવન ગાળ્યું. શ્રુત૦ ૧

પુદ્ગલ બહુ નાવડું, હલેસુ વજ્ર-હાથનું,
પાર કરી એ ગયો સાગર-ભવનો;
તર તારક ગયો, સંઘ અશ્રુ ઝરે,
કોણ વિચ્છેદશે અમ આશંકા? શ્રુત૦ ૨

આગમો પેખતો, છ દર્શને ઘૂમતો,
સંઘ શંક ટાલતો આનંદ હૃદયે;
સંઘ-ક્ષિતિજથી દૂરે, પ્રકાશ વિલીન થયો,
તિમિરમય ભાસતું વિશ્વ સઘળું. શ્રુત૦ ૩

નિઃસત્યમાં સત્ય એ, વદત નિઃશંક જે,
નિડર યોધ મહાવીર પંથે;
ત્યાગ ને શ્રુતને ભજત ચેતનવડે,
પામવા પદ નિરંજન નિઃશંક. શ્રુત૦ ૪

---

ચતુર્સંઘને ચારે=સંઘસમુદાયને. પંચોતેર ૭૫ વર્ષની ઉંમરમાં ૬૦ વર્ષનો દીક્ષાપર્યાય પાળ્યો. બહુ=નાજુક. તરલ તારક=ભવસમુદ્રને તરનાર-તારનાર તારો. સંઘ-ક્ષિતિજ સંઘરુપી આકાશથી. વ્યોમે=આકાશે.

જિનધર્મ-વ્યોમે ઘણી, વાદળી અવનવી,
આવી ચડતી ઘટા-ટોપરૂપે;
ગર્જતી રાહુશી, ભટકતી સત્યથી,
નાશતી પ્રબળ જસ વાણી-વાતે શ્રુત૦ ૫
રાજયોગેસરી, ત્યાગ યોગે વહી,
શાંત શ્રુત ઘોધ સરિતા વહાવી;
સ્થાપી સિદ્ધક્ષેત્રમાં, સુરત સમ બંદરે,
અતુલ જે વીરની સત્ય વાણી. શ્રુત૦ ૬
લુપ્તશે આગમો, ગ્રન્થારૂઢ જે રહ્યા,
એહ શંકા લહી ચિત્તમાંહે;
અવર વળી ચિંતતા, કાળ તો વહી જતાં,
પાઠ-પરિવર્તના કૈંક થાશે. શ્રુત૦ ૭
એહ ચિંતા અતિ, ચિંતવે ચિત્તમહીં,
સ્થાપવા અજરમાં યત્ન કીધો;
થાપિયાં આરસે, સિદ્ધના ક્ષેત્રમાં,
સૂરતે થાપિયાં તામ્રપત્રે. શ્રુત૦ ૮
શોધી મુદ્રિત કર્યાં, વાચના શુભ દીધી,
શાસ્ત્ર ગ્રન્થોતણી એહ પ્રસ્ને;
અંતિમી વાચના, વીસસો (૨૦૦૪) ચારમાં,
સાધુ શત સન્મુખે સૂર્યપુરે. શ્રુત૦ ૯

---

**નાશતી**=નાશ પામતી. **વાતે**=વાણીરૂપ વાયરાથી. **રાજયોગે** વિગેરે-જન્મકાળે રાજ અને ત્યાગ એ બે યોગો પ્રચંડ પડેલા, તેમાં પહેલો રાજ છોડી ત્યાગ અપનાવ્યો. **અજર**-લાંબા કાળ સુધી બગડે; ઘસાય, સડે, નાશ પામે નહિ તેવામાં. પાષાણુ યા ધાતુમાં. **સૂર્યપુરે**-સુરતમાં આગમમંદિરની સ્થાપના વેળાયે એકત્ર થયેલ મુનિપુંગવોને સવાર બપોર બે સમયે વાચના અર્પી હતી.

સાધના સાધના સાધના શ્રુતતણી,
ઝળકતો આત્મ જો તત્વ ચિંતે;
'નેક ગ્રન્થો લખ્યા, "સમાધિમારગ" રચ્યું,
સ્થાપિ "આગમતણો પુરુષ" મોટો શ્રુત૦ ૧૦

તોષ નવ પામતો, આત્મ એ મહાત્મનો,
કાર્ય કૈં કૈં રહ્યાં બાકી ઝાઝાં,
શરીર કટુ-ધર્મને, ભજવતું ખૂબ રહે,
લેખિની ચલતી રહે હસ્તમાંહે. શ્રુત૦ ૧૧

ન વાંછી કીર્તિ કદા. ન વાંછી સોરભ-કથા,
વાંછી ના જીવનની કાંઇ માયા;
વાંછી આત્મદાનને, દેહક્ષય અવગણી,
અર્પિયું સર્વ તો ધર્મ-સાટે. શ્રુત૦ ૧૨

ખલકનો ખેપીઓ, મલકનો મોવડી,
જેઠીઓ એ સુણ્યો જગત જૈની;
**વીરનો** વીરીઓ, વાણી વિહારીઓ,
શાસ્ત્રની સાખીયે વદત વાચા. શ્રુત૦ ૧૩

---

**ચિંતે**=તત્ત્વના ચિંતવનથી. **પુરુષ**-સુરત તામ્રપત્રાગમ મંદિરના ભૂમિગૃહમાં સુવર્ણ આગમ પુરૂષની તથા આગમમંજૂષાની સહસ્રફણા પાર્શ્વનાથજી સન્મુખના કમરામાં સ્થાપનાં કરી. **તોષ**-સંતોષ. **કટુ**-રોગાદિ શરીરધર્મ, **લેખિની** વિગેરે-શરીર અશક્ત બનતું તો પણ ગ્રંથોને શોધવામાં યા નવા રચવામાં હાથમાં લેખિની ચાલતી જ રહેતી.

**ખલકનો**-જૈન જગતને શ્રીવીરની વાણીનું તત્વ પહોંચાડનાર ખેપીઓ, **વીરનો**-વર્ત્તમાનકાળમાં શ્રીવીરના શાસનમાં વીરપુરુષ.

શ્રુતને. સેવીઓ, ભક્તિનો ભોમિઓ,
રાગીઓ નવ કદિ રાગી નિજનો;
સત્યનો સાથિયો સૂરિમાં સૂરિયો,
આત્મ લસોટતો શુદ્ધ-શૈલે. શ્રુત૦ ૧૪
અમર જીવન જીવ્યું, મૃત્યુ ઉજાળવા.
લળી લળી વંદના સંઘ કરતો,
**આગમોદ્ધારક** સૂરિ એ તારકા,
હર્ષથી સેવતા **અબ્ધિ-આનંદમાં**. શ્રુત૦ ૧૫
( ત્યાં તો— )
સુરત ગોપીપરે, વિધિ તો વિફરી,
ચેતના બુઝવી, રાહૂ-કાળે ગ્રસી;
ચિદાનંદ સાધવા, સમાધિ ગ્રહી સાધવા,
લીધ તેં સત્યનો માર્ગ સાચો. શ્રુત૦ ૧૬
એહ પણ સંઘપે, ત્રિતીયું કાળસમ,
અશ્રુથી ભીંજતી સર્વ આંખો;
**વીરનો** ધર્મ તો, આત્મમાં વાસતો.
'વીર હે! વીર હે ! વીર ! વીર !' શ્રુત૦ ૧૭
**હેમ ને હીર** અપિ, **યશો** ઉપાધ્યાયકા,
તરવરે દૃષ્ટિયે તુજને પેખી;
શતક ત્રણ સો લગી, તું સમો નવ થયો,
**વીરના** ધર્મમાં વીરબાહુ શ્રુત૦ ૧૮

---

**સેવીઓ**–શ્રુતની સેવા કરનારો મહાન્ સેવક. **લસોટતો**–કસતો, કસી જોતો **શુદ્ધ-શૈલે**–કસોટીયે. આત્માને શ્રીવીરઆજ્ઞાની કસોટીયે કસનારો, કસોટી-ઘસાય નહિ એવો પાષાણ હોવાથી "શુદ્ધ-શૈલે" યોજ્યું છે. **હેમ**–આદિ શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીહીરવિજયસૂરિ, અને **શ્રીયશોવિજયજી** મહોપાધ્યાયની યાદ, તને દેખતાં તાજી થતી. **શતક ત્રણસો**– શ્રી યશોવિજયજી મહોપાધ્યાય અને આગમોદ્ધારકના સમયની વચ્ચે પ્રખર શ્રુતજ્ઞાની અને તાર્કિકશક્તિવાલા થયેલ કોઈ જાણવામાં નથી આવ્યા.

પુણ્યવંત સુર્ત કે પુણ્યની હીનતા,
અકલ એ પ્રશ્ન મમ આત્મ સૂંધેઃ
(પણ) કીર્તિ તારી વડે, સૂરત સૌરભ બહુ,
તુજ સમા પૂજ્ય જ્યાં આત્મ સાધે. શ્રુત૦ ૧૯

સુરતના સંઘની વિપુલ એ પુણ્યતા,
કે તને પામીને આત્મ નર્તે;
બે હજાર છયનો (૨૦૦૬), કૃષ્ણ વૈશાખીઓ,
તવ જતાં એહની જ્યોત જાયે. શ્રુત૦ ૨૦

પક્ષની પંચમી, વાસરો મંદ તો,
છોડીઓ વાસ જે જીર્ણ થાતો;
નિંબ-ઉપાશ્રયે, સ્થિર પદ્માસને,
ચતુર પહોરે ઘટિ શુભ સાધી, શ્રુત૦ ૨૧

---

**સુર્ત**=સુરત, **નર્તે**=નાચે, રાચે. **કૃષ્ણ વૈશાખીઓ**=વેશાખનો કૃષ્ણપક્ષ (શ્યામ બનેલાં વૈશાખનો શ્યામપક્ષ.) **પક્ષની**=કૃષ્ણપક્ષની પંચમી. **વાસરો-મંદ**=શનિવાર. **વાસ**=જીર્ણ થયેલું શરીર. **નિંબ-ઉપાશ્રયે**=ગોપીપરાના માલીફળીઆમાં શ્રી મંછુભાઈ દીપચંદવાળી, આંગણામાં લીંબડો હોવાથી 'લીંબડા-ઉપાશ્રય' નામે ઓળખાતી ધર્મશાલામાં, ગુરૂદેવની પંદર દિવસની સમાધિમાં એ જ નિંબવૃક્ષ બારી વાટે સમાધ તેમજ બાકીની જીવનયાત્રા શાંતિથી પૂર્ણ કરાવવા માટે હોય નહિ તેમ દક્ષિણ દિશામાંથી સ્વચ્છાયા ગુરૂદેવ ઉપર પ્રસારતો હતો. અર્થાત્ દક્ષિણ દિશામાંથી એ જ લીંબડાની છાયા બારીવાટે ગુરૂદેવના સમાધિસ્થાન ઉપર રેલાતી હતી.

મહા પરિઠાવણા, ઈશ માણક સૂરિ,
　　　વિજયપ્રીતીશ, ને અન્ય મુનિવર;
ગન્ધજળ સ્નાનને, વાસથી ક્ષેપીને,
　　　　　રાત્રિયે સ્થાપતા દર્શ માટે. શ્રુત૦ ૨૨

દર્શને આવતા, રાત્રીએ જાગતા,
　　　　　ખિન્નતા ધારતા ચિત્ત ચોટે;
લોક ઉમેટતું, વાસથી પૂજતું,
　　　　　દ્રમ્મ ચડાવતું શક્તિયોગું.. શ્રુત૦ ૨૩

બાળ ને વૃદ્ધ પણ, ભાવથી આવતા,
　　　　　ખેદથી ઉભતા મોહ ત્યાગી;
ધૂપ પધરાવતા, ધૂપધાણા મહીં,
　　　　　સુરભી રેલાવવા યત્ન કરતા. શ્રુત૦ ૨૪

ધૂપ ધૂપાવલિ, ગોટગોટે વહી,
　　　　　બિંદુ વહાવતી ચારૂનેણે;
દીપ પ્રકટાવિયા. ગન્ધ-ઘૃતે ભર્યા,
　　　　　વાયુએ લહેરતી દીપ જ્યોતો. શ્રુત૦ ૨૫

અસ્થિર એ જ્યોતિઓ, એમ વદતી ફરે,
　　　　　પરિવર્તનીય જગત સઘળું;
પ્રાત-પ્રભાતમાં, ચાર ખંડ શિબિકે,
　　　　　શિખર ઉત્તુંગ જે પંચ સોહે. શ્રુત૦ ૨૬

---

**મહાપરિ૦**-પૂજ્યના નિશ્ચેતન દેહની પરઠવણા. **ઈશ મા૦**-માણિકયસૂરીશ્વર તથા વિજયપ્રીતિચંદ્રસૂરીશ્વર આદિ મુનિમંડળોએ પરઠવણા કરી. **દ્રમ્મ**-દ્રવ્ય. **ચારૂનેણે**-સુન્દર નેત્રોવાળી સ્ત્રીઓ. **પરિવર્તનીય**-પરિવર્તન પામનારું-અસ્થિર. **ચાર ખંડ**-મુખ્ય બેઠકનો એક ખંડ તથા આગળ અને બે બાજુ ઉપર એક એક નાના ખંડો, **પંચ**-વચલું શિખર ઘણું ઊંચું અને અર્ધ ભાગ સુધી ચારે બાજુ અડધાં મઢી લીધેલાં શિખરો. **નિસ્સરણ**-નિશ્ચેતન દેહનો નિકાલ કરવા માટે.

જય નંદ ! જય ભદ્ર ! નો ઘોષ ઉચ્ચારતા,
પરઠવે મંડપિ નિસ્સરણ-કાજે;
લશ્કરી તૂરથી, શોકના સૂરથી,
હસ્તિયે વિહરતી, ગાંભીર્ય-છાયે. શ્રુત૦ ૨૭

ગાવતાં કીર્તનો ભજનનાં મંડળો,
ધૂપની સુરભી ગગન વાહે;
પુષ્પ-સુવર્ણ; ને દ્રમ્મ ઉછાળતા,
ધીર-વહતી વહે નિહરણ-જત્તા, શ્રુત૦ ૨૮

સુરતના મધ્યમાં, ધન્ય ગોપીપરા.
જ્યાંકણે અજરમાં શ્રુત સ્થાપ્યા;
'અદાલત જીર્ણ'માં રચી ચંદન-ચિતા,
પાર્શ્વ જે તામ્રના આલયે છે. શ્રુત૦ ૨૯

વિપુલ એનાં જ, ચૌપાટમાંહે શુચિ.
સ્થાપીને શિબિકા દેહ સ્થાપ્યો;
પૂર્વાભિ-શુભ-મુખે, ગ્રામના સન્મુખે
અર્ચિં ચંદન અને શુભ-દ્રવ્યે. શ્રુત૦ ૩૦

---

**તૂર**-વાદ્ય. **હસ્તિએ**-પ્રારંભમાં હાથી અને તે પાછળ ચાલતી યાત્રા, **ગાંભીર્ય**-છાયે-ગાંભીર્યતાભરી શોકાતુર છાયાથી. **પુષ્પ-સુવર્ણ**—સોના રૂપાના ફૂલો અને નાણું ઉછાળતા. **નિહરણ-જત્તા**—નિકાળયાત્રા, અગ્નિપાન માટે લઈ જવાતી યાત્રા. **અદાલત**—નવાબી સમયની કોર્ટ, જે જૂની અદાલત તરીકે ઓળખાય છે અને શ્રી આગમોદ્ધારક સંસ્થાની માલિકીની જમીન છે તે સ્થળે. **પૂર્વાભિ**—પૂજ્યોનાં ત્યજેલાં શરીરો ચિતાસ્થાન ઉપર ગ્રામ તરફ દૃષ્ટિ રહે તેમ સ્થાપવાની રૂઢી હોઈ, શહેરનાં મોટા ભાગ તરફ પૂર્વના મુખે દેહ સ્થાપ્યો.

પ્રજળી અગ્નિ-શિખા, સુરભિ ગગને ગતા,
દેહ ફરતી રહે રક્ત-જ્વાળા;
મરણ નરવરતણું, ઉત્સવે દીપતું,
વેરતું બ્રહ્મનાં તેજ ઝાઝાં. શ્રુત૦ ૩૧

ઉપન્યું વિશ્વમાં, વિકસિયું વિશ્વમાં,
લુપ્ત એ વિશ્વથી આજ થાતું;
તે છતાં **જીવન-નો-ચંદ્ર** વિકસાવવા,
તેજ તો વેરતું સ્વર્ગમાંથી. શ્રુત૦ ૩૨

## ( દોહા )

પ્રણમી **સૂરજ-મંડણો,** પાર્શ્વપ્રભુ વિખ્યાત;
**આનંદ** બત્રીશી રચી, **આગમોદ્ધારક**-ખ્યાત. ૧

**આગમોદ્ધારક**-કાર્યની, રેખા ગૂંથી સંક્ષેપ;
વિલય-વિરહમાંહે કર્યું, નિવારવા મુજ ખેદ. ૨

સુરત સંઘના ઉપરે, પરમ જેનો ઉપકાર;
રાખવા દીવ્ય-સંભારણું, ગુરુ-મંદિર રચાય. ૩

બે હજારી ( ૨૦૦૭ ) સાતમાં, ગુરુ-ચિતાને સ્થાન;
ગુરુ-મંદિર ત્યાં દીપશે, સંઘ સુરત સુજાણ. ૪

માઘમાસ અતિ ઉજળો, ઋતુ શિશિર સોહંત;
શીતપક્ષ જ્યાં ઓપશે, દિન દિન ચંદ્ર ચઢંત. ૫

---

**જીવનનો-ચંદ્ર**-કર્તાનું નામ. કર્તાના જીવનરૂપી ચંદ્રને વિકસાવવા.

**સૂરજમંડણ**-સુરતની સ્થાપના. વેળાયે સ્થપાયેલાં પાર્શ્વનાથજી. નવાબની મહેરબાનીથી નવાબે બક્ષેલી જમીન ઉપર સૂર્યમંડણ પાર્શ્વનાથજીનું બિંબ બનાવરાવી મંદિર સ્થાપવામાં આવ્યું હતું.

**શીતપક્ષ**-શુદપક્ષ.

ઉગમણું મુખ સ્થાપીને, પશ્ચિમે ધરી પીઠ;
ગુરુ-છાયા આરોપશે, શોભન-પીઠિકા-પીઠ. ૬

જે તિથિએ થઈ સ્થાપના, આગમ-તામ્ર-મંદિરે;
એહીજ તિથિ લાભતી, તૃતીયા માઘની સ્થિરે. ૭

વાર અસુરાચાર્યનો, દિન ચઢતે અભિરામ;
ગુરુ-મૂર્તિ ત્યાં શોભશે, મંદિર-દિવ્ય-આરામ. ૮

આગમ દિવ્ય-પુરુષને, વંદન-અંજલિ એહ;
અર્પું પૂરણ ભાવથી, જીવન-જીતવાં હેત ! ૯

મુંબઈ સં. ૨૦૦૭ }
તા. ૪-૨-૫૧ } **જીવણચંદ સાકરચંદ ઝવેરી.**

---

**ધરીપીઠ**-ગુરુમૂર્તિની પીઠ પશ્ચિમ ભણી રહી મુખ પૂર્વમાં રાખી પધરાવાશે ગુરુ-**છાયા** ગુરુમૂર્તિ **પીઠિકા-પીઠ**-શોભાયમાન પબાસણની પીઠ ઉપર. **જે તિથિ** તામ્રપત્રાગમમંદિરની સ્થાપના માહ શુદ ત્રીજના રોજ થઈ તેજ તિથિ જ્યોતિષની ગણતરીએ ગુરુપ્રતિષ્ઠા માટે પણ આવી છે. **અસુરાચાર્યનો વાર**-શુક્રવાર, **આરામ**-બગીચા યુક્તમંદિર સુન્દર પબાસણ પીઠિકા યુક્ત ભાવુકોને આરામ-આનંદ આપનારું. **જીવન-જીતવા** ગુરુભક્તિથી જીવન સાફલ્ય કરવાના હેતુથી. અને કર્ત્તાનું નામ સૂચન પણ આવી જાય છે.

### આગમગૌરવાંકિત આગમોદ્ધારક
### ૨૧૦ આનંદસાગરસૂરિ–મૂર્તિસ્થાપન
# હીરક–મહોત્સવ

( લેખક :– જીવણચંદ સાકરચંદ ઝવેરી. )

( અનુષ્ટુપ–લયમાં )

મહામૂલું મહાજૂનું, ફલિતાર્થ થતું રહ્યું;
સોણલું ગુરુ–મૂર્તિનું, તાપી–સરિત–કાંઠડે. ૧
જ્ઞાન ગંગોદકો ઝીલ્યાં, **આગમોદ્ધારકસૂરિના;**
હૈયાં નવ છીપ્યાં તોયે પિપાસા વધતી રહી. ૨
હૃદયમાં ઝીલ્યાં કૈં કે, કૈંકના કર્ણ–માત્રમાં;
તથાપિ પૂજ્ય–ભાવોમાં, શંકા નવ લેશે વસે. ૩
સચેત ચેતના મૂર્તિ, જોતાં વેંતજ ભાવતો;
મહાઋષિ મહામુનિ, દીપતો એ તપોધનો. ૪
રગેરગથી વહેતાં, આગમો પૂજ્યપાદની;
નય–તાર્કિક–તુલાયે, પલ્લાં સમસમા રહે. ૫
સ્મર–હર–સમો સ્વામી, કામદેવ પ્રજાળતો;
હરહરિ–પ્રદાશક્તિ, રક્ષતો વીરધર્મને ! ૬
તાવના અગ્નિયે થાતી, આત્મા કૈં નવ સ્પંદતો;
પતાકા ધર્મ લ્હેકાવા, ઓપતો સ્વર્ણ–દંડ શો. ૭
વિશ્વાસે ભાસતું પૂર્ણ, આત્મભાવે વિલોકતાં;
સમાશે જ્યોતિમાં જ્યોતિ, ભવ–નિકટ બ્રહ્મમાં. ૮

---

ફલિતાર્થ–ફલતું, સિદ્ધ થતું. સોણલું–સ્વપ્નું. તાપી૦–તાપી કિનારે સુરત શહેરમાં, પિપાસા–તૃષા. પૂજ્યભાવોમાં–પૂજ્ય પ્રત્યેની ભક્તિમાં. લેશે–જરી પણ, સમસમા કક્ષામાં પલ્લો ત્રાંજવાં ઊંચા નીચાં ન રહેતાં, સ્મરહર–શંકર, તાવના–અગ્નિપરીક્ષા. સ્પંદતો–ધૈર્ય પણું હોવાથી આત્માને ચડકો સ્ફુરણ લાગતું નહિ પણ સામનો કરી શકતાં, સ્વર્ણ–દંડ–સોનાના દંડ સમો ઊભો રહી ઓપતો, આત્મભાવે–મારા પોતાના આત્મભાવોથી વિચારતાં, બ્રહ્મમાં–સિદ્ધલોકમાં.

બનેલી આર્દ્ર આંસુથી, આનંદાશ્રુ વહાવશે;
ભામિની ભારતિ રાચે, નાચે સંપદ ચંચલા. ૯

બે હજાર પરે સાતે, તૃતીયા માઘ શુકૂલએ;
વિજય મૂર્ત સાધીને, સ્થાપશે ગુરુમૂર્તિને. ૧૦

મૂર્ત્તદાતા કુલે સ્માર્ત, કેશવરામ સુતુજ;
સૂરતના જ જ્યોતિષી, સન્મુખરામ નામના. ૧૧

મૂર્તસાધક શ્રેષ્ઠીશ્રી, સૂત ઉત્તમચંદ્રના;
બાલુભાઈ સુવિખ્યાત, ક્રિયા-મૂર્તે વરોત્તમ. ૧૨

ખુશબો મંદિરકેરી જ્યું, પુષ્પો વસંત ફાલતા;
પ્રસરશે દિગ્દિગોમાં, તાપી-તાતની સાક્ષીયે. ૧૩

ભદ્રં ! ભવતુ કલ્યાણું ! આચાર્ય તુજ આત્મને;
શાસને **વીર**ના ભદ્રં ભદ્ર **વીર**–જિનેંદ્રને. ૧૪

ભદ્રં **સુરત–ભૂ**મિને, ભદ્રં સકલ સંઘને;
ભદ્રં સંતાનીયાસ્ય ! ભદ્રં જગત સર્વને ! ૧૫

---

ભામિની–સ્ત્રીઓ, સ્વર્ગગમન વખતે આંસુથી આર્દ્ર બનેલાં સ્ત્રીઓનાં નયનો મૂર્તિ સ્થાપના નિમિત્તે મંગળગીતો અને ગહુંલીઓ પ્રસંગે હર્ષાશ્રુ વહાવશે. ભારતિ–શ્રુતદેવતા સરસ્વતી, વાગ્–વાણીમાં મશગૂલ રહેનાર ગુરુની મૂર્તિ સ્થાપના સમયે શ્રુતદેવી પણ આનંદશે. અને ચંચળ લક્ષ્મી; શુભ કાર્યોમાં દ્રવ્ય ખર્ચાવાથી સદુપયોગ જાણી નૃત્ય કરશે, એવો ભાવ ઉતર્યો છે. પુષ્પો–વસંત ઋતુના પુષ્પો જેમ ફાલતાં રહે છે તેમ મંદિરની ખુશબો–કીર્તિ ફાલતી રહેશે એવો તથા વસંતના પ્રારંભમાં મંદિર સ્થાપન થતું હોવાથી આવી યુક્તિ ઉતારી છે. તાપી–તાત–સૂર્યની સાક્ષીએ, તાપી સૂર્યપુત્રી છે માટે અર્થાત્ જ્યાં લગી વિદ્યમાન છે ત્યાં સુધી એવો આશીર્ભાવ દર્શાવ્યો.

## શ્રી આગમોદય સમિતિ ઉત્પાદક
## પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરિ-ગુણાનુવાદ.

"આજ સફળ દિન ઊગ્યો મારે" (એ દેશી)

ત્રિસલાનંદન ધર્મસમાજે, આજે **આનંદમેહ** ગાજે રે,
વીજળી ચમકારા માંહી રાજે, વૃષ્ટિ અમૃતસમ છાજે રે. ત્રિ૦-૧

ગણધર ગુંથિત **વીરની** વાણી, આગમ દ્વારા ઉતરીએ,
પૂર્વાચાર્યોએ અવસર વર્તી. પુસ્તકારૂઢ કરી સુતરી રે. ત્રિ૦-૨

આગમ શુદ્ધ પ્રતો દુર્લભતા, સદ્બોધ અલ્પતા પેખી રે,
**નંદ મગન યમુના સુત** રત્ને તક ઊઠ્યો આ સ્થિતિ દેખી રે. ત્રિ૦-૩

**આગમોદય સમિતિ** મતિવંતે, સ્થાપી ઉદ્ધાર વિચારી રે,
અંગ ઉપાંગ સુલભ્ય કરીને, શુદ્ધી પ્રતો પ્રસારી રે. ત્રિ૦-૪

આગમવાચના પ્રાચીન રીતિ, ચલવી અર્વાચીન કાળે રે,
આગમ અર્થ અપૂર્વ શ્રવણમાં, મુનિમંડળ નિત્ય મહાલે રે. ત્રિ૦-૫

અગમ અગોચર પદના અર્થ, સ્પષ્ટ પ્રગટ વિસ્તારી રે,
અનુપમ રહસ્ય સિદ્ધાંત પ્રકાશી, શંકા સંશય ધ્વંસકારી રે. ત્રિ૦-૬

અલૌકિક ગુણ બ્રહ્મચર્ય જસ, અદ્ભુત ઉદ્યમી કરણી રે,
**આનંદ**વાણી અમૃત ઝરણી, જ્ઞાને તેજસ્વી તરણી રે. ત્રિ૦-૭

આનંદ રસના રસ ઝીલનથી, રતિ પ્રીતિ ઘટઘટ જાગી રે,
તજી પ્રમાદ પ્રમોદ ભજીને, રસિક શ્રુત લય લાગી રે. ત્રિ૦-૮

નંદન વનના મંદ પવનની, મલયચંદનસ્યું લહેરો રે,
શરદ પુનમ ચંદ કુમુદિની સમ, આહ્લાદકારી શેરો રે. ત્રિ૦-૯

**પાટણ કપડવંજ રાજનગરે, સૂર્યપુરે** દોય વારી રે,
**પાલીતાણા રતલામ** મુકામે, વાચના સુજ્ઞ ચિત્ત ઠારી રે. ત્રિ૦-૧૦

ગુણુસાગર સૂરિ આનંદ પાશ્વેં મણિ મેઘ આનંદ દીવો રે,
સિદ્ધિ કમળસૂરિ વીર અનુમોદે, વાચનાચાર્ય ચિરંજીવો રે. ત્રિ૦–૧૧

વે. ચુ. ભો. કું. હી. ક. મ. જી. રસિયા અષ્ટ આનંદ ગુરુદાસોરે
સમિતિ કાર્ય સંપાદન કાજે, વર્ત્યો ચિત્ત ઉલ્લાસો રે. ત્રિ૦–૧૨

ચૂકશો નહિ અનુભવ રસ પ્યાસી, ક્ષણુ આ ઉત્તમ દેહ ધારી રે,
છતી શકતે વ્યય તન મન ધનનો, કરવો આત્મરત્ન તારી રે. ત્રિ૦–૧૩

સં. ૧૯૭૮ના આસો વદી ૪ ને મંગલ.

---

૧. વેણીચંદ સુરચંદ
૨. ચુનીલાલ છગનલાલ
૩. ભોગીલાલ હાલાભાઈ
૪. કુંવરજી આણુંદજી
૫. હીરાલાલ બકોરદાસ
૬. કમળશીભાઈ ગુલાબચંદ
૭. મણીલાલ સુરજમલ
૮. જીવણુચંદ સાકેરચંદ




પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ શ્રી
અભ્યુદયસાગરજી મહારાજના ઉપદેશથી
ઝવેરી હઠીસીંગ ગોપાલજીના ધર્મપત્ની દયાકોરબેન તરફથી ભેટ